BAOU
Education for All

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# BACHELOR OF SOCIAL WORK



## BSWR-502

## બાળકો અને યુવાનો સાથે સમાજકાર્ય

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**BSWR-502**

# બાળકો અને યુવાનો સાથે સમાજકાર્ય

વિભાગ

# 1

## બાળકનું સામાજિકીકરણ


**એકમ–1** સામાજિકીકરણનો ખ્યાલ, ધ્યેયો, સિદ્ધાંતો અને બાળઉછેરની પ્રથા

**એકમ–2** બાળકનું સામાજિકીકરણ કરનારાં પરિબળો

**ISBN : 978-93-91071-54-7**


**લેખક**

| | |
|---|---|
| **નીલા એન. પટેલ** | અધ્યાપક (ફેકલ્ટી), સામાજિક વિજ્ઞાન,<br>રાજ્યગ્રામ વિકાસ સંસ્થા, સ્પીપા,<br>અમદાવાદ. |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| **ડૉ. તેજલ અધ્વર્યુ** | સંશોધન મદદનીશ,<br>આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| **ડૉ. હેતલ ગાંધી** | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ |


**Edition : 2023**

**Copyright©2023 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ–સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાંથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ–સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ–અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રસ્તુત થાય છે.

અભ્યાસ–સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ (Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

# દૂરવર્તી શિક્ષણની ભૂમિકા

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ–અવરોહ, ભાવ–ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ–અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે .

સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ–અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આજ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન–મૂલ્યાંકન પણ કરે છે.

## <u>પ્રસ્તાવના</u>

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ–સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થી ભોગ્ય બનાવે છે.

આશા છે કે, સ્વ–અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ-સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## BSWR-502 બાળકો અને યુવાનો સાથે સમાજકાર્ય


વિભાગ–1 : બાળકનું સામાજિકીકરણ

એકમ–1 સામાજિકીકરણનો ખ્યાલ, ધ્યેયો, સિદ્ધાંતો અને બાળઉછેરની પ્રથા

એકમ–2 બાળકનું સામાજિકીકરણ કરનારાં પરિબળો

વિભાગ–2 : ભારતમાં બાળકો

એકમ–1 વસ્તી આધારિત લાક્ષણિકતાઓ

એકમ–2 ભારતમાં બાળકોની સમસ્યાઓ

એકમ–3 શેરીના નિરાધાર/તરછોડાયેલા બાળકો, બાળમજૂરો

એકમ–4 બાળકો માટે કાનૂની રક્ષણાત્મક પગલાં

વિભાગ–3 : બાળસ્વાસ્થ્ય અને સમાજકાર્ય

એકમ–1 આરોગ્ય અને શિક્ષણનાં પાસાંઓ

એકમ–2 બાળકલ્યાણના પરંપરાગત ખ્યાલો

એકમ–3 આંતરરાષ્ટ્રીય અભિગમ

એકમ–4 બાળઆરોગ્ય અને પરિસ્થિતિનું વિશ્લેષણ

એકમ–5 બાળમૃત્યુ

એકમ–6 પ્રજનન સ્વાસ્થ્ય

એકમ–7 બાલ્યાવસ્થાના સામાન્ય રોગો

એકમ–8 પોષણની ઉણપથી થતાં રોગો

વિભાગ–4 : યુવાન

એકમ–1 યુવા બાયોગ્રાફિક પરિણામો અને યુવા પરિપ્રેક્ષ્ય

એકમ–2 યુવા અભિગમ

એકમ–3 યુવા સશક્તિકરણ

## ઘટક પરિચય :

બાળક જ્યારે જન્મે છે ત્યારે તે અન્ય પ્રાણીઓની જેમ જ, તેના માતાપિતાના જનિન વારસા સાથે જ જન્મે છે. તેના શારીરિક લક્ષણો તેના માતાપિતા ના લક્ષણો પર નિર્ભર હોય છે. ત્યારબાદ જેમ જેમ બાળક મોટું થતું જાય છે. તેમ તેના પર માતાપિતા ઉપરાંત અન્ય બાહ્ય વાતાવરણની અસર પડે છે. જે તેના વૃદ્ધિ અને વિકાસને નોંધપાત્ર રીતે અસર કરે છે.

પ્રસ્તુત ઘટકમાં બાળકની આ પ્રક્રિયા કેવી રીતે શક્ય બને છે, એટલે કે સરળ શબ્દોમાં, બાળકનું સામાજિકીકરણ કેવી રીતે થાય છે. તે વિસ્તૃતમાં સમજીશું. સામાજિકીકરણને અસર કરતાં પરિબળો જેવા કે કુટુંબ, શાળા, મિત્રવર્તુળ, શિક્ષકો, ધર્મ, સમાજ વગેરેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીશું.

સામાજિકીકરણની પ્રક્રિયાએ વ્યક્તિ ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપે છે. આમ, બાળક જ્યારે શિશું અવસ્થામાંથી પુખ્ત વ્યક્તિ બને છે. ત્યારે તે તેના સમાજનું પ્રતિબિંબ બની જાય છે. તેના વાણી–વર્તનમાં તેના ઉછેરની પ્રક્રિયાની સંપૂર્ણ અસર જોવા મળે છે. બાળકની સમજ શક્તિ, અન્યોની સાથે અનુકૂલન સાધવાની શક્તિ પણ તેના સામાજિકીકરણના સંપૂર્ણ પ્રભાવ હેઠળ વિકાસ પામે છે.

પ્રસ્તુત એકમમાં સામાજિકીકરણ અને તેને અસર કરતાં પરિબળો વિશે વિસ્તૃત માહિતી મેળવીશું.

## ઘટક હેતુઓ :

આ એકમ અભ્યાસના મુખ્ય હેતુઓ આ પ્રમાણે છે.

(1) સામાજિક વ્યવસ્થાઓ અને સામાજિકરણની પ્રક્રિયાઓ વિશે વિસ્તૃત માહિતી મેળવવી.

(2) સામાજિકીકરણના ધ્યેયો અને સિદ્ધાંતો વિશે માહિતી મેળવવી.

(3) બાળઉછેરની પ્રથાઓ વિશે માહિતી મેળવવી.

(4) સામાજિકીકરણની પ્રક્રિયા પર અસર કરનારા પરિબળો, જેવા કે કુટુંબ, શાળા, મિત્રવર્તુળ, પડોશીઓ, જન–મીડિયા અને ધર્મ વિશે વિસ્તૃત માહિતી મેળવી શકાશે.

આ પરિબળોની બાળકના ઉછેર પર કેવી અસર પડે છે ? તે સમજી શકાશે.

# એકમ–1 સામાજિકીકરણનો ખ્યાલ, ધ્યેયો, સિદ્ધાંતો અને બાળઉછેરની પ્રથા

## : એકમનું માળખું :


1.0 એકમનો પરિચય

1.1 એકમના હેતુઓ

1.2 પ્રસ્તાવના

1.3 સામાજિકીકરણની વિભાવના

1.3.1 સામાજિકીકરણની પ્રાથમિક પ્રક્રિયાઓ

1.3.2 સામાજિકીકરણની ગૌણ પ્રક્રિયાઓ

1.4 સામાજિકીકરણનાં ધ્યેયો

1.5 સામાજિકીકરણનાં સિદ્ધાંતો

1.6 બાળઉછેરની પ્રથા

1.7 ઉપસંહાર

1.8 તમારી પ્રગતિ ચકાસો

1.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1.10 ચાવીરૂપ શબ્દો

1.11 સ્વાધ્યાય લેખન

1.12 પ્રવૃત્તિ

1.13 કેસ સ્ટડી

1.14 સંદર્ભગ્રંથ


## 1.0 એકમનો પરિચય :

બાળકનાં વિકાસમાં સામાજિકીકરણ એ એક મહત્ત્વની પૂર્ણ પ્રક્રિયા છે. સામાજિકીકરણની પ્રક્રિયા બાળપણથી જ શરૂ થઈ જાય છે. સામાજિકીકરણની પ્રક્રિયાથી જ એક બાળક ભવિષ્યમાં ઉત્તમ નાગરિક બને છે. તેઓ તેમના માતા–પિતા શિક્ષકો તથા અન્ય લોકો દ્વારા સાંસ્કૃતિક અને સામાજિક રીતે પારંગત વ્યક્તિનાં રૂપમાં રૂપાંતરિત થાય છે. સંસ્કૃતિ હસ્તગત કરવાની સામાન્ય પ્રક્રિયાને સામાજિકીકરણ કહે છે. એમાંય બાળકનું સામાજિકીકરણ એટલે બાળકને સમાજમાં કેવી રીતે રહેવું, એ સંસ્કૃતિની જાળવણી, વગેરે શીખવવામાં આવે છે. આ એકમમાં બાળકનાં સામાજિકીકરણ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.

## 1.1 એકમના હેતુઓ :

1. આ એકમમાં બાળકનાં સામાજિક વ્યવસ્થા તથા સામાજિકીકરણનાં ધ્યેયો, સિદ્ધાંતો સમજાવવામાં આવશે.

## 1.2 પ્રસ્તાવના :

- **સામાજિક વ્યવસ્થા :**

સામાજિક વ્યવસ્થા એટલે એવી પ્રક્રિયા કે, જેમાં સમાજમાંથી જ સમાજમાં વસતા લોકો દ્વારા જ શીખવવામાં આવતી અને સતત ચાલતી રહે છે. આ પ્રક્રિયા સમાજનાં તમામ વર્ગમાં સ્વીકાર્ય હોવી હોય છે. સામાજિકીકરણની આ પ્રક્રિયા જન્મની સાથે જ શરૂ થઈ જાય છે. ઘરમાં માતા–પિતા, દાદા–દાદી, કાકા–કાકી, ફોઈ, પાડોશી અને બીજા અનેક લોકોની છત્રછાયામાં બાળક સમાજ વ્યવસ્થાનાં પાઠ ભણે છે કે જે આગળ જતા દેશનો ઉત્તમ નાગરિક બને છે. ભારતીય બંધારણ વ્યવસ્થા લોકતંત્ર પર આધારિત છે અને બંધારણમાં સામાજિક વિકાસ પર પૂર્ણ ભાર મૂકવામાં આવ્યો છે. સ્ત્રી–પુરુષને એકસરખું મહત્ત્વ આપવામાં આવ્યું છે. સમાજનાં તમામ જાતિ, ધર્મ, લિંગના નાગરિકો પરસ્પર એકબીજા પ્રત્યે પ્રેમભાવ દર્શાવે, જીવનનાં નૈતિક મૂલ્યો શીખે, સારી આદતો કેળવે, હકારાત્મક અભિગમ અપનાવે અને આમ, ઉત્તમ સમાજજીવનનો પાયો રચાય છે.

## 1.3 સામાજિકીકરણની વિભાવના :

❖ **પરિચય :**

માનવ સમાજ બાહ્ય ઘટના વસ્તુ નથી, તેની અવ્યવસ્થા તેના સભ્યોના મનમાં જ જોઈ શકાય છે. માનવ–બાળક સંસારમાં જૈવિક અવયવના રૂપમાં આવે છે. તે ધીરે ધીરે એક સામાજિક પ્રાણીના રૂપમાં આકાર લે છે તથા કાર્ય કરવું અને વિચારવું એ સામાજિક પરંપરાથી શીખે છે.

સામાજિક પ્રક્રિયા વગર ન તો સમાજ જીવિત રહી શકે અને ન તો સંસ્કૃતિ આ બંને વગર વ્યક્તિ સામાજિક પ્રાણી બની શકે નહીં. પરંપરાને અપનાવવાની આ પ્રક્રિયાને સામાજિકીકરણ કહે છે.

સામાજિકીકરણ એક એવી પ્રક્રિયા છે, જેના માધ્યમથી વ્યક્તિ સમાજના અલગ–અલગ વ્યવહારો, રીતિ રિવાજ, ક્રિયા–પ્રક્રિયા વગેરે શીખે છે.

❖ **સામાજિકીકરણનો અર્થ :**

સામાજિકીકરણનો અર્થ એ થાય છે કે, એવી પ્રક્રિયા જેના દ્વારા વ્યક્તિ અન્ય લોકો સાથે ક્રિયા–પ્રતિક્રિયાની સાથે–સાથે સામાજિક આદતો, વિશ્વાસો, રીતિ–રિવાજો, પરંપરાઓ તથા વલણો શીખે છે આ પ્રક્રિયા દ્વારા વ્યક્તિગત સુખાકારીની ભાવનાથી પ્રેરિત થઈને પોતાના પરિવાર, કુટુંબ, પાડોશી તથા બીજા સામાજિક વર્ગો સાથે સુમેળ સાધવાનો પ્રયાસ કરે છે, જેનાથી તે સમાજનો એક શ્રેષ્ઠ ઉપયોગી તથા જવાબદાર સભ્ય બને તથા તેનાથી બધી સામાજિક સંસ્થાઓ તથા વર્ગો તેની પ્રસંશા કરતા રહે.

## ❖ સામાજિકીકરણની પ્રક્રિયા :

o

સૌ પ્રથમ કોઈ વ્યક્તિ સામાજિકીકરણની પ્રક્રિયા તે બાળક સ્વરૂપે જન્મ લેવાના થોડા દિવસ બાદ શરૂ થઈ જાય છે. બાળકની સામાજિક પ્રક્રિયા તેના પરિવાર, કુટુંબથી શરૂ થતી હોય છે. પરિવારના સભ્યના રૂપમાં બાળક પરિવારના બીજા સભ્યો સાથે આંતર–ક્રિયાત્મક સંબંધો સ્થાપિત કરે છે અને તેના પરિવારના વ્યવહારોને અનુકરણ કરે છે. આજ રીતે અનુકરણ કરતાં–કરતાં જાણે અજાણ્યે બાળક પરિવારના બીજા સભ્યોની જેમ ભૂમિકા ભજવવા લાગે છે, અનુકરણના આધાર પર તે માતા–પિતા, ભાઈ–બહેન આ રીતે બધાની ભૂમિકાઓ શીખે છે તેના આ વ્યવહારમાં ધીરે–ધીરે સ્થિરતા આવે છે ધીરે–ધીરે બાળક તેના પિતા અને તેની માતાને સમજવા લાગે છે. સામાજિકીકરણ જે તેના પોતાના સ્વવિકાસશીલ માટે જરૂરી છે, સામાજિકીકરણનું એક આવશ્યક તત્ત્વ છે. જેમ જેમ બાળકની ઉંમર વધે છે તેમ તેમ તે એક સામાજિક પ્રાણી બની જાય છે. આ રીતે તે સામાજિક રીતિ–રિવાજો, પરંપરાઓ વગેરેથી બાળક પરિપક્વ થઈ જાય છે.

**મૈકાઈવરના જણાવ્યા પ્રમાણે :** સામાજિકીકરણ એક પ્રક્રિયા છે જેના દ્વારા સામાજિક પ્રાણી એકબીજા સાથે પોતાના વ્યાપક અને ગાઢ સંબંધ સ્થાપિત કરે છે. જેમાં તેઓ એકબીજાથી અધિકારિક બંધાઈ જાય છે, અને એકબીજા પ્રત્યે પોતાના કાર્યો અને ઉત્તરદાયિત્ત્વની ભાવનાનો વિકાસ કરે છે. જેમાં તે પોતાના અને બીજાના વ્યક્તિત્વને વધારે સારી રીતે સમજવા લાગે છે તથા જેમાં તેઓ નજીક અને વધારે વિસ્તૃત સાહચર્યની જટિલ રચનાનું નિર્માણ કરે છે.

કિમ્બલ યંગની દૃષ્ટિથી, સામાજિકીકરણ એવી પ્રક્રિયા છે જેના દ્વારા વ્યક્તિ સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં પ્રવેશ કરે છે તથા સમાજના અલગ–અલગ સમૂહોનું સભ્ય બને છે અને જેના દ્વારા તેને સમાજના મૂલ્યો તથા માનકોને સ્વીકાર કરવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે. સામાજિકીકરણ નિશ્ચિતરૂપે શીખવાની પ્રક્રિયા છે.

## ❖ વ્યક્તિનું સામાજિકીકરણ :

સમાજના પૂર્ણ સભ્યના રૂપમાં વિકસિત થાય છે. મનુષ્ય જે કંઈ પણ છે તે સામાજિકીકરણના દ્વારા બને છે.

**બોગાઈસના જણાવ્યા મુજબ :** સામાજિકીકરણ એકઠા મળીને કાર્ય કરવા, સંગઠનની ભાવના વિકસિત કરવા તથા અન્ય વ્યક્તિઓની કલ્યાણકારી જરૂરિયાતોથી માર્ગદર્શન લેવાની પ્રક્રિયા છે.

**આગબર્નના જણાવ્યા મુજબ :** સામાજિકીકરણ એક એવી પ્રક્રિયા છે જેનાથી વ્યક્તિ સમૂહના આદર્શ નિયમોના અનુરૂપ વ્યવહાર કરતા શીખે છે.

**રાર્સના જણાવ્યા મુજબ :** સામાજિકીકરણ મિત્રોમાં હમ–ભાવના(અમે પણાની ભાવના) તથા તેમાં ભેગા મળીને કામ કરવાની ઈચ્છા અને સમર્થનનો વિકાસ છે. સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા મનુષ્ય એક સામાજિક વ્યક્તિ બને છે તથા વ્યક્તિત્વને પ્રાપ્ત કરે છે.

**લુંડબર્ગના જણાવ્યા મુજબ :** સામાજિકીકરણ અંતઃક્રિયાની જટિલ પ્રક્રિયાઓનું નામ છે. જેના દ્વારા વ્યક્તિ સામાજિક સમૂહો અને સમુદાયોમાં પ્રભાવી ભાગ લેવા માટે આદતો, ચતુરાઈઓ, વિશ્વાસુ અને નિર્ણયના માપદંડોને શીખે છે.

**જાનસરના જણાવ્યા મુજબ :** સામાજિકીકરણ એક પ્રકારનું શીખવાનું છે જે શીખવાવાળાને સામાજિક કાર્ય કરવા માટે યોગ્ય બનાવે છે.

**ગ્રીનના જણાવ્યા મુજબ :** સામાજિકીકરણ એવી પ્રક્રિયા છે જેના દ્વારા બાળકો સાંસ્કૃતિક વિશેષતાઓ, આત્મપણું અને વ્યક્તિત્વને પ્રાપ્ત કરે છે.

**હાર્ટન અને હંટના જણાવ્યા મુજબ :** સામાજિકીકરણ તે પ્રક્રિયા છે જેના દ્વારા આપણા સમૂહના માનવીઓનો આત્મસાત કરી લે છે જેનાથી તેના આત્માનો વિકાસ થાય છે. જે એ વ્યક્તિની પોતાની વિશેષતા છે.

**એચ.ટી. મજમૂદારના જણાવ્યા મુજબ :** સામાજિકીકરણ તે પ્રક્રિયા છે જેના દ્વારા મૂળ પ્રકૃતિમાં બદલાઈ જાય છે. દરેક વ્યક્તિ પોતાને આ પર્યાવરણ અને પરિસ્થિતિમાં અનુકૂળ થવાનો પ્રયત્ન કરે છે, જ્યારે તે સમયે સમાજ દ્વારા જેનો તે સભ્ય છે, તે નક્કી કરેલું હોય છે. તે આ પ્રયત્નમાં અસફળ રહે તો તે સામાજિક રીતે વિચલિત બની થાય છે. સમાજની આ પ્રક્રિયાને સામાજિકીકરણ કહે છે. તે વ્યક્તિકરણથી વિપરીત છે તે આત્માના વિસ્તારની પ્રક્રિયા છે તેમાં સામાજિક ભાવનાનો વિકાસ થાય છે. અંતમાં સામાજિકીકરણ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા વ્યક્તિ માનવીય વ્યવહારના નિયમોને સ્થાપિત કરે છે.

સામાજિકીકરણ સામાજિકતા અને સમાજવાદથી અલગ છે. સામાજિકતા એક ગુણ છે. સામાજિકીકરણ એક પ્રક્રિયા છે. સામાજિકતાઓ અર્થ છે બીજાઓ જોડે હળવા–મળવાની તથા તેની સાથે સુમેળ અને સરળતાથી સંબંધ બનાવવાની ક્ષમતા છે. મનુષ્ય એક સામાજિક પ્રાણી છે, જ્યારે તેમાં વધુ સામાજિકતા ન હોય. સામાજિકીકરણની પ્રક્રિયાથી મનુષ્ય સામાજિકતાનો ગુણ પ્રાપ્ત કરે છે.

❖ **બાળકનું સામાજિકીકરણ (Socialzation of Child) :**

સામાજિક વિકાસથી સંબંધિત વિશિષ્ટ ક્રિયાઓ પ્રારંભીક બાળપણમાં થાય છે, જેમ કે વિકાસલક્ષી કાર્યો જ્ઞાનાત્મક વૃદ્ધિમાં થાય છે. સામાજિક શબ્દનો સંદર્ભ બે અથવા વધુ લોકો વચ્ચેના સંબંધ અથવા ક્રિયા–પ્રતિક્રિયાને દર્શાવે છે, જે વ્યાખ્યા દ્વારા એકબીજાને પ્રતિસાદ આપે છે અને એકબીજાના વર્તનને પ્રભાવિત કરે છે. બાળ વિકાસમાં સામાજિકીકરણ એ એક મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા છે. સરળ રીતે દર્શાવીએ તો, તે એવી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિઓ, ખાસ કરીને બાળકો, એક ચોક્કસ જૂથનાં કાર્યરત સભ્યો બની જાય છે અને જૂથના અન્ય સભ્યોના મૂલ્યો, વર્તણૂંકો અને માન્યતાઓને સીધી અપનાવી લે છે. આ પ્રક્રિયા જન્મ પછી ટૂંક સમયમાં શરૂ થાય છે અને પુખ્તવયમાં ચાલુ રહે છે, પ્રારંભિક બાળપણની ઉંમર એ સામાજિકીકરણની નિર્ણાયક અવધિ છે, બાલ્યાવસ્થાનો સમયગાળામાં કેવી રીતે બાળકોને શિસ્તબદ્ધ કરવામાં, તેઓ આ શિસ્તને કેવી રીતે પ્રતિસાદ આપે છે, અને તેઓ કેવી રીતે સ્વતંત્ર વર્તન વિકસાવે છે તે બધી પ્રક્રિયા એકબીજા સાથે જોડાયેલી છે, જેના આધારે સામાજિકીકરણ થાય છે.

માનવ શિશુ જન્મે છે ત્યારે તેની કોઈ સંસ્કૃતિ હોતી નથી. તેઓ તેમના માતા–પિતા, શિક્ષકો અને અન્ય લોકો દ્વારા સાંસ્કૃતિક અને સામાજિક રીતે પારંગત પ્રાણીઓમાં રૂપાંતરિત થાય છે. સંસ્કૃતિ હસ્તગત કરવાની સામાન્ય પ્રક્રિયાને સામાજિકીકરણ તરીકે ઓળખવામાં આવે છે. સામાજિકીકરણ દરમ્યાન, આપણે જે સંસ્કૃતિમાં જન્મ્યા છીએ તેની સાથે જીવનમાં ભજવવાની ભૂમિકાઓ શીખે છે. વધુમાં, તેઓ તેમના સમાજમાં તેમની વ્યાવસાયિક ભૂમિકાઓ વિશે શીખે

છે. સામાન્ય રીતે પોતાની સંસ્કૃતિના ધોરણોને અપનાવે છે. ધોરણો સમાજના મોટાભાગના સભ્યો દ્વારા યોજાયેલી યોગ્ય અને અપેક્ષિત વર્તણૂંકની વિભાવનાઓ છે. જ્યારે સામાજિકીકરણ સંસ્કૃતિને હસ્તગત કરવાની સામાન્ય પ્રક્રિયાનો ઉલ્લેખ કરે છે, ત્યારે માનવશાસ્ત્રીઓ આ શબ્દનો ઉપયોગ એક ખાસ સંસ્કૃતિને સામાજિકીકરણ કરવાની પ્રક્રિયા માટે કરે છે. બાળક પોતાના માતા–પિતા અને વિકાસમાં ભાગીદાર અન્ય લોકો સાથે વિશિષ્ટ સંસ્કારથી જોડાય છે. બાળકના સામાજિકીકરણની ક્રિયા સતત ચાલ્યા કરે છે. બાળકના સામાજિકીકરણના મુખ્ય પરિબળ અથવા તત્વ નીચે મુજબ છે :

| | |
|---|---|
| **પરિવાર** | **રમત–ગમત** |
| **સરખી ઉંમરના સભ્યો** | **સમાજ** |
| **પડોશી** | **જાતિ** |
| **સગપણ ગ્રુપ** | **ભાષા સમૂહ** |
| **શાળા** | **રાજનૈતિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓ** |

વિચાર અને સામાજિકીકરણ પ્રક્રિયા (Concept and Process of Socialization) સામાજિકીકરણ મનુષ્યના મગજ, શરીર, વલણ, વર્તનમાં ફેરફાર અને તેથી વિકાસમાં મદદ કરે છે. સામાજિક વિશ્વમાં લોકોને પ્રેરિત કરતી પદ્ધતિને સામાજિકીકરણ કહેવામાં આવે છે. સામાજિકીકરણ, અલબત્ત સામાજિક પ્રક્રિયા છે. વિભાવના સામાજિકીકરણ એવી રીત છે જે વધતી જતી લોકોની ક્રિયા–પ્રતિક્રિયા, જે નવા વિશ્વની વાત આવે તે પછી સામાજિક જૂથના આદતો, વર્તન, મૂલ્યો અને માન્યતાઓ શીખે છે. સામાજિકીકરણ એક એવી પદ્ધતિ છે, જ્યાં સમાજ એક પેઢીથી બીજી પેઢી સુધી તેની સંસ્કૃતિને પરિવર્તીત કરે છે અને પોતાની જાતને જાળવે છે. વ્યક્તિ જે રીતે શીખે છે તે રીતે વ્યક્તિગત રીતે આપણે સામાજિકીકરણને જુઓ, સમાજનું વર્તન તેના 'સ્વ' વિકસાવે છે. પ્રથમ બે સ્તરોમાં કાર્યવાહી પ્રક્રિયાને શિશુ તરીકે ઓળખાતી વસ્તુઓનું આંતરિકીકરણ તરીકે પણ ઓળખવામાં આવે છે અને બીજા બહારથી છે. સામાજિકીકરણ મોટાભાગે સામાજિક ધોરણોના આંતરિકીકરણના આધારે જોવામાં આવે છે. સમાજના નિયમો એવા લોકો માટે આંતરિક છે જ્યાં લોકો બાહ્ય નિયમનની સરખામણીમાં સ્વ–લાદવામાં આવે છે અને લોકોનો એક ભાગ વ્યક્તિત્વ વિકસાવે છે. લોકો તેથી અનુકૂળ એક અરજ લાગે એવું વલણ ધરાવે છે. બીજું, સામાજિક વ્યવહારના આવશ્યક પાસાંઓના આધારે સામાજિકીકરણને જોઈ શકાય છે. આ કિસ્સામાં, વ્યક્તિઓ સામાજિક થઈ જાય છે કારણ કે તેઓ અન્ય લોકોની જટિલ અપેક્ષાઓ પૂરી કરતા હોય છે, જેની સાથે તેઓ વાતચીત કરી રહ્યાં છે. સામાજિકીકરણની પદ્ધતિ સામાજિક ક્રિયા પ્રતિક્રિયા સાથે વિકસિત કરી શકાતી નથી. હોર્ટોન અને હંટ પદ્ધતિને વ્યાખ્યાયિત કરે છે, જેમાં એક વ્યક્તિ દ્વારા જૂથોના ધોરણોનું આંતરિકીકરણ કરવામાં આવે છે, જે વ્યક્તિના વિકાસ અને વૃદ્ધિ માટે જરૂરી છે.

### 1.3.1 સામાજિકીકરણની પ્રાથમિક પ્રક્રિયાઓ :

**1. માહિતી :**

બાળક પરિવારના સભ્યોથી જે જ્ઞાન પ્રાપ્ત કરે છે તે ઘર પરિવારના સભ્યો દ્વારા થતાં સામાજિક વ્યવહાર જોઈને તે અંગેની માહિતી મેળવીને શીખે છે. ઘરના સભ્યો, માતા–પિતા બાળકોને થોડા નિયમો, રીતિ–રિવાજો, માન્યતાઓ, પરંપરાઓ સ્વીકારવાની માહિતી આપે

છે અને બાળક તે સામાજિક નિયમો, પ્રથાઓ તથા વિચારોને ગ્રહણ કરે છે અને આ રીતે તે સમાજનો સભ્ય બની જાય છે.

પ્રક્રિયા તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે જેમાં બાળક પ્રારંભિક બાળપણનાં વર્ષોમાં કુટુંબ દ્વારા સમાજમૂલક બને છે. પ્રાથમિક સામાજિકીકરણના કિસ્સામાં ચાવીરૂપ એજન્ટ કુટુંબ છે. ઉદાહરણ તરીકે, કુટુંબમાં નાના બાળક પાસે બહુ ઓછી માહિતી છે તેમની સંસ્કૃતિ વિશે અને તે/તેણી મૂલ્યો, સિદ્ધાંતો અને સામાજિક ધોરણો વિશે માહિતગાર નથી, તેઓ પરિવાર દ્વારા શું કરે છે તેના વિશે શીખે છે. ટેલકોટ પાર્સન્સના જણાવ્યા મુજબ પ્રાથમિક સોફ્ટઝેશનની વાત કરતી વખતે બે ચોક્કસ પ્રક્રિયાઓ કુટુંબ દ્વારા હાથ ધરવામાં આવે છે અને તે છે.

❖ **સમાજની સંસ્કૃતિના આંતરિકીકરણ વ્યક્તિત્વની રચના :**

**2. પાલન–પોષણની પ્રક્રિયા :**

જ્યારે બાળક જન્મ લે છે ત્યારે તે સંપૂર્ણ રીતે બીજા પર નિર્ભર હોય છે. માતા–પિતા જ એ વ્યક્તિ હોય છે જે બાળકની દેખભાળ કરે છે. તેમાં માતાની ભૂમિકા અધિક મહત્ત્વપૂર્ણ છે જે તેનું પાલન–પોષણ કરે છે. પાલન–પોષણની રીતો બાળકના સામાજિકીકરણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે, મોટાભાગે જોવામાં આવ્યું છે કે પાલન–પોષણની પ્રક્રિયા દ્વારા જ બાળકમાં સામાજિકીકરણ થાય છે.

**3. અનુકરણ :**

બાળક જ્યારે નાનું હોય છે ત્યારે તે પોતાની આસપાસ જે કંઈ દેખે છે તેને અનુકરણ કરે છે. અનુકરણ સામાજિકીકરણના પ્રમુખ પગથિયાં છે. જેમ જેમ બાળક મોટું થાય છે, તેમ તેની આજુબાજુના અલગ અલગ લોકો જોડે સંપર્કમાં આવે છે અને તેઓના વ્યવહારોનું અનુકરણ કરીને સામાજિક બને છે.

### 1.3.2 સામાજિકીકરણની ગૌણ પ્રક્રિયાઓ :

**1. પ્રતિયોગિતા (હરીફાઈ) :**

પ્રતિયોગિતા અર્થ એ છે કે બે કે બેથી વધુ વ્યક્તિઓ દ્વારા કોઈ વસ્તુને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો. હરીફાઈ સામાજિકીકરણને પ્રોત્સાહિત કરે છે. દરેક વ્યક્તિ સમાજમાં પોતાનું માન, સમ્માન અને આદર થાય તેમ ઈચ્છે છે. આ કારણથી તે સામાજિક વ્યવહારોને શીખવવામાં લાગ્યો રહે છે. તેને પ્રાપ્ત કરવા માટે તે પ્રતિયોગિતાઓમાં ભાગ લે છે.

**2. સહયોગ :**

સહયોગનો અર્થ થાય છે કે સાથે મળીને કામ કરવું. બાળક નાની ઉંમરથી જ સહયોગ કરવાનું શીખી જાય છે. પહેલા બાળક તેના પરિવારના સભ્યોને સહયોગ કરે છે. આગળ ચાલીને તે પોતાની સરખી ઉંમરના બાળકોને સહયોગ કરે છે અને તેનો સહયોગ લે છે. સહયોગ દ્વારા બાળક મોટું થઈને અસંખ્ય સામાજિક પરંપરાઓ, મૂલ્યો તથા પ્રથાઓને શીખી લે છે.

**3. સંઘર્ષ :**

સંઘર્ષનો અર્થ એ થાય છે કે બે વ્યક્તિઓ અથવા બે સમૂહોની વચ્ચે કોઈ વસ્તુને પ્રાપ્ત કરવાની કોશિશ કે રાહ જોવાની પ્રક્રિયા કહેવામાં આવે છે. વ્યક્તિને સમાજમાં આગળ વધવા

માટે સંઘર્ષ કરવો પડે છે, સંઘર્ષ કર્યા વગર તે સફળતા પ્રાપ્ત કરી શકતો નથી. તેનાથી વ્યક્તિનો વ્યવહાર પ્રભાવિત થાય છે, આ સંઘર્ષ દ્વારા વ્યક્તિમાં સામાજિકીકરણ થાય છે. અંતે સંઘર્ષ કરવો તે સાચા અર્થમાં સમાજનું આવશ્યક તત્ત્વ છે અને દરેક વ્યક્તિઓને સંઘર્ષ કરવો પડે છે.

**4. ઓળખ :**

એક વ્યક્તિ દ્વારા પોતાની બીજા વ્યક્તિના મુજબ વ્યવહારોને ગ્રહણ કરવું કે સ્વીકારવાની પ્રક્રિયાને ઓળખ (આઈડેન્ટીફીકેશન) કહે છે. વધારેમાં ઘરમાં બાળક પરિવાર, આસ–પડોસ, સગાં સંબંધીઓ, શિક્ષકો, મિત્રો, પરિવારના સભ્યો વગેરેથી ઓળખ સ્થાપિત કરે છે. અંતે ઓળખ એ બાળકની સામાજિકીકરણની પ્રક્રિયામાં વિશેષ મહત્ત્વ ધરાવે છે.

## 1.4 સામાજિકીકરણના ધ્યેયો (Goal of Socialization) :

સામાજિકીકરણની એક નવી સૈદ્ધાંતિક સમજને પ્રસ્તુત કરવામાં આવ્યું છે કે સામાજિકીકરણના 3 લક્ષ્યો છે જે નીચે મુજબ છે :

1. આવેગ, નિયંત્રણ અને વિવેકનો વિકાસ.
2. ભૂમિકાની તૈયારી અને પ્રદર્શન, જેમાં વ્યાવસાયિક ભૂમિકાઓ, લૈગિંક ભૂમિકાઓ અને સંસ્થાઓમાં ભૂમિકાઓ (જેમ કે લગ્ન) અભિભાવક છે.
3. અર્થના સ્રોતની ખેતી, અથવા જે મહત્ત્વપૂર્ણ છે, મૂલ્યવાન છે.

તેની ભૂમિકાઓ સંક્ષિપ્તમાં સામાજિકીકરણ પ્રક્રિયા છે. જે મનુષ્ય ને સામાજિક જીવનમાં કાર્ય કરવા માટે તૈયાર કરે છે. એને ફરીથી દોહરાવવું જોઈએ કે સામાજિકીકરણ સાંસ્કૃતિકરૂપથી સંબંધિત છે. અલગ–અલગ સંસ્કૃતિના લોકો અને વિભિન્ન નસ્લીય, વર્ગીકૃત, લિંગીય અને ધાર્મિક સ્થાનો પર લોકોને અલગ–અલગ કરી દેવામાં આવે છે. દરેક સંસ્કૃતિમાં અલગ–અલગ ઉપસંસ્કૃતિ હોય છે. સમાજવાદ કોઈ સંસ્કૃતિ અને અથવા ઉપસંસ્કૃતિ સારું અને ખરાબ નથી.

સામાજિકીકરણનો મુખ્ય ઉદ્દેશ પોતાનો વિકાસ અને વ્યક્તિત્વનો ગઠન કરવાનો છે. પોતાની અવધારણને વ્યક્તિના રૂપમાં સંદર્ભિત કરવાનો છે. વ્યક્તિત્વ શબ્દ વ્યક્તિને વસ્તુના રૂપમાં દર્શાવે છે. આ એક એવી પ્રક્રિયા છે જેના માધ્યમથી એક વ્યક્તિને સમાજ કે એક પ્રભાવી પ્રતિભાગીમાં ઢાળવામાં આવે છે.

સાંસ્કૃતિક સિદ્ધાંત, સમાજશાસ્ત્ર જે ફરી એ સામાજિકીકરણના ત્રણ પ્રાથમિક લક્ષ્યાંકોની વ્યાખ્યા કરી હતી. પહેલા સામાજિક આવેગ નિયંત્રણને શીખવાડે છે અને વ્યક્તિઓના અંતરઆત્માનો વિકાસ કરવામાં મદદ કરે છે.

પ્રથમ, લક્ષ્ય સ્વાભાવિક રૂપથી પૂરો કરવામાં આવ્યો છે. જેમ જેમ લોકો વિશેષ સમાજની અંદર મોટા થતાં જાય છે. તે પોતાના આસપાસની લોકોની અપેક્ષાઓને જગાડે છે અને આ અપેક્ષાઓને પોતાના આવેગોને ઓછા કરવા અને વિવેક વિકસિત કરવા માટે આંતરિકરૂપે તૈયાર કરે છે.

બીજું, સામાજિકીકરણ વ્યક્તિઓને શીખવાડે છે કે અમુક સામાજિક ભૂમિકાઓ કેવી રીતે તૈયાર કરવી અને એમની ભૂમિકાઓ કેવી રીતે નિભાવવી, વ્યાવસાયિક ભૂમિકા, લૈગિંક ભૂમિકા અને સંસ્થાઓની ભૂમિકા (જેમ કે લગ્ન) અભિભાવક.

ત્રીજુ, સામાજિકરણનો અર્થ અને મૂલ્ય આર્થિક ઉપાર્જનનો પણ છે. સામાજિકીકરણના માધ્યમથી લોકો એ જાણવાનું શીખે છે કે કોઈ વિશેષ સંસ્કૃતિની અંદર શું મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ છે. સામાજિકીકરણ શબ્દ એક સામાજિક પ્રક્રિયાને સંદર્ભિત કરે છે; પરંતુ, સામાજિકીકરણ હંમેશા વિશિષ્ટ સંદર્ભોમાં થાય છે. સામાજિક સાંસ્કૃતિકરૂપમાં વિશિષ્ટ છે. વિભિન્ન સંસ્કૃતિઓના લોકો અલગ–અલગ સમાજના હોઈ શકે છે. અલગ–અલગ વિશ્વાસો અને મૂલ્યોને પકડી શકે છે અને અલગ–અલગ રીતે વ્યવહાર કરી શકે છે. સમાજશાસ્ત્રી સામાજિકતાને સમજવાની કોશીશ કરે છે; પરંતુ તેઓ સામાજિકીકરણની કરે છે કે, લોકો એમ શું કરવા કરે છે.

## 1.5 સામાજિકીકરણના સિદ્ધાંતો (Theory of Soclallzation) :

દરેક સમાજમાં જન્મ લેવાવાળા બાળકથી એક જવાબદારીવાળા સદસ્ય બનાવવાની આવશ્યકતાનો સામનો કરવો પડે છે. બાળકે સમાજની અપેક્ષાથી શીખવું જોઈએ જેથી તેના વ્યવહાર પર ભરોસો કરી શકાય. તેમણે સમૂહના માપદંડોને મેળવવા જોઈએ સમાજના પ્રત્યેક સદસ્યોને સંગઠિત કરવા જોઈએ. જેથી સમૂહના વ્યવહાર પ્રમાણે એમનો વ્યવહાર સાર્થક થાય. સામાજિકીકરણની પ્રક્રિયામાં વ્યક્તિ સમાજમાં પારસ્પરિક પ્રક્રિયાઓને શીખે છે.

નવજાત કેવલ એક જીવ છે સમાજવાદ એને સમાજ પ્રતિ જવાબદાર બનાવે છે એ સામાજિકરૂપે સક્રિય છે તે એક પુરુષ અને સંસ્કૃતિ બની જાય છે. જો કે એમના સમૂહમાં જન્મે છે. જે એને માગ્રસ બનાવી દે છે વાસ્વતમાં પ્રક્રિયા અનંત છે. આ પ્રક્રિયામાં પોતાના સમૂહના સાંસ્કૃતિક પેર્ટનને એક બાળકના વ્યક્તિગત વિકાસમાં સામેલ કરવામાં આવે છે. તે બાળકને સમૂહમાં ફિટ કરવા અને સામાજિક ભૂમિકાઓને પૂરી કરવા માટે તૈયાર કરે છે તે સામાજિક વ્યવસ્થાની રેખા પર બાળકને ગોઠવે છે અને એક વયસ્કને નવા સમૂહમાં ગોઠવવા માટે સક્ષમ બનાવે છે. સામાજિકીકરણ માનવ મસ્તિષ્ક, શરીર, વ્યવહાર અને આગળના વિકાસ માટે ઊભો છે. સામાજિકીકરણને વ્યક્તિ કે બાળકને સામાજિક દુનિયામાં સામેલ કરવાની પ્રક્રિયાના રૂપમાં જાણવામાં આવે છે. સમાજ પોતાની સંસ્કૃતિને પેઢીઓ સુધી પહોંચાડે છે. એને પોતાને બનાવી રાખે છે. વ્યક્તિની દૃષ્ટિથી સામાજિકીકરણ એક એવી પ્રક્રિયા છે. જેના દ્વારા વ્યક્તિ સામાજિક વ્યવહાર શીખે છે અને પોતાની વિકસિત કરે છે.

સામાજિક વ્યવસ્થા મુખ્યત્વે સમાજીકરણ પર આધારિત છે. જે વ્યક્તિ પોતાના સમૂહ નિયમોના આદર્શ નિયમોનું પાલન કરે નહીં તો સમૂહ તૂટી જશે; પરંતુ, સામાજિકીકરણની પ્રક્રિયા કેવી રીતે શરૂઆત થાય છે. તેના ઉદયથી પહેલા સામાજિક પરિસ્થિતિમાં વધુ સીમા સુધી નક્કી કરી દીધેલ છે કે તે કયા પ્રકારનું જીવન વ્યક્તિ કરશે. માતા–પિતાનો પ્રેમ, જીવનસાથીની પસંદગી, ગર્ભાધાન અને જન્મથી સંબંધિત રીતિ–રિવાજો અને પરિવારમાં પ્રચલિત સાંસ્કૃતિક ક્રિયાઓની સંપૂર્ણ પ્રણાલી તેના બાળકના વિકાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. માતા–પિતા પાલનપોષણની પ્રક્રિયા તેના જન્મ અને સ્વસ્થ્ય રહેવાની સંભાવનાઓને પ્રભાવિક કરે છે આ પ્રકારના જન્મ પહેલાની પરિસ્થિતિઓનું અપ્રત્યક્ષરૂપે સમાજ ઉપર તેના વિકાસનો પ્રભાવ પડે છે.

પરંતુ દરેક સામાજિકીકરણની જન્મ પછીથી શરૂઆત થાય છે. નવજાત શિશુના જીવના રૂપમાં અમુક વસ્તુઓ હોય છે જે સામાજિકીકરણને અપનાવી લે છે અથવા તેને મદદરૂપ થાય

છે. આ બાબતોને મૂળ–પ્રવૃત્તિઓ અંગે પ્રેરણાઓ તથા ક્ષમતાઓ કહી શકાય છે.

કેટલાંક સમાજમાં સામાજિકીકરણ પર કડક નિયમો લગાવી દેવામાં આવે છે. કેટલાંક સમાજન ઉદીપ્તિયોના દરેક જીવની સ્વસંચાલન અને અનુમાનનિય પ્રતિક્રિયાઓ હોય છે. તે શીખેલી નથી હોતી અને તેને બદલી પણ નથી શકાતી. બાળક શું કરી શકે છે તે તેની સીમા નક્કી કરી દે છે; પરંતુ તે તેનો આધાર નથી જેથી સામાજિકીકરણનો જન્મ થાય છે.

મનોવૈજ્ઞાનિકોએ માનવ વ્યવહારની વ્યાખ્યા મૂળ સંદર્ભમાં કરી છે. વ્યવહાર મૂળ પ્રવૃત્તિ કરવાવાળો કહેવામાં આવે છે. જો તે કોઈ અંતઃપ્રેરણા કે રૂચિના કારણ શરૂઆત થાય, જેમાં બાહ્ય સંસારનો કોઈ બોધ ન હોય, યાંત્રિક અને વિચિત્રરૂપે સ્થિર હોય, વારસાગત સમરચના પર આધારિત અંતે એવી જાતિની વિશિષ્ટતા હોય તથા જેની સાથે સૌથી વધુ અનુકૂળ અને કાર્યરત હોય; પરંતુ, મૂળ પ્રવૃત્તિઓના આધાર પર માનવ વ્યવહારની વ્યાખ્યા કરવી નકામી છે. કારણ કે માનવ પ્રાણી જન્મના સમયે કોઈ પૂર્ણ સહજ પ્રવૃત્તિ નથી રાખતા; પરંતુ, કોઈક તત્ત્વ, તથા સહજ ક્રિયાઓ અને છેલ્લી પ્રેરણાઓ રાખે છે.

પ્રેરણાના વ્યવહાર પર માનવ વ્યવહારની વધારે સ્પષ્ટ વ્યાખ્યા કરી શકાય છે. જો માનવની આવશ્યકતાઓ પૂર્ણ ન થાય તો તેની અંદર એક તાણ ઉત્પન્ન થાય છે અને તે ત્યાં સુધી રહે છે કે જયાં સુધી અભિપ્રેરણા દ્વારા તે દૂર નથી થઈ શકતું. આ પ્રકારે અંતઃપ્રેરણા વ્યવહારની પાછળ એક ગતિશિલ શક્તિ છે આ સામાજિકીકરણની પ્રક્રિયાની શરૂઆતથી જ બિંદુને સ્થાપિત કરે છે.

પ્રત્યેક વ્યક્તિ કંઈક ક્ષમત્તાઓ લઈને જન્મ લે છે. તે વ્યક્તિ કંઈ કરી શકે છે તેની પણ કોઈ સીમા હોય છે; પરંતુ, આ સીમાઓને ઓળંગી શકાય છે, અને સભ્યતાના વિકાસ દ્વારા આવું કરી શકાય છે. મનુષ્યના શીખવાની ક્ષમતામાં પ્રશિક્ષણ અને અભિપ્રેરણાઓની નવી દિશાઓ દ્વારા વૃદ્ધિ કરી શકે છે. આજકાલ માનવ એટલું નથી શીખી શકતો તે અનુકૂળ પરિસ્થિતિઓમાં શીખી શકે છે. તેના શીખવાની ક્ષમતાઓ મહત્તમ સીમાઓ સુધી પ્રયોગ નથી કરી શકતો, દરેક સમાજ માનવના શિક્ષણ સમર્થતાને નષ્ટ કરવાનો દોષિત છે.

❖ **સામાજિકીકરણના હેતુઓ :**

- સામાજિકીકરણના શિષ્ટના પાઠ ભણાવે છે.
- સામાજિકીકરણના સારા જીવન માટે પ્રેરણાનો સ્રોત છે.
- સામાજિકીકરણ સામાજિક ભૂમિકાના પાઠ શીખવે છે.
- સામાજિકીકરણ કુશળતા પ્રાપ્ત કરાવે છે.
- સામાજિકીકરણ દ્વારા વ્યવહારમાં સુમેળ સાધે છે.

## 1.6 બાળઉછેરની પ્રથા :

❖ **પરિચય :**

સિંગમન્ડ ફ્રોઈડના મતે "કોઈપણ બાળકના આવનારા વર્ષો તેના બાળપણના અનુભવો પરથી નક્કી કરી શકાય." પ્રખ્યાત બાળ મનોવૈજ્ઞાનિક સ્કોરે જણાવ્યું છે કે, "સારા કૌટુંબિક વાતાવરણમાં ઉછરેલ બાળકનું વર્તન સારું હોય છે અને તે કોઈપણની સાથે અનુકૂલન સાધી

લે છે. જ્યારે ખરાબ કૌટુંબિક વાતાવરણનું બાળક કોઈની સાથે અનુકૂલન માટે સંવાદિતા સાધી શકતો નથી.'' એટલે બાળકમાં નકલનો ગુણ હોય છે. તે હંમેશા તેણે જોયેલા સમાજના વાતાવરણ મુજબ વર્તે છે. સામાજિક વાતાવરણમાં બાળક જીવનભરમાં બાળક જે તમામ લોકોને મળે છે તે પણ સંકળાયેલ છે. જેમાં, પરિવાર, શાળા અને સાથી સમૂહનો સમાવેશ થાય છે.

આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ, 'બાળક' એટલે 18 વર્ષની ઉંમર નીચેનો દરેક માનવીઓ સાર્વત્રિકપણે સ્વીકારેલી બાળકની વ્યાખ્યા છે અને બાળ અધિકારો પરના યુનાઈટેડ નેશન્સ કરાર પરથી આવી છે (UNCRC) મોટાભાગના દેશો દ્વારા પ્રમાણિત અને સ્વીકૃત એક આંતરરાષ્ટ્રીય કાયદાકીય દસ્તાવેજ છે જેના આધારે ભારતે હંમેશા 18 વર્ષની ઉંમર નીચેના વ્યક્તિઓના વર્ગને વિશિષ્ટ કાયદેસર અસ્તિત્વ તરીકે માન્ય કર્યા છે. વ્યક્તિ 18 વર્ષ બાદ જ મતદાન કરી શકે કે ડ્રાયવીંગ લાયસન્સ મેળવી શકે અથવા કાયદાકીય કરારોમાં દાખલ થઈ શકે. 18 વર્ષની ઉંમરની નીચેની છોકરીના લગ્ન અને 21 વર્ષની ઉંમર નીચેના છોકરાના લગ્નને બાળ લગ્ન અટકાયત કાયદો 1929 હેઠળ અટકાવવામાં આવેલા છે. તદુપરાંત, 1992માં UNCRC ને માન્ય કર્યા પછી, ભારતે બાળ ન્યાય પરના તેના કાયદાઓને બદલી નાખ્યા તે ખાતરી કરવા કે 18 વર્ષની નીચેની ઉંમરનો દરેક વ્યક્તિ, જેને સંભાળ અને રક્ષણની જરૂર છે, તે રાજ્ય પાસેથી તે મેળવવાનો હકદાર છે, તેવું જાહેર કર્યુ.

જો કે, બીજા કાયદાઓ છે જે બાળકને ભિન્ન રીતે વ્યાખ્યાયિત કરે છે અને UNCRC સાથે હજી તેઓને અનુકરણમાં લાવવાના બાકી છે. પણ, આગળ જણાવ્યા મુજબ, પરિપક્વતાની ઉંમરની કાયદાકીય કબૂલાત છોકરીઓ માટેની 18 વર્ષની અને છોકરાઓની માટેની 21 વર્ષની છે.

આનો મતલબ તમારા ગામ નગર/શહેરના 18 વર્ષની ઉંમર નીચેના દરેક વ્યક્તિઓને બાળકની જેમ વર્તવા જોઈએ અને તેને તમારી સહાય અને ટેકાની જરૂર છે. જો 18 વર્ષની અંદરનો વ્યક્તિ લગ્ન કરે અને જો તેના/તેણીના પોતાના બાળકો હોય તો પણ, તે/તેણીને આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ બાળક માનવામાં આવશે.

❖ **મહત્ત્વના મુદ્દાઓ :**

- 18 વર્ષની ઉંમર નીચેના તમામ વ્યક્તિઓ બાળક છે.
- બાળપણ એ એવી પ્રક્રિયા છે જેમાંથી દરેક માનવી પસાર થાય છે.
- બાળપણ દરમ્યાન બાળકોને વિવિધ અનુભવો થાય છે.
- દુરુપયોગ અને શોષણથી તમામ બાળકોને બચાવવાની જરૂર છે.

❖ **બાળકોને શા માટે વિશિષ્ટ કાળજીની જરૂર પડે છે.**

- તેઓ જે પરિસ્થિતિ હેઠળ જીવે છે તે માટે પુખ્તો કરતા વધારે જુદી હોય છે.
- તેથી, સરકાર અને સમાજની ક્રિયા અને નિષ્ક્રિયતા દ્વારા તેઓ ઉંમરના બીજા વર્ગો કરતાં વધારે અસરગ્રસ્ત થાય છે.
- મોટાભાગના સમાજોમાં, અવલોકનોને આધારે કહી શકાય છે કે બાળકો તેમના વડીલોની સંપત્તિ છે, અથવા રચનામાં પુખ્તો છે, અથવા સમાજને યોગદાન આપવા માટે હજી તૈયાર નથી.

- બાળકો પુખ્ત વ્યક્તિ જેવા સમજદાર હોતા નથી; પરંતુ, તેમની પાસે વ્યક્ત કરવા માટે અવલોકનો છે, પસંદગી કરવાની ક્ષમતા છે અને નિર્ણય કરવાની આવડત છે.
- પુખ્તો દ્વારા માર્ગદર્શન મળવાને બદલે, પુખ્તો તેમના જીવનના નિર્ણયો કરે છે.
- બાળકો પાસે ન મત છે કે ન રાજકીય પ્રભાવ અને તેમની પાસે અલ્પ આર્થિક બળ છે. ઉપરાંત
- ઘણીવાર, તેમના અવાજોને સાંભળવામાં આવતા નથી.
- બાળકો સાથે શોષણ અને દુરુપયોગ વધુ થતાં હોય છે.

તેવી જ રીતે બાળકના યોગ્ય વિકાસ માટે યોગ્ય સામાજિકીકરણ જરૂરી છે. જેમાં પરિવાર સામાજિકીકરણનું મુખ્ય અને પ્રાથમિક પરિબળ છે. જ્યાં બાળકના ચારિત્ર્યનું ઘડતર થાય છે. બીજું પરિબળ છે શાળાનું વાતાવરણ. જ્યાં બાળક તેના જીવનનો પહેલો પડાવ પસાર કરે છે. એટલે કહી શકાય કે બાળકો માટે શાળા નવા સમાજ તરીકે વર્તે છે. બાળકના સારા અને સર્વાંગિ વિકાસ માટે શૈક્ષણિક સિદ્ધિ, સામાજિક વિકાસ અને ભાવનાત્મક વિકાસ આ ત્રણેય પરિબળો દરમ્યાન નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

❖ **શૈક્ષણિક શ્રેષ્ઠતા :**

બાળકોનું શૈક્ષણિક પ્રદર્શન બાળકે બાળકે મોટા પાયે બદલાતું રહે છે. આથી જ ક્લાસરૂમ એવો એકમ છે, જેમાં હોશિયાર અને નબળા શીખનારાનો વિદ્યાર્થીઓનું મિશ્રણ છે. ઘણાં વિદ્યાર્થીઓને અમુક ચોક્કસ વિષયમાં વાંચન, લેખન અને ગણિતમાં તકલીફ પડતી હોય છે. જેને અનુક્રમે ડિફલેક્સિયા, ડિસગ્રાફિયા અને ડિસકેલ્ક્યુયા નામે ઓળખાય છે. ભણતરની આ અસમર્થતાનો ઉપચાર છે; પરંતુ, શિક્ષક અને માતા–પિતાનાં સાથ–સહકારની આવા બાળકોને પણ શૈક્ષણિક દૃષ્ટિએ શ્રેષ્ઠ બનાવી શકાય છે. એક વખત જો શિક્ષક બાળકમાં ભણતરની અસમર્થતાને જાણી લે અને અસમર્થતા ધરાવતા બાળકોને ઓળખી તેમની સમસ્યાને જાણી, તેને અનુરૂપ હોય તેવી સરળ અને વિશેષ ભણતરની પદ્ધતિ અપનાવવી જોઈએ. આ ઉપચારાત્મક શિક્ષણમાં શિક્ષકે વધારાનો પ્રયત્ન કરવો જોઈએ. આ તરફ મા–બાપે પણ પોતાના બાળકની અસમર્થતાને સ્વીકારી તે મુજબ બાળક સાથે આદાનપ્રદાન કરવું જોઈએ.

❖ **માતા–પિતાનો દૃષ્ટિકોણ :**

બાળકોના શૈક્ષણિક ધ્યેય વાસ્તવિક અને પૂરા થઈ શકે તેવા હોવાં જોઈએ; પરંતુ, માતાપિતા બાળકની ઈચ્છાઓને ન જોતા પોતાની આકાંક્ષાઓનો આગ્રહ રાખે છે. મોટા ભાગના કિસ્સાઓમાં જોવા મળ્યું છે કે મા–બાપ અન્ય સાથે પોતાના સંતાનોની સરખામણી કરે છે. બાળકના શૈક્ષણિક વિકાસમાં આ પ્રકારની સારવાર મળતા તેમની વર્તણૂંક આક્રમક બનતું જાય છે. તો વિવિધતાપૂર્ણ સિદ્ધિઓ અચાનક ઘટતી જાય છે. બાળકનો માતાપિતા સાથેનો સંબંધ ગાઢ બનવાને બદલે બાળક વ્યક્તિગત થઈ જાય છે. માતા–પિતા આ સત્ય જાણતા નથી. માત્ર શૈક્ષણિક સિદ્ધિઓ જ બાળકના સફળ જીવન માટે નિર્ણાયક પરિબળ નથી; કે બાળકની સફળતા અને નિષ્ફળતાને નક્કી કરનાર પરિબળો નથી. આથી માતા–પિતાએ;

1. બાળકની જરૂરિયાત, ભાવના અને અપેક્ષાને સમજવી.
2. નિષ્પક્ષ રહેવાની સાથે બાળકની અન્ય સાથે સરખામણી ન કરવી.
3. બાળકો સાથે આરામદાયક, મુક્ત અને મૈત્રીપૂર્વક રહેવું.
4. બાળકની હાજરીમાં તેની જ ચર્ચા કરવાનું ટાળવું.

❖ **શિક્ષકોનો દૃષ્ટિકોણ :**

શિક્ષકો એ સ્વીકારવા તૈયાર નથી હોતા કે સામાન્ય દેખાતા બાળકમાં પણ ભણતરની સમર્થતા હોઈ શકે. મોટાભાગના એવું માનતા હોય છે કે સુસ્ત, આળસુ, બેફિકર અને બેધ્યાનપણું તેઓની ભણતરની અસમર્થતા દર્શાવે છે. જેના કારણે સારા શૈક્ષણિક પ્રદર્શન માટે તેઓ બાળકોને શિક્ષા કરે છે; પરંતુ, શિક્ષકે મોટી જવાબદારી લઈને જે બાળકો ભણતર પ્રત્યે અસમર્થ હોય તેઓને ઉપચારાત્મક મદદ કરવી જોઈએ. બીજી તરફ આજે વારંવાર જોવા મળે છે કે, વાલીઓ શિક્ષકો પર દૂરવ્યવહારના આરોપ કરે છે. જેના કારણે કેટલાક શિક્ષકોની બદલી થાય છે, કેટલાક સસ્પેન્ડ તો કેટલાક સામે કાનૂની કાર્યવાહી પણ થાય છે. ઉલટાનું શિક્ષકો દલીલ કરે છે કે સારા શિક્ષણ માટે તેઓ બાળકોને સજા કરે છે પણ તેઓનો આશય સારો હોય છે. જ્યારે શિક્ષકોને તેની આક્રમકતા બદલ સજા થાય છે. ત્યારબાદ પણ શિક્ષકો તરફથી સકારાત્મક પરિવર્તન આવતા પણ નથી. વધુમાં શિક્ષકોને કર્મચારી આધારિત ન બનતા પ્રદર્શન આધારિત બનવું જોઈએ.

વિદ્યાર્થીઓ સાથે અસરકારક સંબંધો બનાવવા શિક્ષકોએ,

1. હકારાત્મક બનવું.
2. સજાને ટાળવી.
3. સારા શ્રોતા બની બાળકોને પ્રોત્સાહિત કરવા.
4. ઉપચારાત્મક મદદ કરવા મોટી જવાબદારી લેવી.

❖ **સામાજિક વિકાસ :**

શારીરિક યોગ્યતાની જેમ સામાજિક યોગ્યતા પણ જીવનમાં વ્યક્તિગત વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. મિત્રો, સહપાઠી અને માધ્યમો બાળકો પર મોટી અસર પાડે છે. આથી બાળકોને સામાજિક સક્ષમ બનાવવા માટે સહપાઠી અને સંબંધીઓ સાથે આદાનપ્રદાનનું પૂરતું વાતાવરણ આપો. બાળકને પસંદ ન હોય તેવી પણ અનેક નવી વસ્તુ સ્વીકારે છે અને નવી પરિસ્થિતિ અને ઘટનાઓનો સામનો કરે છે.

❖ **માતા–પિતાની ભૂમિકા :**

માતા–પિતા બાળક માટે આદર્શ હોય છે. જેથી આરામદાયક, મુક્ત અને મિત્રતાભર્યો વ્યવહાર બાળક સાથે રાખો. માતાપિતા બાળકના મૂલ્યો અને લક્ષ્યાંકોને આકાર આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે; પરંતુ, ધ્યાન રાખો લક્ષ્યાંકો વાસ્તવિકતા આધારિત હોય નહીં કે કાલ્પનિકતા આધારિત, માતા–પિતાએ બાળકના રોજિંદા જીવનમાં જે પડકારો આવે છે, તેમાં માર્ગદર્શક બનવું જોઈએ અને બાળક પાસે નૈતિક મૂલ્યોનો આગ્રહ રાખવો જોઈએ.

બાળકને માત્ર ખોરાક, પાણી અને છતની જ મુખ્ય જરૂરિયાત નથી; પરંતુ, તેની સાથે અન્ય કેટલીક બાબતો પણ જરૂરી હોય છે. જેવી કે,

1. બાળકને જરૂર છે તેમની સાથે વાત કરનારું અને તેમના ધ્યેય આશા અને સમસ્યાઓને સાંભળનારું કોઈ વ્યક્તિ હોય, જેથી માતા–પિતાએ રોજ બાળક સાથે ચર્ચા કરવી જોઈએ.
2. બાળકની અન્ય મુખ્ય જરૂરિયાત છે મિત્રો જે વિશાળતાની સાથે તેના જીવનમાં મોટો બદલાવ લાવે છે. બાળક તેવી વ્યક્તિ શોધતું હોય જેનો ગમો–અણગમો અને ઇચ્છા તેના જેવી જ હોય; પરંતુ, એક કહેવત છે કે ખરાબ સાથ સારાનું પતન કરે છે એટલે મા–બાપે બાળકના સાથે મિત્રો પર પણ નજીક દેખરેખ રાખવી જોઈએ.
3. બાળકો માટે જરૂરી છે પોતાની ઓળખ ઊભી કરવી. જેના માટે વિશિષ્ટ લક્ષણો કેળવવા પડે જેના કારણે તે અન્ય બાળકોથી અલગ દેખાઈ બાળકોમાં વિશેષ અને પોતાને દર્શાવવાની અનોખી સૂઝ હોય છે. જેથી મા–બાપે તેના બાળકને પ્રોત્સાહિત કરવાની સાથે સાચા નિયમોથી અવગત કરાવવા જોઈએ.

❖ **શિક્ષકની ભૂમિકા :**

બાળકનો લાગણીશીલ વિકાસ શિક્ષણના અનુભવો, બુદ્ધિમતા અને પરિપક્વતા પર આધારિત હોય છે. જો કે શિક્ષક માત્ર બાળકની બુદ્ધિમતાને ધ્યાને લે છે; પરંતુ, તેને ભાગ્યે જ લાગણીશીલ પરિબળ પર ધ્યાન આપે છે. તે અંતર્મુખી કે બહિર્મુખી પ્રતિભા નિયંત્રિત કરવામાં નિષ્ફળ જાય છે. શિક્ષકે બાળકની પ્રતિભા અને સર્જનશક્તિને આવકારવા અને પ્રોત્સાહિત કરવા જોઈએ, જેના માટે દરેક બાળકનો ઊંડો અભ્યાસ કરવો જરૂરી છે.

❖ **લાગણીશીલ વિકાસ :**

દરેકના દિમાગમાં લાગણી એક સામાન્ય પરિબળ છે. અલગ–અલગ માણસોમાં અલગ અલગ પ્રકારની લાગણીઓ હોય છે. એવા કેટલાય પરિબળો છે જે આપણી લાગણીઓને કાબૂમાં રાખે છે. શિક્ષક અને માતા–પિતા બાળકના લાગણીશીલ વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. બાળકમાં ભય, ગુસ્સો, ઈર્ષ્યા અને પ્રેમની સામાન્ય લાગણીઓ હોય છે. આ લાગણીઓ બાળકના લાગણીશીલ વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવે છે; પરંતુ, કેટલાક પરિબળો જેવા કે થાક, આરોગ્ય, બુદ્ધિમતા, સામાજિક સંજોગો અને પારિવારીક સંબંધો બાળકના લાગણીશીલ વિકાસમાં અસર કરે છે.

❖ **હસ્તક્ષેપ મંચ :**

માતા–પિતા, શિક્ષક સંઘ બાળકની સારી સારસંભાળ માટે માતા–પિતા અને શિક્ષકો વચ્ચે સારી સમજણ ઊભી કરવા એક મંચ પર નજીક આવે છે. ઘર–શાળાના સંબંધો બાળકના સામાજિક, લાગણીશીલ અને શૈક્ષણિક સિદ્ધિઓના વિકાસમાં સુધાર લાવે છે. માતા–પિતા શિક્ષક સંઘ, ઘર અને શાળાના સંબંધોને તક આપે છે, જેની મદદ કરે છે.

1. બાળકને શું ગમે છે તેની માતા–પિતા અને શાળા વચ્ચે સારી સમજ ઊભી કરે છે.
2. એક માતા–પિતાને બીજા માતા–પિતાને મળીને અનુભવોને આધારે સારી શૈક્ષણિક તકો શું છે તે સમજ ઊભી કરે છે.
3. બાળ ઉછેર અને તાલીમ વ્યવહારમાં નવી પદ્ધતિઓની સમજ આપે છે.

જો આ તમામ ધ્યેય સિદ્ધ થાય તો બાળકનો ઉછેર ઘર અને શાળામાં બાળમૈત્રી વાતાવરણમાં થાય.

❖ **ઈન્ટરનેટથી બાળકોને કેટલો સમય દૂર રાખીશું ?**

અત્યારે બાળકો પાટીને પેન પછી પકડે છે, પહેલાં મોબાઈલના બટન અને કી–બોર્ડ પર તેમની આંગળીઓ રીતસરની સરસ પકડ જમાવે છે. બાળક બેસતું થાય ત્યારથી માઉસ અને કી–બોર્ડ બંને એક સાથે ઓપરેટ કરે છે. જે બાળકો પાસે કમ્પ્યૂટર નથી તેઓ પણ મોબાઈલ તો ઓપરેટર કરે જ છે. તો તેમને આ સાધનોનો સદ્ઉપયોગ તરફ કેમ વાળવા તે જ આપણે જોવું રહ્યું.

જેવી રીતે તમારા બાળકને વિકાસ માટે તમારા વિચારો પ્રભાવિત કરે છે. તેઓ જીવનમાં કેટલા સફળ થશે તેની પર અસર કરે છે. મનોવૈજ્ઞાનિક નેન્સીના પ્રમાણે વડીલોના વિચારો અને તેમનો સાથેનો સંબંધ બાળકના ઘડતરમાં મહત્ત્વના હોય છે. બાળકોના મનોવૈજ્ઞાનિક શોધકર્તા ચાર અલગ પ્રકારના પાલન પોષણના પ્રથાઓની ઓળખાણ કરે છે. જે બાળકોના જીવન પરિણામોને પ્રભાવિત કરે છે.

❖ **અભિમાની માતા–પિતા :**

અભિમાની માતા–પિતા પોતાના બાળકોના વ્યવહારને નિર્દેશિત કરવા માટે અમુક પ્રયત્નો કરે છે. તેઓ બાળકો સાથેની તકરારથી બચે છે અને પોતાના બાળકોને પોતાના માટે સૌથી વધારે નિર્ણય લેવા માટે અનુમતિ આપે છે. અભિમાની માતા–પિતા પણ પોતાના બાળકોની જરૂરિયાતો પ્રત્યે વિશેષરૂપે જવાબદાર હોય છે.

❖ **અધિકારીક માતા–પિતા :**

અધિકારીક માતા–પિતા માટે છે કે એમના બાળકોના વ્યવહાર જેટલું શક્ય હોય તેટલું નિયંત્રિત કરવું જોઈએ. તેઓ પોતાના બાળકો માટે અમુક નિયમ નિર્ધારિત કરે છે અને એ સુનિશ્ચિત કરે છે કે તે નિયમ તોડવાના પરિણામોને સમજે,

અમુક અધિકારીક માતા–પિતા બાળકો માટે સ્પષ્ટ મર્યાદાઓ નિર્ધારિત કરે છે અને પોતાના બાળકોને પોતાના માટે વિચારવા માટે પ્રોત્સાહિત કરે છે. તે પોતાના બાળકોની જરૂરિયાતોને સમજે છે અને બાળકો દ્વારા નિયમ તોડવાથી તે પોતાનાથી અલગ નથી કરતાં.

❖ **ઉછરેલ માતા–પિતા :**

ઉતાર ચઢાવ વાળા માતા–પિતા પોતાના બાળકો માટે ઘણા નિયમો બનાવે છે અને પોતાના બાળકોની પ્રતિક્રિયા માટે ઘણા નિયમ બનાવે છે. ડેલાવેયર વિશ્વવિદ્યાલયનું સંશોધન કહે છે કે આથી બાળકો વગર બાળકોના જીવનમાં વધારે સમસ્યાઓ આવી શકે છે. જે લાગણીશીલ નિયંત્રણ અભાવથી સરેરાશ શૈક્ષણિક કામગીરીના પ્રદર્શનની અપેક્ષાએ ગરીબ છે. બધા ભારતીયોના જીવનમાં બાળકોના ઉછેરની પ્રથાઓને વિશ્વાસ સમાન નથી. ભારત બાળકોના ઉછેરની પ્રથા પર મિશ્રિત ધાર્મિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક વિચારોની સાથે અનેક વિવિધ વસ્તીથી બને છે. ભારતીયોમાં આટલા બધા મતભેદો સાથે પૂરા દેશમાં બાળકના ભરણ પોષણ વિશે સરહદ રિવાજો અને માન્યતાઓ સંકલિત સમૂહ સાથે જોડાવા માટે અશક્ય છે. સામાજિક આર્થિક સ્થિતિ, શિક્ષણ અને વ્યક્તિગત અનુભવ જેવા બાળકોના પાલન પોષણની પ્રથાઓ પર પ્રભાવકારી પરિબળો પરિવારો વચ્ચે અલગ–અલગ હોય છે.

❖ **સામાજિક મતભેદ :**

સામાજિક મતભેદ જીવન શૈલીમાં અંતર, સ્વાસ્થ્ય સહિત, શિક્ષા સુધી પહોંચ અને બાળ પાલન પ્રથાઓ પ્રત્યેના દૃષ્ટિકોણથી સંબંધિત હોઈ શકે છે.

બર્લિન ઈન્સ્ટીટ્યુટ દ્વારા એકત્રિત કરવામાં આવેલા આંકડાઓથી અલગ–અલગ દૃષ્ટિકોણનો એક અલગ ઉદાહરણ ઉભરી આવે છે. અમુક વિસ્તારમાં જેમ કે બિહાર અને ઉત્તરપ્રદેશમાં પ્રત્યેક મહિલાના સરેરાશ ચાર બાળકો હોય છે. બીજા રાજયોમાં સરેરાશ બે થી ઓછા હોય છે.

❖ **શારીરિક નિકટતા :**

બેબીજોન એ બતાવ્યું કે ભારતીયોમાં પોતાના નાના બાળકો સાથે શારીરિક સંપર્કમાં વધારે સમય કાઢે છે. શિશુઓના રૂપમાં ભારતીય બાળકોને દરરોજ માલીશ કરવી અને માતા–પિતાની સાથે પથારી શેર કરવી સામાન્ય વાત છે. ભારતમાં શિશુને પ્રથમ છ માસ 90% માતા સ્તનપાન કરાવે છે અમુક માતા બે વર્ષ સુધી સ્તનપાન કરાવે છે. પરંતુ જીવનના છ માસ પછી ખૂબ જ ઝડપથી ઓછું થઈ જાય છે. વર્ષ 2008માં મૈસૂરના એક વિશ્વવિદ્યાલય એ દક્ષિણ ભારતથી કરુબા અને સોલીગા જનજાતીઓની વચ્ચે બાળ વ્યવહાર બતાવે છે કે બાળકના વ્યક્તિત્વના વિકાસમાં માતાનો આ સ્પર્શ ખૂબ લાભદાયી રહે છે.

❖ **શિસ્તભંગની તક્નિક :**

દક્ષિણ ભારતની જનજાતીઓ પર મેસુર અભ્યાસમાં જાણવા મળેલ કે મોટાભાગે માતા શિસ્તભંગ અને પોષણ બંન્નેની મુખ્ય ભૂમિકા પર ધ્યાન આપે છે. એ કહેવું યોગ્ય નથી કે પિતા પોતાના બાળકોના જીવનમાં ભાગ નથી લેતા; પરંતુ, એક પૃષ્ઠભૂમિના ખેલાડીની રૂપમાં તેઓ સામાન્ય રીતે કાર્ય કરે છે. "શારીરિક શિક્ષાની સાથે અનુશાસન ઘણા રૂપે થઈ શકે છે. બાળ દુર્વ્યવહાર અને તેની ઉપેક્ષા વિશે સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યોમાં પ્રોફેસર થોમસે ભારતમાં શિસ્તભંગની તનીકોની શોધ કરી. ગ્રામીણ ભારત જેવા સંયુક્ત ખેડૂત સમાજના રાજ્યમાં એને અપમાનજનક માનવામાં આવે છે. જે બાળ ઉપચારને નિર્દેશિત કરી શકે છે. તેઓ લખે છે કે પશ્ચિમમાં સામાન્ય રીતે અપમાનજનક દુરુપયોગ ઓછો થાય છે. એક સલાહ છે કે વિસ્તારીત પરિવારના સદસ્યોની નિયમિતતા, નિકટતા ગુસ્સા પર એક જોરદાર પ્રભાવના રૂપમાં કાર્ય કરે છે. બધા માતા–પિતા સીધી સજા નથી આપતા એમના શોધન રૂપમાં અનુશાસનના રૂપમાં અભાવ જેવા તરીકાઓને પસંદ કરે છે.

❖ **લિંગ પ્રાથમિકતા :**

ઘણા ભારતીય માતા–પિતા દિકરી કરતાં દિકરાના જન્મને અગ્રીમતા આપે છે. સી.આઈ.એ.ની વિશ્વ પુસ્તિકા બતાવે છે કે 65 વર્ષથી ઉપરના લોકોને છોડીને ભારતમાં દરેક ઉમ્રના લોકો મહિલાઓની તુલનામાં પુરુષ વધારે છે. વર્ષ 2010માં એક એન.ડી.ટી.વી.ના લેખમાં આ તથ્યને સ્વિકાર્યુ છે કે ભારતમાં 21મી સદીમાં પણ સ્ત્રીભ્રુણ હત્યાનું દૂષણ પ્રવર્તે છે. ભારતના અમુક ક્ષેત્રોમાં મહિલા બાળકોની ઉપેક્ષા પણ થઈ શકે છે. એ સ્પષ્ટ છે કે પુરુષ અને મહિલા બાળકો સાથે ઘણીવાર અલગ વ્યવહાર કરવામાં આવે છે. સાથે જ અમુક પરિવારમાં છોકરીઓને ઓછી મૂલ્યવાન માનવામાં આવે છે અને તેની દેખભાળ, શિક્ષણ અને ઉછેરની પ્રક્રિયામાં નિષ્ક્રિયતા દાખવવામાં આવે છે.

પરિવારની વિવિધ સંસ્કૃતિઓથી બાળકના ભરણપોષણની પ્રથાઓ અલગ અલગ હોય છે. કોઈ પણ એક સંસ્કૃતિના બાળકને ભરણપોષણ કરવાની પદ્ધતિ કોઈ બીજાની તુલનામાં મૂલ્યવાન નથી. આદિવાસી સંસ્કૃતિમાં વિસ્તારીત પરિવારમાં બાળકોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે.

બાળકોનું ભરણપોષણ ખરેખર એક પરિવાર અને સામુદાયિક ચિંતા છે અને માત્ર બાળકોના સુધી સીમિત નથી. ભારતમાં સામુદાયિક બાળકોના વિકાસ માટે યોગદાન કરે છે. માતા–પિતાને આંતરિક સહાયતા પ્રદાન કરે છે.

માતા બાળકો માટે મુખ્ય દેખરેખકર્તા છે; પરંતુ, કાકા, કાકી, ભાઈ અને બહેનો બાળકની દેખરેખ અને બાળક માટેની જવાબદારીઓમાં સાથે આપે છે. (અમુક સમુદાયોમાં માતાની બહેન અથવા પિતાના ભાઈને માતા અથવા પિતા પણ કહે છે.)

દાદા–દાદી બાળકોના જીવનમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ લોકો છે. તેઓ બાળકો માટે બોસ અથવા રક્ષકની ભૂમિકા ભજવે છે. એમનું પાલન પોષણ કરવામાં એમની પાસે વાસ્તવિક અધિકાર છે અને તેઓ સાંસ્કૃતિક મૂલ્યો અને વિશ્વાસોને શીખવાડે છે.

પ્રથમ વાત એ છે કે બાળકો નાની ઉંમરથી શીખે છે. તેઓ કોઈની સાથે સંબંધિત છે અને જ્યારે તેઓ મોટા થઈ જાય છે ત્યારે એમના સાથીઓનો સમૂહ એમના શિક્ષણનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બની જાય છે. સમૂહમાં બાળકો સામાન્ય રીતે એકબીજા સાથે સમય કાઢે છે, એકબીજા સાથે રમે છે. અને એમની દેખભાળ કરે છે. લગભગ મોટા લોકોના સલાહ વગર. વાસ્વતમાં આદિવાસી સંસ્કૃતિમાં આ સામાન્ય છે, વયસ્કો માટે બાળકોની ગતિવિધિઓમાં હસ્તક્ષેપ કરવાનું ઠીક નથી સમજતા, બાળકોને નાટક અને એક્સપ્લોરેશન ઉપર કેટલાંક પ્રતિબંધ અથવા દિશાનિર્દેશ નથી કરતાં. જેથી બાળકોને નિયંત્રિત ખતરાઓમાં જાગૃત કરવામાં આવે છે. જેથી તેઓ જોખમ લેવાના માધ્યમથી પ્રયોગ કરે અને શીખી શકે. સાથીદાર સમૂહની અંદર બાળક પોતાની સ્વતંત્રતાનું પરીક્ષણ કરવા અને દેખભાળ સંરચનાની અંદર વિકસિત કરવામાં સક્ષમ બને.

આ સાથીદારો સમૂહો અને વયસ્કોની સાથે વાતચીતથી વિકાસ પામે છે. જે બાળકોને વ્યવહાર કરવાનું શીખવાડે છે.

બાળકોને દુર્વ્યવહાર કરવા બદલ તેમને દંડ આપવાની જગ્યાએ શિસ્તને સામાન્ય રીતે હાસ્ય, ચીઢાવવું અને આશ્ચર્યચકિત પ્રતિક્રિયાઓના માધ્યમથી શીખવાડી શકાય છે અને ક્યારેક ક્યારેક ડરામણા પ્રાણીઓનો પણ ઉપયોગ કરી શકાય છે.

આશા કરવામાં આવે છે કે પરીક્ષા, ભૂલો અને અવલોકનોના માધ્યમથી બાળકોને ઓળખી જવું જોઈએ કે એમના દ્વારા શું આશા રાખવામાં આવે છે અને એવું કરવાથી એમનું પોતાનું નિયંત્રણ વિકસિત થાય છે.

❖ **કાયદાકીય દત્તક :**

ભારતીય સમાજમાં ઉદારતા અને કરૂણતા ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને વંશીય વ્યવહારના રૂપમાં જોવામાં આવે છે. બાળકો વ્યક્તિઓ સાથીદારો અને સમૂહોને જોઈને નિસંદેહ શીખે છે. તેઓ બીજાના કાર્યોના નકલના માધ્યમથી એ મૂલ્યોને એકત્રિત કરે છે ઉદાહરણ તરીકે

બાળકોની ઈચ્છાઓને ન માનવાથી ક્યારેક વાલી સહાનુભૂતિ બતાવે છે. આ ઉપરાંત સમૂહની સાથે સમૂહની સાથે વહેંચવું તે બીજું ઉદાહરણ છે જ્યાંથી બાળકો દયા શીખે છે. જ્યારે બાળકોને દત્તક લેવામાં આવે છે ત્યારે તેમની વચ્ચે સૌ પ્રથમ વિશ્વાસ સંપાદન કરવામાં આવે છે.

❖ **બાળકને દત્તક લેવા માટેના અમુક કારણો નીચે પ્રમાણે સામેલ છે :**

– જ્યારે કોઈ દંપતી એક પુરુષ બાળકને દત્તક લે છે ત્યારે તેનો ઈરાદો પોતાના પરિવારને આગળ વધારવાનો હોઈ શકે,

– જે વિવાહિત જોડું બાળકને જન્મના આપી શકે, તે બાળક દત્તક લેવાથી પરિવાર પૂરો કરે છે.

– જે પરિવારમાં એકલિંગના બાળકો છે તો તેઓ અન્ય લિંગના બાળકોની પરિવારમાં જ અન્ય દંપતિઓ જોડે ફેરબદલ કરતાં કિસ્સા પણ જોવા મળે છે.

❖ **મહત્ત્વ :**

બાળકોના પાલન પોષણની પ્રથા એટલા માટે મહત્ત્વપૂર્ણ હોય છે કારણ કે પરિવાર ને લાગે છે કે બાળકો માટે સંસ્કૃતિ અને પ્રથા તેમના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. બાળકો સારા નરસાં ઘટનાઓનો સામનો કરવાની તેમજ રણનીતિ વગેરે શીખે છે.

બાળકો જેમ–જેમ મોટા થતાં જાય તેમ તેઓ ભિન્ન ભિન્ન કાર્યક્ષમતા અને પરિપક્વતાની માત્રાઓ પ્રાપ્ત કરે છે. આનો મતલબ એ નથી કે જો તેઓ 15 કે 18 વર્ષના હોય તો તેઓને સંરક્ષણની આવશ્યકતા નથી. ઉદાહરણ તરીકે, આપણા દેશમાં 18 વર્ષની અંદરની ઉંમરના બાળકોના લગ્ન અને તેઓ પાસે કામ કરાવવામાં આવે છે. પણ સમાજ તેઓ પરિપક્વ થઈ ગયા છે તેવું અનુભવતો હોવાના કારણે તેઓને ઓછું સંરક્ષણ ન મળવું જોઈએ. તેઓને પણ શ્રેષ્ઠ સંરક્ષણ, તકો અને પુખ્તતા સુધીના તેમના પ્રવાસ પર જીવનમાં તેમને શ્રેષ્ઠ શરૂઆતની ખાતરી માટેની મદદ મળવી જોઈએ.

❖ **નિષ્કર્ષ :**

સામાજિકીકરણ એક એવી પ્રક્રિયા છે. જેના દ્વારા માનવ કોઈ વિશેષ સમાજમાં કાર્ય કરતાં શીખે છે. અત્યારે એ આશા રાખવામાં આવે છે કે, બધા માણસ પોતાના જીવનકાળ દરમ્યાન અમુક પ્રકારના સામાજિકીકરણનો અનુભવ કરે. છતાં પણ ઈતિહાસમાં અમુક દુર્લભ ઉદાહરણ છે, જેમાં વ્યક્તિઓને સામાજિક અલગાવમાં રહેવું પડતું હતું. જેમ કે, બાબતે, અથવા વૈકલ્પિક સાધનોના માધ્યમથી સામાજિકીકરણ કરવું. સામાજિકીકરણ મનુષ્યની વચ્ચે સ્પષ્ટરૂપથી જરૂરી છે એ ધ્યાન રાખવું મહત્ત્વ પૂર્ણ છે કે સામાજિકીકરણ ખૂબ જ સાંસ્કૃતિક રૂપથી સંબંધિત છે. જેનો મતલબ છે કે પ્રક્રિયા અને પરિણામ સંસ્કૃતિથી સંસ્કૃતિમાં ભિન્ન હોય છે એ દુનિયાભરમાં હાજર વિભિન્ન સામાજિક માપદંડોમાં સૌથી વધારે સ્પષ્ટ છે, એક વિશેષ સમાજમાં આપણામાંથી પ્રત્યેક વ્યક્તિ કેવી રીતે સામાજિક બને છે. અંતમાં એ નિર્ધારીત કરે છે કે આપણે સામાન્ય અને અસામાન્યરૂપમાં શું માનીએ છીએ. છતાં પણ આપણે સામાજિક પરિવેશ અથવા સામાજિક પ્રદર્શનની બદલતી પરિસ્થિતિઓના આધાર પર પુનઃસોસાયટીકરણ માટે અતિ સંવેદનશીલ હોઈએ છીએ.

## 1.7 ઉપસંહાર :

ઉપરોક્ત વિગત બાળકની સામાજિકીકરણની પ્રક્રિયા, ધ્યેયો, સિદ્ધાંતો અને બાળઉછેરની પ્રથા વિશે જાણ્યું. સામાજિકીકરણમાં પણ બાળકની સામાજિકીકરણની પ્રક્રિયા બાળઉછેર તથા વિકલ્પ માટે અગત્યનાં ઘણા જવાબદાર વ્યક્તિઓ છે. બાળકોને સમાજમાંથી હૂંફ સીધો રસ્તો મળે છે આ તમામ બાબતો સમાજકાર્યકર તરીકે આ માહિતી ઉપયોગી થશે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો :

1. બાળકના સામાજિકીકરણના મુખ્ય પરિબળો કયા છે તે જણાવો.

   (A) પરિવાર (B) સરખી ઉંમરના સભ્યો

   (C) પડોશી (D) ઉપરોક્ત બધા

2. પ્રાથમિક સામાજિકીકરણના કિસ્સામાં ચાવીરૂપ એજન્ટ કોણ છે ?

   (A) કુટુંબ (B) શાળા (C) મિત્રો (D) ઉપરોક્ત બધા

3. હરિફાઈ (પ્રતિયોગિતા) .......... ને પ્રોત્સાહિત કરે છે.

   (A) સામાજિક વ્યવસ્થા (B) સામાજિકીકરણ

   (C) લગ્ન (D) કુટુંબ

4. સામાજિકીકરણની ગૌણ પ્રક્રિયામાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

   (A) હરિફાઈ (B) સહયોગ (C) સંઘર્ષ (D) ઉપરોક્ત બધા

5. વિદ્યાર્થીઓ સાથે અસરકારક સંબંધો બનાવવા શિક્ષકોએ શું કરવું જોઈએ ?

   (A) હકારાત્મક બનવું

   (B) સજાને ટાળવી

   (C) સારા શ્રોતા બનીને બાળકોને પ્રોત્સાહિત કરવા

   (D) ઉપરોક્ત બધી પ્રવૃત્તિ

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (D) **2.** (A) **3.** (B) **4.** (D) **5.** (D)

## 1.10 ચાવીરૂપ શબ્દો :

**1.** **સામાજિકીકરણ :** સામાજિકીકરણ એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા વ્યક્તિ પોતાના સમાજના વિચારો, માન્યતાઓ, મૂલ્યો અને જીવનપદ્ધતિને આત્મસાત કરી પોતાની તથા અન્ય લોકોની યોગ્ય ભૂમિકાઓની જાણકારી પ્રાપ્ત કરે છે. આ પ્રકારની જાણકારીની સહાયતા અને પ્રેરણાથી વ્યક્તિ પોતાની ભૂમિકાઓ ભજવવા માટે તથા અન્ય વ્યક્તિઓ સાથેના વ્યવહાર કરવા માટેની રીતો શીખે છે, તેને સમાજશાસ્ત્રની પરિભાષામાં સામાજિકીકરણ કહેવામાં આવે છે.

**2.** **અસામાજિક :** કોઈપણ ક્રિયા, વ્યવહાર, મનોવૃત્તિ, મૂલ્ય જે કોઈ સમૂહના સભ્યો દ્વારા સમૂહ કલ્યાણ માટે અહિતકર અથવા હાનિકારક માનવામાં આવે છે તેને અસામાજિક કહેવામાં આવે છે. આ અર્થમાં એક ડાકૂની લૂંટવાની ક્રિયા અસામાજિક વ્યવહારનું ઉદાહરણ છે.

**3.** **એક સમાજ :** એક સમાજ એટલે લોકોનો વિશાળ સમૂહ કે જે સમાન ટેવો, વિચારો અને વલણો ધરાવે છે, નિશ્ચિત પ્રાદેશિક વિસ્તારમાં રહે છે અને પોતાને એક સામાજિક એકમ તરીકે ગણાવે છે. ખાસ કરીને કોઈ વિશેષ સમાજની ઓળખ કે ખાસિયતો દર્શાવવા એક સમાજ એવો શબ્દ પ્રયોગ થાય છે.

**4.** **સમુદાય :** સ્થાનિક વિસ્તારના રહેવાસીઓ, એક કસબા કે ગામનાં લોકો. સામાન્ય પ્રજાના અર્થમાં આ શબ્દ વપરાય છે.

## 1.11 સ્વાધ્યાય લેખન :

1. સામાજિકીકરણની વિભાવના સમજાવો.
2. સામાજિકીકરણનાં ધ્યેયો સ્પષ્ટ કરો.
3. સામાજિકીકરણનાં સિદ્ધાંતો વિગતે સમજાવો.
4. બાળઉધેરની પ્રથા વિશે સમજાવો.
5. સામાજિકીકરણની પ્રાથમિક પ્રક્રિયાઓ જણાવો.
6. સામાજિકીકરણની ગૌણ પ્રક્રિયાઓ સમજાવો.

## 1.12 પ્રવૃત્તિ :

1. તમારાં રહેણાંક વિસ્તારના બાળકોની બાળઉછેરની પ્રથાઓ વિશે માહિતી મેળવી નોંધ તૈયાર કરો.
2. સામાજિકીકરણની પ્રક્રિયા મિત્રવર્તુળની અસર – વિશે કોઈ એક બાળકની મુલાકાત લઈ નોંધ તૈયાર કરો.
3. બાળકની સામાજિકીકરણની પ્રક્રિયામાં પડોશીની ભૂમિકા – એક કુટુંબની મુલાકાત લઈને એક નોંધ તૈયાર કરો.

## 1.13 કેસ સ્ટડી :

1. બાળકના વિકાસમાં કુટુંબની ભૂમિકા – અંગે કોઈ એક બાળકની મુલાકાત લઈ કેસ સ્ટડી તૈયાર કરો.
2. મોબાઈલની બાળકોના જીવન પર અસર – કેસ સ્ટડી તૈયાર કરો.

## 1.14 સંદર્ભગ્રંથ :

1. એનસાઈક્લોપિડિયા : ભારત સરકાર, સમાજકાર્ય મંત્રાલય.
2. પારિભાષિક કોશ : સમાજશાસ્ત્ર, ડૉ. વિદ્યુતભાઈ જોષી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

# એકમ–2 બાળકનું સામાજિકીકરણ કરનારા પરિબળો

## : એકમનું માળખું :

2.0 એકમનો પરિચય

2.1 એકમના હેતુઓ

2.2 પ્રસ્તાવના

2.3 બાળકનું સામાજિકીકરણ કરનાર પરિબળો

2.4 બાળઉછેરની પદ્ધતિઓ

2.5 ઉપસંહાર

2.6 તમારી પ્રગતિ ચકાસો

2.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

2.8 ચાવીરૂપ શબ્દો

2.9 સ્વાધ્યાય લેખન

2.10 પ્રવૃત્તિ

2.11 કેસ સ્ટડી

2.12 સંદર્ભગ્રંથ

## 2.0 એકમનો પરિચય :

બાળકની સામાજિકીકરણની પ્રક્રિયા ખૂબ જ અગત્યની છે. સ્વસ્થ વિકાસ માટે એ જરૂરી છે. બાળકનાં સામાજિકીકરણ કરનારા પરિબળો પણ ખૂબ જ મહત્ત્વનાં છે. બાળકનાં સામાજિકીકરણનાં પરિબળો જો યોગ્યના હોય તો પરિણામો અયોગ્ય આવે છે. કુટુંબ, શાળા, મિત્રો, પાડોશી વગેરે બાળકની સામાજિકીકરણ કરનાર પરિબળો છે બાળકનાં ઉછેરમાં આ બધા ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. જેના વિશે આ એકમમાં વિગતવાર માહિતી આપવામાં આવી છે જે સમાજકાર્યકર તરીકે અગત્યની છે.

## 2.1 એકમનાં હેતુઓ :

1. બાળઉછેરની પ્રક્રિયા માટેનાં પરિબળો જેવા કે કુટુંબ, પાડોશી, મિત્રો વગેરે વિશે જાણવા મળશે.
2. બાળઉછેરની પદ્ધતિઓ જાણવા મળશે.

## 2.1 પ્રસ્તાવના :

એવી ઘણી વસ્તુઓ છે જે કોઈ વ્યક્તિની સામાજિક પ્રક્રિયાને પ્રભાવિત કરી શકે છે. તેને સામાજિકીકરણના એજન્ટ તરીકે ઓળખવામાં આવે છે. એજન્ટમાંથી પ્રત્યેક વ્યક્તિ પર જે પ્રભાવ પડે છે, એ સ્થિતિ પર નિર્ભર કરે છે. વ્યક્તિઓના અનુભવો અને જીવનના સ્તરમાં વ્યક્તિ એમાં છે.

સામાજિકીકરણ જે આપણને બાળપણમાં મળે છે. આપણા સમાજમાં બીજાઓ સાથે વાતચીત કરવામાં સ્થાયી પ્રભાવ પાડે છે. બાળપણમાં આપણે સામાજિકીકરણના અમુક પ્રભાવશાળી એજન્ટોને ઓળખીએ છીએ.

❖ **સામાજિકીકરણ :**

2. દિકરીઓના જન્મનું પ્રમાણ આજે સમાજમાં ઘટી રહ્યું છે તે અંગે તમારાં અવલોકનો જણાવો.
3. સમાજમાં દિકરીઓના ઘટતા જતા પ્રમાણને લીધે કેવા પ્રકારના પ્રશ્નો ઊભા થશે તે અંગેની નોંધ તૈયાર કરો.

## 1.11 કેસ સ્ટડી :

1. "સંતાનમાં માત્ર એક જ દિકરી હોય" – તેવા પરિવારની મુલાકાત લઈ કેસ સ્ટડી તૈયાર કરો.
2. છોકરાં–છોકરીનાં ઉછેરમાં પરિવારમાં કયા પ્રકારનાં ભેદભાવ રાખવામાં આવે છે ? એક પરિવારની મુલાકાત લઈ તે અંગે કેસ સ્ટડી તૈયાર કરો.

## 1.12 સંદર્ભગ્રંથ :


1. એનસાઈક્લોપિડિયા ઓફ સોશ્યલ વર્ક : ભારત સરકાર, સમાજકાર્ય મંત્રાલય.
2. સમાજકાર્ય બાળકોની સમસ્યા : ડૉ. ગિરીશકુમાર, યુનિસેફ
3. પારિભાષિક કોશ : સમાજશાસ્ત્ર, ડૉ. વિદ્યુતભાઈ જોષી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

# એકમ–2 ભારતમાં બાળકોની સમસ્યાઓ

**: એકમનું માળખું :**


2.0 એકમનો પરિચય

2.1 એકમના હેતુઓ

2.2 પ્રસ્તાવના

2.3 સામાન્ય બાળકોની સમસ્યા

2.4 બાળમજૂરોની સમસ્યા

2.5 વિકલાંગ બાળકોની સમસ્યા

2.6 અનાથ બાળકોની સમસ્યા

2.7 કાયદા સાથે સંઘર્ષમાં આવતાં બાળકોની સમસ્યા

2.8 કુપોષીત બાળકોની સમસ્યા

2.9 ઉપસંહાર

2.10 તમારી પ્રગતિ ચકાસો

2.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

2.12 ચાવીરૂપ શબ્દો

2.13 સ્વાધ્યાય લેખન

2.14 પ્રવૃત્તિ

2.15 કેસ સ્ટડી

2.16 સંદર્ભગ્રંથ


## 2.0 એકમનો પરિચય :

મનુષ્યની વિકાસમાં બાલ્યાવસ્થા ખૂબ જ અગત્યની અવસ્થા છે. બાલ્યાવસ્થામાં જ બુદ્ધિનો વિકાસ ઝડપથી થાય છે. બાલ્યાવસ્થામાં બાળકો તરફ વધારે ધ્યાન આપવું જરૂરી છે. પરંતુ, ક્યારેક દેશની વસ્તી વધારાને કારણે દેશની અર્થતંત્રની વ્યવસ્થા, દેશની સામાજિક વ્યવસ્થા, કાયદાકીય વ્યવસ્થા વગેરેમાં ક્યાંક અવ્યવસ્થાના કારણે મુશ્કેલી સર્જાતી હોય છે અને તેની સૌથી વધુ અસર બાળકોને થતી હોય છે. ઘણા બધા દેશોમાં આ પ્રકારની મુશ્કેલી જોવા મળે છે. ભારતમાં પણ એની મુશ્કેલી જોવા મળે છે. વિકાસનાં પરિપ્રેક્ષ્યમાં ભારતમાં બાળકોની સમસ્યા અહીં આપવામાં આવી છે, જે સમાજકાર્યનાં વિદ્યાર્થીઓ તરીકે ઘણી ઉપયોગી બનશે.

## 2.1 એકમના હેતુઓ :

આ એકમમાં મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં જે બાળકો છે એની સમસ્યાઓ વિશે ચર્ચા કરવાનો છે. જેવી કે (1) સામાન્ય બાળકોની સમસ્યા (2) બાળમજૂર બાળકોની સમસ્યા (3) વિકલાંગ બાળકોની સમસ્યા (4) અનાથ બાળકોની સમસ્યા (5) બાળ ગૂનેગારની સમસ્યા (6) કૂપોષિત બાળકોની સમસ્યા વિશે.

## 2.2 પ્રસ્તાવના :

માનવીના જીવનકાળમાં બાળઅવસ્થા એક એવી પરિસ્થિતિ છે, જેમાં એમને સૌથી વધુ મદદ, દેખરેખ, પ્રેમ, સહાનુભૂતિ અને સુરક્ષાની જરૂરિયાત હોય છે. જે લોકોનું બાળપણ સુખી, સંતોષકારક અને સુરક્ષિત વીતે છે. તેમનું વ્યક્તિત્વ અને ભવિષ્ય પણ યોગ્ય, સલામત અને સુરક્ષિત હોય છે અને તે એક વિકાસશીલ, સશક્ત અને ઉન્નત સમાજની સંરચનામાં રચનાત્મક યોગદાન આપે છે. બાળકોના વિકાસમાં રાષ્ટ્રનો વિકાસ જોડાયેલો છે માટે દરેક રાષ્ટ્રનો આ પરમ કર્તવ્ય બને છે કે તે પોતાના બાળકોના વિકાસ અને કલ્યાણને મહત્ત્વ અને પ્રાથમિકતા આપે.

ભારતમાં જનસંખ્યામાં લગભગ 40% બાળકો છે. દુનિયામાં અન્ય ભાગોમાં પણ બાળકોની પરિસ્થિતિ સામાન્યરૂપે દુઃખરૂપ છે.

ભારતમાં રહેતા બાળકોની સમસ્યા નીચે મુજબ છે.

(1) સામાન્ય બાળકોની સમસ્યા

(2) બાળમજૂર બાળકોની સમસ્યા

(3) વિકલાંગ બાળકોની સમસ્યા

(4) અનાથ બાળકોની સમસ્યા

(5) બાળગુનેગાર બાળકોની સમસ્યા

(6) કુપોષિત બાળકોની સમસ્યા

બાળક બીજા પર આધાર રાખવાવાળો સૌથી નબળો સમાજ હોય છે. આથી તેમને ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આમાંથી કેટલીક સમસ્યા એવી હોય છે જે બધા બાળકો માટે સામાન્ય હોય છે; પરંતુ, કેટલાક ખાસ બાળકોને ખાસ પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડે છે.

## 2.3 સામાન્ય બાળકોની સમસ્યાઓ :

ભારતમાં સામાન્ય બાળકોની સમસ્યાઓમાં શિક્ષણ, આરોગ્ય, સારી દેખરેખ આ મહત્ત્વની બાબત છે.

❖ **શિક્ષણ :**

આપણા દેશમાં ગરીબવર્ગનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેથી ગરીબવર્ગના બાળકોને શાળામાં મોકલવામાં આવતા નથી. પ્રાથમિક શિક્ષણ ફ્રી હોવા છતાં 50% બાળકો શાળામાં

જઈ શિક્ષણ પ્રાપ્ત કરી શકતા નથી. તેના પાછળ સૌથી મોટું કારણ ગરીબી છે. બાળકના માતા–પિતા બાળકને તેમની સાથે મંજૂરી કરવા લઈ જાય છે અને તેમને શાળાએ મોકલતા નથી.

❖ **આરોગ્ય :**

બાળકોમાં આરોગ્યને પણ લઈને મોટી સમસ્યા જોવા મળે છે. ટેક્નોલોજીનો વિકાસ થયેલ હોવા છતા પણ કેટલાક પરિવારના લોકો અંધશ્રદ્ધામાં માને છે. બાળક બીમાર થાય ત્યારે ડોક્ટર પાસે લઈ જવાને બદલે ભૂવા પાસે લઈ જતાં બાળકના સ્વાસ્થ્યમાં વધુ ખરાબી જોવા મળે છે.

કેટલાક માતા–પિતા બાળક પર ધ્યાન ન આપવાથી તેનું સ્વાસ્થ્ય જોખમમાં મૂકી દે છે. જ્ઞાનનો અભાવ હોવાથી બાળકોને સમયસર અને સારી સારવાર મળતી નથી.

## 2.4 બાળમજૂરોની સમસ્યા :

બાળમજૂરીને સમાજનું એક દૂષણ માનવામાં આવે છે. તો પણ, ભારતમાં બાળમજૂર અલગ–અલગ કારખાનાઓ, દુકાનો, હોટલો, લારી–ગલ્લામાં, ઘરેલું કામોમાં અલગ–અલગ રૂપે કામ કરતા જોવા મળે છે.

❖ **બાળમજૂરોની વ્યાખ્યા :**

જે બાળકની ઉંમર 14 વર્ષ કે 14 વર્ષથી નાની હોય અને તે આવક મેળવવા માટે કોઈપણ પ્રકારનો શારીરિક શ્રમ કરે તેવા બાળકોને બાળમજૂર કહેવામાં આવે છે.

બાળમજૂર એટલે થોડા સમય કે વધુ સમય માટે એની મજબુરીનો ફાયદો ઉઠાવીને તે જે શ્રમ કરે છે એના પ્રમાણમાં નહિવત વેતન ચૂકવવામાં આવે.

બાળમજૂરો સાથે અનેક પ્રકારના શોષણ થાય છે, જેવા કે, ઓછું વેતન આપવું, વધુ પડતું કામ કરાવવું, જોખમયુક્ત કામ કરાવવું.

આપણા દેશમાં અને આપણી આજુ–બાજુ આપણે ઘણા પ્રકારના આવા બાળમજૂર જોઈએ છીએ. કારખાના જેવી જગ્યામાં નાના–નાના બાળકો પાસે તેમનું જીવનું જોખમ હોય તેવા પ્રકારનું કામ કરાવવામાં આવે છે અને સામે તેમને તે પ્રમાણે વેતન પ્રાપ્ત થતું નથી.

આવા, બાળકો પોતાના હક્ક માટે બોલી પણ શકતા નથી.

ગરીબ વર્ગના માતા–પિતા કેટલીકવાર ગરીબીના કારણે પોતાની બાળકીને થોડા પૈસા માટે વેચી દેવામાં આવે છે અને આવી બાળકીઓ સાથે જાતીય શોષણ કરવામાં આવે છે અને તેમને દેહ– વ્યાપારના ધંધામાં જોડી દેવામાં આવે છે.

ભારત દેશમાં બાળઅપહરણના કિસ્સા પણ વધુ જોવા મળે છે બાળકોનું અપહરણ કરીને તેમને ભીખ મંગાવવી, નાની છોકરીઓ જોડે ખરાબ કામ કરાવવા અને તેમના શરીરના અંગો વેચીને પણ પૈસા કમાવવામાં આવે છે.

ગરીબ કુટુંબના માતા–પિતા તેમના બાળકોને આવકના સાધનો ગણે છે. બાળક જયારે સમજતો થાય ત્યારથી જ તેને શાળાએ ન મૂકતા તેમની પાસે મજૂરી કરવા માટે લઈ જાય છે. તેમની ક્ષમતા કરતા વધુ કામ સોંપવામાં આવે છે. જેથી, તેમનું સ્વાસ્થ્ય જોખમમાં મૂકાય છે.

ફેક્ટરીમાં કામ કરતા બાળકોના શરીરમાં ઝેરી તત્ત્વો જતાં તેનું આરોગ્ય જોખમમાં મૂકાય છે.

બાળમજૂરો નિરંતર કામ કરે છે અને તેમની જરૂરિયાત હોવાથી મજબૂરીના કારણે દરેક પ્રકારનું જોખમ લેવા પણ તૈયાર થઈ જાય છે અને મૂંગા મોઢે કામ કરતા જાય છે.

## 2.5 વિકલાંગ બાળકોની સમસ્યા :

"વિકલાંગતા એટલે શારીરિક કે માનસિક રીતે પીડાતા બાળકો"

- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના અનુસાર ભારતમાં લગભગ 9 કરોડ બાળકો વિકલાંગ છે અને આવી સંખ્યા દર વર્ષે 40 લાખ જેટલી વધતી જાય છે. એમાં, શારીરિકરૂપે અને માનસિક રૂપે પીડાતા બાળકોની અથવા વધુ જ જોવા મળે છે. આમની મુખ્ય સમસ્યાઓમાં વિશેષ શિક્ષણ અને પ્રશિક્ષણની સમસ્યા છે.
- આવા બાળકોને કેટલીકવાર તેમનો પરિવાર અને સમાજ તેમનો સ્વીકાર કરતા નથી અને આવા બાળકોને તેમને કુટુંબ તરછોડતા તેમને સંસ્થામાં મુકવામાં આવે છે. આ પાછળનું મુખ્ય કારણ, આવા બાળકો પાછળ થતા દવાદારૂનો ખર્ચ, તેમની દેખભાળનો ખર્ચ અને સમાજમાં તેમની શરમજનક સ્થિતિ ન ઉદ્ભવે તેથી બાળકોને દૂર કરી દેવામાં આવે છે.
- વિકલાંગ બાળકો પર કામ કરતી સંસ્થા અને તેમની દેખભાળ કરતી સંસ્થા પાસે આવા ઘણા બાળકો હોવાથી તેઓ દરેક બાળક પર વ્યક્તિગત રીતે ધ્યાન આપી શકતા નથી અને આ રીતે અમુક સમયે બાળકો મૂંઝાય છે અને તેનું વ્યક્તિત્વ બહાર લાવી શકતા નથી.
- વિકલાંગ બાળકોમાં મનોરંજન અને આર્થિક બાબતોની સમસ્યાઓ પણ જોવા મળે છે. તેઓ પોતાની આસપાસ રહેતા સામાન્ય બાળકની જેમ હરીફરી શકતાં નથી. રમત રમી શકતા નથી, તેના કારણે તેઓ માનસિક તાણ અનુભવે છે અને તેઓ પોતાના કુટુંબ પર બોજરૂપ છે, તેવું માનવા લાગે છે.
- વિકલાંગ બાળકોની શાળા, સામાન્ય બાળકોની શાળા કરતાં અલગ હોય છે અને તેમને અલગ પ્રકારનું શિક્ષણ આપવામાં આવે છે.
- પગેથી વિકલાંગ બાળકો એ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે પણ બીજા વ્યક્તિ પર આધાર રાખવો પડે છે. એમના મનમાં જે કાર્ય કરવાની ઈચ્છા; જેમ કે, રમત રમવી, વાહન ચલાવવું, દોડવું વગેરે કાર્યો તે કરી શકતા નથી અને તેઓ મનમાં દુઃખ અનુભવે છે.
- માનસિક રીતે પીડાતા બાળકોની ઉંમર વધવા છતાં તેમના મગજનો વિકાસ થતો નથી અને તેમનામાં સમજણશક્તિનો અભાવ હોય છે.
- જે બાળકો અંધ છે, તેઓ પોતાનું કોઈપણ કાર્ય પોતાની રીતે કરી શકતા નથી અને માતા–પિતા પર આધારિત હોય છે.

આમ, આવા વિકલાંગ બાળકોને રોજબરોજ આવી સામાન્ય સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. આથી, તેઆને પોતાની રોજિંદી જિંદગી જીવવા માટે સમસ્યા ઊભી થાય છે.

## 2.6 અનાથ બાળકોની સમસ્યા :

ભારતમાં અનાથ બાળકોની સંખ્યા દિવસેને દિવસે વધતી જાય છે. કુદરતી આપત્તિ, દુષ્કાળ, આપત્તિ, સામૂહિક ઝઘડાના કારણે જયાં બાળકો તેમના માતા–પિતાથી અલગ થઈ જાય છે અને તેઓ અનાથ થઈ જાય છે. સમાજમાં આવા બાળકોને ઝડપથી કોઈ સ્વીકાર કરતું નથી અને પરિણામરૂપે, આવા બાળકોને કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

આવા બાળકોની મુખ્ય સમસ્યામાં સુરક્ષા, શિક્ષણ, આજીવિકા, સ્વાસ્થ્ય દેખરેખ જેવી સમસ્યાઓ જોવા મળે છે.

– અનાથ બાળકોને કુટુંબ કેવા પ્રકારનું હોય ? કુટુંબ કોને કહેવાય ? તે વિશેથી અજ્ઞાત રહી જાય છે. આવા બાળકોને માતા–પિતા, ભાઈ–બહેન આવા બધાં જ સંબંધોથી વંચિત રહી જાય છે. તેમને કૌટુંબિક પ્રેમ મળતો નથી.

– આથી, આવા બાળકોનું જીવન સંપૂર્ણ રીતે બીજા પર આધારિત હોય છે. આથી, બાળક તેનું બાળપણ સરખી રીતે જીવી શકતું નથી. તેથી તેના પર તેની પોતાની જવાબદારી આવી પડે છે.

કેટલાક લોકો આવા અનાથ બાળકોને બાળકો ઉપર કામ કરતી સંસ્થાને સોંપી દે છે. આથી, જે બાળકો આવી કોઈ જ સંસ્થા સાથે જોડાયેલા હોતા નથી. ત્યારે પોતાનું ગુજરાન કરવા માટે ગેરમાર્ગે ચઢી જાય છે અને તેમની સાચી માહિતી આપવાવાળું કોઈ હોતું નથી.

## 2.7 કાયદા સાથે સંઘર્ષમાં આવતા બાળકોની સમસ્યા :

જે બાળકોને સાચું માર્ગદર્શન, દેખરેખ મળતી નથી. તેવા બાળકો ગેરમાર્ગે દોરાય છે અને ગુનો કરવા માટે પ્રેરાય છે. આવા બાળકોમાં અનાથ બાળકોનો પણ સમાવેશ થાય છે.

– શરૂઆતમાં આવા બાળકો નાની–મોટી ચોરીઓ કરતા હોય છે અને આવી ચોરીઓની અવગણના કરતા તેમને પ્રોત્સાહન પ્રાપ્ત થાય છે. આવી, ભવિષ્યમાં મોટો ગુનો જેવો કે ખૂન, મારપીટ, લૂંટ, અપહરણ જેવું કરતાં પણ અચકાતા નથી.

– જે બાળકો મોજ–શોખના આધીન બની જાય છે, તેઓ પોતાના મોજ–શોખ પૂરા કરવા માટે ઘરેથી જયારે પૈસા ન મળતા પોતના ઘરમાં ચોરી અને બહાર લૂંટ–ફાટ જેવા કાર્ય કરવા માટે દોરાય છે.

– જયારે બાળક તરૂણાવસ્થામાં હોય છે ત્યારે તેઓને દેખાદેખી વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ અવસ્થામાં તેઓ તેમની કોઈ મજાક–મસ્તી કરે કે તેમની કોઈ અવગણના કરે તો તેમનાં સ્વાભિમાન ને ઠેસ પહોંચે છે અને તેઓ બદલો લેવાનું મનમાં નક્કી કરી લે છે અને તે ઓ મારામારી અને ખૂન જેવો ગુનો કરવા પ્રેરાય છે.

– આજ કાલ ઇન્ટરનેટના વધુ પડતા ઉપયોગના કારણે બાળકો પાસે અપૂરતી માહિતી હોવાથી, તેઓ તેનો ઉપયોગ ખોટી રીતે કરે છે. દા.ત. બેંકનો પાસવર્ડ હેક કરવો,

ફોટાનો દૂરઉપયોગ કરવો, અભદ્ર વીડિયો બનાવવા અને વાયરલ કરવા જેવા કામ કરવા પ્રેરાય છે.

- બાળકોને જ્યારે પોતાના પરિવાર પ્રત્યેથી હૂંફ અને પ્રેમ મળતો નથી, ત્યારે તેઓ માનસિક રીતે વિકૃત બને છે અને અપરાધ તરફ દોરાય છે.
- અમીર વર્ગના કુટુંબો પોતાના બાળકની સાર–સંભાળ માટે પૂરતો સમય આપી શકતા નથી. આથી, આ વર્ગના બાળકો ખરાબ આદતો જેવી કે, દારૂ, સિગારેટ જેવી બદીઓની લતે ચડી જાય છે. નશીલા દ્રવ્યો લેવાથી તેઓ ભાન ભૂલી જાય છે અને ગુનો કરવા પ્રેરાય છે અને જ્યારે આ મોજ–શોખ પૂરા કરવા તેમના ઘરેથી પૈસા આપવામાંના આવે ત્યારે આવા બાળકો પોતાની મોજ શોખ પૂરા કરવા માટે ગમે તે માર્ગે પ્રેરાય છે અને ગુનો કરી બેસે છે.

## 2.8 કુપોષિત બાળકોની સમસ્યા :

ભારતમાં લગભગ 90% બાળકો કુપોષણનો શિકાર છે. જેમાંથી લગભગ પ્રતિવર્ષ 1 લાખ બાળકોનું મૃત્યુ થાય છે.

- શરીરમાં પૂરતો આહાર ન મળવાથી બાળક કુપોષણનો શિકાર બને છે.
- બાળકોમાં જરૂરી વિટામિન્સ, કેલ્શિયમ પૂરતા પ્રમાણમાં ન મળી રહેતા બાળક કુપોષિત બને છે. ભારતમા કેટલા એવા પરિવાર છે. જેને એક સમયનું પણ પેટ ભરીને ભોજન પ્રાપ્ત થતું નથી. તેથી ભૂખમરાને કારણે કુપોષણનો શિકાર થાય છે.
- ગર્ભવતી મહિલાને પૂરતો પોષણયુક્ત આહાર ન મળવાથી ગર્ભમાં રહેલા બાળકનો વિકાસ સારી રીતે થતો નથી. આથી, બાળક જયારે જન્મે છે ત્યારથી જ તે કુપોષણનો શિકાર બને છે. કુપોષણના કારણે બાળકોમાં અમુક પ્રકારના રોગ થાય છે. આ બાળકો સામાન્ય બાળકોની જેમ જીવી શકતા નથી.
- કુપોષણના કારણે બાળકનો શારીરિક વિકાસ અટકી જાય છે. તેમજ તેનો માનસિક વિકાસ પણ રૂંધાય છે.

## 2.9 ઉપસંહાર :

ઉપર જણાવ્યા મુજબ ભારતમાં રહેતા બાળકોની આવા પ્રકારની ઘણી બધી સમસ્યાઓ જોવા મળે છે. ગરીબ વર્ગના બાળકોમાં વધુ પ્રમાણમાં સમસ્યા જોવા મળે છે. સમાજકાર્યકર્તા તરીકે આવા બાળકોને શોધી તેમની સમસ્યા કેવી રીતે દૂર કરી શકાય ? તે જાણી સમસ્યા થોડા અંશે દૂર કરી શકાય છે.

## 2.10 તમારી પ્રગતિ ચકાસો :

1. ભારતમાં જનસંખ્યામાં લગભગ કેટલા ટકા બાળકો છે તે જણાવો.

   (A) 20 ટકા (B) 30 ટકા (C) 40 ટકા (D) 50 ટકા

2. બાળકોનું શોષણ કઈ રીતે કરવામાં આવે છે તે જણાવો.

   (A) ઓછું વેતન આપવું (B) વધુ કામ કરાવવું

   (C) જોખમી કામ કરાવવું (D) ઉપરોક્ત બધા

3. વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા પ્રમાણે ભારતમાં કેટલા બાળકો વિકલાંગ છે ?

   (A) 05 કરોડ (B) 06 કરોડ (C) 08 કરોડ (D) 09 કરોડ

4. ભારતમાં અંદાજિત કેટલા બાળકો કુપોષણનો શિકાર છે તે જણાવો.

   (A) 50 ટકા (B) 70 ટકા (C) 80 ટકા (D) 90 ટકા

5. કુપોષિત બાળકો પૈકી ભારતમાં પ્રતિ વર્ષે કેટલા બાળકોનું મૃત્યુ થાય છે ?

   (A) 01 લાખ (B) 02 લાખ (C) 03 લાખ (D) 04 લાખ

## 2.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (C) **2.** (D) **3.** (D) **4.** (D) **5.** (A)

## 2.12 ચાવીરૂપ શબ્દો :

**1.** **બાળમજૂર :** જે બાળકની ઉંમર 14 વર્ષ કે 14 વર્ષથી નાની હોય અને તે આવક મેળવવા માટે કોઈપણ પ્રકારનો શારીરિક શ્રમ કરે તેવા બાળકોને બાળમજૂર કહેવામાં આવે છે.

**2.** **વિકલાંગતા :** વિકલાંગતા એટલે શારીરિક કે માનસિક રીતે પીડાતા બાળકો. એક આંતરરાષ્ટ્રીય સંસ્થાના જણાવ્યા પ્રમાણે ભારતમાં લગભગ 09 કરોડ બાળકો વિકલાંગ છે.

**3.** **વિશ્વ આરોગ્ય સંસ્થા :** આરોગ્યના મુદ્દે કામ કરતી આ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જેને અંગ્રેજીમાં Word Health Organization તરીકે ઓળખવામાં આવે છે. ટૂંકમાં આ સંસ્થા WHO તરીકે જાણીતી છે. તેનું વડું મથક જીનીવા ખાતે આવેલ છે.

## 2.13 સ્વાધ્યાય લેખન :

1. સામાન્ય બાળક કોને કહેવાય ? આ બાળકોની મુખ્ય કઈ સમસ્યા હોય છે તે જણાવો.
2. બાળમજૂરીની સમસ્યાઓ જણાવો.
3. વિકલાંગ બાળકોની સમસ્યાઓ જણાવો.
4. ભારતમાં અનાથ બાળકોની સ્થિતિ વર્ણવી અનાથ બાળકોની સમસ્યાઓ કઈ કઈ હોય છે તે અંગે ચર્ચા કરો.
5. કાયદા સાથે સંઘર્ષમાં આવતાં બાળકો અને કુપોષિત બાળકોની સમસ્યા અંગે વિગતવાર ચર્ચા કરો.

## 2.14 પ્રવૃત્તિ :

1. તમારા ગામની આંગણવાડીમાં જઈને કુપોષિત બાળકોની યાદી મેળવી આ બાળકોના પરિવારની મુલાકાત લઈને બાળકો કુપોષિત હોવાના કારણો વિશેની જાણકારી મેળવો.
2. અનાથ આશ્રમની મુલાકાત લઈ આશ્રમમાં આવતા બાળકોનો અભ્યાસ કરો.
3. બાળકોના વિકાસ માટે કાર્યરત કોઈપણ એક સંસ્થાની મુલાકાત લઈ તે સંસ્થાની કામગીરીનો વિગતે પરિચય કરો.

## 2.15 કેસ સ્ટડી :

1. કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકની મુલાકાત લઈ કેસ સ્ટડી તૈયાર કરો.

## 2.16 સંદર્ભગ્રંથ :

1. એનસાઈક્લોપિડિયા ઓફ સોશ્યલ વર્ક : ભારત સરકાર, સમાજકાર્ય મંત્રાલય.
2. સમાજકાર્ય બાળકોની સમસ્યા : ડૉ. ગિરીશકુમાર, યુનિસેફ
3. પારિભાષિક કોશ : સમાજશાસ્ત્ર, ડૉ. વિદ્યુતભાઈ જોષી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

# એકમ–3 શેરીના નિરાધાર/તરછોડાયેલા બાળકો, બાળમજૂરો

: એકમનું માળખું :

3.0 એકમનો પરિચય
3.1 એકમના હેતુઓ
3.2 પ્રસ્તાવના
3.3 તરછોડાયેલા/નિરાધાર બાળકો
3.4 તરછોડાયેલા/નિરાધાર બાળકોના પુનર્વસન માટેના પગલાંઓ
3.5 બાળમજૂર બાળકો
3.6 બાળમજૂરીની સૈદ્ધાંતિક સમજ અને પૂર્વાભ્યાસો
3.7 ઉપસંહાર
3.8 તમારી પ્રગતિ ચકાસો
3.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
3.10 ચાવીરૂપ શબ્દો
3.11 સ્વાધ્યાય લેખન
3.12 પ્રવૃત્તિ
3.13 કેસ સ્ટડી
3.14 સંદર્ભગ્રંથ

## 3.0 એકમનો પરિચય :

જ્યારે વિકાસનો પરિપ્રેક્ષ જોવામાં આવે ત્યારે સર્વાંગીપણાંના વિકાસમાં બધી જ રીતે તમામનો વિકાસ થવો જોઈએ. ક્યારેક મનુષ્યનાં વિકાસમાં બાળકોનો વિકાસ પાછળ રહી જાય છે. બાળકોને ઘણી બધી સમસ્યા હોય છે. બાળકોના વિવિધ પ્રકાર હોય છે. જેને ક્યાં સુધી ન સમજીએ બાળકોનો વિકાસ અધૂરો છે. સમાજ તથા સર્વાંગી વિકાસમાં બાળઉછેર તથા બાળકોનો વિકાસ ખૂબ જ અગત્યનો છે. બાળકોની સમસ્યાને જો સમજીએ તો બાળકોના પ્રકાર તથા તે કયા વાતાવરણમાંથી આવે છે એ સમજવું અગત્યનું છે. એ આ એકમમાં બાળકોના પ્રકાર એટલે કે શેરીના બાળકો, નિરાધાર તરછોડાયેલ બાળકો, બાળમજૂર બાળકો વિશે વાત કરવામાં આવી છે તે જાણકારી સમાજકાર્યનાં વિદ્યાર્થીઓ તરીકે ઉપયોગી બનશે.

## 3.1 એકમના હેતુઓ :

આ એકમમાં શેરીના બાળકો, નિરાધાર તરછોડાયેલા બાળકો, બાળમજૂર બાળકો વિશે ચર્ચા કરવામાં આવેલ છે.

## 3.2 પ્રસ્તાવના :

વિશ્વમાં સશક્ત વિકાસે હરણફાળ ભરી છે જેમાં બાળઉછેર પર ભાર મૂકવામાં આવ્યો છે. બાળઉછેરની જ્યારે વાત કરીએ તો બાળકોના વિવિધ પ્રકારને સમજવાં જરૂરી છે. શેરીના બાળકો, નિરાધાર તરછોડાયેલા બાળકો અને બાળમજૂર બાળકો વિશે વિગતવાર માહિતી મેળવી બાળકો સાથે કામ કરીએ ત્યારે આપણને વિવિધ પાસાં વિશે માહિતી હોય. બાળકલ્યાણ—બાળ વિકાસમાં હજી દેશમાં મુશ્કેલી છે. આથી વિવિધ પ્રકારનાં બાળકો સમાજમાં જોવા મળે છે એ બાળકોની સમસ્યા, કારણો તેમને એમાંથી કાઢવાના શું ઉપાયો હોઈ શકે એ વિશે સમજીએ.

## 3.3 તરછોડાયેલા નિરાધાર બાળકો :

શહેરીકરણની ઘણી નકારાત્મકતાઓમાંની એક વૈશ્વિક સ્તરે પણ શહેરીકરણના કારણે શેરીનાં સંતાનોની સંખ્યામાં વધારો નોંધનીય છે. શહેરની અંદર મોટાભાગના ગરીબો ઝૂંપડપટ્ટીમાં જીવન જીવતાં હોય છે. ઘણાં લોકોને તો છાપરું પણ નસીબ ન થતાં ફૂટપાથ ઉપર કે સડકના કિનારે રહે છે. જો કે શહેરી ગરીબ, ફૂટપાથ ઉપર કે ઝૂંપડપટ્ટીના લોકોના કલ્યાણ માટે ઘણી યોજનાઓ છે; પરંતુ, તેમાંની ભાગ્યે જ કોઈ સુવિધા તેમના સુધી પહોંચે છે. ઉલટાનું તેમની સંખ્યામાં નિરંતર વધારો થતો રહે છે. જે શહેરી જનસમુદાયના વિકાસ માટે કામ કરતી સંસ્થાઓ કે સમૂહો માટે ચિંતાનો વિષય જરૂર છે. આ બધામાં સૌથી વધારે સંવેદનશીલ સમુદાય હોય—તો તે બાળકોનો છે. તે પણ ખાસ કરીને ઔદ્યોગિક રીતે વિકસતાં શહેરોના બાળકોનો.

ગરીબીને કારણે થતાં સ્થળાંતરો, શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણના કારણે કૌટુંબિક જીવન ઉપર ઘણી માઠી અસરો પડે છે. વૈવાહિક જીવનમાં અસંતુલન, કૌટુંબિક તણાવ ઝઘડા, છૂટા રહેવું અથવા છૂટાછેડા અથવા બેમાંથી એક વાલીનું મરણ, વડીલો દ્વારા થતાં અન્યાયો, સાવકા મા—બાપ, મજૂરી માટે બાળકોનો વેપાર, ઘણા કારણોને લીધે, બાળકો શેરીમાં આવતાં થઈ ગયા છે. ઘણા બાળકો વડીલોના સંપર્ક હશે પણ ખરાં છતાં પણ તેમનો મોટા ભાગનો સમય, શેરીમાં વીતાવવા માટે મજબૂર કરાયા હશે અને ફક્ત રાતવાસા માટે જ ઘરે જતાં હશે અથવા એવા બાળકો, જેમના વડીલો તેમના પ્રત્યે ફરજો ન નિભાવતા હોય, આવા બાળકો ઘણીવાર ફક્ત દિવસે જ નહી રાત્રે પણ શેરીમાં હોય છે અને ક્યારેક જ તેમના વાલીઓને મળે છે. આવા બાળકોની વાતો ખરેખર સુધરેલા સમાજ માટે લાંછનરૂપ હોય છે.

કોઈપણ સમાજ આવાં બાળકો પ્રત્યે અવગણના કરી શકે નહીં, કારણે આ બાળકો જ દેશનું ભવિષ્ય છે, આપણી આવતીકાલ છે. તેઓને મુખ્યધારામાં લાવવા જરૂરી છે. તેમને શારીરિક, માનસિક તંદુરસ્ત વાતાવરણ મળી રહે તે માટે સમાન તકો પૂરી પાડવી જરૂરી છે. માનવ સંસાધનના વિકાસના પરિપ્રેક્ષ્યમાં આવાં બાળકોની જો ગણના કરવામાં આવે તો ચોક્કસપણે તેઓ સમાજના વિકાસ ઘણું અગત્યનું પરિબળ બની રહે.

જો કે આ કામ એટલું બહોળું છે કે ફક્ત સરકાર દ્વારા જ થઈ શકે તેમ નથી એવી અપેક્ષાઓ રાખી વધારે પડતું ગણાય. મોટી સેવાભાવી સંસ્થાઓ પાસે આશા રાખવી પણ યોગ્ય ગણાય જરૂર છે સમાજમાં જાગરૂકતા ફેલાવવાની સભ્ય સમાજના લોકોને વાસ્તવિકતાની જાણ કરવાની અને સામાન્ય નાગરિક પોતાની ફરજ સમજીને આ બાબતમાં સ્વૈચ્છિક રીતે કોઈ પગલાં લેવા તૈયાર—સ્વયંભુ સેવાની સમાજ રચના કરવાની. આ માટે જાગૃતતાનો ફેલાવો થાય, તો

કદાચ કંઈક બદલાવ આવી શકે. આવા બાળકોની રજુતાપૂર્વક સાર–સંભાળ થાય, કાળજી કરી શકાય તો કદાચ તેમની સ્થિતિમાં સુધારો જોઈ શકાય.

❖ **વ્યાખ્યા :**

બહોળા પરિપ્રેક્ષમાં એવા બાળકો જેમનું વતન, બાળકો જે તરછોડાયેલા છે અને હૂંફ, સંરક્ષણ અને માર્ગદર્શન વગરનું જીવન જીવી રહ્યાં છે. ભારતમાં લગભગ 4,00,000 બાળકો ઘર વિહોણા, શેરીના સંતાનો છે. આવાં બાળકો ઘણીવાર શોષણ અને બાળમજૂરીનો ભોગ બને છે.

ઘણા અભ્યાસો બાદ શેરીના બાળકોને જે ચાર ભાગમાં અલગ અલગ રીતે મૂકવામાં આવ્યાં છે, એ નીચે મુજબ છે.

– એવા બાળકો, જે દિવસ શેરીમાં કામ કરે છે અથવા રખડતા રહે છે અને રાત્રે વડીલો પાસે પરત ફરે છે.

– બાળકોનું કૌટુંબિક જોડાણ તદ્દન નબળું હોય છે અને શેરીમાં જ સમય વ્યતીત કરતાં હોય છે. કુટુંબની સાથે જ શેરીમાં રહેતાં પણ હોય અને કામ પણ કરતાં હોય.

– એવા બાળકો જે રહે છે/કામ કરે છે અને પોતાની ઉપર નિર્ભર રહી જીવતા હોય છે. તેમના ઉપર કોઈ વડીલનો હાથ હોતો નથી.

યુનિસેફ શેરીના બાળકો માટે બહોળા પરિપ્રેક્ષમાં એમ કહે છે કે, કોઈ પણ બાળક કે બાળકી જેને માટે રહેવાનું, આજીવિકા રળવાનું અને અપૂરતી સુવિધાવાળું જીવન વ્યતિત કરવા માટેની જગ્યા, જે લાંબાગાળે તેમનું વતન થઈ ચૂક્યું હોય. જયાં બાળક તરીકેની સંરક્ષણાત્મકતાનો અભાવ હોય, માર્ગદર્શનની કમી હોય અને બેજવાબદાર વ્યક્તિઓ દ્વારાં થતો દોરી સંચારનો ભોગ બનેલા હોય, જે બાળકો ફક્ત શેરીમાં જ રહેતાં હોય અને જે બાળકો ફક્ત દિવસ દરમ્યાન શેરીમાં રહેતા હોય અને રાત્રે વડીલો પાસે જતાં હોય. તેવાં બંને જૂથના બાળકોને અલગ રીતે વિભાજિત કરવાં જરૂરી છે. કારણ કે બંનેની જરૂરિયાતો અલગ અલગ હોય છે. શેરીના બાળકો પૈકી કુલ સંખ્યાના 5 થી 20% બાળકો ખરેખર ઘર વિહોણાં હોય છે અને તેમનો કુટુંબ સાથેનો સંપર્ક તૂટી ગયેલા હોય છે. ભારતની અંદર આવા બાળકો જેટલો સમય શેરીમાં વીતાવે છે અને આજીવિકા પણ ત્યાંથી જ મેળવે છે, તેના કારણે આવા બાળકોનો એક અલગ નાજૂક સમુદાય બની ગયો છે. જેઓ પૂરતી સંરક્ષણાત્મકતા અને વડીલોના માર્ગદર્શનથી વંચિત છે. ભારતની વસ્તીનું આ એક અલાયદું વયજૂથ છે. જેને ખાસ કાળજી અને દેખભાળની જરૂર છે. તેઓને જરૂરિયાતો માટે પૂરતી વ્યવસ્થાની જરૂર છે તેઓ અભાવો વચ્ચે જીવતાં હોવાથી તેમને ખાસ યુનિસેફ અતિનાજૂક જૂથ તરીકે ઓળખાવે છે.

❖ **લાક્ષણિકતાઓ :**

તેમના વિચલિત થતા લક્ષણોને કારણે એકદમ પરફેક્ટ ડેટા મેળવવો અઘરો છે. તેમની સાચી ઓળખના પ્રમાણો મેળવવા પણ મુશ્કેલ છે. અંદાજે 50,000 માણસો ઘર છોડીને જતા રહેનારા છે. જેમાંના 45% 16 વર્ષથી નીચેની ઉંમર છે. એકંદરે જોતાં આ સંખ્યા કદાચ નાની લાગે; પરંતુ, એક સર્વે મુજબ આખા ભારત દેશમાં સમગ્ર શેરીના બાળકોની સંખ્યાનો આંકડો 4,00,0000 થી 80,00,000 સુધી પહોંચી શકે. જેમાં ઘરમાંથી ભાગી જનારા બાળકોના

હિસ્સાઓ પણ છે. વર્ષ 1980ની સાલમાં થયેલ મોજણી અનુસાર ફક્ત કોલકત્તા અને મુંબઈ જેવા શહેરમાં જ 10,00,000 વધારે શેરીના સંતાનો છે. સામાન્ય રીતે તેઓ ભાગવા માટે ટ્રેનોનો જ સહારો લે છે. ઘરમાંથી ભાગીને રેલ્વેના પ્લેટફોર્મ ઉપર રહેતા બાળકોની સંખ્યા જ લગભગ 80,000 પ્રતિવર્ષની છે. જો રેલ્વે પ્લેટફોર્મ પરની બચાવી લેવામાં આવે, તો તેમને ફરી તેમના ઘરે મોકલી શકાય છે અથવા તેમને જરૂરી સહાય આપીને ભવિષ્ય સુધારી શકાય. જેમ જેમ અનુભવો વધતા ગયા, તેમ તેમ આ બાબતે સુધારાવાદી પગલાં લેવાતા ગયા અને સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓના માધ્યમો દ્વારા બચાવી લેવામાં આવ્યાં છે. વર્ષના 80,000 સામે 10,000 ને બચાવી શકાય. બાકીના 70,000 બાળકો પ્લેટફોર્મ ઉપર અથવા રસ્તા ઉપર શેરીઓમાં ફરતાં થઈ જાય છે અને આ રીતે તેમની સંખ્યામાં વધારો થતો જાય છે. આ બાબતનું અનુમોદન વેબસાઈટો ઉપરથી મળી રહે છે.

❖ **ઉંમર :**

શેરીના બાળકોની વય જાણવી થોડી અઘરી છે. આંકડાઓ સાચા મેળવવા અઘરા છે. પરંતુ લગભગ 6 વર્ષથી 8 વર્ષની જાણવામાં આવી છે. નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ અર્બન અફેર્સ સ્ટડી 1989 મુજબ 13 વર્ષની આયુ નોંધવામાં આવી છે. યુનિસેફની મોજણીમાં 6 વર્ષની નીચેની ઉંમરના બાળકો પણ જાણવામાં આવ્યા છે. બાકી સરેરાશ 6 થી 12 વર્ષના આયુવાળા બાળકો શેરીઓમાં જોવા મળ્યાં છે.

**જાતિ :** ભારતની અંદર મોટાભાગના શેરીના સંતાનો પુરુષ જાતિના જોવા મળ્યાં છે, જેમાં કાં તો અક્ષરજ્ઞાનથી વંચિત હોય છે અથવા બહુ જ ઓછા શિક્ષિત હોય છે.

❖ **કારણો :**

શેરીના સંતાનો પોતાના કુટુંબ અને માતા–પિતાને છોડીને આવતાં હોય છે. તેઓ તેમના કુટુંબ અને વાલીઓનો ત્યાગ શા માટે કરે છે ? તે વિશે ત્રણ પ્રકારની પૂર્વધારણા છે.

(1) શહેરીકરણની સાથે સાથે ગરીબી, વિભક્ત કુટુંબો ઉપરાંત ગામનાં પોતાની જાતથી છુટાં પડી અને શહેરમાં વસવાટ કરવા માટે આવતાં કુટુંબો.

(2) વર્ષ 1990માં મુંબઈ શહેર કરવામાં આવેલ મોજણી અનુસાર ચોંકાવનારી બાળ મનોદશા બહાર આવી. બાળકોના કુટુંબ ત્યાગનું કારણ કૌટુંબિક ઝઘડા, ગરીબી અને શહેર જોવાની ઈચ્છા...

શેરીના બાળકો અને ઘર છોડીને આવનારા બાળકોને અનુસંધાનમાં એટલા માટે લઈ શકાય કારણ કે આખરે ઘર છોડીને આવેલા બાળકો પણ શેરીમાં જ આવી જાય છે. ઘણી વખત બાળકની વર્તણૂંકને કારણે બાળક ઘર છોડી દે છે. તો ક્યારેક બાળકને શાળાનો ડર અથવા બીજાં બાળકો સાથે એકરૂપતા ન જાળવી શકવાના કારણે વડીલોનો ડર અથવા શાળામાંથી આપેલ ગૃહકાર્ય ન કરવો ડર અથવા મારનો ડર, ઘણા સામાન્ય કારણોમાં ભાઈ–ભાડું સાથે થતા ઝઘડા, પૈસા ચોરવાની વૃત્તિ જેવા કારણો પણ હોય છે. ઘણા સર્વેમાં એવાં તારણો પણ આવ્યાં છે કે કૌટુંબિક ઝઘડો ઉપરાંત, વડીલ દ્વારા થતું મદ્યપાનનું સેવન, સાવકાં માતા કે પિતા સાથે વણાયેલા સંબંધો, માતા–પિતાનું છૂટા પડવું. ઘરેલું હિંસા ઉપરાંત, ગાળાગાળી, વારંવાર અપમાનિત થવું અથવા બાળકનું પોતાનું સ્વાભિમાન વારંવાર હણાવું, વડીલનું મૃત્યુ

વગેરે સામાન્ય રીતે એવું જાણવા મળ્યું છે કે શેરીમાં આવતા બાળકો એવા ઘરમાંથી આવતાં હોય છે, જ્યાં ઘરમાં સ્ત્રીનું વર્ચસ્વ વધારે હોય.

મોટાભાગના શેરીના સંતાનો ઝૂંપડપટ્ટી અથવા ગરીબ ઘરોમાંથી આવતાં હોય છે. આ બંને જગ્યાની વસ્તીનો મોટોભાગ અભણ અથવા ઘણું ઓછું ભણેલા હોય છે. તે ઉપરાંત, માદક પદાર્થો સેવન આવી વસ્તીમાં સામાન્ય હોય છે. આ બધા કારણોમાં એક વધારાનું કારણ બેરોજગારીનું ભળી જાય છે.

બાળકો સામાન્ય રીતે ધીરે–ધીરે શેરી તરફ પ્રયાણ કરતાં હોય છે. શરૂઆતમાં તેઓ એકાદ રાત શેરીમાં વીતાવે છે પછી કદાચ બે રાત ઘરની બહાર વીતાવે છે. પછી ધીરે–ધીરે વધારે સમય ગાળતાં થઈ જાય છે. તે દરમ્યાન જો તેમને કોઈ સારો માર્ગદર્શક મળી જાય, તો પાછાં વળી જાય છે; પરંતુ, એ હકીકત ભાગ્યે જ બને છે અને પછી ધીમે ધીમે ઘરે પાછાં ફરતાં જ નથી.

એક વખત આ જિંદગી કોઠે પડી જાય, પછી તેઓને લાગવા માંડે છે કે પોતે રાજા છે. પોતાની મરજી મુજબનું જીવન જીવી શકે છે અને તેમનું જીવન ઘરે રહેતાં હતાં, તેના કરતાં ઘણું સારૂ છે તેમનું સ્વાસ્થ્ય અને તંદુરસ્તી પણ સુધરી રહી છે. આમ, તેઓ માનવા લાગે છે કે, આવું થવાનું કારણ શેરીનું જીવન સારું છે. તે નથી; પરંતુ, ઘરના સંજોગો, ખાસ કરીને આર્થિક અને માનસિક કરતાં અહીં સાનુકૂળ લાગે છે. વાસ્તવમાં શેરીના સંજોગો બાળકોને સાનુકૂળ હોતાં જ નથી. ઘણાં બાળકો ફરતાં રહે છે કારણે તેમને તેમના સગાઓનો ડર હોય છે કે જો, તેઓ પકડાઈ જશે, તો ઘરે પાછાં ધકેલી દેશે. તેથી તેઓ કોઈ એક જગ્યાએ સ્થાયી થતાં નથી. દુઃખની વાત એ છે કે ઘણાં બાળકોનું અપહરણ થઈ જાય છે અને ત્યારબાદ તેમની સાથે ગુલામ જેવું વર્તન કરવામાં આવે છે, અપહરણકારો, તેમને પોતાના ફાયદા માટે ઉપયોગમાં લેતાં હોય છે. ક્યારેક તેમનાં અંગો કાપીને ભિખારી પણ બનાવી દેતાં હોય છે તો ક્યારેક શારીરિક નુકસાન કર્યા વગર આખો દિવસ ભીખ મંગાવે છે.

❖ **અસરો :**

શેરીના સંતાનોને તેમનાં માંઠા પરિણામોની તીવ્રતાનો ખ્યાલ કદાચ હોતો નથી. તેમની સમસ્યાઓની તીવ્રતામાં વૃદ્ધિનો સમાવેશ થતો રહે છે. આવા બાળકોને આવાસ, કપડાં, આરોગ્ય, ખોરાક જેવી મૂળભૂત જરૂરિયાતો સરળતાથી ઉપલબ્ધ થતી નથી. જે મળે છે તે પણ પૂરતા પ્રમાણમાં હોતી નથી. એકલતા અને સામાજિક આધારના અભાવના કારણે ઘણીવાર તેઓના આરોગ્યને અસર પડે છે. ખાસ કરીને માનસિક આરોગ્ય અથવા નશીલા પદાર્થના સેવનની સમસ્યાઓ હોય છે અને આ યાતનામાં સરી પડયાં પછી તો કૌટુંબિક આધારની રહી સહી આશા ઉપર પણ પાણી ફરી વળે છે અને વારંવાર આ સમસ્યાના નિવારણની તકો પણ મર્યાદિત હોય છે.

કેટલાંક બાળકો પાસે બહોળું સામાજિક નેટવર્ક હોવા છતાં પણ તેમને સામાજિક ટેકો જોઈએ તેવો મળતો નથી. તેઓ તેમના માતા–પિતા કે વડીલો કરતાં પણ આધાર સ્રોત તરીકે મિત્રવર્તુળની સહાય લે છે અને તેમના સામાજિક નેટવર્કની નિષ્ફળતાઓને કારણે મિત્રવર્તુળને તેમના પોતાના નેટવર્કનો હિસ્સો બનાવી દે છે.

શેરીનાં બેઘર સંતાનોને જો પાલક સંભાળની સવલત કરી આપવામાં આવે તો તેમને જોખમો વધારે છે. ઘણી વખત પાલક સંભાળ પરદેશીઓ દ્વારા પણ લેવામાં આવતી હોય છે; પરંતુ, તેમની વિશ્વસનીયતા એક પ્રશ્ન જ રહી છે.

❖ **આરોગ્ય પર પડતી અસરો :**

ખોરાકની અસુરક્ષિતતા મોટાભાગના બાળકો પૂરતો ખોરાક ન લેતાં હોવાનું જાણવા મળ્યું. એક સર્વે મુજબ શેરીના કે બેઘર બાળકોને સારો ખોરાક આપવાનું નક્કી કરવામાં આવ્યું. તે મુજબ પોષણયુક્ત ખોરાક પહોંચાડવાનું શરૂ કર્યું; પરંતુ, 60% બાળકોને ખોરાક વિશે અજ્ઞાનતા હતી. શું ખાવું ? ક્યારે ખાવું ? અને કેટલું ખાવું ? જેવી પ્રાથમિક બાબતોની ખબર ન હોવાથી ભાવવા ન ભાવવા જેવી બાબતોને પ્રાધાન્ય આપી પૂરતો ખોરાક ખાતાં ન હતાં. 40% બાળકો દિવસ દરમ્યાન ભૂખ્યા રહેવા ટેવાયેલા હતાં અને કોઈપણ પ્રકારનો ખોરાક લેતાં જ ન હતાં. આવી પરિસ્થિતિમાં ઉછરતાં બાળકો ખોરાક પ્રત્યે અસુરક્ષાની ગ્રંથિ કેળવી લે છે અને મોટા થતાં ખોરાક પ્રત્યે અસુરક્ષિતતા અનુભવે છે. એક બાજુ તારણ પણ નીકળ્યું છે કે આ પ્રકારના બાળકોને જે ખોરાક આપવામાં આવતો હોય તે જરૂરી પોષક તત્ત્વોની ઉણપવાળો પણ હતો. જેથી તેઓમાં લોહતત્ત્વ, પ્રજીવકો અને ક્ષારોની કમી પણ દૃશ્યમાન હતી.

❖ **સ્વાસ્થ્ય :**

ખોરાક બાબતની અસુરક્ષિતતા સીધી તેમના સ્વાસ્થ્યને અસર કરે છે. ઓછી આવકવાળા પણ કુટુંબ સાથે રહેતાં બાળકોની સરખામણીમાં શેરીના બાળકો વધારે કુપોષિત હોય છે. તેઓમાં સ્વાસ્થ્યલક્ષી સમસ્યાઓ જેવી કે તાવ, કાનનો ચેપ, ઝાડા, વરાત અથવા દમ જેવી બીમારીઓ પણ સામાન્ય છે.

❖ **માનસિક સ્વાસ્થ્ય :**

બેઘર બાળકોની વર્તણૂંક ઘણી જ અલગ પ્રકારની હોય છે. તેમને માનવતા કે માણસાઈ પ્રત્યે વિશ્વાસ હોતો નથી. તેઓ દરેકને શંકાની નજરે જોતાં હોય છે અથવા પ્રત્યેક વ્યક્તિથી ડરતાં હોય છે. તેઓ ભાંગફોડિયા વૃત્તિવાળાં હોય છે અને હતાશાનો શિકાર પણ નાની ઉંમરમાં જ થતા હોય છે. તેઓને વારંવાર હિંસાત્મક પરિસ્થિતિનો સામનો પણ કરવો પડતો હોય છે. આજ જનતાનું તેમના પ્રત્યેનું વલણ પણ કઠોર હોય છે અને ઘણીવાર નિર્દોષ હોવાં છતાં પણ કઠોર પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. ઘણીવાર મોટા થતાં થતાં યુવાનીના ઉબરે ઊભેલા બાળકો આત્મહત્યાનો માર્ગ પણ લઈ લેતાં હોય છે. તો ઘણીવાર મોટા થતાં રીઢા ગુનેગાર પણ બની જતાં હોય છે. નાની ઉંમરથી નશીલા પદાર્થોનું સેવન કરતાં થઈ ગયાં હોય છે.

❖ **શિક્ષણ :**

શેરીના બાળકો માટે કોઈ પણ રસ્તો શાળા તરફ જતો નથી. ફૂટપાથ ઉપર ચાલતી રાત્રિ શાળામાં જવા માટે પણ તેમને કોઈ માર્ગદર્શન આપનાર હોતું નથી. શિક્ષણ માટે કાયમી આવાસનું સ્થળ હોવું જરૂરી છે. ઉંમર પ્રમાણેના શિક્ષણની વય વીતી ચૂક્યા પછી તેઓ શાળામાં જવાનું ટાળે છે અથવા તેમના નાની ઉંમરના બાળકો સાથે બેસીને શીખવામાં શરમ અનુભવે છે.

પ્રાથમિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે ઘણી નાની ઉંમરથી કામે લાગી ગયાં હોય, શિક્ષણ પ્રત્યે અભિરૂચી પણ ઘણી ઓછી હોય છે.

❖ **બાળઅપરાધ :**

કેટલાંક બાળકો નાની વયથી જ ગુનાહિત જીવનશૈલીની વ્યૂહરચનામાં નાનપણથી જ ગોઠવાઈ ગયાં હોય છે. વારંવાર ઘર છોડીને જતાં રહેનારા બાળકોમાં કાળક્રમે શિસ્તનાં અભાવ અને ગુનાહિત માનસ વિકાસ પામે છે. સભ્ય સમાજ તરફથી નફરતનો વારંવાર સામનો કરવા ઉપરાંત, ઈર્ષાની લાગણી પણ તેમના થતી હોવાથી બદલો લેવાની ભાવનાથી પ્રેરાઈને પણ ઘણીવાર અપરાધ કરી બેસતાં હોય છે. ઘણીવાર ઘર છોડીને નાનપણમાં નીકળી ગયેલાં અને હવે યુવાનીમાં પ્રવેશી ઘરછોડીને નાનપણમાં નીકળી ગયેલાં અને હવે યુવાનીમાં પ્રવેશી ચૂકેલાં કિશોરો પણ તેમની પાસે અપરાધ કરાવે છે. અપરાધ કરવા લલચાવે છે અથવા મજબૂર પણ કરે છે તો ક્યારેક આવા બાળકોની આડમાં તેઓ પણ અપરાધ કરતાં હોય છે.

❖ **સંઘર્ષ :**

જીવન જીવવા માટે પ્રાથમિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે અથવા સંઘર્ષનો સામનો કરવો પડતો હોઈ, તેઓમાં કુટેવો પણ જલ્દી ઘર કરી જાય છે. આર્થિક રીતે કોઈ સહકાર ન હોય, જરૂરિયાતો માટે આર્થિક પડકાર તેમનો મોટામાં મોટો સંઘર્ષ હોય છે. જેના કારણે બાળમજૂરી પણ અસ્તિત્વ આવે છે. મજૂરીમાં શોષણનો પણ ભોગ બનતાં હોય છે. ગરીબ માતા–પિતાનાં સંતાનો મજૂરી જોડાયા પછી, તેમનાં વડીલો તેમનો સંપર્ક કરે છે અને આર્થિક મદદની અપેક્ષા રાખે છે. જે પૂરી કરવા વડીલો ઘણીવાર બાળકને મજબૂર પણ કરતાં હોય છે. શેરીનાં બાળકોની વિવિધ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે.

શેરીના બાળકોને વિવિધ પ્રકારમાં વિભાજિત કરવામાં આવ્યા હોય છે અને તે મુજબ તેમના સંરક્ષણાત્મક પગલાંની પણ વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવે છે.

મુખ્ય રીતે બાળકને નિરાધાર, ઉપેક્ષિત, અનિયંત્રિત, વિચલિત એમ અલગ અલગ વિભાગમાં મુકવામાં આવે છે અને ત્યાર બાદ તેના સંરક્ષણાત્મક પગલાં લેવામાં આવે છે.

## 3.4 તરછોડાયેલા/નિરાધાર બાળકો માટેના પુનર્વસનના પગલાંઓ :

વર્ષો સુધી ભારત દેશમાં શેરીના સંતાનો બાળકોના ઘેરાવાની બહાર રહ્યાં છે અને તેમની બાબતમાં ઘોર ઉપેક્ષા જ રહી છે. તેમને હંમેશા નજર અંદાજ કરવામાં આવ્યાં છે. શેરીના સંતાનો સામાજિક પ્રશ્નો પૈકીનો એક અતિ તીવ્ર પ્રશ્ન છે. આ વિષય ગહન પરામર્શ અને માર્ગદર્શનનો છે. વળી વડીલોનો મોટો વર્ગ આવા બાળકોની ઉપેક્ષા કરતા હોય છે. જેનું મોટું કારણ આર્થિક અને સામાજિક વિષમતાઓ જ હોય છે આપણા સમાજમાં શેરીના બાળકોને ઘણાં જ નીચલો દરો આપી અવગણવામાં આવતાં હોય છે. એટલી હક્ક સુધી કે રખડતા ઢોર– કૂતરાં જેવી સરખામણી કરતાં પણ ભદ્ર લોકો સંકોચ પામતા નથી. આવા બાળકો સાથે માનવીય સંવેદનાથી વર્તાવ કરવામાં આવતાં જ નથી કે તેમને સમજવાની કોશિશ પણ થતી નથી. તેમને વગર તપાસે ગુનેગાર ગણાવી, શિક્ષાત્મક પગલાં જ લેવાતાં હોય છે. તેઓ પણ નિર્દોષ બાળકો છે કે સંજોગોના માર્યા શેરીમાં આવી પડેલા છે. તે વાસ્તવિકતાનો સ્વીકાર થતો નથી. ભારત ઉપરાંત, ઘણાં દેશોમાં એવા દાખલા પણ મળ્યાં છે કે જ્યાં શેરીનાં બાળકોને સ્વતંત્ર રીતે જીવન જીવવા માટે તાલીમ આપી પગભર કરેલ છે અને સમાજમાં માનભેર રહી શકે છે.

આ ક્ષેત્રમાં કામ કરતાઓ માટે ચિંતાનો વિષય છે કે શેરીના બાળકોના ઉદ્ધાર માટે કાર્યક્રમોનું આયોજન કરવું. સંસ્થાઓને પ્રેરિત કરવી, ઝૂંપડપટ્ટી, આવાસો, શાળાઓ, ઘરો સમાજના દરેક ક્ષેત્રને લગતા સમુદાયોમાં જાગરૂકતા ફેલાવવી. પરિસ્થિતિનું પૃથ્થકરણ કરતાં એટલું તો સ્પષ્ટ બહાર આવ્યું કે, જ્યાં આવાં બાળકોની વસ્તી હોય ત્યાં તેમના વિકાસ માટેના કાર્યક્રમો અમલમાં મૂકી શકાય તેમ છે. આવા કાર્યક્રમોનો ઉદ્દેશ તેમને માટે આશ્ચર્ય, સંભાળ, પોષણ, આરોગ્યલક્ષી શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ વગેરેની જોગવાઈ કરવાનો હોવો જોઈએ. તેઓની પ્રાથમિક જરૂરિયાત પોતાની તંદુરસ્તી જાળવવાની અને આરોગ્યલક્ષી સમજ કેળવવાની છે, તેના વગર તેમનું જીવન વ્યર્થ છે.

**(1) સામુદાયિક કેન્દ્રોની સ્થાપના/શહેર કેન્દ્રો :**

એવું સમજવામાં આવી રહ્યું છે કે શહેરની અંદર જ આવા બાળકો માટે સામુદાયિક કેન્દ્રોની સ્થાપના કરવામાં આવે છે. આવા કેન્દ્રો, તેમની વસ્તીમાં જ અથવા તેઓ જ્યાં રહેશે તેની નજીકના વિસ્તારમાંજ કાર્યરત કરી શકાય. જેથી ત્યાં આપવામાં આવતી સવલતોનો લાભ તેઓ સરળતાથી ઉપલબ્ધ કરી શકે. આ કેન્દ્રોનો મુખ્ય ઉદ્દેશ આવા બાળકોને શિક્ષણ ઉપરાંત તાલીમ આપીને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવાનો હોય છે. વ્યવસ્થિત રીતે આયોજનપૂર્વકના કાર્યક્રમોમાં શેરીના બાળકોના વર્તનમાં બદલાવ લાવવા માટેના પ્રયત્નો કરી શકાય અથવા જે–તે બાળકની વ્યક્તિગત જરૂરિયાત મુજબ તેની આસપાસના વાતાવરણમાં બદલાવ લાવી તેની વ્યક્તિગત ખાસ જરૂરિયાતો પૂરી શકાય. આ પ્રકારના સુઆયોજિત કાર્યક્રમો માટે શેરીના બાળકોને તેમની સારવાર પદ્ધતિ અનુસાર વિભાજિત કરી તેમની જરૂરિયાતો પહોંચી વળવાનો અભિગમ હોય છે.

શહેરી કેન્દ્રોની સ્થાપના બાળકોને ભેગા કરવા અને તેમના ઉદ્ધાર માટેના કાર્યક્રમોનું આયોજન કરવા માટે જરૂરી છે કે આ કેન્દ્રોને સંસ્થા તરીકે નહીં; પરંતુ, તેમની સાર–સંભાળ, શિક્ષણ અને અન્ય સામાજિક સેવા પૂરી પાડનાર કેન્દ્ર તરીકે જોવા ધીમે ધીમે જરૂરિયાત મુજબ તેમાં અન્ય સેવાઓ જોડી શકાય. જેમ કે સામૂહિક સંપર્ક, ઔપચારિક અને અનઔપચારિક શિક્ષણ, શરીર અને આરોગ્ય વિજ્ઞાન, વ્યાવસાયિક તાલીમ વર્ગો, જીવનકૌશલ્યો, મનોરંજન માટેના કાર્યક્રમો, નોકરીમાં ભરતીને લગતા કાર્યક્રમો.

સામૂહિક કેન્દ્રો **'શેરીથી સમાજ સુધી'**ના ટ્રાન્સમીશન તરીકે પણ કામ કરી શકે છે. સરકારે તેમના પક્ષે, આવા સામૂહિક કેન્દ્રોને સાથે સહકાર અને સહયોગ આપવો જોઈએ. આવા કેન્દ્રોનો મોટો ફાયદો એ છે કે, જેઓ રખડતાં બાળકો છે. તેમને આ પ્રકારની સેવાઓનો લાભ સરળતાથી મળી શકે છે અને આવા કેન્દ્રો પછી ધીરે ધીરે શેરીના બાળકોની જરૂરિયાત મુજબના કાર્યક્રમો આગળ ધપાવવામાં કામ કરી શકે આ પ્રકારની સવલતો ઊભી કરવા પાછળનો અભિગમ તેમને મહત્ત્વ આપવા માટેનો છે અને પછી તેમને સંસ્થાકીય મદદ પણ ઉપલબ્ધ કરી શકાય. આ મદદ જ્યાં સુધી બાળકને યોગ્ય આદતો પડી જાય ત્યાં સુધી આપી શકાય. જેથી અહીંથી એકત્રિત કરેલા ભાથામાંથી તે બાકી જિંદગી જીવી શકે.

શહેરને જે વિસ્તારમાં શેરીનાં સંતાનોનો પ્રશ્ન ઘણો છે, તેવા દરેક શહેરી વિસ્તારમાં આવા સામૂહિક કેન્દ્રો ઊભા કરવા જોઈએ અને તેને ચલાવવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ જે આ વિષયમાં કામ કરે છે, તેમની સાથે મળીને એક માર્ગદર્શિકા તૈયાર થવી જોઈએ. જેથી કરીને

આવાં કેન્દ્રો બાળકો અને પોલીસ વચ્ચે સંપર્ક સેતુ સમાન બની રહે અને મ્યુનિસીપલ ઓથોરીટીઝ આવાં કેન્દ્રો ઉપર નિગરાની રાખી તેનું મૂલ્યાંકન કરી, તેની અસરકારકતા, કાર્યશૈલી વિવિધ બાબતો ધ્યાનમાં લઈ શકે અને તેના દ્વારા સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓનું જોડાણ પણ કરાવી શકે અને બંને તરફની સહાયથી આ પ્રવૃત્તિને આગળ વેગ આપી શકાય.

❖ **શૈક્ષણિક કાર્યક્રમો :**

શેરીનાં સંતાનો શિક્ષણ અને માનસિક વિકાસથી વંચિત રહેતાં હોય છે. કદાચ જો તેમણે થોડું ઘણું પણ શિક્ષણ પ્રાપ્ત કર્યુ. હોય તો પણ શાળા છૂટી જવાને કારણે નિરક્ષરતામાં ફેરવાઈ જાય છે. લાંબા ગાળા સુધી ભણતરથી દૂર રહેવાના કારણે પણ ઘણીવાર નિરક્ષરતા આવી જતી હોય છે. શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા તેમની આવડતો જાણી અને તેના વિકાસ માટે મહત્તમ પ્રયત્નો કરી શકાય તે ઉદ્દેશથી આવા કાર્યક્રમોની જરૂરિયાત છે. જેના દ્વારા સમાજમાં ઉપયોગી થઈ શકે તેવી જિંદગી તરફ છે. લોકો આગળ વધી શકે. તેમને વૈજ્ઞાનિક ઢબે શિક્ષણની પદ્ધતિમાં સામેલ કરી સમાજને ઉપયોગી નાગરિક બનાવી શકાય. તેમનો એવી રીતે વિકાસ કરી શકાય, જેથી તેઓ સમાજ પ્રત્યે જવાબદાર નાગરિક બને. આવા કાર્યક્રમ તાલીમબદ્ધ શિક્ષકો અથવ સામાજિક કાર્યકર્તાઓ દ્વારા કરી શકાય.

પાયાનું શિક્ષણ તો આવાં બાળકોને ઔપચારિક અથવા અનઔપચારિક કોઈપણ પદ્ધતિથી આપી શકાય અથવા તે બંને પદ્ધતિ ભેગી કરીને પણ આપી શકાય. 3 થી 6 વર્ષથી નીચેના બાળકોને તો યુવા માતાઓ અથવા વ્યાવસાયિક તાલીમબદ્ધ સ્વયં સેવકો દ્વારા આપવી હિતાવહ છે અને આવી શાળાઓ તેમના આવાસની નજીક હોવી જોઈએ. ઉપરાંત કુટુંબો અને સમુદાયની પણ નજીક હોવી જરૂરી છે. શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન એવી રીતે થવું જોઈએ, બાળકોને શાળાકીય શિક્ષણ પૂરું કરવા માટે પ્રોત્સાહન કરવામાં આવે. શાળા છોડીને જનારા બાળકો ફરી શાળાએ આવતાં થાય. નિયમિત શાળાએ જવા માટે બાળકોને એકત્રિત કરવાં જરૂરી છે, જેને માટે તંદુરસ્ત વાતાવરણ, બાળકમાં આત્મવિશ્વાસ અને આત્મસમ્માનની ભાવના હોવી જરૂરી છે. બાળકની આજુબાજુનું વાતાવરણ પણ તેને શાળા તરફ જવા માટે આકર્ષક હોવું જોઈએ, તે ઉપરાંત ભણવા માટે જરૂરી સામગ્રી પણ જરૂરિયાતવાળા બાળકોને ઉપલબ્ધ કરાવવી જરૂરી છે.

પ્રાથમિક શિક્ષણ ઉપરાંત, પ્રવર્તમાન સંજોગોમાં ટૅક્નોલોજી બદલાવ અને ઔદ્યોગિકીકરણમાં ઝડપથી થતાં વિકાસને ધ્યાનમાં રાખીને બાળકોને માનસિક વિકાસ અને કૌશલ્યવર્ધન પ્રત્યે પણ તૈયાર કરવા જરૂરી છે.

❖ **આરોગ્ય કાર્યક્રમો :**

માનવસંસાધનના યોગ્ય ઉપયોગ માટે સામાજિક તંદુરસ્તી ઘણું મહત્ત્વનું પરિબળ છે. આપણે શેરીના સંતાનોના આરોગ્યની જાળવણી માટે નોંધપાત્ર મહત્ત્વ આપવાની જરૂર છે. કારણ કે તેઓ શારીરિક, માનસિક અને સામાજિક સ્તરે ઘણાં નબળાં હોય છે.

**કાર્ય યોજના**

| નિવારક પગલાં | શેરીના સંતાનો | સારવાર |
|---|---|---|
| • સ્થળાંતરિત માતા માટે રોજગારીની તકો<br>• વ્યાવસાયિક તાલીમ માટે કાર્યશાળા<br>• પારિવારિક પરામર્શન<br>• કુટુંબ કલ્યાણ<br>• નશા મુક્તિ/વ્યસન બાબતે જાગરૂકતા<br>• રોજગારીની તકો<br>• ગ્રામ્ય રસ્તે વિકાસની તકો<br>• નબળા વર્ગના વિકાસ માટે સર્વાંગી તકો | • સેવાઓ<br>• સામૂહિક કેન્દ્રો દ્વારા સેવા (ખાસ કરીને શેરીના સંતાનો માટે)<br>• આરોગ્ય સેવા<br>• વ્યક્તિગત સેવા, સ્વાસ્થ્ય વર્ધન, મધ્યાહન ભોજનની સેવા પૂરક આહાર<br>• પોષણને લગતા કાર્યક્રમો<br>• મનોરંજન કેન્દ્રો<br>• કૌશલ્ય વર્ધન તાલીમ<br>• સામાજિક જાગૃતિ અંગેના કાર્યક્રમો<br>• નૈતિક મૂલ્યો સાથે અભાનતા અનૌપચારિક શિક્ષણ | • પુનઃર્વસન<br>• પુનઃર્વસનના કાર્યક્રમ (શિક્ષણ, આરોગ્ય, મનોરંજન, વ્યાવસાય)<br>• તાલીમ કોના માટે ?<br>• અનાથ<br>• નશાનો શિકાર બનેલા<br>• મોટી બીમારીથી પીડાતા<br>• ભાગી ગયેલા બાળકો વગેરે |

બાળકોને દરેક પ્રકારની સેવાઓ ઉપલબ્ધ કરાવી જોઈએ અને તે મળી રહે, તે માટે મદદ પણ કરવી જોઈએ જેથી તેમનો તંદુરસ્ત અને સર્વાંગી વિકાસ થાય. કુપોષણ, પાણી અને પાણીજન્ય રોગો, સ્વચ્છતા, આરોગ્ય શિક્ષણ જેવી બાબતો આવાં બાળકોને સમજાવવી ઘણી જ અગત્યની છે. શેરીનાં સંતાનોના આરોગ્ય અને પોષણ માટે ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. કારણ કે આ વિષયો, તેમના ભવિષ્ય માટે પણ ભયસ્થાન સમાન છે. જેના પરિણામે આવતાં સમયમાં રાષ્ટ્રીય સમસ્યા સર્જી શકે. આરોગ્ય અને અન્ય આર્થિક સામાજિક દરજ્જાનો વિકાસ પ્રાથમિક શિક્ષણ અને તાલીમ દ્વારા જ સુધરી શકે. જેને માટે પૂરતી તકો અને સેવાઓ ઉપલબ્ધ કરવી જરૂરી છે.

❖ **આરોગ્ય શિક્ષણ :**

આરોગ્યલક્ષી શિક્ષણના કાર્યક્રમો શેરીનાં બાળકોનાં આરોગ્યને સુધારવા માટે જરૂરી સાધન–સામગ્રી સમાન છે. જેના દ્વારા તેઓ એકબીજાને પણ મદદ કરી શકે અને આરોગ્યમાં સુધાર લાવી શકે. સમૂહમાં રહી કે પહેલાં રહીને પણ તેઓ પોતાનું સ્વાસ્થ્ય તથા આસપાસની સ્વચ્છતા માટે જાગરૂક રહે તેવા લક્ષ્ય સાથે આવા કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ. આરોગ્ય

**બાળકો અને યુવાનો સાથે સમાજકાર્ય**

શિક્ષણ દ્વારા શેરીનાં બાળકોની અંદર સમજણ પેદા કરાવી શકાય. સ્વચ્છ આહારો અને સ્વાસ્થ્ય માટે પ્રોત્સાહિત કરી શકાય અને તેમને સ્વચ્છ સ્વાસ્થ્ય પૂર્ણ જીવનશૈલી અપનાવવા માટે આરોગ્યલક્ષી શૈક્ષણિક કાર્યક્રમો કરવા જરૂરી હોય છે આવા આરોગ્યલક્ષી કાર્યક્રમોના ઉદ્દેશો આ પ્રમાણે હોવા જોઈએ.

**(1)** શેરીના બાળકોને રોગ નિવારણ અને સ્વાસ્થ્ય જાગૃતિ વિશે માહિતગાર કરી શકાય.

**(2)** **પ્રોત્સહનાત્મક :** શેરીના બાળકોને તેમની રોજબરોજની આદતોમાં બદલાવ લાવવા માટે, દારૂ, સિગારેટ કે અન્ય નશાકારક પદાર્થોથી દૂર રહેવા માટે,

**(3)** **માર્ગદર્શિકા :** બાળકોને તેમને મળતી આરોગ્યલક્ષી સેવાઓનો લાભ લેવા માટે આરોગ્યલક્ષી શિક્ષણના કાર્યક્રમોમાં નીચે મુજબની બે વસ્તુઓનો ખાસ ખ્યાલ રાખવો અને તેનો ચીવટથી સમાવેશ કરવો.

**(1)** **પોષણ :** પોષણક્ષમ આહાર માટે માર્ગદર્શન પૂરું પાડવું અને કુપોષણથી મુક્તિ અપનાવવી.

**(2)** **વ્યક્તિગત સ્વચ્છતા :** શેરીના બાળકોને વ્યક્તિગત સ્વચ્છતા બાબતે તાલીમ આપવી તે આ કાર્યક્રમનું બહુ જ જરૂરી છતાં મુશ્કેલ પાસું છે. આરોગ્યલક્ષી કાર્યક્રમોમાં દરરોજ ન્હાવું, દાંત સાફ કરવા, હાથ ધોવા, શૌચ માટેની સ્વાસ્થ્યપ્રદ પદ્ધતિ અપનાવવી, નખ, વાળ વગેરેની સંભાળ, માથાથી પગ સુધીના દરેક અવયવોની સંભાળ, ગમે ત્યાં થૂંકવાની ટેવ, નાકની શદી કે ગળફા ફેંકવાની ટેવ વગેરે શીખવવું ઘણું જ જરૂરી હોય છે અને તેને સ્વીકૃત કરાવવી અને સ્વચ્છ આદતોની ટેવ પાડવી અત્યંત મુશ્કેલ હોય છે.

**(3)** **વાતાવરણની સ્વચ્છતા :** શેરીનાં બાળકો ઘણાં જ જટિલ વાતાવરણમાં રહેતાં હોય છે. જ્યાં પીવાનું પાણી સ્વચ્છ નથી હોતું, હવાનું પ્રદૂષણ અને ગંદકી, ઉપરાંત ગીચ વાતાવરણમાં રહેતાં હોય છે. મોટાભાગનાં શેરીનાં બાળકો કચરામાં જ ઉછરતાં હોય છે. તેઓ કચરો, કાગળ, કપડાંના ચીરા, કાચ વગેરે વસ્તુ વીણવાનું કામ કરતાં હોય છે અને આ ધન કચરો વાતાવરણને કલુષિત કરવા માટેનું મોટું કારણ હોય છે. કારણ કે તેના દ્વારા વાસ ફેલાતી હોવા ઉપરાંત માખીનો ઉપદ્રવ અને મચ્છરોની સંખ્યામાં વૃદ્ધિ થાય છે. તે ઉપરાંત બાળકોને પેથોઝેન્સથી થતાં રોગો પણ તરત જ થઈ શકે છે માટે પણ અસરકારક પગલાં લેવાય તે માટેના સૂચક કાર્યક્રમો હોવા જોઈએ. કચરાની નિકાસ અને નિકાલ માટેની વ્યવસ્થા આરોગ્યને હાનિ પહોંચે, તેવી ન હોવી જોઈએ. તે ઉપરાંત સફાઈ સેવાઓ પણ પર્યાપ્ત પ્રમાણમાં પ્રાપ્ત હોવી જોઈએ. જેમ કે પાણી પૂરવઠો, મળનો નિકાલ, ખોરાકી સ્વચ્છતા, ગટર લાઈનો અને તેનો રખ—રખાવ.

ઉપરનાં પ્રત્યેક સૂચનો સ્વાસ્થ્યના પાયાના છે માટે આ સંજોગોમાં આરોગ્ય વિષયક શિક્ષણ અને તેને લગતા કાર્યક્રમો અગત્યના અને જરૂરી હથિયાર સમાન છે. જેના દ્વારા બાળકોમાં ઉચ્ચ જીવનધોરણનું સ્તર ઉંચું લાવી શકાય. સ્વચ્છતાના મૂલ્યોને બાળકો નાનપણથી જ સ્વીકારીને સ્વચ્છ આદતો પાડે.

(4) **માનવીય શરીરશાસ્ત્ર :** બાળકોને ઊંઘ અને આરામનું મહત્ત્વ સમજાવવું પણ જરૂરી છે. નશીલા પદાર્થના સેવનથી થતાં, અને ધુમ્રપાનથી થતા નુકસાનથી પણ વાકેફ કરવાં જરૂરી છે.

(4) **બિનચેપી અને ચેપીરોગોની રોકથામ :** રોગના પ્રકારનું પ્રાથમિક તબક્કાનું પણ જ્ઞાન હોવાના કારણે બાળકો ચેપી રોગોના ઝડપથી શિકાર બની જતાં હોય છે. રોગોનો પ્રકાર અને નિવારણ વિશે પાયાનું જ્ઞાન હોવાને કારણે રોગો ઝડપથી પ્રસરી જાય છે. આરોગ્યલક્ષી કાર્યકર્તાઓએ તેમને આ બાબતે સમજણ આપવી જરૂરી છે. તેમના પ્રત્યે હૂંફ, દયા અને મમતાપૂર્વકનો વ્યવહાર કરી સમાજમાં પણ જાગૃતિ ફેલાવવી જોઈએ. ખાસ કરીને તેમને અકસ્માત નિવારણ અને આરોગ્યલક્ષી સેવાઓ બાબતે વાકેફ કરવાં જોઈએ અને આ પ્રકારનું શિક્ષણ દશ્યશ્રાવ્ય સામગ્રીની મદદથી સારી રીતે સમજાવી શકાય છે.

❖ **આરોગ્યલક્ષી સેવાઓ :**

(1) રસીકરણ : શેરીના બાળકોને પણ રસીકરણની સેવાઓ ઉપલબ્ધ કરવી.

(2) પીવાનું શુદ્ધ પાણી, સ્વચ્છતા, પાણીજન્ય રોગો ઊપર નિયંત્રણ રાખી શકે છે.

(3) પોષણક્ષમ આહરની ઉપલબ્ધી

(4) કુપોષણ અથવા પ્રજીવકોની ખામી દૂર કરવા માટે જરૂરી દવાઓનો પૂરવઠો

(5) સ્વાસ્થ્ય સ્વચ્છ વાતાવરણની જોગવાઈ

(6) રેગ્યુલર મેડિકલ ચેક અપ

(7) વ્યાવસાયિક અવરોધો સામે રક્ષણ. દા.ત. સફાઈ કામદારો મોઢાં પર પટ્ટી પહેરે અને હાથ અને પગમાં મોજા પહેરે છે.

(8) વહેલું નિદાન અને સારવા

(9) મર્યાદિત પહોંચ અને પુનર્વસન

❖ **સેવાઓ દ્વારા સંપર્ક :**

આ કાર્યક્રમ અંર્તગત પહેલા તબક્કામાં મુખ્ય કાર્ય શેરીનાં રખડતાં બાળકો સુધી પહોંચવાનું હોય છે. તેઓ જ્યાં રહે છે તે જગ્યાએ ઉપચારક, નિવારક અને વિકાસને લગતા કાર્યો માટેની પહોંચનું કાર્ય છે જે ખરેખર ઘણું મુશ્કેલ પણ છે. જેમાં મુખ્ય રીતે શેરીના બાળકો અને રખડતાં બાળકોને ભેગા કરવા માટે હસ્તક્ષેપ કરવો પડે અને બધાંને શેરીમાં ભેગા કરવા જરૂરી છે. સ્વયંસેવકો, સામાજિક કાર્યકર્તાઓ અને સેવાભાવી સંસ્થાના પ્રતિનિધિઓએ વસ્તીમાં જઈ જ્યાં શેરીનાં બાળકોની અને કામ કરતાં બાળકોની સંખ્યા વધારે છે. ત્યાં જઈ તેમની વચ્ચે સંપર્ક કરી અને તેમને મળતી સેવાઓ, જેવી કે મનોરંજન, અનઔપચારિક શિક્ષણ, શિબિરો, બીજી પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરી આ પ્રવૃત્તિઓનો લાભ લેવા પ્રોત્સાહિત કરવા કાર્યકર્તાઓએ આવા વિવિધ જૂથો માટે સમયાંતરે મિટિંગો ગોઠવવી, રેલ્વે પ્લેટફોર્મ, શેરીના નાકે, બજારમાં જેવી જગ્યાઓએ તેમને એકત્રિત કરી સંપર્ક સેતુ કાયમ રાખવો જોઈએ. તેમની સાથે એકરૂપતા પ્રસ્થાપિત કરી, તેમને સમુદાય કેન્દ્રોમાં આવતાં કરવા જોઈએ. જેથી તેમને

ત્યાં મળતી સેવાઓ અને સગવડો વિશેની માહિતી પણ મળે અને લાભ પણ લઈ શકે. શરૂઆતમાં તેમને વ્યક્તિગત અથવા સ્વતંત્ર રીતે સેવાઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ, જેમ કે

– પ્રાથમિક આરોગ્યલક્ષી સેવાઓ
– અન અધિકૃત પોલીસ થાણાં કરતાં કાયદાકીય સંરક્ષણ
– તેમને ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાતાં અટકાવવાં
– જરૂરી પોષણ
– હવામાન સામે સંરક્ષણ જેમ કે, પ્લાસ્ટીકની ચાદર, ચોમાસામાં શહેરમાં અલગ અલગ કેન્દ્રો એક મુખ્ય કેન્દ્રને સંલગ્ન હોય. તેમને સુરક્ષિત અનુભવ કરાવવું તે કાર્યકર્તાની પ્રથમ ફરજ બની રહે છે.

ઘરે પરત મોકલવાનાં, ખોવાયેલ બાળકોને શોધવાનાં, દવા અને આરોગ્ય પ્રદ સેવા, કાઉન્સેલિંગ અને દરમ્યાનગીરી, મધ્યસ્થી બનવું. (દા.ત. બાળકો અને સંસ્થા વચ્ચે) જુવેનાઈલ કોર્ટ, બાળસંરક્ષણ ગૃહ, વેલફેર બોર્ડ, સ્પેશિયલ હોમ્સ, ઓબ્ઝર્વેશન હોમ્સ, શાળાઓ, પોલીસ, કામની જગ્યાએ માલિકો વગેરે.

શેરીના બાળકોને લગતી યોજનાઓ, નોકરીમાં રોજગારની તકો, અભિગમ શિબિર, પ્રવાસ પર્યટન અને આપસમાં મેળમિલાપ, હળવું–મળવું વગેરે કાર્યકર્તાઓની ફરજમાં આવે છે.

❖ **મનોરંજક કાર્યક્રમો :**

7 થી 11 વર્ષની વયજૂથના બાળકો રમત–ગમત અને મનોરંજક કાર્યક્રમો અને બીજી જરૂરિયાતો સુધી પહોંચે તે માટે તેમને પર્યાપ્ત સમય આપવો જરૂરી છે. કારણ કે તેઓ ઘણી જ મુશ્કેલ અને વંચિત પરિસ્થિતિ ભરી જિંદગી જીવતાં હોય છે. તેમની રસ–રૂચિ મુજબ તેમને ઈતર પ્રવૃત્તિઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ. વ્યવસ્થિત રીતે આયોજનબદ્ધ મનોરંજક પ્રવૃત્તિઓ તેમને માટે થવી જોઈએ.

❖ **કૌશલ્ય વર્ધન તાલીમ કાર્યક્રમો :**

(1) બુક બાઈન્ડીંગ વિશે તાલીમ
(2) કારપેટ બનાવી
(3) રબર બેન્ડ કાપવા, વજન કરવું અને પેકિંગ કરવું
(4) સાયકલ રીપેરીંગ
(5) પરબીડીયાં અને ગ્રીટીંગકાર્ય બનાવવાં વગેરે.

❖ **આવક વધારવા માટેના કાર્યક્રમો :**

કચરો ઉઠાવનારા બાળકો માટે કચરા માટેની એક વ્યવસ્થિત પદ્ધતિ વિકસાવવી જરૂરી છે. જેમાં વિવિધ પ્રકારનાં કચરા, જેમ કે સૂકો કચરો, કાગળો, કાચ, પ્લાસ્ટિક, ઈલેક્ટ્રોનિક્સનો સામાન વગેરે છૂટાં પાડી શકાય, વજન થઈ, પેકિંગ થઈ અને મોટા વેપારી સુધી પહોંચાડવાની આધુનિક વ્યવસ્થા હોય. બાળકોને મુશ્કેલ પરિસ્થિતિમાં બચાવ સંરક્ષણ પૂરું પાડી શકાય. સમાજમાં સંબંધિત લોકો સાથે સપંર્ક કરી, તેમને યોગ્ય રોજગારની તકો ઉપલબ્ધ કરાવી શકાય.

આવાં બાળકોને હોટલોમાં, ઘરકામ કરવામાં કે ચોકીદારી કરવામાં કામમાં ગોઠવી શકાય. જયાં નોકરીની તકો હોય, તેવા લોકોનો સપંર્ક કરી. આવા બાળકોને વિશે ભલામણ કરી શકાય. કંપનીઓમાં પટાવાળા કે ચા બનાવનારાની નોકરી માટે પણ ભલામણ કરી શકાય.

સામૂહિક કેન્દ્રનો સ્ટાફ નાના વેપારી સાથે સંપર્ક કરી, તેમને વિનંતી કરી શકે કે વેચાઈ ગયેલાં અખબારોની એક ઢગલી અલગ રાખી શકે, જેથી આવાં બાળકો સમયાંતરે આવીને લઈ જઈ શકે. આવી ગોઠવણથી તેમનું કાર્ય સરળ બની રહે. કાગળનો મોટો જથ્થો એક જ જગ્યાએથી ઉપલબ્ધ થવાથી તેમની મહેનત, સમય અને ઊર્જામાં બચત થવા ઉપરાંત કામ કરવા બાબતે રૂચિ અને ઉત્સાહ પણ વધી શકે અને આવક પણ વધે.

કચરાની ખરીદી માટે પણ મોટી ક્ષમતાવાળા ડીપો ખોલવા જોઈએ. જયાં વિપુલ માત્રામાં કાગળ, પ્લાસ્ટિક અને અન્ય પ્રકારના કચરાનો સંગ્રહ થઈ શકતો હોય. બાળકોના સંરક્ષણ અને સ્વમાન સચવાય તેવી તકોની જોગવાઈ હોવી જરૂરી છે. સાથે સાથે ઔપચારિક કે અનઔપચારિક શિક્ષણ પણ મળતું રહે. જેથી તેમની આવકમાં પણ વધારો થવાની તકો વધવાની શક્યાતા રહે અને તેમનું ભવિષ્ય પણ સુધરી શકે. વધુમાં તેઓ વિવિધ પ્રકારના કૌશલ્યો પણ વિકસાવી શકે. જેમ કે, સિલાઈ, ભરત–ગૂંથણ કે કપડામાં હાથશાળ, સિરામિક્સ અને પેઈન્ટીંગ વગેરે.

❖ **કુટુંબ સાથે જોડાણ :**

સામૂહિક કેન્દ્રના કાર્યકર્તાઓ એ બાળકના કુટુંબની ભાવ કાઢી તેનું કુટુંબ સાથે જોડાણ કરાવવું. જેને માટે,

(1) તેઓ બાળકના વાલી સાથે કોરસ્પોન્ડન્સ કરી શકે,

(2) વાલીઓનું કાઉન્સીલિંગ કરી શકે.

(3) વાલીઓને બાળકના પ્રાથમિક શિક્ષણની ઉપલબ્ધતા માટે મદદ કરી શકે.

બાળક પાસેથી તેના કુટુંબ વિશે સાચે વિગત મળે, તો જ તેનાં કુટુંબનો સપંર્ક શક્ય બની શકે. જો વિગતો સાચી હોય અને સંપર્ક શક્ય બને તો વિવાદ ટાળીને બાળકને પાછું ઘરે પણ મોકલી શકાય.

❖ **વેલ્ફેર સર્વિસ :**

સરકારી સંસ્થાઓ 13 વર્ષથી નીચેની ઉંમરના બાળકોને સંરક્ષણ આપે છે; પરંતુ, તે અનાથ અથવા તરછોડાયેલાં બાળકો પૂરતી સીમિત છે. જયાં છોકરાઓ કરતાં છોકરીઓની સંખ્યા આવે છે. જેમ કે કપડાં, ખાસ ખોરાકી, ભણતર વગેરે.

સ્વૈચ્છિક સંસ્થાઓ, સેવાભાવી સંસ્થાઓ ગ્રાન્ટ ઇન એઈડથી ચાલે છે અને તેઓ પણ પૂરતી સુવિધાઓથી સજ્જ હોય છે. જયાં બાળકની તમામ જરૂરિયાતો પોષવામાં આવે છે.

0 થી 6 વર્ષના બાળકો માટે ઘોડિયાઘર જેવી સુવિધાઓ પણ હોય છે અને ઘણી જગ્યાએ તો કરતાં ઘોડિયાઘર પણ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. ફરતાં ઘોડીયાઘરો ખાસ કામકાજી માતાઓને લક્ષમાં લઈને બનાવવામાં આવ્યાં છે. આ બાળકોને કુપોષણનો ભોગ ન બને, તે માટે પૂરક આહાર મળે તે માટેના કાર્યક્રમો પણ કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. મધ્યાન ભોજનના કાર્યક્રમો પણ આદિવાસી વિસ્તારોમાં ખાસ ચલાવવામાં આવે છે.

શહેરી વિસ્તારમાં વેલફેરના કાર્યક્રમો યુનિસેફની મદદથી ચાલે છે અને તેનું અમલીકરણ સરકાર દ્વારા કરવામાં આવે છે. જેમા શહેરી ઝૂંપડપટ્ટીના બાળકોને આવરી લેવાનો ઉદ્દેશ્ય હોય છે. જેમાં રસીકરણ, આરોગ્ય શિક્ષણ, હેલ્થ–ચેક–અપ, માહિતી સભર ફિલ્મો દ્વારા નિર્દેશિત પીવાના પાણીની સુવિધા, સ્વચ્છ શૌચાલય વગેરેનો સમાવેશ થાય છે. ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ શેરીના બાળકોને સ્પર્શતા વિષયો ઉપર કામ કરતી હોય તો ઘણા કાર્યક્રમ એક સાથે કામે લગાડી શકાય.

❖ **કાયદાકીય રક્ષણાત્મક પગલાં :**

આ લેખમાં આપણે શેરીનાં બાળકો વિશે વાત કરીએ છીએ ત્યારે તેમની દેખભાળ–સારસંભાળ, સંરક્ષણ અને જરૂરિયાતોના સંદર્ભમાં કાયદાકીય વાત કરવી પણ જરૂરી છે જે વિશેની ચર્ચા અહીં યોગ્ય ગણાય.

કાયદો બે પ્રકારનો હોય છે. એક તો બાળમજૂરીના સબળ હોય છે, જે મુજબ બાળકોને જોખમી રોજગારમાં થતાં નિયંત્રિત કરવાં.

તરછોડાયેલા બાળક પર તેમના ભૂતકાળનો ખૂબ જ ઊંડો પ્રભાવ હોય છે અને તે કારણે જ તેઓ પોતાનો આત્મવિશ્વાસ સંપૂર્ણપણે ગુમાવી બેસે છે, તેઓ પોતાને ખૂબ જ અંતર્મુખી માનવા લાગે છે ઘણીવાર આવા બાળકો પ્રેમ ન મળેવાના કારણે અને સમાજમાંથી તરછોડવાના કારણે અપરાધકાર્યનો ભાગ પણ બને છે.

આ બાળક સમાજનો ખૂબ જ મહત્ત્વનો ભાગ છે અને તેમને આ દુઃખમાંથી બહાર લાવવા માટે ચર્ચા કરી ઉપાય કરવા જરૂરી છે.

તરછોડાયેલા બાળક સામાન્ય બાળકથી અલગ જરૂર હોય છે પણ તેઓ નિમ્નકક્ષાના ક્યારેય પણ નથી હોતા. સામાજિક બદલાવ અને ભણતર પ્રત્યે અભિગમ એ જ એમને સામાન્ય બનાવવાનો એકમાત્ર રસ્તો છે. તરછોડાયેલા બાળકોની પોતાની આગવી વિશેષતા હોય છે. જેમ કે સહનશીલતા, સમૂહકાર્ય પ્રવૃત્તિ, તકલીફનો સામનો કરવાની તૈયારી આપણા ઈતિહાસમાં એવી ઘણી વ્યક્તિના દાખલા છે જે બાળપણમાં કોઈપણ કારણસર વંચિત રહી ગયા અને પોતાના આત્મવિશ્વાસ અને આત્મબળ પર આજે સમાજમાં લોકો તેમને યાદ કરે છે; જેમ કે, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, અબ્રાહમ લિંકન. તરછોડાયેલા બાળકને સૌથી વધારે કોઈ વસ્તુની જરૂર છે તો તે છે સારી સારી સલાહ અને સારા સમાજ અને વ્યક્તિ તરફથી એક સાચું માર્ગદર્શન સૌથી વધારે અગત્યનો અને મહત્ત્વનો સારાંશ બાળકને શિસ્ત પ્રત્યે જાગૃત કરવાનો છે અને તેમને પૂરતા પ્રમાણમાં શિક્ષણ આપી. તેમને સમાજની સામે ઉદાહરણ સ્વરૂપ ઊભા કરવા. આવા બાળકોની મદદ માટે નીચે જણાવેલ બાબતો પર ધ્યાન આપવું જરૂરી છે :

**(1) શાળાના રૂપમમાં શીખવવામાં આવતી શિક્ષા :**

તરછોડાયેલા નિરાધાર બાળક સામાન્ય બાળકની સરખામણીમાં ઘણી વધારે તકલીફનો સામનો કરતો હોય છે, જેમાં ઘણાં પ્રકારની મુશ્કેલી આ પ્રમાણે પણ હોય છે.:

– સફળતા મળશે કે નહીં તે નક્કી થયા પહેલા જ આત્મવિશ્વાસ ડગી જાય છે.

– તેમને પણ સમજાવવામાં આવે છે તેમાંથી પૂરતી કેળવી શકતા નથી.

– સાદો ભાવાર્થ સમજવામાં પણ તકલીફ પડે છે.

– પૂરતા પ્રમાણમાં સલાહ સૂચન સમજી શકતા નથી.

– ભાષાનો પૂર્ણ પ્રમાણમાં ઉપયોગ નથી કરી શકતા.

– થોડા પ્રમાણમાં ડરના કારણે જુઠ્ઠું બોલતા શીખે છે.

આ બધી તકલીફના કારણે શાળાનાં તેમના માટે એક અલગ વ્યવસ્થા કરવામાં આવવી જોઈએ.

**(2) વિશેષ યોજનાઓ :**

તરછોડાયેલા કે નિરાધાર બાળકોને ભણતર અથવા માટે કંઈક યોજના બનાવવી જરૂરી છે અને તેમાંથી અમુક યોજના નીચે મુજબ હોઈ શકે.

– લેખન/નિબંધ દ્વારા પૂરતું જ્ઞાન.

– વાંચનમાં સુધાર કરવો.

– શાળામાં જતા પહેલા માનસિક રીતે તૈયાર કરવા.

– શાળામાંથી નિકળી જવું અથવા શાળા છોડી દેવી.

લેખની નિબંધ અંતર્ગત એક સાથે પાઠ્યક્રમ, અન્ય સુધારણા, સાંસ્કૃતિક, વાર્તાઓ, મદદનીશ સ્વભાવ સેવા, માતા–પિતા સાથે સંબંધ એવા વિષયો પર એક મજબૂત વાંચન બનાવવું જોઈએ. વાંચન કાર્યક્રમ બનાવવો જોઈએ કે રાખવો જોઈએ. જેનાથી તેમના આત્મવિશ્વાસમાં વધારો થાય. શાળામાં જતા પહેલા બાળકોને તૈયાર કરવા એ યોજના અંતર્ગત બાળકો સુધારવાનો પૂરતો પ્રયત્ન કરવો જોઈએ જેથી તે લોકો આત્મવિશ્વાસ સાથે શાળામાં પ્રવેશ લે.

નિરાધાર અને તરછોડાયેલ બાળકોમાં એ જોવામાં આવે છે કે તેઓ સાંભળવા માટે પૂરતું ધ્યાન આપતા નથી. વ્યક્તિને સાંભળવાનું તેમના સવાલના જવાબ આપવા, તેમને માન આપવું. તેમની સાથે વાતચીતમાં ખૂબ જ નમ્ર ભાષામાં ઉપયોગ કરવો આ બધું તેમને ખૂબ જ શાંતિ અને પ્રેમપૂર્વક સમજણ આપવી પડે.

❖ **દશ્ય સામગ્રી દ્વારા અપાતું જ્ઞાન :**

નિરાધાર/તરછોડાયેલા બાળકોને શિક્ષિત કરવા માટે દશ્ય સામગ્રી એ સૌથી સારો ઉપાય છે. દશ્ય સામગ્રી દ્વારા સરળતાથી વાતાવરણ ઊભું કરી શકાય છે. કઠપૂતળીના નાટક ચિત્ર, માનવચિત્ર, મૉડલ, રેડિયો, રેકોર્ડ પ્લેયર તથા દૂરદર્શન દ્વારા બાળકના જ્ઞાનમાં વધારો કરી શકાય છે. આ બાળકો માટે આવી સુવિધા કરવી જરૂરી છે,

**(4) સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સરસ્વતી યાત્રા :**

સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન તો વિદ્યાલયમાં થાય છે જ પરંતુ તરછોડાયેલ કે નિરાધાર બાળકો તેમની હીન ભાવનાના કારણે આમાં ભાગ લેતા નથી. અધ્યાપક પણ એવા બાળકોને પ્રોત્સાહિત કરે છે જેમને આ વિશેનું સંપૂર્ણ જ્ઞાન હોય છે. આપણે આ બાળકો પાસેથી એ આશા તો ન જ રાખી શકાય કે તેઓ સારૂ કાર્ય કરી શકશે. અને એ બાળકને આ જ્ઞાન અને વિશ્વાસ આપવો એ અધ્યાપકના હાથમાં જ છે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે બાળકો ને પ્રોત્સાહિત કરવા જોઈએ અને એમાં એવા કાર્યક્રમ પણ હોવા જોઈએ કે જે તેઓની જિંદગી સાથે જોડાયેલ હોય અને આવી જ રીતે સરસ્વતી યાત્રા સાથે આવા બાળકના વિકાસમા ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ બાળકોને ઐતિહાસિક જગ્યા અને સ્વસ્થાનોમાં દર્શન પણ સમયસર કરવા જોઈએ, જેનાથી તેઓ પ્રયત્ન કરે છે. :

**(5) સુવિધાઓ :**

નિરાધાર તરછોડાયેલા બાળકો માટે અમુક ખાસ પ્રકારની સુવિધાઓ પણ અમલમાં મૂકી શકીએ જેમ કે,

– મફત શિક્ષણ
– પાઠ્યપુસ્તક આપવા
– લેખનસામગ્રી આપવી
– દૂરથી આવનારા બાળકો માટે રહેવા–જમવાની સગવડ
– દિવસ દરમ્યાન ખોરાકની વ્યવસ્થા
– શાળાનો સહયોગ આપવો.

**(6) વિશેષ શાળાઓ :**

નિરાધાર અને તરછોડાયેલ બાળકો માટે અલાયદી વિદ્યાલયની વ્યવસ્થા કરવામાં આવે તો પણ ઘણી સુવિધા મળી શકે. કારણ કે સામાન્ય બાળકની કક્ષા તેઓ થોડા પાછળ હોય છે જેનાથી તેમને પોતાના પ્રત્યે હીન ભાવના ઉત્પન્ન થતી હોય છે અને આવા વિશેષ વિદ્યાલય દરેક ગ્રામ્ય કક્ષાએ હોવા જોઈએ જ્યાં એ લોકો માટે આવાસ યોજનાની સુવિધા પણ હોય. સમાજસેવી સંસ્થા અથવા મહાનુભવો આગળ પડતા પ્રયત્ન કરીને મદદરૂપ થઈ શકે છે.

**(7) મનોવૈજ્ઞાનિકરણ :**

નિરાધારી તરછોડાયેલ બાળક સૌથી વધારે માનસિક રીતે પછાત હોય છે. તેઓ ઘણી માનસિક પીડાના શિકાર હોય છે. તેમને એમાંથી બહાર લાવવા માટે પ્રેરણાની ખૂબ જ આવશ્યકતા છે. તેઓમાં તેમના પોતાના માટે માનની ભાવના લાવવી ખૂબ જ જરૂરી છે અને કાર્ય આપણે ધીમે ધીમે મનોચિકિત્સકની સલાહ મુજબ કરી શકીએ. અધ્યાપક પોતે પણ આવા ઉદાહરણ દ્વારા અને સારા વ્યવહાર દ્વારા તેમને માનસિક પીડામાંથી બહાર લાવવામાં મદદરૂપ થઈ શકે છે. બાળકોના સારા વ્યવહાર માટે તેમને સમ્માનિત કરવા, સમય સમય પર પુરસ્કાર આપવા, તેમના પ્રત્યે સહાનુભૂતિ રાખવી, બીજા બાળકની સરખામણી એ તેમના કાર્યને પ્રોત્સાહિત કરવું, તેમના મુશ્કેલીનો સામનો કરતા શીખવાડવું અને તેમના પ્રત્યેના નિરાકરણ જાતે લાવતા શીખવાડવું. આ બધી રીતે સારા બાળકને માનસિક પીડામાંથી બહાર લાવી શકાય છે.

**(8) અધ્યાપક :**

નિરાધાર તરછોડાયેલ બાળકોના અધ્યાપકની પણ એક આગવી વિશેષતા હોય છે. આવા બાળકોના અધ્યાપક કેવા હોવા જોઈએ તેના માટે મનોવૈજ્ઞાનિકે પણ એમની સલાહ આપે છે. એક અંદાજ પ્રમાણે આવા બાળકોના અધ્યાપક ખૂબ જ સાનુકૂળ હોવા જોઈએ. એમણે બાળકોના માનસિક સ્તર પ્રમાણે કક્ષામાં અનુશાસન રાખવું અને સાથે જ પ્રેમ આપવો પણ જરૂરી છે. એમણે બાળકોને જ્ઞાન પણ આપવાનું છે અને સગા સાથે જ બાળકોની શારીરિક, માનસિક અને સાંસ્કૃતિક સીમાઓને ધ્યાનમાં પણ રાખવાની છે. અધ્યાપક સમાનરૂપ તથા વિશ્વાસુની સાથે ખૂબ જ જોશવાળા તથા આસ્તિક જગતમાં રહેવાવાળા હોવા જોઈએ અને તેમના કાર્યને પૂર્ણ પણ સમર્પિત હોવા જોઈએ.

## 3.5 બાળમજૂર બાળકો :

બાળમજૂર એ ભારતની એક મોટી સમસ્યા છે. ગરીબ વર્ગના બાળકો વધુ પ્રમાણમાં બાળમજૂરી કરતા જોવા મળે છે.

બાળમજૂર, એટલે બાળકની ઉંમર 14 વર્ષ કે 14 વર્ષથી નાની હોય અને તે આવક મેળવવા માટે કોઈપણ પ્રકારનો શારીરિક શ્રમ કરે તેવા બાળકોને બાળમજૂર કહેવામાં આવે છે.

ગરીબ વર્ગના માતા–પિતા તેમના બાળકને કમાવવાના સાધનરૂપ જુએ છે. તેથી તેમના કુટુંબમાં બાળકોની સંખ્યા પણ વધુ જોવા મળે છે.

બાળમજૂરીમાં બાળકને લારી, દુકાન, ગલ્લા, કારખાનામાં કે ઘરકામમાં જોડવામાં આવે છે. આવા બાળકો પાસે મજૂરી વધુ કરાવવામાં આવે છે અને તેમને એટલું વેતન પણ આપવામાં આવતું નથી. તેમનું શોષણ વધુ થાય છે માટે સરકાર દ્વારા કાયદો પણ બનાવવામાં આવ્યો છે.

❖ **ભારતમાં બાળમજૂરનો કાયદો :**

20 નવેમ્બર 1959ના રોજ યુ.એન. જનરલ એસેમ્બલીમાં બાળમજૂરી બાબત ઠરાવ પસાર થયો. તે મુજબ "બાળકને યોગ્ય લઘુતમ વય પહેલાં કોઈપણ રોજગારમાં ભરતી કરી શકાશે નહી." કોઈપણ સંજોગોમાં તેને એવા કોઈ પણ વ્યાવસાય અથવા રોજગાર સાથે સંલગ્ન કરી શકાય નહીં. જયાં બાળકના શારીરિક, માનસિક અથવા નૈતિક વિકાસમાં દખલરૂપ હોય. આનાથી આગળ 1988માં યુ.એન. વર્કીંગ ગ્રુપ ડ્રાફ્ટ સંમેલન મળેલ. તે મિટીંગમાં નક્કી કરવામાં આવ્યું કે બાળકોના અધિકારોને બાળકોના શોષણ ઉપરાંત જોખમી કામો કે રોજગાર દ્વારા ઉત્પન્ન થતા જોખમો, પછી ભલે તે શારીરિક માનસિક હોય, સામાજિક હોય કે સર્વાંગી રૂપે હોય તે બધાને સંરક્ષણ આપવું. તેમને આર્થિક સંરક્ષણ ઉપરાંત ઓછા રોજગારથી પણ સંરક્ષણ આપવું. તે ઉપરાંત રાજ્ય સ્તરે સમિતિ એ સૂચના આપેલ છે. તે મુજબ (1) રોજગારમાં જોડાવા માટે લઘુત્તમ વય સૂચવવી. (2) કામકાજની જગ્યાએ પરિસ્થિતિ તેમને સાનુકૂળ હોવા ઉપરાંત કામના કલાકો નક્કી હોવા. (3) આ કાયદાની અસરકારકતા સ્થાપિત કરવા માટે આ કાનૂનનો ભંગ કરનાર પણ ગુન્હાને પાત્ર ગણાશે.

❖ **બાળમજૂરોની સમસ્યા :**

**વિભાવના :**

કેટલાક વખતથી જગતના સમાજશાસ્ત્રીઓ બાળકો માટે વધુ જાગૃત અને ચિંતિત થવા લાગ્યા છે. યુનાઈટેડ નેશન્સ તરફથી બાળકો માટેના કન્વેન્સનમાં બાળકોના રક્ષણ માટે જે નીતિનિયમો ઘડવામાં આવ્યાં છે, તેમાં ઘણાં દેશોએ સહકાર આપવાની ખાતરી આપી છે. દુનિયાના ઘણા દેશોમાં બાળ કલ્યાણ કેન્દ્રોની સરકારી સ્તરે સ્થાપના થઈ છે. દુનિયાના કેટલાક દેશોમાં બાળમજૂરી અંગે કાયદાઓ ઘડાયા છે. તેમ છતાં સમગ્ર દુનિયામાં મળીને કરોડો બાળમજૂરો મજૂરી કરી રહ્યાં છે અને તેમાં કેટલાકની પાસે પશુની જેમ કામ કરાવવામાં આવે છે. વાસ્તવિકતાનો અસ્વીકાર થઈ શકે તેમ નથી.

અનાજ, કપડા, રહેઠાણ, વાહન વ્યવહાર ઈત્યાદિની બાબતમાં માત્ર સ્વાવલંબી જ નહીં, સમૃદ્ધ બનેલા રાષ્ટ્રો, વૃદ્ધો, અપંગો, બાળકો, મહિલાઓ વગેરેની વિવિધ પ્રકારની સુવિધાઓ માટે જાગૃત બને એ સ્વાભાવિક છે. એટલે પાશ્ચાત્ય દેશો બાળમજૂરોના વિષયમાં જેટલા સજાગ

અને સક્રિય હોય એટલા કદાચ અન્ય રાષ્ટ્રોના સામાજિક કે રાજકીય કાર્યકર્તાઓ ન હોય એ દેખીતું છે. અવિકસિત રાષ્ટ્રોને માટે બીજા ઘણા વિષયોથી પણ વધુ ગંભીર હોય છે.

બાળકોની સમસ્યા વિવિધ પ્રકારની છે. કોઈ યુગ એવો નથી પસાર થયો કે જ્યારે બાળકોની કોઈક ને કોઈક સમસ્યાએ સમાજને સંચિતન કર્યો હોય. આરોગ્ય, શિક્ષણ, ગુનાખોરી, મજૂરી, આજીવિકા વગેરે ઘણી સમસ્યાઓ છે. બાળકોની બીજી જે ગંભીર સમસ્યાઓ એ જે તેમાં રસ્તે રઝળતા બાળકોમાં ગુનાખોરી અને બાળમજૂરી એ ત્રણ બાબતો મહત્ત્વની છે એ વિશે ઠીક ઠીક જાગૃતિ ઘણા દેશોમાં આવી છે. આ બધી સમસ્યાઓમાંથી આપણે હાલ અહી મજૂર કે નોકર તરીકે બાળકોનો જે ઉપયોગ થાય છે તેની માત્ર વિચારણા કરીશું. આ વિષય ઉપર કાયદાની દૃષ્ટિએ, અર્થશાસ્ત્રની દૃષ્ટિઓ, સમાજશાસ્ત્રની દૃષ્ટિએ અમે વિવિધ દૃષ્ટિકોણથી વખતોવખત પરામર્શ થાય છે. એમાંથી કેટલાક મુદ્દા વિચારીશું. જ્યાં સુધી માણસને પેટ છે ત્યાં સુધી ખાવા માટે એને કંઈક પ્રવૃત્તિ કરવાની રહે છે. પોતાની આજીવિકા પોતે રળવાની રહે છે. દરેક માણસ માટે કમાવવાના સાધનો અને ઉપાયો એકસરખાં હોતા નથી. પોતપોતાની શક્તિ અને સંજોગોનુસાર સામાજિક અને આર્થિક દૃષ્ટિએ જીવન ગોઠવાઈ જાય છે. પોતાનું ગુજરાન ચલાવવા માટે માણસ પોતે પોતાના ગામ કે નગરમાં પોતાની આજીવિકાનું સાધન શોધી લે છે. કેટલાક એમાં સફળ થાય છે. કેટલાક નિષ્ફળ જાય છે. કેટલાક પોતાની શક્તિ અને સૂઝ અનુસાર એક વ્યવસાયમાંથી બીજા વ્યવસાયમાં જાય છે. કેટલાક પોતાનું ગામ છોડીને બીજે જાય છે અને એમ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે છે.

યુરોપ અને અમેરિકાના સમૃદ્ધ દેશો કરતા મધ્યપૂર્વ, એશિયા અને આફ્રિકાના પછાત દેશોમાં લોકોનું સરેરાશ જીવનધોરણ ઘણું નીચુ છે. બીજી બાજુ જીવનનિર્વહન માટે માણસને ઘણો શ્રમ કરવો પડે છે. ગરીબ દેશોની અર્થવ્યવસ્થા જુદા પ્રકારની છે. ત્યાં અસંખ્ય કુટુંબો માટેના રોજનો રોટલો રોજ કમાવા જેવી સ્થિતિ છે. એવા કુટુંબોમાં દરેક સભ્યે કંઈક ને કંઈક કરવું પડે છે કે જેથી કુટુંબ નિર્વાહ બરાબર થઈ શકે. આવાં કુટુંબોમાં નાના બાળકોની આજીવિકાની પણ ગણતરી થાય છે.

કેટલાક સમૃદ્ધ દેશોમાં બાળમજૂરી ઉપર કાયદેસર પ્રતિબંધ હોવા છતાં કેટલાય સ્થળે અલબત્ત નાના પ્રમાણમાં બાળકો થોડી ધન પ્રાપ્તિ અર્થે કંઈક કામધંધો કરતાં જોવા મળે છે. અમેરિકા, કેનેડા અને બીજા રાષ્ટ્રોમાં કેટલાક છોકરાઓ છાપાની ફેરી કે છુટક ઘરકામ વગેરે કરે છે. એનું કુટુંબ સુખી હોય છે; પરંતુ, પોતાની કહી શકાય એવી કંઈક કમાણી પ્રાપ્ત કરવામાં એને આનંદ હોય છે. ઘણું ખરું કરે છે એ એની મનગમતી પ્રવૃત્તિ છે એમાં શોષણ નથી. કેટલાક વ્યાવસાય એવા છે કે જેમાં પિતા પોતે જ પોતાના નાના દિકરાને પોતાની સાથે લઈ જઈને પોતાનું કામ શીખવાડે છે. ઘરમાં તે પજવે નહીં કે ઘરની બહાર રખડી ન ખાય એ માટે પણ તેઓ પોતાની સાથે લઈ જાય છે. ખેડૂતો ખેતરમાં અને ભરવાડો વગડામાં પોતાના બાળકોને લઈ જાય છે અને જેવું આવડે એવું કામ તેમને સોંપે છે. સુથાર, લુહાર, દરજી, કુંભાર, કડિયા વગેરે જુદા જુદા વ્યાવસાયવાળા કારીગરો પોતાના નાના છોકરાઓને પોતાના વ્યવસાયની તાલીમ નાની ઉંમરથી જ આપે છે, આદિવાસી વિસ્તારોમાં આવી પ્રવૃત્તિ સવિશેષ જોવા મળે છે.

છોકરાઓ હોંશિયાર થતા જાય છે અને મોટા થતાં પિતાનો ભાર હળવો કરે છે અને લાંબાગાળે પિતાનો વ્યવસાય સંભાળી લે છે. ખેડૂતનો દીકરો ખેડૂત થાય, સુથારનો દીકરો સુથાર થાય, લુહારનો દીકરો લુહાર થાય કે દરજીનો દીકરો દરજી થાય એવો વ્યવહાર હજુ ઘણા મોટા પ્રમાણમાં દુનિયામાં ઘણા સ્થળે જોવા મળે છે. એમ થવું અનિવાર્ય નથી અને વધુ તેજસ્વી બાળકો પોતાની બુદ્ધિશક્તિ અનુસાર અન્ય વ્યવસાયમાં જાય તેમાં કશું ખોટું પણ નથી. એકંદરે તો તે સમાજના હિતમાં છે; પરંતુ, બીજી બાજુ પોતાનો દિકરો અન્ય વ્યવસાયમાં ન ચાલ્યો જાય એટલા માટે એને શાળા કે કોલેજમાં વધુ ભણાવતા નથી.

જે પ્રદેશમાં વસ્તી ઘણી છે અને વ્યવસાય ઓછા છે એને લીધે સમાજની આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી રહે છે એ પ્રદેશોમાં નાના નાના પરચુરણ વ્યવસાય દ્વારા લોકો પોતાનું ગુજરાન ચલાવે છે. સમગ્ર જગતમાં માંગ અને પુરવઠો અનુસાર વેપારધંધો અને બીજા વ્યવહાર ચાલે છે, આવા વ્યવહારમાં બાળમજૂરોની પણ એક આગવી સમસ્યા છે. જે બાળકોને શાળાઓમાં અભ્યાસ કરવાની તક કે સુવિધા નથી એ બાળકો ફાજલ સમયમાં જો રોકાયેલા ન રહે તો તેઓ માતા–પિતાને કે પાડોશીઓને સતાવે છે, રખડી ખાય છે, ખરાબ સોબતે ચડી જાય છે. એવું કરવાનો એમનો ઈરાદો નથી; પરંતુ, તેઓ આવી પ્રવૃત્તિમાં જાણતા અજાણતા ઘસડાય છે. અસામાજિક તત્ત્વો તેમનો લાભ ઉઠાવે છે અને વખત જતા એવા કિશોરો પોતે અસામાજિક તત્ત્વ બની જાય છે, પછીથી તેઓ સમાજ માટે એક સમસ્યારૂપ બની રહે છે. આવું જ્યાં થતું હોય ત્યાં બાળકો કોઈક વ્યવસાયમાં રોકાયેલા રહે તે સમાજના હિતમાં છે. અલબત્ત એવા બાળકોનું નિર્દય રીતે શોષણ ન થાય એ જોવાની ફરજ સરકારની અને સમાજના આગેવાનોની છે.

બાળક મોટું થાય એટલે એને કંઈક ને કંઈક કામ કરવું ગમે છે. નવરા બાળકોને કંઈક કામ સોંપીને રોકી રાખવા એ વધુ સલાહભર્યું છે. કેટલાક બાળકોને આજીવિકાને અર્થ નહીં; પરંતુ, કંઈક નવું શીખવાના અર્થે આવું કામ કરવું ગમે છે. કોઈપણ કામ પોતાને આવડે તો બાળક તેથી રાજી રાજી થાય છે.

ગામડાઓમાં નાનાં કુટુંબોમાં વડીલો, બાળકો પાસે ઝાડું કાઢવું, ચીજવસ્તુઓ આઘી–પાછી મૂકવી, લેવડદેવડના ધક્કા ખવરાવવા, બજારમાંથી વસ્તુઓ લઈ આવવી વગેરે નાનામોટા કામો કરાવે છે અને બાળક તે ઉત્સાહથી કરે છે. પડોશીઓ કે સગાસંબંધીઓ માટે પોતે કરેલા કામના બદલામાં જો કોઈનાની મોટી રકમ મળે છે તો તે બાળકને વધુ પ્રોત્સાહિત કરે છે. બાળક લાલચું થઈ જાય એવું પણ બને, પણ એની હોંશિયારી તો વધવા લાગે છે.

જે કુટુંબમાં આજીવિકા મેળવતો પુરુષ નાનાં બાળકોને મૂકીને અકાળે અવસાન પામે છે, એ કુટુંબની વિધવાને કંઈક કામ કરીને કમાવવું પડે છે. તેને પોતાના નાના છોકરાઓ દ્વારા નાનું મોટું કામ કરાવીને પૂરક આજીવિકા મેળવવી પડે છે. નિરાધાર કુટુંબમાં બાળકોની નજીવી કમાણી પણ સહાયક બને છે. મહાન ચીની ફિલસૂફ કન્ફયુશિયસને એમની માતા વિધવા થતા બાળવયથી જ જાતજાતની મજૂરી કરવી પડી હતી અને તેથી તેમની હોંશિયારી ઘણી વધી ગઈ હતી. બીજી બાજુ કેટલાય એવા ગરીબ લોકો છે કે જેમની પાસે આજીવિકાનું કોઈ મોટું સાધન નથી. એવા લોકોએ નાનું સરખું કામ કરીને રોજનું પેટીયું રોજ રળવાનું રહે છે. આવા લોકો પોતાના કામ માટે નોકર તરીકે નાના છોકરાઓને રાખે છે કે જેથી તેમને પગાર ઓછો આપવો પડે અને પોતે પોતાનો નાનો સરખો ધંધો સરખી રીતે ચલાવી શકે. એશિયાના કેટલાયે

દેશોમાં કેટલાય માણસો રસ્તા ઉપર નાના–નાના ધંધા ચલાવે છે. તેઓ પોતાના મદદનીશ તરીકે બાળમજૂરોને રાખે છે. જો તેઓ બાળ મજૂરોને ન રાખે અને પુખ્તવયના નોકરોને રાખે તો તેમને પોષાય નહીં અને તેઓ પોતાનો વ્યવસાય ચલાવી ન શકે. પગભર રહેવા માટે બાળમજૂરોની જરૂર પડે એમાં કોઈ શોષણનો ઇરાદો નથી હોતો. પરંતુ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાના જ પુરુષાર્થ હોય છે. એની એવી પ્રવૃત્તિથી બે કુટુંબોને રાહત મળે છે. ધંધો કરનારાના કુટુંબને અને નોકરી કરનાર બાળમજૂરના કુંટુંબને કેટલાક તીર્થસ્થળોમાં ચા–પાણીની રેકડી ચલાવનારાને આઠ–દસ વર્ષની ઉંમરના છોકરાઓને નોકરીમાં રાખે છે. આવા કુમળા ''છોકરા પાસે તમે કેમ મજૂરી કરાવો છો ?'' એવો પ્રશ્ન કોઈ કરે તો તેઓનો જવાબ હોય છે કે ''મોટા માણસ આવા કામ માટે મળતા નથી મળે તો મને પોષાય તેમ નથી. આ છોકરાઓની કમાણીથી એમના કુટુંબને રાહત મળે છે. હું જો તેઓને નોકરીમાં રાખવાનું બંધ કરી દઉ તો અમારા બેઉનું બગડે. હું મારું ગુજરાન ન ચલાવી શકું અને છોકરાઓ પોતાનું ગુજરાન ન ચલાવી શકે.''

આવી રીતે બાળપણમાં નોકરી કરનાર છોકરાઓ હોશિયાર જલ્દી થાય છે. કેટલાકમાં લુચ્ચાઈ, પકકાઈના અંશો પણ જલ્દી આવે છે. પોતાના માલિકની ધંધાની કુનેહ અને છેતરપિંડીની રસમોના તેઓ માહિતગાર થાય છે. માનવ સ્વભાવના તેઓ પારખું બને છે. કેટલાક કિસ્સાઓમાં તો વખત જતા તેઓ પોતાના માલિકના હરીફ બનીને ઊભા રહે છે.

પિતાના કે માતાના અતિશય ક્રોધી સ્વભાવના કારણે અથવા માતા–પિતાનું તકરારી, વિસંવાદી, સંઘર્ષમય જીવન જોઈને આ ત્રાસમાંથી મુક્ત થવાને માટે અથવા મિત્રો, સોબતીઓનો આગ્રહભર્યો સાથ મળવાને લીધે કહેવાય છોકરાઓ ઘર છોડીને ભાગી જાય છે. કુમળી વયના એવા છોકરાઓ ગુજરાન માટે મોટા શહેરો તરફ ઘસે છે ત્યાં તેઓને કંઈક ને કંઈક કામ મળી રહે છે. તેઓ ગમે ત્યાં ખાયપીવે છે, અને ગમે ત્યાં સુઈ રહે છે. આવી વિષમ પરિસ્થિતિમાં પણ પોતના ઘર કરતા પોતે વધુ સુખી છે. તેવું તેઓને લાગે છે. એમા પણ સરખે સરખી વયના મિત્રો મળી જાય તેઓ એક જુદી જ દુનિયામાં વસવા લાગે છે. માતા–પિતા કે ભાઈભાંડુંઓની તેમને ચિંતા હોતી નથી. તેઓ યાદ પણ ભાગ્યે જ આવે છે. આવી રીતે ભાગી નીકળેલા છોકરાઓને સગવડ મળે, સારી તક મળે તો પણ ઘરે પણ ફરવાનું ગમતું નથી એવો અભિપ્રાય એ ક્ષેત્રમાં સેવાનું કામ કરતા સામાજિક કાર્યકર્તાઓનો છે. આવા મિત્રોની સોબત એકંદરે સારી નીવડતી નથી. તેઓ તરત બીડી–સિગારેટ પીતા થઈ જાય છે. ચલચિત્રો જોવાનો તેમને નાદ લાગે છે. કેટલાકનો વળી ચરસ–ગાંજો પીવા લાગે છે. કેટલાક દારૂ અને જુગારના અડ્ડા તરફ આકર્ષાય છે. કેટલાક ચોરી દાણચોરીમાં સંડોવાય છે અને ગુજરાન કરતા વધુ પૈસા કમાવવા મળતા કેટલાક નાની કાચી વયથી જ વેશ્યાવેડા તરફ ખેંચાય છે. કેટલાક જાતજાતના રોગોનો ભોગ થઈ અકાળે મૃત્યુ પામે છે. ઘર છોડીને ભાગી નીકળેલા એવા દુનિયાનાં અસંખ્ય બાળકોનું જીવન અંતે કરુણાંતિકા જેવું બની રહે છે.

એક અંદાજ પ્રમાણે દુનિયાભરના બાળમજૂરોના 25% જેટલા બાળમજૂરો ઘર નોકર તરીકે કામ કરે તે ઝાડું કાઢવું, વાસણ માંજવા, કપડાં ધોવા વગેરે પરચૂરણ પ્રકારના ઘરકામ કરવા માટે બહુ મોટી આવડતની જરૂર પડતી નથી. આ બાળમજૂરીના છોકરીઓનું પ્રમાણ ઠીક ઠીક હોય છે. ઘરકામ કરવા માટે બાળમજૂરોને રાખવામાં કાયદાનો પ્રશ્ન બહુ નડતો નથી. કારણ કે આવી નોકરીમાં કોઈ કાયદેસરનું લખાણ હોતું નથી. મજૂરીની રકમ માટે લેખિત

પહોંચ લેવાતી નથી. વળી એવા ઘરોમાં એકથી બે વધારે બાળકો જવલ્લેજ કામ કરતા હોય છે. એટલે તેવા બાળમજૂરો કે તેમને સમુદાય નજરે ચડતો નથી, કેટલાય કુટુંબોમાં બાળમજૂરને કુટુંબના સભ્યની જેમ સારી રીતે રાખવામાં આવે છે. કેટલાક કુટુંબોમાં તો દિવસ રાત ત્યાં જ રહેવાનું હોય છે. તેમને ખાવા–પીવાનું અને કપડાં અપાય છે. કેટલાક ઘરોમાં તો નાની છોકરીઓ કામ કરતી હોય છે. અલબત્ત બીજી બાજુ કેટલાક ઘરોમાં બાળનોકરો પાસેથી નિર્દય રીતે કામ લેવામાં આવે છે. કેટલાય ઘરોમાં લાચાર બાળકોને માલિકના ગાળ અને માર સહન કરવા પડે છે. માનવતા વિહોણું વર્તન હોવા છતાં બાળક કશુ કહી શકતું નથી, કારણ કે નોકરી છોડવા જતા ભૂખે મરવાનો વખત આવે છે.

સામાન્ય સરેરાશ બાળક સહેલાઈથી મજૂરી કરી શકે એવો અને જેમાં બુદ્ધિ ચાર્તુયની બહુ જરૂર ન હોય તેવો બીજો વ્યવસાય તે ખાનપાનનો હોટલ, રેસ્ટોરાં, લોજવીશી વગેરેનો છે. નાના ગામડાઓની નાની નાની હોટલો, રેસ્ટોરન્ટમાં છોકરાઓ કામે લાગી જાય છે. આવી નોકરીમાં છોકરાઓને ખાવા પીવાનું મળે છે. એ એક મોટું આર્કષણ બાળમજૂરોમાં હોય છે. ભલે વધ્યુઘટ્યુ ખાવાનું મળતું હોય તો પણ પોતાના પેટની ચિંતા બાળકને રહેતી નથી. નોકરીમાંથી પગાર મળે છે તેનો ઉપયોગ પોતાને માટે અથવા પોતાના કુટુંબ માટે તે કરી શકે છે. કુટુંબને પણ એ બાળકને ખવડાવવામાંથી રાહત મળે છે. આથી, ગરીબ દેશોમાં બાળમજૂરોનું મોટું પ્રમાણ આવા ખાવા–પીવાના વ્યવસાય તરફ ખેંચાયેલુ રહે છે.

મધ્યમ વર્ગના કેટલાક કુટુંબોના બાળકો ઘરે રહીને મજૂરીનું કામ કરી લે છે. બાળકો માટે સરળતાથી કામ કરીને થોડીક કમાણી કરી લેવા માટે અનેક જાતના વ્યવસાય પ્રર્વતે છે. ગુજરાત, સૌરાષ્ટ્રમાં કપાસની ઋતુમાં કાલાં ફોલવાની પ્રવૃત્તિ ઘરે ઘરે ચાલતી હોય છે.

કેટલાક વ્યવસાયો બાળમજૂરો માટે બહુ પકવનારા અને જોખમ ભરેલા હોય છે. ગરીબી અને બેકારીને કારણે બાળકોને તેવા વ્યવસાયમાં જોડાવું પડે છે. ભારતમાં આંધ્રપ્રદેશના પાંચમ પલ્લીમાં તથા વારણસીમાં સાડીઓના કારખાનાઓમાં, કશ્મીર, મિરઝપૂર, વારાણસી વગેરે સ્થળે આવેલા ગાલીચાના કારખાનાઓમાં, ફિરોઝપુરમાં કાચની બંગડીઓના કારખાનાઓમાં, ગુજરાતમાં ચરોતરમાં બીડી–તંબાકુના કારખાનાઓમાં એમ ઘણાં શહેરોમાં કારખાનાઓમાં કામ કરતા બાળમજૂરોની દશા દયાજનક હોય છે.

ભારતમાં ગાલીચા બનાવનારી કેટલીક કંપનીઓમાં મજૂર તરીકે બાળકોનો ઉપયોગ થાય છે, કારણ કે બાળકો તેવું કામ સારી રીતે કરી શકે છે અને બાળકોને ઓછી મજૂરી આપવાથી ગાલીચા બનાવનારાઓની પડતર કિંમત ઓછી રહે છે અને વેપારીઓ પોતાના ધંધામાં હરીફાઈનો, સામનો કરી શકે છે; પરંતુ, થોડા સમય પહેલા પાશ્ચાત્ય દેશોની કેટલીક કંપનીઓને ભારતીય કંપનીઓ પાસેથી ગાલીચા ખરીદવા અંગે એવી ધમકી આપી હતી કે જો તેઓ બાળમજૂરો પાસે કામ કરાવશે તો તેઓના ગાલીચા ખરીદવાનું બંધ કરી દેવામાં આવશે. આ ધમકીને પરિણામે કેટલીક કંપનીઓએ બાળ મજૂરોને છૂટા કરીને તેની જગ્યા એ પુખ્તવયના મજૂરોને રોક્યાં છે. આવી કેટલીક ઘટનાઓથી બાળમજૂરોની સમસ્યા વિશેષ પ્રકાશમાં આવે છે.

ઈજિપ્તમાં ગાલીચા બનાવવાના ઘણા કારખાનાઓમાં બાળમજૂરો કામ કરે છે. સરકારની પરવાનગી લઈને આવી મજૂરી કાયદેસર કરાવાય છે. વળી સરકાર તરફથી જ બાળમજૂરો માટે ગાલીચા બનાવવાની તાલીમ આપનારી સંસ્થાઓ ચાલે છે. તેઓનો અનુભવ છે કે

ગાલીચાના તાણાવાણા ખેંચવાનું કામ વધારે સારી રીતે થઈ શકે છે. બાળમજૂરો ત્યાં આવું કામ કાયદેસર કરે છે. ઈરાન, ઈરાક વગેરે દેશોમાં પણ ગાલીચાના કારખાનાઓમાં બાળમજૂરો હોય છે.

કેટલાકને એમ લાગે છે કે પાશ્ચાત્ય દેશોની કંપનીઓને ભારત, પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ, ફિલીપાઈન્સ, થાઈલેન્ડ વગેરે એશિયાના દેશોના બાળમજૂરો દ્વારા થયેલા ઉત્પાદનને કારણે તેઓને વેપાર ધંધામાં તીવ્ર હરીફાઈનો સામનો કરવો પડે છે. એટલે બાળમજૂરોના શોષણને નામે તેઓ ઉદાખંત મચાવે છે. જો કે એવી રીતે તેઓએ ઉદ્દપોટ મચાવ્યો હોય તો પણ બાળમજૂરોના શોષણનું સમર્થન થઈ શકે નહીં.

કેટલાક વ્યવસાયો બાળકોને માટે આરોગ્યની દૃષ્ટિએ પણ બહુ જોખમકારક ગણાય છે. સિમેન્ટના કારખાના, ઈંટ–ભઠ્ઠી, દિવાસળી, રંગ, ફટાકડા, કાચ વગેરેના કારખાના એવા પંદરેક પ્રકારના જોખમકારક વ્યવસાયોમાં મજૂર તરીકે બાળકોની ભરતી કરવા ઉપર પ્રતિબંધ ઘણા દેશોમાં છે. ભારતમાં પણ એવો પ્રતિબંધ છે, પરંતુ તેનો અમલ જેટલો કડક રીતે થવો જોઈએ તેટલો થતો નથી. એને પરિણામે શહેરોમાં અને ખાસ કરીને દૂર દૂરના નાના નાના ગામડાઓમાં આવેલા કારખાનાઓમાં બાળમજૂરોનું નિર્દય રીતે શોષણ થાય છે. કેટલાયે કારખાનાઓના માલિકોને આ અંગેના કાયદાઓની પૂરી જાણકારી હોતી નથી. કેટલાકને જાણકારી હોય છે, પણ સરકારી અધિકારીઓ સાથે સંબંધ સાચવી લેવાની આવડત તેમનામાં હોય છે. બાળમજૂરોને તો પોતાના હક્કની ખબર જ ક્યાંથી હોય ?

બાળમજૂરોના ક્ષેત્રે દલાલીનું કામ કરનારા પણ ઘણા છે. તેઓ અતિશય ગરીબ પ્રદેશોમાંથી બાળકોને માબાપની જાણ સાથે કે જાણ વગર મજૂરી માટે દૂરના સ્થળે લઈ જાય છે કે જ્યાંથી બાળક ભાગીને પાછું ઘરે આવી ન શકે. એવા બાળકોની મજૂરીમાંથી અડધી પોતાની દલાલી તરીકે પડાવી લે છે. કેટલીકવાર બાળકને ફક્ત એવું જેવું ખાવાનું જ અપાય છે અને ગુલામની જેમ એની પાસે કામ કરાવાય છે. ક્યારેક આવા દલાલો બાળકોની ઉઠાંતરી પણ કરે છે. અનાથ બાળકોનું તેમાં ઘણું શોષણ થાય છે.

બાળમજૂરોને નોકરીમાં રાખવાનો સરકારી માટે કાયદેસર ત્યારે વિચાર કરાય છે કે જ્યારે કોઈ દેશ લાંબા સમય સુધી યુદ્ધમાં સંડોવાયેલો રહે. યુદ્ધમાં લાખો સૈનિકો મૃત્યુ પામે અને પુરુષોની સંખ્યા ઘટી જાય ત્યારે ચૌદ પંદર વર્ષના છોકરાઓની લશ્કરી તાલીમ આપી યુદ્ધમાં ધકેલાય છે અને બીજા કામો માટે પણ બાળમજૂરીને કામ લગાડાય છે. પહેલા અને બીજા વિશ્વયુદ્ધ વખતે કેટલાક દેશોમાં એવી પરિસ્થિતિ સર્જાઈ હતી.

બાળમજૂરોની એક મોટી સમસ્યા તે જાતીય સતામણીની હોય છે. જે વ્યવસાયમાં બાળમજૂરોને ખાવાપીવા સાથે રહેવાનું પણ તે જ સ્થળે હોય છે અને તે સ્થળે મોટી ઉંમરના નોકરો પણ હોય છે તે સ્થળે નાના છોકરાઓની આ મોટા નોકરો જાતીય સતામણી કરતા હોય છે. કુમળા છોકરાઓને તેનો ભોગ બને છે. પરંતુ પૈસા મળતા હોવાના કારણે કે નોકરી છુટી જવાના ભયને કારણે કે માર ખાવાની બીકને લીધે તેઓ કશું બોલી શકતા નથી અને આ જાળમાંથી છૂટી પણ શકતા નથી. કેટલેક સ્થળે કુમળી વયની છોકરીઓ આવું કામ જ્યાં કરતી હોય છે. ત્યાં આવી જાતીય સતામણીનો ભોગ બને છે. ક્યારેક આવી ઘટનાઓના ઉગ્ર પરિણામો આવે છે. કુમળા બાળકો ભંયકર રોગના ભોગ બને છે. દુનિયાના ઘણાં મોટા શહેરોમાં

બજારૂ સ્ત્રીઓના વ્યવસાયમાં પણ બાળકોને નોકરીએ રાખવામાં આવે છે. તેઓની પાસે જાતજાતના કામો કરાવવામાં આવે છે. ક્યારેક તેઓ દલાલ તરીકે પણ કામ કરે છે. ક્યારેક તેઓ પોતે પણ જાતીય સતામણીનો ભોગ બને છે. આવા કેટલાક બાળકોમાં ખુદ બજારૂ સ્ત્રીઓના બાળકો પણ હોય છે. આવાં બાળકો ઉપર કુમળી વયથી જ એવા કેટલાક ખરાબ સંસ્કાર પડે છે કે ભવિષ્યમાં તેઓ સારા નાગરિક બની શકે છે. એવી સંભાવના ઘણી જ ઓછી રહે છે. પુખ્તવયના ઘણાખરા પોતે એવા હલકા વ્યવસાયમાં જ ઘસડાય છે.

જેટલા બાળકો મજૂરી કરે છે. એટલા બાળકો જો મજૂરી ન કરે તો પુખ્તવયની ઉંમરના માણસોને એટલો નોકરી ધંધો મળી રહે એવી દલીલમાં સત્ય રહેલું હોય તો પણ વ્યવહારમાં તે ઓછી કારગત નીવડે એવી છે. કારણ કે દરેક ઠેકાણે ફક્ત ઉંમરનો જ વિચાર નથી કરાતો એની સાથે બીજી ઘણી આર્થિક અને સામાજિક સમસ્યાઓ સંકળાયેલી રહે છે. જયાં અસ્તિત્વ માટે જ સંઘર્ષ કરવો પડે છે. ત્યાં નાનામોટાનો ભેદ રહેતો નથી. દરેક પોતાના અંગત સ્વાર્થથી જ દોરવાય છે. જે દેશમાં પુખ્ત વયના બેકાર લોકોનું પ્રમાણ વધુ હોય અને બાળમજૂરોનું પ્રમાણ પણ મોટું હોય તે દેશની આર્થિક અને સામાજિક પરિસ્થિતિમા ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યા પછી જ સુધારાઓ સૂચવી શકાય. બાળમજૂરોને દૂર કરવાથી તરફ પુખ્તવયના બેકારોને એટલી રોજી રોટી મળી જશે. એવા ભ્રમમાં રહેવાય નહીં. બલ્કે એમ કરવા જતાં તો બેકારોનું પ્રમાણ વધી જવાનું જોખમ પણ રહે છે.

જે વેપાર ઉદ્યોગમાં પચીસ, પચાસ કેસો બાળમજૂરોને રાખવામાં આવે છે. એવા વેપારીઓની બાળમજૂરો માટે એક એવી દલીલ હોય છે કે બાળમજૂરો પાસે પોતે ધાર્યું કામ કરાવી શકે છે. એથી વેપારમાં પરિશ્રમ સારુ આવે છે તો તેમાં કોઈક માથાભારે અને અવળચંડા પણ આવી જાય છે. તેઓ પોતે તો સરખું કામ કરતા નથી, પરંતુ તેઓ બીજા નોકરોને બગાડે છે અને કેટલીકવાર તો ચીજવસ્તુઓને જાણી જોઈને નુકસાન પહોંચાડે છે. વળી પુખ્તવયના મજૂરો સંપી ને ધીમું કામ કરે છે, હડતાલ પર ઉતરે છે. યુનિયનમાં જોડાઈને કાયદેસરની સમસ્યાઓ ઊભી કરે છે અને ધંધાને ઘણું નુકસાન પહોંચાડે છે, ધંધો બંધ કરવાનો વખત આવે છે. બાળમજૂરો રાખવામાં આવી કોઈ ચિંતા રહેતી નથી. આવા વેપારીઓની દલીલ પોતાના સ્વાર્થ પૂરતી હોય છે. વસ્તુતઃ તેઓ બાળમજૂરોને ઓછું વેતન આપી તેમની પાસેથી વધુ કલાક કામ કરાવી શોષણ કરવાનું લક્ષ્ય રાખતા હોય છે.

બાળમજૂરોની સમસ્યાઓનું કાયદાની દૃષ્ટિએ ગમે તેટલું નિરાકરણ કરવામાં આવે અને ગમે તેટલા પ્રતિબંધ ફરમાવવામાં આવે તો પણ જ્યાં સુધી ગરીબી છે અને બેકારી છે ત્યાં સુધી આ સમસ્યા સારી રીતે હલ કરી શકાશે નહીં. જ્યાં પેટનો ખાડો પૂરાય નહીં ત્યાં બાળકો આવી મજૂરી કરવા તરફ અવશ્ય દોડવાના. ક્યારેક તો કાયદાનો ભંગ કરીને પણ તેઓ તેમ કરવાના અને તે માટે તેમના માતા–પિતાની સંમતિ પણ રહેવાની.

બાળમજૂરી ઉપર કાયદા દ્વારા પ્રતિબંધ લાવી શકાય છે; પરંતુ, એ કાયદાનું પાલન કરવું એટલું સહેલું નથી જે દેશની આર્થિક સ્થિતિ નબળી હોય અને બેકારીનું પ્રમાણ ઘણું મોટું હોય એ દેશમાં બાળકોને મજૂરી કરતા અટકાવવાથી સમસ્યા હળવી થતી નથી. સરકાર પાસે સરખી યોજના ન હોય અને તે માટે પૂરતા પ્રમાણમાં નાણાં ન હોય તો એવા કાયદાઓ અને એવી વાસ્તવિક યોજનાઓ માત્ર કાગળ ઉપર જ રહે છે. તેનું ધાર્યું પરિણામ આવી શકતું નથી.

બાળમજૂરી ઉપરનો પ્રતિબંધ તો જ અસરકારક નીવડી શકે જો સરકાર પાસે ગરીબ કુટુંબોના જીવનનિર્વાહ માટે પૂરી જોગવાઈ હોય. બાળમજૂરી અટકાવી દેવાથી એવા બાળમજૂરો શાળામાં જઈને હોંશે હોંશે અભ્યાસ કરવા લાગશે એમ માનવું ભૂલભરેલું છે. એવું કરવા માટે તો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક દૃષ્ટિએ તેવું સરસ વાતાવરણ ઊભું કરવું પડે, નહીં તો કદાચ સામાજિક સમસ્યાઓ વધી પડે.

જ્યાં ગરીબી, બેકારી છે ત્યાં ત્યાં બાળમજૂરોની સમસ્યા રહેવાની. રશિયામાં બાળમજૂરો હતાં સોવિયેટ યુનિયન થતા બાળમજૂરો રહ્યાં નહીં. હવે સોવિયેટ યુનિયનના વિર્સજન પછી રશિયા અને અન્ય રાષ્ટ્રોની આર્થિક પરિસ્થિતિ બગડતા બાળમજૂરોનું વસ્તુંઓછું પ્રમાણ ચાલુ થઈ ગયુ છે. ગરીબી, બેકારી અને આર્થિક પછાતપણાંને કારણે જે જે દેશમાં બાળમજૂરોની પ્રથા નિર્મૂળ થઈ શકે એમ નથી તે દેશોમાં ત્યાં સુધી સરકાર દ્વારા તેમજ બાળકલ્યાણ માટે કાર્ય કરતી સામાજિક સંસ્થાઓ દ્વારા એટલું તો થવું જોઈએ કે જ્યાં જ્યાં બાળકો મજૂરી કરતા હોય ત્યાં ત્યાં તેમનું શક્તિ ઉપચાર, વધુ પડતા કલાકો કામ કરાવીને શોષણ કરવામાં ન આવે, તેમને મજૂરીની યોગ્ય રકમ નિયમિત મળે, તેમને એઠું ખાવાનું આપવામાં ન આવે, તેમના રહેઠાણની વ્યવસ્થા સ્વચ્છ હોય, એમના પ્રત્યે નિર્દય, અમાનુષી વર્તન ન થતું હોય અને એમની પાસે જોખમકારક વ્યવસાયના કાર્યો ન કરાવતા હોય. બાળ મજૂરોના વિષયમાં ભારતમાં અને બીજા દેશોમાં સ્થપાયેલી કેટલીયે સામાજિક સંસ્થાઓ બાળમજૂરોના હિત માટે, કલ્યાણ માટે સંગઠિત, સંગીન કાર્ય કરી રહી છે. આંતરરાષ્ટ્રીય સંગઠનો પણ સ્થાપાય છે. દુનિયામાં આ વિષયમાં જાગૃતિ ઘણી આવી છે. તો પણ એક ફક્ત ભારતમાં જ જ્યાં કરોડો બાળકો મજૂરી કરતા હોય ત્યાં સમગ્ર એશિયા, આફ્રિકા, લેટિન અમેરિકા તથા અન્ય પ્રદેશોમાં કામ કરતા બાળમજૂરોનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે આ દિશામાં હજૂ તો ઘણું બધું કાર્ય કરવાની આવશ્યકતા છે એવી પ્રતીતિ કર્યા વગર રહે નહી.

બાળકો મજૂરી કરે એટલે દેખીતું છે કે અભ્યાસ તરફ એનું પૂરતું લક્ષ ન હોય. વળી એથી શિક્ષણ પ્રશ્નો એકંદરે તેઓમાં રૂચિનો અભાવ રહે છે. બાળમજૂરો વચ્ચેનું વાતાવરણ પણ એવી રૂચિને પોષક હોતુ નથી. આથી એકંદરે દુનિયાભરમાં બાળમજૂરોમાં નિરક્ષરતાનું પ્રમાણ ઘણું મોટું રહે છે. જ્યાં આર્થિક પરિસ્થિતિ મધ્યમ પ્રકારની હોય એ દેશમાંથી શાળાએ જતા બાળકો રજાના દિવસોમાં અને રોજરોજના ફાજલ સમયમાં કંઈક નોકરી કરીને કુટુંબ માટે થોડી વધુ આવક મેળવવા પ્રયત્ન કરે એવું બનવું અનિવાર્ય છે. ઘણાં માતા–પિતાને પણ એની સામે વિરોધ હોતો નથી. પરતું થોડી મજૂરી કરીને પોતાનું બાળક હોંશિયાર થાય છે અને થોડી કમાણી કરી લાવે છે એ જોઈને તેઓ રાજી થાય છે.

બાળમજૂરી અટકાવવાનો એક સારો ઉપાય તે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ફરજીયાત બનાવવાનો છે. વળી જ્યાં એ ફરજિયાત હોય ત્યાં તેનો અમલ પણ કડક રીતે થવો જરૂરી છે. બાળ શિક્ષણને મફત અને ફરજિયાત બનાવવા માટે કોઈપણ પાસે પૂરતા નાણાં હોવા જરૂરી છે. આઝાદી પૂર્વ ભારતમાં ગાયકવાડ રાજ્યમાં બાળશિક્ષણ મફત અને ફરજિયાત હતું અને એ કાયદાનો અમલ પણ કડક રીતે થતો એટલે શાળામાં અભ્યાસ કરવાને લાયક હોય એવા બાળકો દિવસ દરમ્યાન નોકરી કરવા જતા હોય એવા કિસ્સા ગાયકવાડી રાજ્યમાં જવલ્લે જ બનતા.

કોઈપણ દેશની વસતી જેમ જેમ વધતી જાય એમ એમ તેની શૈક્ષણિક સુવિધાઓ પણ વધવા લાગે છે લોકોની સમજદારી પણ વિકસે છે. પોતાના સંતાનોનો સારો વિકાસ થાય એવી ભાવના માતા–પિતાને અવશ્ય થાય છે. કુટુંબની આર્થિક ચિંતા જો ન રહે તો બાળકો પાસે કોઈ મજૂરી કરાવવાની આવશ્યકતા રહેતી નથી. એને પરિણામે બાળકો શાળાઓમાં સારી રીતે અભ્યાસ કરે છે અને બાળકો શાળાઓમાં સારી રીતે અભ્યાસ કરે છે અને ફાજલ સમય રમત–ગમત, હરવું–ફરવું, ઈતર વાંચન કરવું, મિત્રોને મળવું, મનગમતી પ્રવૃત્તિઓ કરવી વગેરે સારી રીતે વિતાવે છે. તેથી શારીરિક વિકાસની સાથે તેમનો બૌદ્ધિક વિકાસ પણ ઘણો સારો થાય છે. તેઓની પ્રતિભા વધુ તેજસ્વી બને છે. યુરોપ અને અમેરિકામાં બાળમજૂરોનો પ્રશ્ન નથી. એવા દેશોમાં નાના તંદુરસ્ત બાળકોની વિકસેલી બૌદ્ધિક પ્રતિભા જોઈને આ બનતી પ્રતીતિ જશે.

જીવન સતત વિકાસશીલ છે; પરંતુ, તેમાં પણ બાળક જન્મે ત્યારથી તે દસ પંદર વર્ષનું થાય ત્યાં સુધીમાં તેના વિકાસ માટે ઘણો બધો અવકાશ રહે છે. શાળાના સરસ અભ્યાસ સાથે ઘરે રમકડાં, રમત–ગમતના સાધનો ચિત્રો વગેરેના ઉપયોગ દ્વારા તથા હરવા ફરવાની ઈતર પ્રવૃત્તિ દ્વારા પોતાને લાયક ચલચિત્રો, નાટક, સરકસ અને રમતો જોવા તથા તેમને લાયક સચિત્ર પુસ્તકો દ્વારા વિકાસ થઈ શકે છે. વર્તમાન જગતમાં ટી.વી. અને વીડિયોના માધ્યમ દ્વારા એનો યોગ્ય અને ઉચિત ઉપયોગ કરીને પણ બાળકની હોંશિયારી જાણકારી ઘણી સારી રીતે વધારી શકાય છે. તેમનો ફાજલ સમય આનંદમાં ઉલ્લાસમાં કિલ્લોલમાં પસાર કરી શકાય. આજનું બાળક એ આવતી કાલનું નાગરિક છે. સારા નાગરિકો જોઈતા હોય તો આજના બાળકોની સુશિક્ષિત, સંસ્કારી સ્થળ અને તેજસ્વી બનાવવા જોઈએ. કોઈ પણ દેશોમાં તમામ બાળકોને એક સાથે સુધારવાનું કાર્ય એટલું સહેલું નથી, તો પણ વ્યક્તિગત કુટુંબકક્ષાએ કેટલાક કુટુંબો વિષય સામાજિક પરિસ્થિતિમાં પણ પોતાના બાળકોને વધુ તેજસ્વી બનાવી શકે છે. બાળકોના વિકાસમાં માતા–પિતાનું ઉત્તરદાયિત્વ પણ ઓછું નથી. અલબત્ત પોતાના ઉત્તરદાયિત્વ વિશે માતા–પિતાને પણ સભાન કરવા માટે એવા પ્રકારના શિક્ષણની આવશ્યકતા રહે છે.

બાળકોને પ્રભુ અવતાર તરીકે ઓળખાય છે. એમની પાસે અકાળે પશુ જેવી મજૂરી કરાવવી પડે ને કોઈપણ સમાજ માટે લાઈનરૂપ છે. વસ્તુતઃ બાળકોના વિકાસમાં માતા–પિતા, ભાઈભાંડું, સગાં અને પડોશીઓ, શિક્ષકો, સમાજશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ, રાજકીય નેતાઓ, સાધુ સંતો એમ ઘણા બધા ઘણું મૂલ્યવાન યોગદાન આપી શકે છે એ દરેક જો બાળકો પ્રત્યેના પોતાના કર્તવ્યને સારી રીતે સમજે અને નિષ્ઠા અને દૃષ્ટિપૂર્વક તેનો અમલ કરે તો બાળમજૂરોને પ્રશ્ન એટલો ગંભીર રહે નહીં. આવતીકાલના નાગરિકો ઉત્તમ થાય ત્યાં તેમના દ્વારા જગત વધારે આશાસ્પદ બની શકે.

## 3.6 બાળમજૂરીની સૈદ્ધાંતિક સમજ અને પૂર્વાભ્યાસો :

❖ **પ્રસ્તાવના :**

બાળમજૂરી એક પ્રકારે સામાજિક સમસ્યા છે અને તે સામાજિક વ્યવસ્થાની ખામીને કારણે પેદા થાય છે. આ સમસ્યાનું મૂળ કારણ ગરીબી છે. ભારતીય બંધારણ અનુસાર 14 વર્ષની નીચેની ઉંમરનો બાળક જ્યારે આર્થિક નિભાવ હેતુ સવેતન કામમાં જોડાય તેને બાળમજૂર કહેવાય. બાળમજૂરની ઉંમર 14 વર્ષની નિર્ધારિત છે; પરંતુ, રાજ્ય, પ્રદેશ, દેશ કામ મુજબ

તેમાં તફાવત જોવા મળે છે. વર્ષ 1948નાં કાયદા અનુસાર 14 વર્ષથી નીચેની ઉંમરના મજૂરને બાળમજૂર કહેવાય.

❖ **સૈદ્ધાંતિક સમજ :**

બાળમજૂરીનું મુખ્ય કારણ ગરીબી છે, પણ તે ઉપરાંત સામાજિક પછાતપણું, નિરક્ષરતા, બેરોજગારી પણ કારણો છે. ગરીબ કુટુંબમાં દરેક સભ્યને આવક મેળવવા કાર્યરત થવું પડે છે. તેમાં તે જીવનનો અમૂલ્ય સમયગાળો કે જેમાં તેની ભૂમિકા ભજવવા માટે તાલીમ લેવાની હોય છે તે ગુમાવી દે છે અને તેથી તે જીવનભર અકુશળ કારીગર તરીકે કાર્ય કરે છે અને બદલો પ્રાપ્ત કરે છે. પરિણામે એક વિષચક્ર ઊભું થાય છે. વિકસતા દેશોમાં અને ગરીબ દેશોમાં આનું પ્રમાણ વધુ જોવા મળે છે.

ગરીબીને સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારે જોઈ શકાય. સાપેક્ષ એટલે સામાજિક અને ક્ષેત્રીય સંદર્ભમાં, વિવિધ રૂપે જોવા મળે છે. જ્યારે નિરપેક્ષ ગરીબી એટલે અસ્તિત્વ ટકાવી રાખવા માટે જે ન્યૂનતમ સાધનો આવશ્યક છે તે પ્રાપ્ત ન કરી શકવા એકમો નિરપેક્ષ ગરીબીની વ્યાખ્યા ખાસ બદલાની નથી. ગરીબી એ આવક અને મિલકતની અસમાનતા ઊભી કરે છે. જે કુટુંબ ગરીબી રેખાની નીચે હોય છે. પોષણક્ષમ ખોરાક મેળવી શકતું નથી. જેથી તેના આરોગ્ય પર અસર થાય છે. આમ, ગરીબો આરોગ્યની દૃષ્ટિએ અશક્ત બને છે. આર્થિક ઉત્પાદન પર તેની અસર થાય છે. તેથી ગરીબો માત્ર જીવન ટકાવી રાખી શકે છે. આ કુટુંબો પોતાના બાળક જીવી શકે તે માટે કાર્ય કરવા મોકલે છે. આમ, બાળક બાળમજૂર બને છે. ગરીબી નિવારવા દરેક દેશ પ્રયત્નશીલ છે. અનેક નાનામોટા કાર્યક્રમો હાથ ધરાય છે. ગરીબી ને કારણે કુટુંબો શિક્ષણ પ્રાપ્ત કરી શકતા નથી. ગરીબીના મૂળ કારણોમાં વ્યક્તિઓ વચ્ચે રહેલી અસમાનતા છે. અસમાનતાનું મૂળ સત્તા છે. જેમ જેમ અસમાનતાનો વિકાસ થતો જાય તેમ તેમ ગરીબો અને અમીરો વચ્ચેની ખાઈ વધતી જાય છે.

સંઘર્ષ વિચારધારાના ત્રણેના માર્કસ સત્તાની અસમાન વહેંચણીને જ ગરીબી માટે મહત્ત્વનું પરિબળ ગણે છે. થોડાક માણસોના હાથમાં કેન્દ્રિત સત્તા મિલકત કેન્દ્રિત કરે છે અને તેનાથી મૂલ્યવ્યવસ્થા પર પ્રભુત્વ ધરાવે છે. તેથી તે જૂથ પ્રભુત્વ ધરાવે છે અને વિશેષ અધિકાર ભોગવે છે અને બધા જ લાભ પ્રાપ્ત કરે છે. બાકીનાં બધા ધીમેધીમે પછાત બનતા જાય છે. અસમાનતા વધતી જાય છે. એમ તે અનેક પ્રશ્નો, આર્થિક સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન કરે છે. બાળમજૂરી એ આર્થિક સમસ્યા છે. બાળક કુમળી વયથી જ આર્થિક સંસ્થામાં દાખલ થઈ જાય છે. નાની ઉંમરના કારણે અધિકાર, યુનિયન સોદાબાજી વગેરે માટે અસમર્થ બને છે. આ અસમર્થતા તેને સમાજમાં છેલ્લા સ્તર સુધી ધકેલી દે છે.

❖ **પૂર્વાભ્યાસો :**

પશ્ચિમ બંગાળની કોટન હેન્ડલૂમ ઇન્ડસ્ટ્રીઝનો એક કિસ્સો છે. જે નડિયા અને હૂગલી જિલ્લાનો છે. જેમાં 173 બાળમજૂરોનો અભ્યાસ કરવામાં આવ્યો. જેમાં 130 હિંદુ બાળમજૂરો અને 43 મુસ્લિમધર્મ બાળમજૂરો છે. 77 બાલિકા બાળમજૂરો અને 96 પુરુષ બાળમજૂરો છે. 48% બાળમજૂરો દિવસનાં 7 થી 8 કલાક કામ કરે છે. 13% બાળમજૂરો દિવસનાં 10 થી પણ વધુ કલાક કામ કરે છે.

26% બાળમજૂરો દિવસનાં 4 થી 6 કલાક કામ કરે છે. કામ કરનાર બાળમજૂરો મુખ્યત્વે નિશાળના વિદ્યાર્થીઓ છે. જેઓ નિશાળનાં ખર્ચને પહોંચી વળવા કામ કરે છે. 74% મુસ્લિમ બાળકો અશિક્ષિત છે.

ભારતનાં ઇતિહાસ બાળમજૂરીનો પ્રશ્ન નવો નથી; પરંતુ, ધીમે ધીમે ત્રીજા વિશ્વમાં દેશો માટે આ પ્રશ્ન પડકારજનક બની ગયો છે. બાળમજૂરીનાં નિવારણ માટે તથા શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે દરેક ગામડામાં સ્વૈચ્છિક સંસ્થાઓના સહકારથી રાત્રિશાળાઓ શરૂ કરવી જોઈએ.

વિશ્વનાં સમાજો સામે બાળમજૂરી એક સળગતી સમસ્યા છે. બાળકો એ સમાજની રાષ્ટ્રની સંપત્તિ છે. તે સમાજમાં ખીલતા પુષ્પો છે અને તેથી એ ખીલતાં પુષ્પોને યોગ્ય ભવિષ્ય માટે તક આપવી જોઈએ; પરંતુ, એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકા જેવા રાષ્ટ્રો તેના સંપત્તિરૂપી બાળકોને યોગ્ય ભવિષ્ય આપવામાં નિષ્ફળ ગયા છે. બાળમજૂરો શારીરિક અને માનસિક વિકાસથી વંચિત રહે છે. પરિણામે લાંબાગાળે ઉજળા ભવિષ્યની તકો ગુમાવી દે છે. જે બાળકો શાળામાં શોભે તેને કામનાં સ્થળે ધકેલી દેવામાં આવે છે. જેમાં ક્યારેક તો કામનું સ્થળ એટલું જોખમી હોય છે કે બાળમજૂરો અપંગ થઈ જાય છે અથવા મૃત્યુ પામે છે. અપંગ બાળકો પુખ્ત બને ત્યારે એકલા પડી જાય છે. તો ક્યારેક સમાજ અને કુટુંબ માટે ભારરૂપ બને છે. ખેતીક્ષેત્રે બાળમજૂરી પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. ત્યારબાદ ઔદ્યોગિક ક્ષેત્રે જોવા મળે છે. બાળમજૂર કામના કલાક ઉપરાંત વધારાના કલાકો કામ કરે છે, જેમાં પુરુષ બાળમજૂરોની સંખ્યા વધારે છે.

આપણા દેશમાં આંધ્રપ્રદેશ, કર્ણાટક અને મધ્યપ્રદેશમાં પુરુષ બાળમજૂરોની સંખ્યા વધારે છે. હિમાચલપ્રદેશ અને કેરાલામાં તેનું પ્રમાણ ઓછું છે. તો બિહાર, ગુજરાત, હરિયાણા, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળા બાળમજૂરોનું પ્રમાણ મધ્યમ છે.

બાળમજૂરી અને શિક્ષણની વાત કરીએ તો દરેક બાળકને શિક્ષણ મેળવવાનો અધિકાર છે. ફરજિયાત અને મફત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. તેમ છતાં ભારતમાં ઘણા બાળકો શિક્ષણનાં અધિકારથી વંચિત જોવા મળે છે. વર્ષ 1995–96ના NSS ના 52માં અહેવાલ પ્રમાણે 6 થી 14 વર્ષની વયજૂથના 230.4 મિલિયન બાળકો છે. જેમાંથી 61% જ નિશાળમાં જાય છે. તો સમગ્ર વિશ્વનાં 39% બાળકો નિશાળમાં જતા નથી. આ બાળકો બાળમજૂરો હોવાની શક્યતા છે. જો આર્થિક વિકાસ કરવામાં આવે તો બાળમજૂરીનું પ્રમાણ ઘટાડી શકાય. આમ, બાળમજૂરીનાં નિવારણ માટે આર્થિક વિકાસ જરૂરી છે.

સ્વામીનાથનના જણાવ્યા અનુસાર બાળમજૂરોનાં માતા–પિતા બાળકોને ફરજિયાત શિક્ષણ આપે તે માટે કાયદાથી ફરજ પાડવી જોઈએ અને જો આમ ન કરવામાં આવે તો સજા કરવામાં આવે. બાળકોને નિશાળમાં આકર્ષવા શાળામાં મધ્યાહન ભોજન પણ આકર્ષી શકાય. બાળમજૂરોને શિક્ષણ આપવામાં NGO સ્વૈચ્છિક સંગઠનો પણ અસરકારક ભૂમિકા ભજવી શકે. મધ્યપ્રદેશનું એકલવ્ય સંગઠન, રાજસ્થાનનું લોકઝુંબેશ અને આંધ્રપ્રદેશનું એમ.વી. ફાઉન્ડેશન અસરકારક ભૂમિકા ભજવે છે.

બાળમજૂરી એક સામાજિક દૂષણ છે. તેના મૂળને જલ્દીથી ઉખેડી નાખવા જોઈએ, જેને દૂર કરવા ભારતમાં વિવિધ યોજનાઓ અને સરકારી કાર્યક્રમો કાર્યરત છે. બાળમજૂરો 6 કે

7 વર્ષની ઉંમરે બાળમજૂરી શરૂ કરે છે. તામિલનાડુના એક અભ્યાસ છે. જેના 4 હેતુઓ છે. પ્રથમ હેતુ બાળકો અને આર્થિક બાબતો વચ્ચેનો સહસંબંધ તપાસવો. બાળકોનો જન્મદર અને મૃત્યુદર વચ્ચેનો સહસંબંધ તપાસવો, બાળકોની ગુણવત્તા અને માત્રા તપાસવી. જે અભ્યાસનું તારણ આવ્યું કે જન્મદર, નિરક્ષરતા અને કુટુંબની આર્થિક પરિસ્થિતિ વચ્ચે સહસંબંધ જોવા મળે છે. ગામડામાં ગૃહઉદ્યોગો અને ખેતીકામમાં બાળમજૂરી વધુ પ્રમાણમાં જોવા મળે છે. એક રિસર્ચ અનુસાર સ્ત્રીનું લગ્નજીવન કેટલા બાળકોને જન્મ આપવો તે અંગે નિર્ણાયક બને છે, તેથી તે સ્ત્રીઓની લગ્નવય ઊંચી લઈ જવામાં આવે તો જન્મદર પર નિયંત્રણ લાવી શકાય. ઘરે રહેતી છોકરી ઓછામાં ઓછી 17 થી 20 વર્ષની ઉંમરે લગ્નજીવનમાં પ્રવેશ કરે છે. ત્યારે માતા–પિતા સમજાવવા જોઈએ કે છોકરીની ઉંમર ઓછામાં ઓછી 21 વર્ષની થાય ત્યારે લગ્ન કરાવવા જોઈએ. શારદા એક્ટ પ્રમાણે છોકરીની લગ્ન માટેની વય 18 વર્ષ નક્કી કરી છે તે વધારીને 21 વર્ષની કરવામાં આવે તો જન્મદર નિયંત્રણમાં કાબૂ લાવી શકાય. સ્ત્રીઓ સમય ઘરકામ અને ઘર સિવાયનાં કામમાં વ્યતીત થશે તો બાળપ્રજનન તરફ તેનું વલણ ચોક્કસ બદલાશે. બાળકોમાં માતાનો સમય વ્યતિત થઈ જાય છે. તેથી બાળકો માટેનાં કામ, તેને બીજા બાળકોને જન્મ આપતા રોકશે. આમ, આર્થિક સ્થિતિ અને ગરીબી રેખા વચ્ચે સહસંબંધ છે. તેવી જ રીતે જો બાળકોને શિક્ષણ સાથે તથા સ્ત્રી પુરુષોને ઘરગથ્થું વ્યવસાય સાથે સાંકળવામાં આવે તો તેની સીધી અસર જીવન જીવવાની પદ્ધતિ પર પડશે અને સહજ રીતે જન્મદરમાં ઘટાડો થશે.

ભારતમાં બાળમજૂરી સદીઓથી ચાલી આવે છે. બાળકોને ભગવાને આપેલી ભેટ ગણવામાં આવે છે. બાળકોને હકીકતમાં સંભાળ અને પોષણની જરૂર વધારે હોય છે; પરંતુ, કમનસીબી એ છે કે સમાજની આર્થિક સામાજિક પરિસ્થિતિ તેમનું શોષણ કરે છે અને જરૂરિયાતથી વંચિત રાખે છે. કહી શકાય કે ગરીબ બાળકો પાસેથી ઘણું બધુ છીનવી લે છે. ચૌદ વર્ષની નીચેની ઉંમરના બાળકો મુખ્યત્વે અસંગઠિત ક્ષેત્રોમાં મજૂરી કરે છે. આપણા દેશમાં ગરીબી, સાક્ષરતાનું નીચું પ્રમાણ જરૂરિયાતમંદ લોકો અને સ્થાપિત હિતો બાળમજૂરી માટે જવાબદાર ગણાય છે. બાળમજૂરો માટે ઔપચારિક શિક્ષણની વ્યવસ્થાની પુનઃરચના કરવાની જરૂર લાગે છે. ગ્રામીણ વિસ્તારોમાં જે શિક્ષણ પ્રણાલી છે તેને ખેતીને અનુરૂપ બનાવવાની જરૂર છે. ગ્રામીણ શાળાને ગ્રામીણ વાતાવરણને અનુરૂપ બનાવવામાં આવે તો પણ બાળકોનું શાળા છોડી દેવાનું પ્રમાણ ઘટશે.

સમાજશાસ્ત્રી મેઘી ઈરાનીના જણાવ્યા અનુસાર બાળમજૂરીનાં મૂળમાં ગરીબી અને નિરક્ષરતા છે. ભારતીય સમાજમાં બાળમજૂરીનાં મૂળમાં ગરીબી, નિરક્ષરતા અને વસ્તીવધારો મુખ્ય છે. ભટકતું જીવન જીવતા કુટુંબોનાં બાળકોને કોઈ રક્ષણ હોતું નથી કે કાયમી સરનામું હોતું નથી. તો ક્યારેક ચોરી, લૂંટ કે અન્ય ગુનાહિત પ્રવૃત્તિમાં આવા બાળકો જોડાય છે. તેવું પણ સામે આવ્યું છે. તો કેટલાક બંધુઓ મજૂર બાળકો હોય છે કે જેમના માતા–પિતાએ કામના સ્થળે કે અન્ય જગ્યાએથી અગાઉ પૈસા ઉપાડ પેટે લીધા હોય છે અને માલિકને તે પૈસા સમયસર ચૂકવી શક્યા નથી. પરિણામે, એ ઉછીના લીધેલા પૈસા અને તેનું ઊંચુ વ્યાજ ચૂકવવા બાળકોને પણ મજૂરીએ મોકલી દેવામાં આવે છે. જે બાળકો ખેતીકામ કે ઘરગથ્થું કામમાં વિશેષ જોવા મળે છે.

ભારતમાં અંદાજે 10 લાખ બાળકો વિવિધ પ્રવૃત્તિઓમાં બાળમજૂરી કરે છે. બાળમજૂરી અટકાવવા શંકા ઉપજે છે. ભારતમાં બાળમજૂરો માટે રાષ્ટ્રીય નીતિ 1987માં ઘડવામાં આવી. જે અંતર્ગત બાળમજૂરોને રક્ષણ પાડતી યોજનાઓ અમલમાં આવી.

ભારતીય સમાજના આર્થિક પ્રવૃત્તિમાં બાળકોની સહભાગિતા એ નવું નથી; પરંતુ, સહભાગિતાને કારણે બાળકના વ્યક્તિત્વના વિકાસ પર અસર પડે છે. તેથી તેને પણ સામાજિક દૂષણ ગણવું જોઈએ. બાળમજૂર બનવાને કારણે બાળક સ્વાભાવિક આનંદ અને બાળપણથી વંચિત રહી જાય છે. ભારતમાં 40 % ઉપરાંત વસ્તી ગરીબી રેખાની નીચે જીવે છે. ગ્રામીણક્ષેત્રે રોજગારીની તકો ઓછી હોવાથી શહેરો તરફ સ્થળાંતર થાય છે. શહેરોમાં ચાની લારી અને ઢાબામાં બાળમજૂરો વધારે નજરે પડે છે. ત્યારે લેખકના મતે બાળમજૂરોનાં માતા–પિતાને થોડું ઘણું ભથ્થું આપવાની પણ જોગવાઈ હોવી જોઈએ. ભારતમાં આવી કોઈ યોજના અમલમાં નથી. વિશ્વનાં કેટલાંક દેશો જેવાં કે ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુનાઈટેડ કિંગડમ અને ફ્રાન્સમાં આવી જોગવાઈ છે.

ભારતમાં બાળમજૂરો તો ઠીક, વિધવાઓ અને નિવૃત લોકોની હાલત પણ કફોડી છે. ભારતીય સમાજમાં સ્ત્રી બાળક અને પુરુષ બાળકનો ઉછેર ખૂબ જ પરંપરાગત રીતે થાય છે. પુરુષ બાળકને કુટુંબને રોજીરોટી આપનાર તરીકે જોવામાં આવે છે. ગરીબ અને ઓછું ભણેલા માતા–પિતા ઇચ્છે છે કે તેમનું બાળક વહેલામાં વહેલું રોજીરોટી મેળવી શકે. બાળકોમાં કોઈ કુશળતા આવતી નથી અને તેથી તેને પૂરતું વેતન મળતું નથી. તો વળી ખેતી અને નાના પાયાના ઉદ્યોગોને કાયદાઓ લાગું પડતા નથી. આ ઉપરાંત સરકાર દરેક જગ્યાએ બાળમજૂરોની તપાસ કરવામાં નિષ્ફળ ગઈ છે.

સમાજશાસ્ત્રી પથારે એ વર્ષ 1998માં બાળમજૂરોના સામાજિક કારણો ઉપર અભ્યાસ કર્યો છે. પથારે વર્ષ 1996માં હરિયાણામાં હિસારનાં બાળમજૂરોનો અભ્યાસ કર્યો. જેમાં 97% અનુસૂચિત જાતિ અને પછાત જ્ઞાતિના બાળમજૂરો હતાં. આ અભ્યાસમાં 10% બાળકો 10 થી 15 વર્ષની વયજૂથનાં હતા. મોટાભાગનાં બાળમજૂરોના માતા–પિતા અશિક્ષિત તથા ગરીબી રેખા નીચે જીવનારા હતા. કુટુંબની ઓછી આવક, બેકારી, પિતાનું દારૂનું વ્યસન વગેરેને કારણે કુટુંબનાં નિભાવ અર્થે બાળકો મજૂરી કરતા હતા. તો વળી, કાયમી આવક ન હોવાને કારણે બાળકોને શાળાએ અભ્યાસ કરાવતા ન હતા. બધા જ બાળકો દિવસના 10 કલાક કામ કરતા, તો સ્ત્રી બાળમજૂરોને પુરુષ બાળમજૂરની તુલના એ ઓછું વેતન ચુકવવાનું.

બાળમજૂરી નિવારવા પથારેએ આ મુજબ સૂચનો કર્યા હતા. ફેમિલી પ્લાનીંગને એક ઝુંબેશ તરીકે લેવું જોઈએ. સરકારી સંસ્થા તથા સ્વૈચ્છિક સંસ્થાએ સાથે મળીને કામ કરવું જોઈએ.

મોહમ્મદ મુસ્તફા અને ઓમકાર શર્માના જણાવ્યા પ્રમાણે બાળમજૂરો કાં તો અનાથ હોય છે અથવા તો માતા–પિતા દ્વાર તરછોડવામાં આવેલા હોય, માતા–પિતા દ્વારા છૂટાછેડા લેવામાં આવેલ હોય ત્યારે કૌટુંબિક પ્રશ્નોને કારણે પણ બાળકોએ બાળમજૂરી કરવાની ફરજ પડે છે. ખેતીક્ષેત્રે વકીલનું મૃત્યુ થાય ત્યારે પણ બાળકોને બાળમજૂરી સિવાય છૂટકો નથી. નાનીવયે મજૂરીમાં જોડાવાને કારણે બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ રૂંધાય છે. બાળમજૂરોને ભણવા અને રમવાને બદલે કામ કરવું પડે છે. શિક્ષણને આધારે બાળકોને 3 શ્રેણીમાં વિભાજીત કરાયા છે. પહેલી શ્રેણીમાં એવા બાળકો કે જેઓ ક્યારેય નિશાળમાં ગયા નથી. બીજી એ શ્રેણી કે જેમાં બાળકો થોડા સમય માટે નિશાળે ગયા હોય, અને પછી છોડી

દીધી હોય, અને કામની શરૂઆત કરી હોય. ત્રીજી શ્રેણી એવી છે જેમાં બાળકો શિક્ષણ પણ પ્રાપ્ત કરે છે અને કામ પણ કરતા હોય આ ત્રણેય શ્રેણીમાંથી પ્રથમ શ્રેણીવાળા બાળકોની સંખ્યા સૌથી વધારે જોવા મળી છે. બાળમજૂરી માટે માત્ર કુટુંબને જ નહીં સમગ્ર સમાજને દોષી ઠેરવવો જોઈએ.

ચાઈલ્ડ લેબર એન્ડ વુમન વર્કસ પુસ્તકનાં લેખક જણાવે છે કે બાળમજૂરો અને સ્ત્રી મજૂરો એ રાષ્ટ્રીય જ નહીં; પરંતુ, આંતરરાષ્ટ્રીય પ્રશ્ન છે. આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનનાં સભ્ય દેશોમાંથી સૌપ્રથમ છ દેશોમાં બાળમજૂરીનાં કાર્યક્રમોના અમલની શરૂઆત કરવામાં આવી. જેમાં મુખ્યત્વે બ્રાઝિલ, ભારત, ઇન્ડોનેશિયા, કેન્યા, થાઈલેન્ડ અને તુકીનો સમાવેશ થાય છે. ત્યારબાદ બીજા 6 દેશ બાંગ્લાદેશ, કેમરૂન, ઈજીપ્ત, પાકિસ્તાન, ફિલિપાઈન્સ અને તાન્ઝાનિયાનો સમાવેશ કરાયો. આમ, બાળમજૂરી નિવારણ માટે સમગ્ર વિશ્વનાં દેશોમાં કાર્યરત અને ચિંતિત છે.

❖ **ઉપસંહાર :**

બાળમજૂરો પર અનેક સંશોધનો થયા છે. જેમાં પરિસ્થિતિનો જીવંત ચિતાર મળે છે જો બાળમજૂરી નિવારણ માટેના કાયદાઓનું અમલીકરણ યોગ્ય અને સચોટ રીતે થાય તો નિવારણની શક્યતાઓ વધી જાય; પરંતુ, એકવાત ચોક્કસ છે કે આ ઉપાયો કોઈ જાદુઈ છડી નથી કે તેનાથી બાળમજૂરીને તાત્કાલિક નિવારી શકાય. બાળમજૂરીનાં નિવારણ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન યુનિસેફ અને યુનેસ્કોના સંયુક્ત ઉપક્રમે પ્રયત્નો આદરવામાં આવી રહ્યાં છે. ત્યારે આશા રાખીએ કે એક દિવસ જરૂર બાળમજૂરીનો અંત આવશે અને બાળમજૂરોનાં જીવનમાં સોનાનો સૂરજ ઉગશે.

## 3.7 ઉપસંહાર :

ઉપરોક્ત તમામ બાળકોનાં પ્રકાર વિશે જે માહિતી મેળવી જેથી બાળકોની સમસ્યા વિશે વિગતવાર માહિતી મળી સાથે સાથે જુદા જુદા પ્રકારનાં બાળકો સમાજમાં છે એમની સમસ્યા શું હોઈ શકે એ સમસ્યાના શું કારણો છે ? એની શું લાક્ષણિકતાઓ છે ? એ સમસ્યાને ઉકેલવા માટે સમજ તથા સરકાર દ્વારા શું પ્રયત્નો થયા છે ? તેના વિશે વિગતવાર માહિતી મળી જે સમાજકાર્યનાં વિદ્યાર્થીઓ તરીકે ખૂબ જ ઉપયોગી નીવડશે.

## 3.8 તમારી પ્રગતિ ચકાસો :

1. શેરીના બાળકોને કેટલા ભાગમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે ?

   (A) બે (B) ચાર (C) છ (D) આઠ

2. ભારતમાં લગભગ કેટલા બાળકો ઘર વિહોણા અને શેરીના સંતાનો છે ?

   (A) 4,00,000 (B) 4,50,000 (C) 5,00,000 (D) 5,50,000

3. શેરીના બાળકો પૈકી કુલ સંખ્યાના કેટલા બાળકો ખરેખર ઘર વિહોણા હોય છે અને તેમનો સંપર્ક કુટુંબ સાથે તૂટી ગયેલ છે ?

   (A) 05 થી 10 ટકા (B) 05 થી 20 ટકા

   (C) 21 થી 30 ટકા (D) 31 થી 40 ટકા

4. કેટલા બાળકો દિવસ દરમિયાન ભૂખ્યા રહેવા ટેવાયેલા જોવા મળ્યા હતા ?

(A) 10 ટકા (B) 20 ટકા (C) 30 ટકા (D) 40 ટકા

5. સરકારી સંસ્થાઓ કેટલી વર્ષની ઉંમરના બાળકોને સંરક્ષણ આપે છે ?

(A) 13 (B) 15 (C) 17 (D) 18

## 3.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (B) **2.** (A) **3.** (B) **4.** (D) **5.** (A)

## 3.10 ચાવીરૂપ શબ્દો :

1. **શેરી બાળક :** રસ્તે રઝળતા બાળકોને શેરી બાળક કહેવામાં આવે છે. આ બાળકો હૂંફ, સંરક્ષણ અને માર્ગદર્શન વગરનું જીવન જીવી રહ્યાં છે. આ બાળકો ઘણીવાર શોષણ અને બાળમજૂરીનો ભોગ બને છે.

2. **યુનિસેફ :** યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ – ને ટૂંકમાં UNICEF તરીકે ઓળખવામાં આવે છે. જે બાળકોના મુદ્દે કાર્યરત આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.

3. **બાળમજૂર :** બાળમજૂર એટલે બાળકની ઉંમર 14 વર્ષ કે 14 વર્ષથી નાની હોય અને તે આવક મેળવવા માટે કોઈપણ પ્રકારનો શારીરિક શ્રમ કરે તેવા બાળકોને બાળમજૂર કહેવામાં આવે છે.

## 3.11 સ્વાધ્યાય લેખન :

1. તરછોડાયેલા/નિરાધાર બાળકો કોને કહેવાય ? તેની લાક્ષણિકતાઓ જણાવો.
2. શેરીના બાળકો તેમના કુટુંબ અને વાલીઓનો ત્યાગ શા માટે કરે છે ? તેની પૂર્વધારણાઓ વિશે સમજાવો.
3. તરછોડાયેલા/નિરાધાર બાળકો માટેના પુનર્વસનનાં પગલાંઓ વિગતે સમજાવો.
4. બાળમજૂરોની સમસ્યા વિગતે સમજાવો.
5. બાળમજૂરીની સૈદ્ધાંતિક સમજ આપી બાળકો વિશે થયેલાં પૂર્વાભ્યાસો વિશે વિગતે સમજાવો.

## 3.12 પ્રવૃત્તિ :

1. શહેરી વિસ્તારમાં બાળમજૂરી કરતા બાળકનાં જીવન વિશે રૂબરૂ મુલાકાત લઈ જાણકારી મેળવી તેની એક નોંધ તૈયાર કરો.
2. ઝુંપડપટ્ટી વિસ્તારની મુલાકાત લઈ ઝુંપડપટ્ટી વિસ્તારનાં બાળકો વિશે જાણકારી મેળવી તેમની દિનચર્યા વિશે નોંધ તૈયાર કરો.

## 3.13 કેસ સ્ટડી :

1. રેલવે સ્ટેશન / બસ સ્ટેશનની મુલાકાત લઈ કોઈ એક બાળક વિશે કેસ સ્ટડી તૈયાર કરો.
2. નાની ઉંમરમાં વ્યસન કરતાં બાળકો પૈકી કોઈપણ બે બાળકો વિશે કેસ સ્ટડી તૈયાર કરો.

## 3.14 સંદર્ભગ્રંથ :


1. વિકિપિડીયા (એનસાઈક્લોપિડિયા) : ભારત સરકાર, સમાજકાર્ય મંત્રાલય.
2. Research Cate Net : વેબસાઈટ
3. પારિભાષિક કોશ : સમાજશાસ્ત્ર, ડૉ. વિદ્યુતભાઈ જોષી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

# એકમ–4 બાળકો માટે કાનૂની રક્ષણાત્મક પગલાં

## : એકમનું માળખું :


4.0 એકમનો પરિચય

4.1 એકમના હેતુઓ

4.2 પ્રસ્તાવના

4.3 બાળકો માટે બંધારણીય જોગવાઈઓ

4.4 ઉપસંહાર

4.5 તમારી પ્રગતિ ચકાસો

4.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

4.7 ચાવીરૂપ શબ્દો

4.8 સ્વાધ્યાય લેખન

4.9 પ્રવૃત્તિ

4.10 કેસ સ્ટડી

4.11 સંદર્ભગ્રંથ


## 4.0 એકમનો પરિચય :

વિકાસનાં પરિપ્રેક્ષ્યમાં તમામ પાસાંઓને જોવામાં આવે છે. મનુષ્યનો વિકાસ તમામ પાસાને ધ્યાને લઈ કરવામાં આવે તો વિકાસ નિશ્ચિત છે. એમાંથી ખાસ બાળઉછેર બાળકોની સમસ્યા બાળકોના પ્રકારો વિશે વિગતવાર માહિતી હોય તેનાં કારણો, લાક્ષણિકતાઓ ઉકેલ અને કાયદાકીય પગલાં ખબર હોય તો જરૂરી છે. બાળકોની સમસ્યાઓનો ઉકેલ જરૂરી છે. બાળકોની સમસ્યા માટે જો ન વિચારીએ તો બાળકો ભવિષ્યનાં નાગરિકો છે તો ભવિષ્યનો સમાજ મુશ્કેલીમાં મૂકાય બાળકોની સમસ્યાઓ સામાજિક રીતે દૂર કરવાનો પ્રયત્ન થાય; પરંતુ, એની સાથે બાળકો માટેની કાનૂની તથા રક્ષણાત્મક પગલાં હોવા જરૂરી છે અને એને સમજવા એટલાં જ જરૂરી છે. જેથી બાળકોની સમસ્યાઓ દૂર કરી શકાય અને બાળ વિકાસ થઈ શકી. આ એકમમાં બાળકો માટે કાનૂની રક્ષણાત્મક પગલાં વિશે વિગતવાર માહિતી આપવામાં આવેલ છે જે સમાજકાર્યનાં વિદ્યાર્થીઓ તરીકે ઉપયોગી થશે.

## 4.1 એકમના હેતુઓ :

આ એકમમાં બાળકો માટે કાનૂની રક્ષણાત્મક પગલાંઓ વિશે ચર્ચા કરવામાં આવેલ છે.

## 4.2 પ્રસ્તાવના :

બાળકોનો ઉછેર માવજત અને તેમના જીવનનું મહત્ત્વ આપણે સમજી શક્યા નથી. તેની નોંધ લેતાં દુઃખ થાય છે. અંગ્રેજ કવિ વડર્ઝવર્થે બાળકને 'માનવનો પિતા' તરીકે નવાજ્યો છે. ગુર્જર મહાકવિ ન્હાનાલાલે બાળકોને પ્રભુતાં પયંગબરો તરીકે બિરદાવ્યાં છે. ભારતીય સમાજના બાળકો પ્રત્યેની અવગણના આપણા સમાજનું પ્રતિબિંબ પાડે છે.

❖ **બાળક એક ચેતના :**

માનવનો પિતા હોવા ઉપરાંત, બાળકમાં ચેતના કંડારાયેલી છે અને સાથે સાથે ભવિષ્યની મહેચ્છાઓ અને આકાંક્ષાઓ પણ રહેલી હોય છે. ઇતિહાસના વહેણમાં એક પછી એક માનવપેઢીઓ શાલીન થતી જાય છે અને નવી ઊગતી પેઢીઓ દ્વારા નવી ચેતનાઓ ઊગતી હોય છે. કોઈક ગાંધી કે લિંકન, સમ્રાટ અશોક કે લેનિન યુગપલટો કરાવે છે. એ બધાં પણ એક સમયે તો બાળકો જ હતાં.

ભારતના સ્વાતંત્ર્ય—સંગ્રામમાં યુવાન પેઢીએ પોતાનું બતાવેલું તેનું મુખ્ય કારણ તે સમયના યુવાનો માટે દેશની આઝાદી સિદ્ધ કરવાનો એક આદર્શ હતો. આજે યુવાનો સમક્ષ એવા પવિત્ર આદર્શનો શૂન્યાવકાશ જણાય છે.

સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી આપણો યુવાન નિષ્ક્રિય થયેલો છે. દેશના બાળધન, યુવાનો દેશના પુનરુત્થાનમાં જેટલો હિસ્સો આપવો જોઈએ, તેનો કંઈક અભાવ જણાય છે. કંઈક ઊણપ દેખાય છે. શ્રમનો અભાવ, આરામયુક્ત જીવન જીવવાની વૃત્તિએ યુવાનોને જ કહી દીધા છે.

❖ **આ કાયદાનું ધ્યેય :**

વર્ષ 1979નાં વર્ષને બાળવર્ષ તરીકે વિશ્વમાં ઊજવાયું. તે અગાઉ વર્ષ 1959નાં વર્ષમાં સંયુક્ત રાષ્ટ્રસંઘે વિશ્વનાં બાળકોના મૂળભૂત અધિકારોની ઉદ્ઘોષણા કરી હતી. આપણે ત્યાં પણ બાળકોના હક્કનું રક્ષણ કરતાં અનેક કાયદાઓ કરવામાં આવ્યા, કાયદો તો એક સાધન છે. શસ્ત્ર છે તે આખરી વિજય નથી. સાધ્ય તો છે બાળકોની સુખાકારી, શોષણમુક્તિ અને બાળજીવનનો સવર્તોમુખી વિકાસ જે તેમના ભવિષ્યના જીવનપ્રવાહનો મજબૂત પાયો બની શકે. ગુજરાતની વર્ષ 1991ની કુલ વસ્તી 613 લાખ છે તેમાં 14 વર્ષ સુધીના બાળકોની સંખ્યા 148 લાખ છે, જે 32% જેટલી થાય છે. દર વર્ષ ગુજરાતની વસ્તીમાં મૃત્યુના કેસો બાદ કર્યા પછી સરેરાશ વાર્ષિક લાખનો વસ્તીવધારો થાય છે. જન્મ પામતાં બાળકોની સંખ્યામાંથી તંદુરસ્ત બાળકોની સંખ્યા ઓછી હોય છે. ઘણા બાળકોનું વજન જરૂરિયાત કરતાં પણ ઓછું હોય છે. ઊંટાર્ટિયુ, કોલેરા, અછબડા, ઓરી, ધનૂર, શીતળા અને પોલિયો આ રોગોમાંનો કોઈ પણ એક રોગ ઘણા બાળકોનો ભોગ લે છે. આ રોગની રસી અને ઇન્ફેક્શનનો ઉપલબ્ધ હોવા છતાં બધા જ બાળકોને આ રસી અને ઇન્જેક્શનોની સારવારનો લાભ મળતો નથી. ગતિશીલ દેશોમાં બાળમરણનું પ્રમાણ 10 થી 20 છે પરંતુ વર્ષ 1994માં ગુજરાતમાં દર 1000 બાળકોની સંખ્યાએ બાળમજૂરોનું પ્રમાણ 640 છે.

## 4.3 બાળકો માટે બંધારણીય જોગવાઈઓ :

માનવીનો વેપાર ફરજિયાત ભિક્ષાવૃત્તિ અને મજૂરી વેઠવી મનાઈની જોગવાઈ. આ જોગવાઈ બાળકોને ખાસ લાગુ પડે છે. કોન્ટ્રાક્ટથી પણ ઈચ્છા વિરુદ્ધ કામ કરવાની ફરજ પાડી શકાય નહીં.

14 વર્ષની વયથી નીચેના કોઈપણ બાળકને કારખાનામાં, ખાણમાં કે બીજા એવા જોખમકારક વ્યવસાય કે રોજગારીમાં નોકરીએ રાખી શકાશે નહીં.

કુમળી અને નાની વયનાં બાળકોનું સ્વાસ્થ્ય અને આર્થિક સુખાકારીને સંપૂર્ણ રક્ષણ મળવું જોઈએ અને આર્થિક અનિવાર્યતાને કારણે તેમને અનુરૂપ ન હોય તેવી રોજગારી લેવાની ફરજ ન પાડે તે માટે પૂરતું રક્ષણ તેમને મળવું જોઈએ.

સામાજિક કે આર્થિક શોષણની સામે તેમ જ નૈતિક અને આર્થિક પતનની સામે બાળકોને સંપૂર્ણ રક્ષણ આપવાનું રહેશે.

આ બંધારણ અમલમાં આવ્યા પછી દસ વર્ષના સમયમાં દેશના તમામ બાળકો જેઓ 14 વર્ષની અંદરની વયનાં હોય તેઓને માટે ફરજિયાત કેળવણી આપવાનો પ્રબંધ કરવાનો રહેશે.

❖ **બાળકો માટેની રાષ્ટ્રીય નીતિ :**

દેશની આઝાદી પછીનાં છેલ્લાં ત્રીસેક વર્ષોમાં ભારત સરકારે અને રાજ્ય સરકારોએ બાળકોના હક્કનું રક્ષણ, તેમની માવજત અને સારસંભાળ જળવાય તે હેતુથી કેટલાક કાર્યક્રમો અને આયોજનો કર્યા છે. દેશની પંચવર્ષીય યોજનાઓમાં પણ બાળકોની કેળવણી, તેમની તંદુરસ્તી સુખાકારી, રોજગારી અને રક્ષણ વિશે જુદા જુદા કાયદાઓ તેમ જ કાર્યક્રમો અપનાવવામાં આવ્યાં છે.

વર્ષ 1974માં ભારત સરકારે બાળકો માટેની રાષ્ટ્રીય નીતિનું નિમાર્ણ કર્યુ છે.આ નીતિ અનુસાર ભારતના બાળકો માટે તેમના જન્મ અને ત્યાર પછીના ઉછેર માટે નીચેની બાબતોને આવરી લેવામાં આવી છે. :

1. તમામ બાળકોને તંદુરસ્તી અને સ્વાસ્થ્યના કાર્યક્રમમાં આવરી લેવો.
2. બાળકોને પોષણયુક્ત આહારની વ્યવસ્થા.
3. જન્મ આપનાર માતાઓની તંદુરસ્તી તથા પોષણ અને તે બાબતોની સમજ કેળવણી દ્વારા પૂરી પાડવાનો પ્રબંધ.
4. 14 વર્ષની વયનાં તમામ બાળકોને ફરજિયાત મફત શિક્ષણ આપવાનો પ્રબંધ, વિશેષ કરીને નબળાં વર્ગોના છોકરા–છોકરીઓનું ભણતર અને તેમની સંખ્યાની જાળવણી.
5. જે બાળકો સામાન્ય શિક્ષણ લેવા અસમર્થ હોય તેમને વિકલ્પ બીજા સ્વરૂપની કેળવણી પૂરી પાડવી.
6. રમત–ગમત અને શારીરિક કેળવણીને પ્રોત્સાહન આપવું તેમ જ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિકસાવવી.

7. ગ્રામ અને શહેરી વિસ્તારનાં નબળા વર્ગનાં બાળકોને સમાન તકો મળી રહે અને પ્રગતિ સાધી શકે છે, તે માટેનાં યોગ્ય પગલાં લેવાં.

8. ઘરબારવિહોણાં અપંગ બાળકોને જીવનમાં પ્રસ્થાપિત કરવાં.

9. ક્રુરતા, શોષણ વગેરે પ્રદૂષણોથી બાળકોની મુક્તિ

10. જોખમકારક અને બીજાં શ્રમભરેલા કાર્યો કે રોજગારી કરતાં બાળકોને માટે પ્રતિબંધ કરવો.

બાળકોની આ રાષ્ટ્રીય નીતિના સંદર્ભમાં બાળકો માટેનું એક બાળ–રાષ્ટ્રીય બોર્ડ રમવામાં આવ્યું છે, જેના અધ્યક્ષ દેશના વડાપ્રધાન છે. આ બોર્ડની સીમા વર્ષમાં બે વખત મળે છે અને બાળકોના ઉત્કર્ષ માટેના આયોજન વિશેના કાર્યક્રમો અને પગલાંઓનું અવલોકન કરે છે. મધ્યસ્થ સત્રના આવા બોર્ડ ઉપરાંત રાજ્યકક્ષાએ પણ બાળકો માટેના બોર્ડની રચના કરવામાં આવી છે.

બાળકો માટેની આ રાષ્ટ્રીય નીતિમાં અગત્યનું પાસું એ છે કે દેશમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને બાળકો માટેના કાર્યમાં સહભાગી બનીને બાળકલ્યાણના કાર્યક્રમમાં આહ્‌વાન આપવામાં આવ્યું છે અને આવી સ્વૈચ્છિક સંસ્થાઓ આ કાર્યક્રમોમાં વધુને કાર્યક્ષમ બને તે માટે રાજ્ય સરકાર સતત રહેશે.

❖ **બાળમજૂરી વિશેની રાષ્ટ્રીય નીતિ–1987 :**

બાળમજૂરો વિશેની ગુરુપાદસ્વામી, સમિતિની ભલામણો ડિસેમ્બર 1979માં મળ્યા બાદ ભારત સરકારે 1986નો બાળમજૂરી (પ્રતિબંધ અને નિયમન) ધારો અને તે બાબતની 1988ના નિયમો કર્યા અને બાળમજૂરીનો પ્રશ્ન વ્યાપક પરિપ્રેક્ષ્યમાં આયોજન પંચે વિચાર્યો છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ, આરોગ્યનીતિ, સામાજિક પરિવર્તન અને ગરીબી નિર્મૂલનના વ્યાપક કાર્યક્રમોથી બાળમજૂરીના પ્રશ્નને જરૂર હળવો કરી શકાશે, કેમ કે ગરીબી જ બાળમજૂરીનું મૂળ છે. બાળકોના આરોગ્ય, શિક્ષણ અને કુટુંબની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય તો જ આ પ્રશ્નને અસરકારક રીતે હલ કરી શકાય તે સુવિદિત છે, તેથી ભવિષ્યના કાર્યક્રમ હેઠળ ત્રણ મુખ્ય બાબતો નક્કી થયેલ છે.

**(1)** **કાયદાકીય કાર્યઆયોજન :** કેન્દ્ર અને રાજ્યના મજૂર કાયદાઓ, કારખાના ધારા રેલ્વે, બંદર વગેરે વિશેના કાયદાઓ નિયમો વગેરેમાં વૈધાનિક સુધારા કરી બાળમજૂરીના અનિષ્ટ વિશે કડક જોગવાઈ અને અમલની વ્યવસ્થા કરવી. કાયદાથી બાળમજૂરોને પુખ્ત મજૂર જેટલું જ વેતન મજૂરી મળે તેવો સુધારો થશે જેથી બાળમજૂરો રોકવાનું આકર્ષણ જ બંધ થશે. રાજ્ય અને કેન્દ્રની તપાસથી સંસ્થાઓને પણ વધારે સક્રિય કરવામાં આવશે.

(2) શક્ય હોય ત્યાં બાળમજૂરોના કલ્યાણ માટે સામાન્ય વિકાસના કાર્યક્રમો તરફ ધ્યાન કેન્દ્રિત કરવું. શિક્ષણ, આરોગ્ય, પોષક આહાર અને ગરીબી નિવારણ કાર્યક્રમો દ્વારા બાળમજૂરોને ઘણા લાભ મળી શકે તેમ છે તે તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

(3) બાળમજૂરીનું પ્રમાણ સવિશેષ છે તેવા વિસ્તારોમાં ખાસ કાર્યઆયોજના કરી પ્રોજેક્ટનો અમલ કરવો. તામિલનાડુમાં ફટાકડા અને દિવાસળી ઉદ્યોગોમાં અને ગુજરાતમાં સુરત વિસ્તારમાં હીરા ઘસવાના કામમાં બાળમજૂરોનું શોષણ થાય છે. તે સુવિદિત છે તેથી તે માટે ખાસ ધ્યાન આપવું જરૂરી છે.

(4) કેન્દ્ર સરકારની ઉચ્ચ કક્ષાની સમિતિ જેમાં રાજ્યોના પ્રતિનિધિ પણ છે તે બાળમજૂરોની વિશેષ સંખ્યાવાળા ઉદ્યોગો અને પ્રદેશો ઉપર વિશેષ દેખરેખ રાખી જરૂરી પગલાં લેશે.

❖ **બાળમજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ 1986 :**

**(1) વ્યાખ્યાઓ :**

– **યોગ્ય સરકાર :** યોગ્ય સરકાર એટલે કેન્દ્ર સરકારના નિયંત્રણ હેઠળની સંસ્થાના સંબંધમાં રેલ્વેતંત્ર અથવા મોટા બંદરો, ખાવા, અને તેલક્ષેત્રના સંબંધોમાં કેન્દ્ર સરકાર, બીજા તમામ કેસોમાં રાજ્ય સરકાર.

– **બાળકની વ્યાખ્યા :** જે વ્યક્તિને 14 વર્ષની ઉંમર પૂરી ન કરી હોય તે વ્યક્તિ.

– **સંસ્થા :** દુકાનો, વાણિજ્ય સંસ્થાઓ, વર્કશોપ, વિશી, રેસ્ટોરન્ટ, ભોજનાલય, થિયેટરો અને બીજા જાહેર મનોરંજનના સ્થળો.

– **ઠરાવેલું :** આ અધિનિયમની કલમ 18 આ નિયમોથી ઠરાવેલું.

– **કબજેદાર :** કબજેદાર એટલે સંસ્થા કે વર્કશોપના સંબંધમાં કામકાજ ઉપર છેવટનું નિયંત્રણ હોય તેવી વ્યક્તિ.

– **અઠવાડિયું :** શનિવારની રાત્રિથી અથવા ખાસ વિસ્તાર માટે ઇન્સ્પેક્ટર લેખિતમાં મંજૂર કર્યું હોય તેવી બીજી કોઈ રાત્રિની મધ્યરાત્રિથી શરૂ થતી સાત દિવસની મુદત.

– **વર્કશોપ :** વર્કશોપ એટલે કોઈ પણ જગ્યા જેમાં ઔદ્યોગિક પ્રક્રિયા કરવામાં આવતી હોય અને કારખાનાના અધિનિયમ 1948ની કલમ–67ની જોગવાઈઓ જે જગ્યાને લાગુ પડે તેવી જગ્યાઓનો સમાવેશ થાય છે.

**(2) ધંધાઓમાં અને પ્રક્રિયાઓમાં બાળકોને નોકરીએ રાખવા ઉપર પ્રતિબંધ :**

કમલ–3 નીચે જે અનુસૂચિ આપવામાં આવી છે. જે બે ભાગમાં ભાગ–અ અને ભાગ–બમાં આપવામાં આવી છે. અનુસૂચિના ભાગ–અમાં ધંધાઓની સૂચિ આપવામાં આવી છે. જ્યારે ભાગ–બમાં પ્રક્રિયાઓની સૂચિ આપવામાં આવે છે.

**(3)** બાળકના કામનો સમય આરામના ગાળા સહિત 6 કલાક કરતાં વધુ થવો જોઈએ નહીં.

**(4)** રાત્રિના સાત વાગ્યા પછી બીજા દિવસની સવારના આઠ વાગ્યા સુધી બાળક પાસેથી કામ કરાવવાનું રહેશે નહીં.

**(5)** બાળકને ઓવર ટાઈમ કરવાની પરવાનગી મળશે નહીં.

**(6)** જે બાળક એક સંસ્થામાં કામ કરતું હોય ત્યારે બીજી કોઈ સંસ્થામાં તેની પાસેથી કામ લઈ શકાશે નહીં.

**(7)** અઠવાડિક રજા

**(8)** **ઉંમર સંબંધી તકરાર :** જે બાળક સંસ્થામાં કામે રાખ્યો હોય તે બાળક સંબંધી તેની ઉંમરની બાબતમાં જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો ઇન્સ્પેક્ટરે દર્શાવેલા તબીબી સત્તાધિકારીના નિર્ણય માટે મોકલવાનું રહેશે.

**(9)** સંસ્થામાં કામે રાખેલા બાળકોના સંબંધમાં પ્રમાણેના રજીસ્ટરો રાખવાના રહેશે.

(અ) દરેક બાળકનું નામ અને જન્મતારીખ

(બ) બાળકના કામ કરવાના કલાકો, આરામ કરવાના કલાકો વગેરે.

(ક) બાળકનો કામનો પ્રકાર.

**(10)** **આરોગ્ય અને સલામતી :** યોગ્ય સરકાર, સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને કામે રાખેલા બાળકોના આરોગ્યને સલામતી માટે નીચે પ્રમાણેના નિયમોથી જોગવાઈ કરી શકશે.

- કામના સ્થળની સ્વચ્છતા
- બગડેલા પદાર્થો અને ગંદા પ્રવાહીનો નિકાલ
- હવા, ઉજાસની સગવડતા અને ઉત્કૃષ્ટતા
- ધૂળ અને ધુમાડો
- પીવાનું પાણી
- જાજરૂ અને બાથરૂમ
- યંત્રોની આસપાસ વાડ બાંધવી
- જોખમી યંત્રો ઉપર બાળકોને કામે લગાડવા બાબત
- આંખનું રક્ષણ, સ્ફોટક પદાર્થોની રક્ષણ, આગની સામે લેવાતી સાવચેતીઓ, મકાન અને યંત્રોની સલામતી

**(11)** **શિક્ષા :** કલમ–3ની જોગવાઈનું ઉલ્લંઘન કરીને જો કોઈ બાળકને કામે રાખે તો તેને ત્રણ મહિનાથી ઓછી ન હોય તેટલી અને 1 વર્ષ સુધીની કેદની સજા અથવા 10,000 થી ઓછો ન હોય પરંતુ 20,000 સુધીની દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**(12)** **ગુના સંબંધી કાર્યવાહી :** કલમ–16ની જોગવાઈ મુજબ મહત્ત્વની જોગવાઈ એ છે કે કોઈ પણ વ્યક્તિ, પોલિસ અધિકારી અથવા સ્પેક્ટર હકૂમતવાળી કોર્ટમાં આ અધિનિયમ હેઠળ ગુનો કર્યાની ફરિયાદ દાખલ કરી શકશે.

**(13)** **ઈન્સ્પેક્ટરોની નિમણૂંક :** આ અધિનિયમની જોગવાઈઓનું પાલન કરવા માટે યોગ્ય સરકાર ઈન્સ્પેક્ટરો નીમી શકશે.

**(14)** **નિયમો કરવાની સત્તા :** યોગ્ય સરકાર, સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને નિયમો કરી શકશે.

❖ **અનુસૂચિ ભાગ–અ ધંધા ભાગ–બ પ્રક્રિયાઓ :**

(1) આ બાબતના નિયમો 1988 તા. 10–08–1988 થી અમલમાં છે. તેમાં બાળમજૂરો માટેની ટેક્નિકલ સલાહકાર સમિતિ વિશે વિવિધ જોગવાઈ કરેલ છે.

(2) ગુજરાત સરકારે શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા તા. 29–6–94 થી બાળમજૂરી (આરોગ્ય અને સલામતી, ગુજરાત) નિયમો, 1994 ગુજરાત ગેઝેટ ભાગ–4–એ અસાધારણા તા.29–06–1994માં પ્રસિદ્ધ કરેલ છે. જેમાં કામની દરેક જગા, હવા,

ઉજાસ, પાણી, મુતરડી, સંડાસ વગેરે સગવડવાળા જુદી વ્યવસ્થા રાખવા, મશીનથી નુકસાન જ થાય, અકસ્માત જ થાય તે માટે જરૂરી સાવચેતીનાં પગલાં લેવા, બાળમજૂરને વજન ઉપાડવા કે ખસેડવાની મર્યાદા, પુખ્ત બાળક માટે 15.9 કિલો અને સ્ત્રી બાળમજૂર માટે 13.6 કિલોથી વધારે ન હોવી જોઈએ વગેરે જોગવાઈ કરેલ છે. નિયમોથી કોઈ મુક્તિ આપવાની સરકારને સત્તા છે.

❖ **બાળકો માટેના ન્યાયનો અધિનિયમ 1986 :**

(1) ગુનાહિત કૃત્યોને માટે ન્યાયની જે કાર્યવિધિ અદાલતોમાં કરવામાં આવે છે તે વિધિ બાળકોને માટે વ્યાજબી કે યોગ્ય ગણવામાં આવતી નથી. બાળકોએ કરેલા ગુનાહિત કૃત્યોને માટે કે અપકૃત્યોને માટે જુદી અદાલતો અને તેમને માટે યોગ્ય ન્યાય આપી શકાય તે હેતુથી જુદી જ કાર્યપદ્ધતિ અને કાયદાની વિધિ જરૂરી જણાય છે. તેથી બાળકો માટેના ન્યાયનો અધિનિયમ ઘડવામાં આવ્યા છે. આ કાયદા પાછળના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે.

(1) સમગ્ર વિજ્ઞાન માટે બાળકોને એકસરખો ન્યાય મળી રહે અને કાયદાની કાર્યવિધિનું એકસરખું માળખું બની રહે તે અને બાળકોને કરેલા અપકૃત્યો કે ગુનાહિત કૃત્યોને માટે કોઈપણ સંજોગમાં બાળકને જેલમાં રહેવું પડે નહીં તે પ્રકારનો પ્રબંધ કરવામાં આવ્યો છે. આ હેતુ પાર પાડવા માટે બાળકો માટેના કલ્યાણકારી બોર્ડ તેમ જ બાળઅદાલતો સ્થાપવામાં આવી છે.

(2) જે બાળકો સમાજના ધોરણોમાં યોગ્ય રીતે ગોઠવાઈ શક્યાં ન હોય અને તેના પરિણામે ગુનાહિત કૃત્યો કરવાની આદત પડી ગઈ હોય તેવાં બાળકોને માટે એક વિશેષ અભિગમ દ્વારા આકારની પ્રવૃત્તિઓ કરતાં તેમને રોકવા.

(3) દેશના તમામ કક્ષાના બાળકોને માટે જેઓ આ વિશેષ કાયદાના માળખામાં લેવામાં આવ્યા હોય તેમને માટે જરૂરી સંભાળ રક્ષણ, સારવાર, તેમનો યોગ્ય વિકાસ અને જીવનબદ્ધ કરવા માટે જરૂરી તંત્ર અને તે માટેનું વહીવટી માળખું આ કાયદા દ્વારા પૂરું પાડવું. આ હેતુ પાર પાડવા માટે નિરીક્ષણગૃહો, બાળગૃહો તેમજ તરછોડાયેલા બાળકોને માટે સંભાળ રાખવાના ગૃહો સ્થાપવામાં આવ્યાં છે.

(4) તરછોડાયેલા બાળકોને માટે જે સામાજિક સંસ્થાઓ તેમના ઉત્કર્ષ માટે કામ કરે છે તેઓની સાથે સરકાર કેળવીને તેમનું કાર્યક્ષેત્ર, જવાબદારીઓ તેમજ તેમને કરવાનું કાર્ય નક્કી કરવું.

(5) બાળકોએ અપરાધો કે ધ્યેયોને વિશિષ્ટ પ્રકારના ગુનાઓ માટેની જોગવાઈ અને તે માટેની યોગ્ય શિક્ષણનો પ્રબંધ કરવો.

(6) બાળકોને ન્યાય આપવા માટે વિશિષ્ટ ન્યાયતંત્ર ઊભું કરવું. જે સંયુક્ત રાષ્ટ્રસંઘે તેમને માટે લઘુત્તમ નિયમો નક્કી કર્યા છે. તેનો સમાવેશ કરીને બાળકો માટેનું ન્યાયતંત્ર ઊભું કરવું.

(2) આ અધિનિયમ ભારતના રાષ્ટ્રપતિની મંજૂરીથી 1લી ડિસેમ્બર, 1986થી ભારત સરકારના ગેઝેટમાં પ્રસિદ્ધ કરીને આ કાયદાનો અમલ સમગ્ર ભારતમાં કરવામાં આવ્યા છે.

આ નવા અધિનિયમમાં કેટલીક મહત્ત્વની વ્યાખ્યાઓ જે આપવામાં આવી છે, તેમાંની કેટલીક અગત્યની વ્યાખ્યાઓ અને તેમનો ભાવાર્થ આ અધિનિયમમાં જે રીતે ઉપયોગમાં લેવાયો છે તે જણાવો જરૂરી છે.

❖ **વ્યાખ્યાઓ :**

**બોર્ડ :** બાળકો માટેનું કલ્યાણકારી બોર્ડ જે કલમ–4 નીચે રચવામાં આવે છે.

**સક્ષમ અધિકારી :** તરછોડાયેલા બાળકના સંદર્ભમાં કલ્યાણકારી બોર્ડ, ગુનાહિત કાર્યો કરેલા બાળકોના સંદર્ભમાં બાળઅદાલત અને જયાં બોર્ડ કે બાળઅદાલત રચવામાં આવ્યા ન હોય તેવા કિસ્સામાં કલમ–7ની જોગવાઈ પ્રમાણે કોઈપણ અદાલત જે તે કલ્યાણકારી બોર્ડ કે બાળઅદાલતની સત્તા આપવામાં આવી હોય તે.

**અપરાધી બાળક :** જે બાળક વારંવાર ગુનાહિત કૃત્યો કરે તે.

**વાલી :** બાળકના સંદર્ભમાં વાલી એટલે કોઈપણ વ્યક્તિ કે જે સક્ષમ અધિકારીની દૃષ્ટિએ જે બાળક માટે કાર્યવાહી ચાલતી હોય તે બાળક ઉપર કાબૂ ધરાવનાર વ્યક્તિ.

**બાળક :** જેણે 16 વર્ષની ઉંમર પૂરી નથી કરી તેવો છોકરો અથવા જેણે 18 વર્ષ પૂરા કર્યા નથી તેવી છોકરી.

**બાળઅદાલત :** કલમ–5 નીચે રચવામાં આવેલી અદાલત.

**બાળગૃહ :** કલમ–9 નીચે રાજય સરકારે સ્થાપેલું અને પ્રમાણિત કરેલ બાળકો માટેનું ગૃહ.

બાળકોટીક ડ્રગ્સ અને સાઈકોટ્રોપિક સબટન્સ અને 1985ના નારકોટીક ડ્રગ્સ અને સાઈકોટ્રાપિક સબરટન્સના અધિનિયમમાં આ શબ્દોના જે અર્થ કરવામાં આવ્યાં છે.

તે જ અર્થમાં આ અધિનિયમમાં પણ વાપરવામાં આવ્યાં છે.

**તરછોડાયેલું બાળક –** એટલે એવું બાળક જે

1) ભીખ માંગતુ જોવામાં આવી
2) જેને કોઈ ઘરના હોય કે કાયમી રહેઠાણના હોય, જીવનનિર્વાહ માટેના દેખીતા સાધનો ન હોય અને જે અનાથ હોય.
3) જેને માતા–પિતા અથવા વાલી હોય; પરંતુ, બાળક ઉપર તેમનો કોઈ કાબૂ ન હોય.
4) અસામાજિક પ્રવૃત્તિ કરનાર વ્યક્તિઓની સાથે જે બાળક રહેતું હોય અથવા દારૂનું વ્યસન અને બીજી અનૈતિક પ્રવૃત્તિઓ કરનાર વ્યક્તિઓની સાથે જે બાળકને જોવામાં આવે તે.
5) જેનો અનૈતિક અને ગેરકાયદેસર હેતુઓ માટે ગેરલાભ ઉઠાવવાની શક્યતા જે બાળકની બાબતમાં ઊભી થતી હોય તે.
6) **નિરીક્ષણ ગૃહ :** કલમ–11 નીચે રાજય સરકારે સ્થાપેલી અને માન્ય કરેલી નિરીક્ષણગૃહ સાથેની સંસ્થા.

**(3)** કલમ–3માં એવું ઠરાવ્યું છે કે જે બાળકની બાબતમાં કરેલા ગુનાને માટે જો કોઈ તપાસ કાર્યવાહી ચાલુ હોય અને તે કાર્યવાહીના સમય દરમ્યાન તે વ્યક્તિ (બાળક) બાળક

મટીને પુખ્તવયનો બને ત્યારે, આ અધિનિયમમાં કે બીજા કોઈ પણ કાયદામાં કરવામાં આવેલી જોગવાઈ હોય તેમ છતાં તપાસ કાર્યવાહી ચાલુ રહેશે અને તે કાર્યવાહી એવી રીતે કરવામાં આવશે કે તે વ્યક્તિ હજુ પણ બાળક તરીકે જ તે ચાલુ છે.

**(4)** કલમ–4 બાળકોનાં કલ્યાણકારી બોર્ડ વિશેની છે. આ બોર્ડની રચના રાજ્ય સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને કરે છે અને એક કે તેથી વધુ આવા બોર્ડની રચના કરીને આ અધિનિયમ હેઠળ જેમને તરછોડાયેલાં બાળકો ગણવામાં આવ્યા છે. તેમની બાબતમાં તેમને આપવામાં આવેલી સત્તાઓ અને ફરજો બજાવશે.

દરેક બોર્ડમાં એક ચેરમેન રહેશે અને બીજા સભ્યોની સાથે તેમની નિમણૂંક રાજ્ય સરકારને યોગ્ય લાગે તેવી વ્યક્તિઓની નિમણૂંક કરશે. બોર્ડના એક સભ્ય તરીકે સ્ત્રી પણ રહેશે અને દરેક સભ્ય ક્રિમીનલ પ્રોસીજર કોડ અને સને 1903 હેઠળ આપવામાં આવેલ મેજિસ્ટ્રેટની સત્તાઓ વિશે સંપૂર્ણ રીતે માહિતગાર હશે.

આ બોર્ડ મેજિસ્ટ્રેટો જે રીતે કાર્યવાહીઓ કરે છે તે પ્રમાણે જ કાર્યવાહી કરશે અને સને 1903ના ક્રિમિનલ પ્રોસિજર કોર્ટમાં આપવામાં આવેલી સત્તાઓ જે મોટા શહેરોમાં મેટ્રો પોલિટન મેજિસ્ટ્રેટ અથવા ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ નિભાવે છે તે સત્તાઓ આ બોર્ડના સભ્યો પણ ભોગવશે.

વર્ષ 1973ની ક્રિમિનલ પ્રોસિજર કોડમાં મેજિસ્ટ્રેટોને આપવામાં આવેલી મુજબ પોતાની સમક્ષ ચાલતી કાર્યવાહીમાં સમન્સ મોલી શકશે, નોટિસ મોકલી શકશે, સોગંદ ઉપર જુબાની લઈ શકશે. જરૂરી અને પ્રસ્તુત હોય તેવા તમામ ચોપડાઓ અને દસ્તાવેજો રજૂ કરાવી શકશે અને તપાસની કાર્યવાહીમાં જેમની જરૂર પડે તેવી વ્યક્તિઓને હાજર રહેવાનું ફરમાન મોકલી શકશે. આ સત્તાઓ ધ્યાનમાં લેતાં કલ્યાણકારી બોર્ડને અદાલતની સત્તાઓ આપીને તેમની કામગીરી બજાવી શકે તે માટે સત્તાઓ ધ્યાનમાં લેતા કલ્યાણકારી બોર્ડને અદાલતની સત્તાઓ આપીને તેમની કામગીરી બજાવી શકે તે માટે સજ્જ કર્યા છે. અદાલતી સત્તાને પરિણામે તપાસની કાર્યવાહીમાં તેમના આદેશ કે ફરમાનનો જે કોઈ ભંગ કરશે તેમની સામે અદાલતી તિરસ્કારની કાર્યવાહી જેવા પગલાં લઈ શકશે. કલ્યાણકારી બોર્ડ અને બાળઅદાલતોની સત્તાઓ.

**(5) બાળઅદાલતો :**

બાળઅદાલતોની રચના અને સ્થાપના રાજ્ય સરકાર કલમ–5ની જોગવાઈ પ્રમાણે કરે છે. આ અદાલતો અપરાધી બાળકોના સંબંધમાં જે કાર્યવાહી કરવાની હોય તે માટે તેમની સત્તાઓ અને ફરજોનો ઉપયોગ કરશે. આ અદાલતોમાં કાર્યવાહી દરમ્યાન બે માનદ સામાજિક કાર્યકરો જેમાંની એક વ્યક્તિ સ્ત્રી હશે તેઓ અદાલતની કાર્યવાહીમાં મદદ કરશે અને તેમની નિમણૂંક રાજ્ય સરકાર કરશે.

જે બાળઅદાલત એકથી વધુ સભ્યોની બનેલી હશે તેમાં જો સભ્યોમાં કોઈ મતભેદ ઉપસ્થિત થશે તો બહુમતીનો મત કાયમ રહેશે અને જો બહુમતિના હોય તો બોર્ડના અધ્યક્ષ કે મુખ્ય મેજિસ્ટ્રેટનો મત કાયમ રહેશે.

આ બોર્ડની રચનામાં વિશિષ્ટ જોગવાઈ એ કરવામાં આવી છે કે આ બોર્ડના સભ્ય તરીકે અથવા બાળઅદાલતના મેજિસ્ટ્રેટ તરીકે એવી વ્યક્તિની જ નિમણૂંક કરવામાં આવશે કે જેને બાળમાનસ વિદ્યા અને બાળકોની સુખાકારી વિશેનું વિશિષ્ટ જ્ઞાન ધરાવતા હોય.

રાજ્યના જે વિસ્તારમાં કલ્યાણકારી બોર્ડ કે બાળઅદાલત સ્થાપવામાં આવી ન હોય ત્યારે નીચે જણાવેલા અધિકારીઓ આ અધિનિયમ હેઠળ કલ્યાણકારી બોર્ડ અને બાળઅદાલતોને આપવામાં આવેલી સત્તાઓ દ્વારા કાર્યવાહી કરી શકશે.

(ક) જિલ્લા મેજિસ્ટ્રેટ

(ખ) સબડિવિઝન મેજિસ્ટ્રેટ

(ગ) મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા ફર્સ્ટ ક્લાસ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ

આ અધિનિયમ હેઠળની કાર્યવાહીમાં જે સત્તાઓ બોર્ડને અને બાળઅદાલતને આપવામાં આવી છે. તે સત્તાઓનો ઉપયોગ જિલ્લા કોર્ટો અને હાઈકોર્ટ જ્યારે તેમની સમક્ષ કાર્યવાહી કરવામાં આવે ત્યારે (અપીલ અથવા રિવિઝનમાં) તે સત્તાઓનો ઉપયોગ કરી શકશે.

**(6) બાળગૃહો :**

તરછોડાયેલ બાળકોને રાખવા મારે બાળગૃહોની સ્થાપના અને તેમનો નિભાવ રાજ્ય સરકાર કરશે. જ્યારે રાજ્ય સરકારને અમે લાગશે કે સરકારે સ્થાપેલા બાળગૃહો સિવાય બીજી કોઈ સંસ્થા તરછોડાયેલા બાળકોને રાખવા માટે લાયકાત ધરાવે છે, તો તેવા કિસ્સામાં તે સંસ્થાને પ્રમાણિત બાળગૃહ તરીકેની માનતા રાજ્ય સરકાર આપશે.

તરછોડાયેલા બાળકને બાળગૃહમાં મોકલવા માટેનો પ્રબંધ કરવામાં આવ્યો છે. કલમ–8 પ્રમાણે બાળગૃહમાં મોકલવામાં આવેલા બાળકને રહેવાની જગ્યા, તેનો નિભાવ, ખર્ચ, તેના શિક્ષણની સુવિધાઓ, ધંધો શીખવવા માટેની તાલીમ વગેરે આપવાનાં રહેશે, એટલું જ નહીં; પરંતુ, તેના ચારિત્રનો વિકાસ થાય અને તેની શક્તિઓની વિકાસ બને એટલો થઈ શકે તેવી સુવિધાઓ તરછોડાયેલા બાળકને આ બાળગૃહમાં આપવાની રહેશે. વધુમાં તેને એ પણ કેળવણી આપવાની રહેશે કે જેનાથી તેનું નૈતિક શોષણ થતું અટકે અને તે માટેની જરૂરી તાલીમ તેને મળી રહે તેવો પ્રબંધ આ બાળગૃહમાં કરવામાં આવશે. આ સુવિધાઓ અને અગવડતાઓ તેમ જ તાલીમ અને કેળવણી આપવાનો મુખ્ય આશય એ છે કે આવા બાળકના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થઈ શકે.

કલમ–9માં કરવામાં આવતી જોગવાઈમાંની બાળગૃહોમાં પૂરી પાડવામાં આવતી તમામ સુવિધાઓ અને સેવાઓ વગેરેનું સંચાલન રાજ્ય સરકાર આ કાયદા હેઠળ નિયમો ઘડીને કરી શકશે. આવા બાળગૃહો જે સરકારી નિયમો અનુસાર ચાલશે તેમને સરકારી માન્યતા આપવામાં આવશે અને જ્યારે સરકારને એમ લાગે કે તેના સંચાલનનું ધોરણ જળવાતું નથી ત્યારે સરકારે આપેલી માન્યતા સરકાર પાછી ખેંચી લઈ શકશે.

**(7) ખાસ પ્રકારના ગૃહો :**

કલમ–10 અનુસાર રાજ્યભરમાં જો જો જરૂરિયાત ત્યાં ત્યાં આ પ્રકારના વિશેષગૃહો રાજ્ય સરકાર સ્થાપશે અને જે સંસ્થાઓ આ પ્રકારના ગૃહો ચલાવી શકે તેમને રાજ્ય સરકાર પ્રમાણિત કરીને માન્યતા આપી શકશે.

વિશેષગૃહો સ્થાપવા પાછળનો મુખ્ય આશય એ રહેલો છે કે અપરાધી બાળકોને તેમાં રહેવાની સગવડતા, તેમનો નિભાવ, શિક્ષણની સગવડતાઓ અને ધંધા અર્થેની તાલીમ આપવામાં આવશે, એટલું જ નહીં; પરંતુ, આવાં બાળકને સુધરવા માટેની તક મળી રહે તે પ્રકારની

તાલીમ પૂરી પાડવામાં આવશે, જેથી કરીને આવા બાળકના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સાધી શકાય.

ખાસ ગૃહોનું સંચાલન, સંચાલનનું ધોરણ અને તેમાં પૂરી પાડવાની તમામ સુવિધાઓ વગેરેનું નિયંત્રણ ઘડવામાં આવેલા નિયમો અનુસાર કરવામાં આવશે.

અપરાધી બાળકની ઉંમર અને તેમણે કરેલા ગુનાઓનું વર્ગીકરણ કરીને તેમના જુદાજુદા વિભાગો ઊભા કરવામાં આવશે અને તે વિભાગ પ્રમાણે તેમને રાખવામાં આવશે અને તે શિક્ષણ પ્રમાણે તેમને રાખવામાં આવશે.

**(8) નિરીક્ષણ ગૃહો :**

આ અધિનિયમ હેઠળ જે અપરાધી બાળકોની સામે તપાસની કાર્યવાહી ચાલતી હશે તેવા બાળકોને કામચલાઉ સમયને માટે નિરીક્ષણમાં રાખવાને માટે નિરીક્ષણગૃહોની સ્થાપના રાજ્ય સરકાર કરશે, આવા ગૃહો સ્થાપવા પાછળનો હેતુ એ રહેલો છે કે તપાસ કાર્યવાહી ચાલુ હોય તે દરમ્યાન બાળકની માનસિક અને બીજા પ્રકારની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવામાં આવશે. જેથી કરીને તેનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ થઈ શકે.

આ નિરીક્ષણ ગૃહોનાં જ્યાં બાળકોને રાખવામાં આવશે. તેમાં તેમને રહેવાની સગવડતા, તેમનો નિભાવ, તેમના આરોગ્યની તપાસ અને સરવાર માટેની તમામ સુવિધાઓ આ ગૃહોમાં પૂરી પાડવામાં આવશે, એટલું જ નહીં; પરંતુ, ઉપયોગમાં આવે તેવો રોજગાર કે ધંધાની સગવડતાઓ પણ આપવામાં આવશે. આ ગૃહોનું સંચાલન અને વહીવટ આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે ઘડેલા નિયમો અનુસાર કરવામાં આવશે. જેમાં તેમને જાળવાનું ધોરણ, સુવિધાઓના પ્રકાર અને આવાં ગૃહોની માન્યતા માટેની લાયકાતો વગેરેનો પ્રબંધ આ નિયમો દ્વારા કરવામાં આવશે.

**(9) માવજત કરનારી સંસ્થાઓ :**

માવજત સંસ્થાઓની રચના ઘણી મહત્ત્વની છે, કારણ કે જે અપરાધી બાળકોની બાળગૃહોમાં, ખાસ ગૃહોમા રાખવામાં આવેલા હોય તેમને જ્યારે ત્યાંથી ખસેડવામાં આવે ત્યારે માવજત આપનારી સંસ્થાઓમાં તેમને મૂકવામાં આવે છે. બાળકો માટેનો આ તબક્કો તેમના અપરાધી જીવનનો અત્યંત મહત્ત્વની બની રહે છે. આ તબક્કામાં તેમને એવી તકો પૂરી પાડવામાં આવે છે કે તેઓ પ્રામાણિક, ઉધમી અને સમાજને ઉપયોગી બને તેવું જીવન જીવવાની તૈયારી આ સંસ્થાઓ દ્વારા તેમને આપવામાં આવે છે. બાળગૃહોમાં મેળવેલી તાલીમ, શિક્ષણ, ધંધો કે કામની પ્રવૃત્તિ વગેરે મેળવ્યા પછી આ બાળકો સમાજના સંસ્કારી પ્રવાદમાં ફરીથી જોડાઈ શકે અને ગૌરવભેર જીવન જીવી શકે તે માટેનો પ્રયત્ન આ માવજત આપનારી સંસ્થાઓમાં કરવામાં આવે છે, આ જોગવાઈ પાછળનો આશય એ છે કે અપરાધી બાળકોમાં થયેલ જીવનસુધારણા પછી જીવનની નવી દિશાઓ અને નવા માર્ગો તરફ જવાનું માર્ગદર્શન આ બાળકોને અહીંયા મળશે.

આ હેતુઓ પાર પાડવા માટે કલમ–12ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર નિયમો ઘડીને માવજત આપનારી સંસ્થાઓ સ્થાપી શકશે અને તેમની સત્તાઓ અને કાર્યક્ષેત્ર વગેરે આ નિયમો દ્વારા સંચાલિત થશે. આ માવજત આપનારી સંસ્થાઓ એવાં બાળકોને રાખશે કે જેઓ

બાળગૃહોમાંથી અને ખાસગૃહોમાંથી તાલીમ અને શિક્ષણ લઈને આવ્યા હોય અને જેઓ હવે પછીના જીવન માટે પ્રામાણિક, ઉદ્યમી અને ઉપયોગી જીવન જીવવા માટેની તૈયારી કરતાં હોય.

બાળકોને બાળગૃહોમાંથી મોકલતાં કરતાં પહેલાં પ્રોબેશન ઓફિસર એક અહેવાલ તૈયાર કરશે, જેમાં તે જણાવશે કે કયા બાળકને કયા કારણસર માવજત આપનારી સંસ્થામાં મુકવાની જરૂર છે કે કેમ અને જો હોય તો કેટલા સમય માટે વગેરે આ અહેવાલમાં સમાવિષ્ટ કરવામાં આવશે. માવજત આપનારી સંસ્થાઓએ જાળવવાનાં ધોરણો અને પૂરી પાડવાની સુવિધાઓ અને સેવાઓ વગેરે આ કાયદા હેઠળના નિયમો દ્વારા નક્કી કરવામાં આવશે.

**(10) તરછોડાયેલા બાળકો :**

તરછોડાયેલું બાળક વિશિષ્ટ પ્રકારનું ગણવામાં આવ્યું છે, જે જુદા અર્થમાં જુદી જુદી ક્રિયાઓ કરે એવી પરિસ્થિતિમાં હોય તેને તરછોડાયેલું બાળક ગણવામાં આવે છે. તરછોડાયેલા બાળકની વ્યાખ્યા પ્રમાણે જે બાળક ભીખ માંગતું હોય, જેને કાયમી રહેઠાણના હોય, જેને નિભાવનાર સાધનો ન હોય અને જે અનાથ હોય, જેને વાલી હોય પરંતુ વાલીનો તેના પર કાબૂ ન હોય, જે સામાજિક જીવન જીવતો હોય, માદક પદાર્થોનું સેવન કરતો હોય, જેનો અસામાજિક ઉપયોગ થવાનો પૂરો ભય હોય તેવા બાળકને આ કાયદામાં તરછોડાયેલું બાળક કહેવામાં આવ્યું છે. આવા તરછોડાયેલા બાળકોને કલ્યાણકારી બોર્ડ સમક્ષ રજૂ કરવાની જોગવાઈ છે. (કલમ–13) જો કોઈ સંજોગોમાં કોઈ પોલીસ અધિકારીને અથવા કોઈ વ્યક્તિને કે સંસ્થાને જેને રાજ્ય સરકાર દ્વારા અધિકૃત કરવામાં આવ્યા હોય તેમના પ્રમાણે જો કોઈ વ્યક્તિ તરછોડાયેલું બાળક હોવાનું જણાય તો આવા અધિકૃત પોલીસ અધિકારી અથવા અધિકૃત સંસ્થા બાળકોનો કબજો લઈ બોર્ડ સમક્ષ રજૂ કરો.

જો કોઈ તરછોડાયેલું બાળક, જો કોઈ પોલીસ મથકના વિસ્તારમાં હોવાનું જણાય તો પોલીસ અધિકારી અથવા આવા બાળકની માહિતી વિશેની નોંધ કરશે અને અધિકારીને યોગ્ય લાગે તેવી કાર્યવાહી કરીને તે નોંધની નકલ બોર્ડને મોકલી આપશે. જે તરછોડાયેલા બાળકનો કબજો લેવામાં આવ્યો હોય તેને તાત્કાલિક 24 કલાકના સમયમાં બોર્ડ સમક્ષ રજૂ કરવાનું રહેશે. વધુમાં જ્યારે બાળકનો કબજો લેવામાં આવે ત્યારબાદ તેને નિરીક્ષણ ગૃહમાં રાખવામાં આવશે અને ત્યાર પછી બોર્ડ સમક્ષ રજૂ કરવાનું રહેશે.

જે તરછોડાયેલા બાળકનાં માતા–પિતા ધ્યાન હોય અને જેમનો આવા બાળક ઉપર કાબૂ હોય તેના હિસ્સામાં પોલીસ અધિકારી આના બાળકનો કબજો લેવાને બદલે તે અધિકારી બોર્ડની સમક્ષ લેખિત રજૂઆત કરશે. જેમાં આવા બાળક વિશેની તપાસ કાર્યવાહી શરૂ કરવાનું જણાવવામાં આવ્યું હશે.

બોર્ડ સમક્ષ આ લેખિત રજૂઆત આવ્યા બાદ બાળકના માતા–પિતાને બાળકને પોતાની સમક્ષ રજૂ કરવાનું ફરમાન કરવામાં આવશે અને મા–બાપ કે વાલીને કારણદર્શક નોટિસ આપીને એવું જણાવશે આ અધિનિયમ હેઠળ બાળકની સામે તપાસ કાર્યવાહી શા માટે શરૂ ન કરવી. જો કોઈ સંજોગમાં બાળક ગુમ થવાનો ભય લાગે તો બોર્ડવોરટ મોકલીને બાળકને નિરીક્ષણગૃહમાં અથવા સલામત જગ્યાએ મોકલી આપવાનો આદેશ કરશે.

જ્યારે બાળકને બોર્ડ સમક્ષ તરછોડાયેલા બાળક તરીકે રજૂ તેમનું નિવેદન લેશે અને કાયદાએ નક્કી કરેલી કાર્યવાહી પ્રમાણે તપાસ કરશે અને બોર્ડને જ યોગ્ય લાગે તેઓ આદેશ તપાસને અંતે કરી શકશે.

જો તપાસને અંતે બોર્ડને એમ લાગશે કે બાળક તરછોડાયેલું છે તો તેવા બાળકને બાળગૃહમાં રાખવા માટે મોકલી આપશે અને બાળગૃહમાં તેની બાળ ઉંમર વટાવી જાય ત્યાં સુધી તેને રાખવાનો આદેશ આપશે. ખૂબ જ વિશિષ્ટ સંજોગો સિવાય આવા બાળકને 18 વર્ષની ઉંમર સુધી જ છોકરા માટે અને જો છોકરી હોત તો 20 વર્ષની ઉંમર સુધી જ બાળગૃહમાં રાખવામાં આવશે. જો બોર્ડને એમ લાગે અથવા બોર્ડના મત પ્રમાણે એવું જણાય કે આવા બાળકને વટાવી જાય ત્યાં સુધી તેને રાખવાનો આદેશ આપશે. ખૂબ જ વિશિષ્ટ સંજોગો સિવાય આવા બાળકોને 18 વર્ષની ઉંમર સુધી જ છોકરા માટે અને જો છોકરી હોત તો 20 વર્ષની ઉંમર સુધી જ બાળગૃહમાં રાખવામાં આવશે. જો બોર્ડને એમ લાગે અથવા બોર્ડના મત પ્રમાણે એવું જણાય કે આવા બાળકને તેના વાલી કે માતા–પિતા સાથે રાખવાનું હિતાવહ નથી અથવા વાલી કે માતા–પિતા બાળક ઉપર સંપૂર્ણ કાબૂ રાખી શકે તેમ નથી તો તે સંજોગમાં બાળકને તેના વાલી કે માતા–પિતાને સોંપવામાં આવશે નહીં.

**(11) બાળકોનો કબજો અને જામીન (અપરાધી બાળકો માટે) :**

જ્યારે કોઈ વ્યક્તિ જામીન લાયક કે બિનજામીન લાયક અપરાધ માટે પકડવામાં આવે અને જો તે વ્યક્તિ બાળક હોય તે તેવી વ્યક્તિને બાળઅદાલત સમક્ષ રજૂ કરવામાં આવશે અને તેને જામીન ઉપર છોડવામાં આવશે. જો બાળ અદાલતને એમ લાગે કે તેને જામીન ઉપર છોડવાથી તેની સામે મોટો ભય રહેલો છે અથવા એમ લાગે કે તેને જામીન આપવાથી અન્યાય થશે, તેવા પ્રસંગે તેને જામીન ઉપર છોડવામાં આવશે નહીં.

આ રીતે જે બાળકને જામીન ઉપર છોડવામાં આવે નહીં ત્યારે પોલીસ અધિકારી તેને નિરીક્ષણગૃહમાં અથવા નક્કી કરેલી સલામત જગ્યાએ મોકલી આપશે અને ત્યાર પછી તેને બાળઅદાલત સમક્ષ રજૂ કરવામાં આવશે. જ્યારે બાળ ગુનેગારને આ રીતે પકડવામાં આવે ત્યારે પોલીસ અધિકારી બાળકના માતા–પિતાને અથવા વાલીને બાળઅદાલત સમક્ષ હાજર રહેવા માટે ખબર અપાશે.

જ્યારે બાળ અપરાધીને બાળઅદાલત સમક્ષ રજૂ કરવામાં આવે ત્યારે આ કાયદા પ્રમાણે નક્કી કરેલી વિધિ પ્રમાણે તપાસ કાર્યવાહી કરશે અને બાળકને માટે યોગ્ય લાગે તેવો હુકમ કરશે જો અદાલતને તપાસને અંતે એમ લાગે છે કે બાળકે અપરાધ કર્યો જ છે તો. બીજા કોઈ પણ કાયદામાં ગમે તે જોગવાઈ હોય તેમ છતાં બાળઅદાલત નીચે પ્રમાણેના હુકમો કરી શકશે :

(1) બાળકને ઠપકો આપવો અથવા સલાહ–સૂચન આપીને તેને ઘેર જવાની મંજૂરી આપવી.

(2) બાળકને અજમાયશ તરીકે સારી ચાલચલગત રાખવાની ખાતરી સાથે તેના મા–બાપ વાલીની સંભાળ હેઠળ રાખવાનો આદેશ આપશે.

(3) અદાલતને યોગ્ય લાગે તો સારી ચાલચલગતને માટે કોઈ માન્ય સંસ્થાની દેખરેખ હેઠળ 3 વર્ષના સમય માટે બાળકને રાખવાનો આદેશ આપી શકશે અથવા ખાસ ગૃહમાં મોકલવાનો આદેશ નીચેના સંજોગોમાં કરી શકશે.

(4) બાળક જો છોકરો હોય અને 14 વર્ષની ઉપરનો હોય અને બાળક જો છોકરી હોય અને 16 વર્ષની ઉંમરની હોય તો ત્રણ વર્ષના સમય માટે ખાસ ગૃહમાં મોક્લવાનો આદેશ અદાલત કરી શકશે. બાળકને કોઈ વ્યક્તિને સોંપવું કે વિશેષ ગૃહમાં મોકલવું અથવા સંસ્થાને સોંપવું તે વિશેનો નિર્ણય અદાલત બાળક જે ધર્મ પાળતો હોય તેને ધ્યાનમાં લઈને કરવામાં આવે છે જેથી તેની ધર્મપરામણતા અથવા ધર્મના આદેશો જળવાઈ રહે.

કલમ–22માં અપરાધી બાળકો માટે સૌથી મહત્ત્વની જોગવાઈ પ્રમાણ કોઈપણ અપરાધી બાળકને મૃત્યુ કે કેદની સજા અથવા દંડની રકમના ભરી શકવાની કારણે અથવા જામીન ન આપી શકવાને કારણે અદાલત સજા કરી શકશે નહીં. જો અપરાધી બાળકની ઉંમર 14 વર્ષની પૂરી થઈ હોય અને અદાલતને એમ લાગે છે બાળકે કરેલો ગુનો અત્યંત ગંભીર પ્રકારનો છે અને બાળગૃહમાં કે વિશિષ્ટ ગૃહમાં તેને મોકલી આપવાનું હિતાવહ નથી તો તેવા અત્યંત ગંભીર પ્રકારનો છે અને બાળગૃહમાં કે વિશિષ્ટ ગૃહમાં તેને મોકલી આપવાનું હિતાવહ નથી તો તેવા સંજોગોમાં બાળકને નક્કી કરેલી સલામત જગ્યાએ મૂકવાનો આદેશ અદાલત કરશે અને રાજ્ય સરકારને તેમ કર્યાનો અહેવાલ મોકલી આપશે. રાજ્ય સરકારને આ અહેવાલ મળ્યાં પછી તેને યોગ્ય લાગે તે જગ્યાએ બાળકને મૂકવાનો આદેશ સરકાર કરી શકશે. સલામત જગ્યાએ રાખવાનો સમય બાળકે જે ગુનો કર્યો હોય તે ગુનાની સજા માટે જે કેદનો સમય કાયદાએ નક્કી કર્યો હોય તેના કરતાં વધારે સમય સુધી બાળકને રાખવાનો આદેશ સરકાર કરી શકશે નહીં.

**(12) બાળઅદાલતો અને બોર્ડની બેઠકો :**

આ કાયદા હેઠળ બાળઅદાલતો અને કલ્યાણકારી બોર્ડતેમની સમક્ષ કરવાની તપાસ કાર્યવાહી માટે નિયમો દ્વારા નક્કી થયેલી જગ્યાએ દિવસે અને સમયે બેઠકો રાખશે. આવી કોઈ કાર્યવાહી જો મેજિસ્ટ્રેટ સમક્ષ કરવાની હશે તો આ કાયદા હેઠળની તપાસ કાર્યવાહી ફોજદારી કોર્ટ કે રૂમના મકાનમાં નહીં, પરંતુ, બીજી જગ્યાએ રાખવામાં આવશે.

આ કાયદા હેઠળની તપાસ કાર્યવાહીમાં નીચે જણાવેલી વ્યક્તિઓ સિવાય સક્ષમ અધિકારી પાસે હાજર રહી શકશે નહી. કોઈ પણ અધિકૃત કરવામાં આવેલો અધિકારી અપરાધી બાળકનાં માતા–પિતા અથવા વાલી અથવા તપાસની કાર્યવાહીમાં માહિતગાર કોઈપણ વ્યક્તિ જેમાં પોલીસ અધિકારીઓ અને ધારાશાસ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે. તે વ્યક્તિ કે જેને અદાલત મંજૂરી આપે છે.

**(13) બીમાર બાળકની સારવાર :**

જ્યારે આ કાયદા હેઠળની તપાસ કાર્યવાહીમાં બાળકને સક્ષમ અધિકારી રૂબરુ રજૂ કરવામાં આવે ત્યારે જો એવું જણાય કે બાળકને કોઈ ગંભીર દર્દ છે જેને માટે લાંભી દાક્તરી સારવારની જરૂર હોય તો તેવા સંજોગોમાં સક્ષમ અધિકારી બાળકને નિયમો દ્વારા નક્કી થયેલી માન્ય જગ્યાએ જરૂરી સારવારને માટે મોકલી આપી શકશે. જો બાળકને રક્તપિત્તનું દર્દ અથવા માનસિક રીતે અસ્થિર હોત તો તેવા કિસ્સામાં જરૂરી કાર્યવાહી સને 1998ના લેપ્રસી એક્ટ અથવા સને 1912ના ઇન્ડિયન લ્યુનસી એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

**(14) અદાલતે ધ્યાનમાં લેવાની બાબતો :**

જે બાળકની બાબતમાં તપાસ કાર્યવાહી કરવામાં આવી હોય તેમાં સમક્ષ અધિકારી નીચે જણાવેલા મુદ્દાઓ અને બાબતો ખાસ ધ્યાનમાં લેશે.

1. બાળકની ઉંમર
2. બાળકની શારીરિક અને માનસિક પરિસ્થિતિ
3. બાળકને રહેવાના સંજોગો.
4. પ્રોબેશન ઓફિસરે રજૂ કરેલો અહેવાલ. 5. બાળકનો ધર્મ

**(15) કલમ–36 :**

કલમ–36 મુજબ આ કાયદા હેઠળ કરવામાં આવતી તપાસ અંગે કોઈપણ વર્તમાનપત્રમાં, સામયિકમાં, સમાચાર તરીકે બાળકનું નામ કે સરનામું કે શાળા વિશેની કોઈ પણ માહિતી અથવા બાળકનો ફોટો કે ચિત્ર પ્રસિદ્ધ કરી શકાશે નહીં. જો કે તપાસ કારનાર સત્તાધિકારીને એમ લાગે કે બાળક વિશેની આવી કોઈ માહિતી પ્રસિદ્ધ કરવાનું બાળકના હિતમાં છે એમ જણાય તો સત્તાધિકારી મંજૂરી આપી શકશે. જે કોઈ વ્યક્તિમાં જોગવાઈનું ઉલ્લંઘન કરશે તે રૂ.2000/– સુધીની રકમ માટે દંડને પાત્ર થશે.

**(16) અપીલ :**

આ કાયદા હેઠળ બાળઅદાલતે કરેલા હુકમોની સામે અપીલની જોગવાઈ પણ કરવામાં આવી છે. સક્ષમ અધિકારીને પસાર કરેલા હુકમની સામે કોઈપણ પ્રકારનો વાંધો હોય અથવા તેની અસર થતી હોય તો હુકમની તારીખથી 30 દિવસના સમયની અંદર સેશન્સ કોર્ટને અપીલ કરી શકાશે. યોગ્ય કિસ્સાઓમાં અપીલ કરવામાં 30 દિવસથી મોડું થયુ હશે તો પણ અદાલતને યોગ્ય જણાય તો અપીલ સ્વીકારી શકશે. નીચેના બે કિસ્સાઓમાં અપીલ થઈ શકશે નહીં.

(1) બાળઅદાલતે કરેલા હુકમ અનુસાર જો અપરાધી બાળકે ગુનો કર્યો છે તેવું પુરવાર થયું છે તેવા આદેશની સામે

(2) જે કિસ્સામાં બોર્ડે એવો હુકમ કર્યો હોય કે બાળક ત્યજી દેવાયેલું નથી ત્યારે.

**(17) ફેરતપાસ (રિવિઝન) :**

કલમ–38ની જોગવાઈપ્રમાણે આ કાયદા હેઠળ હાઈકોર્ટને વિશાળ સત્તા આપવામાં આવી છે. સક્ષમ અધિકારીએ પસાર કરેલા કોઈપણ આદેશ અંગે અથવા સેશન્સ કોર્ટ પસાર કરેલા કોઈપણ આદેશ અંગે કરેલો હુકમ કાયદેસરનો છે કે કેમ તે વિશેનો સંતોષ મેળવશે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે આ કાયદા હેઠળ કરવામાં આવેલી કોઈપણ કાર્યવાહી માટે હાઈકોર્ટ પોતાના સંતોષ માટે કાર્યવાહીના કાગળો તપાસવા મંગાવી શકશે અને આ તપાસને અંતે યોગ્ય હુકમ કરી શકશે; પરંતુ, હાઈકોર્ટ આવો હુકમ કરતાં પહેલા જે કોઈ વ્યક્તિ તેમા સંબંધ ધરાવતી હોય તેને સાંભળ્યા વગર હાઈકોર્ટ હુકમ કરશે નહી.

**(18) બાળકો સામે વિશિષ્ટ ગુનાઓ અને તેની જોગવાઈઓ :**

(1) આ કાયદાની વિશિષ્ટ જોગવાઈ એ છે કે બાળકોની સામે કેટલાક પ્રકારના વિશિષ્ટ ગુનાઓ કરવા માટે અને તેને અટકાવવા માટે ખાસ પ્રકારની શિક્ષાની જોગવાઈ કરવામાં આવી

છે જેથી કરીને બાળકને માનસિક કે શારીરિક રીતે સહન કરવું પડે નહીં. આ વિશિષ્ટ જોગવાઈ એવી છે કે જે કોઈ વ્યક્તિની પાસે બાળક હોય અથવા તે વ્યક્તિનો બાળક ઉપર કાબૂ હોય તે સંજોગમાં તે બાળકને ત્યજીને અથવા તેના ઉપર હુમલો કરાવે અથવા તેને એવી પરિસ્થિતિમાં લાવી મૂકે કે જેથી તેને માનસિક અને શારીરિક રીતે સહન કરવું પડે. આ સંજોગોમાં જે તે જવાબદાર વ્યક્તિને છ મહિનાની સજા અને દંડને પાત્ર બનશે.

આ જોગવાઈ હેઠળ જે કોઈ વ્યક્તિને અદાલતમાં ફરિયાદ કરવી હશે તો રાજ્ય સરકારની અથવા અધિકૃત અધિકારીની પૂર્વ મંજૂરી મેળવીને ફરિયાદ દાખલ કરી શકાશે.

(2) બીજી વિશિષ્ટ જોગવાઈ જે બાળકો સામેના ગુના માટેની છે તે મુજબ જે કોઈ વ્યક્તિ બાળકની પાસે ભીખ મંગાવશે અથવા ભીખ માંગવામાં બાળકનો ઉપયોગ કરશે તો તેવી વ્યક્તિને આ પ્રકારના ગુના કરવા બદલ ત્રણ વર્ષની સજા તેમજ શિક્ષાત્મક દંડને પાત્ર બનશે. આ કલમ હેઠળ થયેલા ગુના માટે જવાબદાર વ્યક્તિને પોલીસ વોરંટ વગર પકડી શકશે.

(3) જે કોઈ વ્યક્તિ અથવા જે વ્યક્તિના કાબૂમાં બાળક હોય તે જો કોઈ બાળકને દારૂ આપશે (જાહેર જગ્યામાં) અથવા કેફી દ્રવ્ય પદાર્થો અથવા નશાયુક્ત પદાર્થો બાળકને આપશે તો જે તે જવાબદાર વ્યક્તિ ત્રણ વર્ષની સજા અને દંડને પાત્ર થશે.(બાળકની માંદગીમાં જરૂર હોય તેવા પ્રસંગે મેડિકલ ડોક્ટરની લેખિત ભલામણથી જો આ દ્રવ્યો આપવામાં આવે તો તે ઘૃણાને પાત્ર બનશે નહીં.)

(4) બાળકો સામેના વિશિષ્ટ ગુનાઓ સામેની બીજી મહત્ત્વની જોગવાઈ એ છે કે કોઈપણ વ્યક્તિ પોતાને માટે કરશે તો જવાબદાર વ્યક્તિ ત્રણ વર્ષની સજા અને દંડને પાત્ર બનશે.

**(19) નાસી ગયેલા બાળકો માટેની જોગવાઈઓ :**

આ કાયદાની જોગવાઈ હેઠળ જે કોઈ બાળકને બાળગૃહમાં કે વિશિષ્ટ બાળગૃહમાં સંભાળ માટે રાખવામાં આવેલું હોય અને બાળક ત્યાંથી ભાગી જાય તો બીજા કોઈપણ કાયદામાં વિરુદ્ધની કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં કોઈપણ પોલીસ ઓફિસર વોરંટ વગર બાળકનો કબજો લઈ શકશે અને આવા બાળકને ફરીથી બાળગૃહમાં મોકલી આપશે અને ભાગી જવા બદલ બાળકની સામે કોઈ કાર્યવાહી કરી શકશે નહી; પરંતુ, પોલીસ અધિકારી લેખિત રીતે આ ખબર સક્ષમ અધિકારીને આપશે. જેથી તે અધિકારી બાળકની સામે યોગ્ય લાગે તેવા પગલાં લઈ શકશે.

જે હિસ્સામાં ત્યજી દેવાયેલા બાળકને અથવા અપરાધી બાળકને બાળગૃહમાં મોકલવાનો આદેશ જ્યારે સક્ષમ અધિકારી કરશે ત્યારે તે બાળકના નિભાવ ખર્ચને માટે પૈસાની રકમ ફાળા તરીકે આપવા માટે બાળકના વાલીને સક્ષમ અધિકારી આદેશ આપી શકશે.

❖ **સલાહકાર બોર્ડ :**

આ કાયદાની જોગવાઈઓના અમલ માટે રાજ્ય સરકાર એક સલાહકાર બોર્ડની સ્થાપના કરશે જે બાળગૃહોની સ્થાપના અપરાધી બાળકો માટેનું શિક્ષણ, ત્યજી દેવાયેલા અને અપરાધી બાળકો માટેની તાલીમ અને તેમને આપવાની સગવડતાઓ વિશેના સલાહસૂચનો આ સલાહકાર

બોર્ડ આપશે. આ સલાહકાર બોર્ડની રચનામાં બોર્ડની સભ્ય સંખ્યા, તજ્ઞોની નિમણૂંક અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓની નિમણૂંક વગેરે રાજ્ય સરકાર કરશે.

આ કાયદા હેઠળ રચવામાં આવેલા બાળગૃહોની તપાસ માટે રાજ્ય સરકાર વિઝિટર્સ જે બિનસરકારી વ્યક્તિઓ હશે. તેમની નિમણૂંક રાજ્ય સરકાર કરશે. આ વ્યક્તિઓ બાળગૃહોની તપાસ માટે રાજ્ય સરકારને પોતાનો અહેવાલ રજૂ કરશે.

**(20) બાળકો ઉપર કબજેદારોનું નિયંત્રણ :**

આ કાયદા હેઠળ જે કોઈ બાળકનો કબજો જે વ્યક્તિને સોંપવામાં આવે અને આ સોંપણીનો હુકમ જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી તે વ્યક્તિનો તેને સોંપવામાં આવેલા બાળકની ઉપર વાલીપણાના હક્ક જેવો હક્ક રહેશે અને બાળકના નિભાવ માટે તે જવાબદાર રહેશે, અને સક્ષમ અધિકારીએ કરેલા આદેશ પ્રમાણે તે વ્યક્તિ બાળકનો કબજો પોતાની પાસે રાખી શકશે. સોંપેલા બાળકના કુદરતી વાલીઓ એટલે કે માતા–પિતા કે બીજી કોઈ પણ નજીકની વ્યક્તિ બાળકનો કબજો મેળવી શકશે નહીં.

## 4.4 ઉપસંહાર :

ઉપર દર્શાવ્યા મુજબ બાળકો માટે ગંભીર વિચારણા કરવાની જરૂરિયાત છે બાળક પ્રવૃત્તિની અસરકારકતા માટે બાળકના હક્ક માટે કેટલાક કાયદા ઘડવામાં આવે છે. આ કાયદા બાળકોના સાથે થતા અન્યાયને અટકાવવા માટે અને બાળકનું શોષણ ન થાય તેવા પ્રકારના કાર્ય કરે છે. સમાજ કાર્યકર તરીકે ક્ષેત્રકાર્યમાં બાળકોના વિકાસની કામગીરી કરવા ઉપરોક્ત માહિતી ખૂબ જ ઉપયોગી થશે.

## 4.5 તમારી પ્રગતિ ચકાસો :

1. કયા અંગ્રેજ કવિએ બાળકને "માનવનો પિતા" તરીકે નવાજ્યા છે ?

   (A) વિલિયમ (B) જહોન્સન (C) વડ્ઝવર્થે (D) જહોન લૅવી

2. કયા ગુર્જર મહાકવિએ બાળકોને "પ્રભુના પયંગબરો" તરીકે બિરદાવ્યા છે ?

   (A) ન્હાનાલાલ (B) નરસિંહ મહેતા (C) સુન્દરમ્ (D) ઉમાશંકર જોષી

3. કયા વર્ષમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘે વિશ્વનાં બાળકોના મૂળભૂત અધિકારોની ઉદ્‌ઘોષણા કરી હતી ?

   (A) 1949 (B) 1959 (C) 1979 (D) 1989

4. 1994 માં ગુજરાતમાં દર હજાર બાળકોની સંખ્યાએ બાળમજૂરોનું પ્રમાણ કેટલું હતું ?

   (A) 300 (B) 340 (C) 540 (D) 640

5. બાળમજૂરો વિશેની રાષ્ટ્રીય નીતિ કયા વર્ષમાં બની હતી ?

   (A) 1977 (B) 1987 (C) 1997 (D) 2007

## 4.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (C) **2.** (A) **3.** (B) **4.** (D) **5.** (B)

## 4.7 ચાવીરૂપ શબ્દો :

1. **બાળક કોને કહેવાય ? :** જે વ્યક્તિને 14 વર્ષની ઉંમર પૂરી થઈ ન હોય તેવી વ્યક્તિને કાયદાની પરિભાષામાં બાળક કહેવામાં આવે છે.
2. **કબજેદાર :** કબજેદાર એટલે સંસ્થા કે વર્કશોપના સબંધમાં કામકાજ ઉપર છેવટનું નિયંત્રણ હોય તેવી વ્યક્તિ.
3. **વર્કશોપ :** વર્કશોપ એટલે કોઈપણ જગ્યા જેમાં ઔદ્યોગિક પ્રક્રિયા કરવામાં આવતી હોય અને કારખાના અધિનિયમ 1948 ની કલમ – 67 ની જોગવાઈઓ જે જગ્યાને લાગુ પડે તેવી જગ્યાનો તેમાં સમાવેશ થાય છે.

## 4.8 સ્વાધ્યાય લેખન :

1. બાળકો માટેની બંધારણીય જોગવાઈઓની ટૂંકમાં ચર્ચા કરો.
2. બાળમજૂરી વિશેની રાષ્ટ્રીય નીતિ – 1987 વિશે ચર્ચા કરો.
3. બાળમજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ – 1986 સમજાવો.
4. બાળઅદાલત કોને કહેવાય ? તેની કામગીરી વિશે સમજાવો.
5. ખાસ પ્રકારના ગૃહો અને નિરીક્ષણ ગૃહો વિશે પરિચય આપો.

## 4.9 પ્રવૃત્તિ :

1. બાળકોની રાષ્ટ્રીય નીતિનો વિગતે અભ્યાસ કરી તેમાંથી બાળવિકાસને લગતી મહત્ત્વની બાબતોને જુદી તારવો.
2. બાળકોના વિકાસ માટે કાર્યરત તમારાં જિલ્લાની કોઈપણ બે સંસ્થાઓની મુલાકાત લઈ તેમની કામગીરી વિશેનો પરિચય કરો.

## 4.10 કેસ સ્ટડી :

1. ખાસ ગૃહની મુલાકાત લઈ કોઈપણ એક બાળક વિશે કેસ સ્ટડી તૈયાર કરો.
2. તમારા બાજુના જિલ્લામાં આવેલ નિરીક્ષણ ગૃહની મુલાકાત લઈ નિરીક્ષણ ગૃહમાં રખાયેલ કોઈપણ એક બાળકની મુલાકાત લઈ તેની કેસ સ્ટડી તૈયાર કરો.

## 4.11 સંદર્ભગ્રંથ :

1. બાળકોની રાષ્ટ્રીય નીતિ : ભારત સરકાર, મહિલા બાળવિકાસ મંત્રાલય.
2. એનસાઈક્લોપિડિયા : ભારત સરકાર, સમાજકાર્ય મંત્રાલય.
3. પારિભાષિક કોશ : સમાજશાસ્ત્ર, ડૉ. વિદ્યુતભાઈ જોષી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**BSWR-502**

# બાળકો અને યુવાનો સાથે સમાજકાર્ય

વિભાગ

# 3

## બાળસ્વાસ્થ્ય અને સમાજકાર્ય


**એકમ–1** આરોગ્ય અને શિક્ષણનાં પાસાંઓ

**એકમ–2** બાળકલ્યાણના પરંપરાગત ખ્યાલો

**એકમ–3** આંતરરાષ્ટ્રીય અભિગમ

**એકમ–4** બાળઆરોગ્ય અને પરિસ્થિતિનું વિશ્લેષણ

**એકમ–5** બાળમૃત્યુ

**એકમ–6** પ્રજનન સ્વાસ્થ્ય

**એકમ–7** બાલ્યાવસ્થાના સામાન્ય રોગો

**એકમ–8** પોષણની ઉણપથી થતાં રોગો

**ISBN : 978-93-91071-54-7**


## લેખક

| | |
|---|---|
| **નીલા એન. પટેલ** | અધ્યાપક (ફેકલ્ટી), સામાજિક વિજ્ઞાન,<br>રાજ્યગ્રામ વિકાસ સંસ્થા, સ્પીપા,<br>અમદાવાદ. |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| **ડૉ. તેજલ અધ્વર્યુ** | સંશોધન મદદનીશ,<br>આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

## પરામર્શન (ભાષા)

| | |
|---|---|
| **ડૉ. હેતલ ગાંધી** | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ |


**Edition : 2023**

**Copyright©2023 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ–સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાંથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ–સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ–અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રસ્તુત થાય છે.

અભ્યાસ–સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ (Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

# દૂરવર્તી શિક્ષણની ભૂમિકા

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ–અવરોહ, ભાવ–ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ–અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે .

સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ–અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આજ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન–મૂલ્યાંકન પણ કરે છે.

## <u>પ્રસ્તાવના</u>

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ–સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થી ભોગ્ય બનાવે છે.

આશા છે કે, સ્વ–અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ-સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## BSWR-502 બાળકો અને યુવાનો સાથે સમાજકાર્ય

**વિભાગ–1 : બાળકનું સામાજિકીકરણ**

**એકમ–1** સામાજિકીકરણનો ખ્યાલ, ધ્યેયો, સિદ્ધાંતો અને બાળઉછેરની પ્રથા

**એકમ–2** બાળકનું સામાજિકીકરણ કરનારાં પરિબળો

**વિભાગ–2 : ભારતમાં બાળકો**

**એકમ–1** વસ્તી આધારિત લાક્ષણિકતાઓ

**એકમ–2** ભારતમાં બાળકોની સમસ્યાઓ

**એકમ–3** શેરીના નિરાધાર/તરછોડાયેલા બાળકો, બાળમજૂરો

**એકમ–4** બાળકો માટે કાનૂની રક્ષણાત્મક પગલાં

**વિભાગ–3 : બાળસ્વાસ્થ્ય અને સમાજકાર્ય**

**એકમ–1** આરોગ્ય અને શિક્ષણનાં પાસાંઓ

**એકમ–2** બાળકલ્યાણના પરંપરાગત ખ્યાલો

**એકમ–3** આંતરરાષ્ટ્રીય અભિગમ

**એકમ–4** બાળઆરોગ્ય અને પરિસ્થિતિનું વિશ્લેષણ

**એકમ–5** બાળમૃત્યુ

**એકમ–6** પ્રજનન સ્વાસ્થ્ય

**એકમ–7** બાલ્યાવસ્થાના સામાન્ય રોગો

**એકમ–8** પોષણની ઉણપથી થતાં રોગો

**વિભાગ–4 : યુવાન**

**એકમ–1** યુવા બાયોગ્રાફિક પરિણામો અને યુવા પરિપ્રેક્ષ્ય

**એકમ–2** યુવા અભિગમ

**એકમ–3** યુવા સશક્તિકરણ

## ઘટક પરિચય :

વિદ્યાર્થી મિત્રો, આપણે જાણીએ છીએ કે ''પહેલું સુખ તે જાતે નર્યા''. બાળક જ્યારે શીશું અવસ્થામાં હોય ત્યારે તેને પોષણ અને સ્વાસ્થ્યની દેખરેખ વધુ રાખવી પડે છે. બાળકને કોઈ રોગ કે તકલીફ થાય તો તે વડીલ વ્યક્તિ, ખાસ કરીને તેની માતાને યોગ્ય શબ્દોમાં તેની તકલીફ સમજાવવા સક્ષમ હોતું નથી. તે રડીને કે ચિડીયાપણાંને વ્યક્ત કરીને પોતાની તકલીફ રજૂ કરે છે. મોટેભાગે બાળકની માતા સિવાય અન્ય વ્યક્તિ તેની તકલીફ સમજી શકતું નથી.

આ એકમમાં અભ્યાસ બાદ આપ બાળકનાં સ્વાસ્થ્ય સંબંધી બાબતો વિશે વિસ્તૃત પરિચય મેળવી શકશો. બાળકના ચાર મુખ્ય અધિકારો પૈકી તેના પોષણના અધિકારને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે; કારણ કે, જો બાળક શારીરિક અને માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ હશે તો તે તેનું આગળનું જીવન પણ રોગમુક્ત અને સ્વસ્થ રહેશે. શિશું અવસ્થામાં થયેલા રોગની અસર આજીવન પડતી હોય છે. ખાસ કરીને કુપોષણ અને ગંભીર રોગોનો તેમાં સમાવેશ થાય છે. તેથી આ એકમનો અભ્યાસ ખૂબ જરૂરી છે. બાળ સ્વાસ્થ્યનો અભ્યાસ એ બાળકો સાથે જૂથકાર્ય કે વૈયક્તિક કાર્ય કરતી વખતે બાળકને સરળતાથી સમજવા માટે ખૂબ ઉપયોગી નિવડશે.

## ઘટક હેતુઓ :

ઘટના હેતુઓ આ એકમના અભ્યાસ બાદ આપ જાણી શકશો :

(1) આરોગ્ય અને શિક્ષણના પાસાંઓ

(2) બાળકલ્યાણના પરંપરાગત ખ્યાલો

(3) આંતરરાષ્ટ્રીય અભિગમા

(4) બાળઆરોગ્ય અને તેની પરિસ્થિતિ

(5) બાળમૃત્યુ

(6) પ્રજનન સ્વાસ્થય

(7) બાલ્યાવસ્થાના સામાન્ય રોગો

(8) પોષણની ઉપણથી થતાં રોગો

# એકમ-1 આરોગ્ય અને શિક્ષણનાં પાસાંઓ

: એકમનું માળખું :

1.0 એકમનો પરિચય

1.1 એકમના હેતુઓ

1.2 પ્રસ્તાવના

1.3 આરોગ્ય શિક્ષણની વિભાવના

1.4 આરોગ્ય શિક્ષણનું ધ્યેય

1.5 આરોગ્ય શિક્ષણનું વિષયવસ્તુ

1.6 આરોગ્ય શિક્ષણની પદ્ધતિઓ

1.7 ઉપસંહાર

1.8 તમારી પ્રગતિ ચકાસો

1.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1.10 ચાવીરૂપ શબ્દો

1.11 સ્વાધ્યાય લેખન

1.12 પ્રવૃત્તિ

1.13 કેસ સ્ટડી

1.14 સંદર્ભગ્રંથ

## 1.0 એકમનો પરિચય :

મનુષ્યનું આરોગ્ય સારું હોય તો તે જીવનમાં જે ઇચ્છે તે કરી શકે છે. એનાં માટે આરોગ્ય વિષયક સાચી માહિતી મળવી ખૂબ જ મહત્ત્વની છે. જેને આરોગ્ય શિક્ષણ કહી શકાય આરોગ્ય શિક્ષણ વિશે આપણને જાણકારી હોવી જોઈએ. આરોગ્ય શિક્ષણ આપણને સ્વસ્થ રહેવામાં પણ હંમેશા મદદ કરે છે. આરોગ્ય શિક્ષણનાં વિવિધ પાસાંઓ વિશે પણ માહિતી હોવી અનિવાર્ય છે. આ એકમમાં એના વિશે માહિતી આપવામાં આવી છે. જેથી, સમાજકાર્યનાં વિદ્યાર્થી તરીકે લોકવિકાસના કાર્યો કરવા જાઓ ત્યારે ઉપયોગી થઈ શકે છે.

## 1.1 એકમના હેતુઓ :

આ એકમમાં આરોગ્ય શિક્ષણના વિવિધ પાસાંઓ વિશે માહિતગાર કરવામાં આવશે. જેવા કે શિક્ષણનો ખ્યાલ ધ્યેય, વિષયવસ્તુ, પદ્ધતિઓ વિશે માહિતગાર કરવામાં આવશે.

## 1.2 પ્રસ્તાવના :

મનુષ્યના જીવનકાળ દરમ્યાન તેનું સ્વાસ્થ્ય સ્વસ્થ રહે તે બાબત જરૂરી છે. સ્વાસ્થ્ય અંગેની જાણકારી અને સાચી માહિતી હોવી પણ જરૂરી છે. આરોગ્ય અંગે દરેક માનવીએ સજાગ રહેવું જરૂરી છે. આરોગ્ય અંગે વિવિધ પાસાંઓનું શિક્ષણ એટલે આરોગ્ય શિક્ષણ.

આરોગ્ય શિક્ષણ સાથે ઘણી બાબતોનો સમાવેશ કરી શકાય છે. આરોગ્ય શિક્ષણ આપવા માટે ઘણી પ્રવૃત્તિનો ઉપયોગ કરી શકાય છે. એક સમાજકાર્યકર્તા તરીકે આરોગ્ય શિક્ષણ વિશે જાગૃતતા લાવવા માટે કિશોરીઓને મીટીંગ કરીને શાળામં આરોગ્ય અંગે પ્રોગ્રામ કરીને સેમિનાર રાખીને વિવિધ રીતે લોકો સુધી આરોગ્ય શિક્ષણ પહોંચાડી શકાય છે.

## 1.3 આરોગ્ય શિક્ષણની વિભાવના :

❖ **આરોગ્ય શિક્ષણ :**

આરોગ્ય વિષયક પાસાંઓનું શિક્ષણ એટલે આરોગ્ય શિક્ષણ એમ સરળ અર્થ થાય; પરંતુ, આરોગ્યના તજજ્ઞો દ્વારા તેનો વિશેષ અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણવાળો અર્થ સમજવામાં આવ્યો છે. શિક્ષણ કે કેળવણીના સિદ્ધાંત સાથે આરોગ્ય વિષયક બાબતોને સાંકળીને તેની વ્યાખ્યા આપવામાં આવી છે. વ્યક્તિગત અને સમુદાય સ્વાસ્થ્યનું સ્તર પ્રાપ્ત કરવા માટે આરોગ્ય શિક્ષણ અનિવાર્ય કે જેના દ્વારા જ્ઞાન મનોવલણો, આરોગ્યપ્રદ આચરણ કે આરોગ્યલક્ષી જીવન કૌશલ્યોને આત્મસાત કરી શકાય છે.

❖ **વ્યાખ્યા :**

આરોગ્ય શિક્ષણ એ એક એવી પ્રક્રિયા છે જેના થકી વ્યક્તિ અને જૂથો પોતાની તંદુરસ્તીની વૃદ્ધિ અને જાળવણી માટેની આવશ્યક વર્તણૂંકની રીતભાત શીખે છે. તંદુરસ્ત રહેવા માટેની આવશ્યક આરોગ્યપ્રદ આદતો સહજ રીતે સ્વેચ્છાએ શીખી શકાય તેવી તકો અને પ્રવૃત્તિઓને સાંકળી લઈને પ્રયોજાતું શિક્ષણકાર્ય, આરોગ્ય શિક્ષણ કહેવાય.

આરોગ્ય શિક્ષણના મૂળભૂત સિદ્ધાંત મુજબ આરોગ્ય વિશેની વિવિધ માહિતી પૂરી પાડીને વર્તનમાં પરિવર્તન લાવવાનું મુખ્યકાર્ય આરોગ્ય શિક્ષણનું છે.

આમ, લોકોના પોતાના સ્વાસ્થ્યની જાળવણી માટે જીવનકૌશલ્યના આચરણ માટે પ્રોત્સાહિત કરતી શૈક્ષણિક પ્રક્રિયા અર્થાત આરોગ્ય વિશેની જાગૃતિથી આચરણ તરફ દોરી જતું શિક્ષણ એટલે આરોગ્ય શિક્ષણ.

## 1.4 આરોગ્ય શિક્ષણનું ધ્યેય :

– સ્વાસ્થ્ય સંબંધી જ્ઞાન અને જાણકારી માત્ર તબીબો કે આરોગ્ય કર્મચારીઓ પુરતા મર્યાદિત જ ન રહે; પરંતુ, લોકો સુધી પહોંચે, તે માટે આરોગ્ય શિક્ષણ મહત્ત્વનું છે અને લોકો પોતે પોતાના સ્વાસ્થ્યની જાળવણી બાબતે સ્વનિર્ભર અને સભાન બને તે આરોગ્ય શિક્ષણનું ધ્યેય છે.

– વિદ્યાર્થીઓ, વિશેષત: કિશોરવસ્થામાં આરોગ્યની જાળવાની માટે આવશ્યક જ્ઞાન પ્રાપ્ત કરીને માહિતગાર થાય અને તંદુરસ્ત જીવન જીવવાની રીતે તેમજ કૌશલ્યો આત્મસાત કરે તે આરોગ્ય શિક્ષણનો મહત્ત્વનો હેતુ છે.

- કિશોરાવસ્થા દરમ્યાન સામાન્ય અને પ્રજનન આરોગ્યપ્રદ ટેવોનું આચરણ કરવામાં આવે. સ્વાસ્થ્ય વિશેના દૃષ્ટિકોણમાં પરિવર્તન આવે તે સ્વાસ્થ્ય શિક્ષણનું ધ્યેય છે. o

- વિદ્યાર્થીઓને શાળાકીય શિક્ષણકાર્ય મારફતે જ્ઞાનાત્મક સ્તરે, મૂલ્યવર્ધન કેળવણી કેળવવાના સ્તરે તેમજ કૌશલ્ય આત્મસાત કરવાના સ્તરે માર્ગદર્શક પ્રક્રિયા પ્રયોજાય છે તે જ સિદ્ધાંત પર આરોગ્ય શિક્ષણની પ્રક્રિયા પ્રયોજાય છે.

- શાળાકીય અભ્યાસક્રમમાં વિષયોનું શિક્ષણનું અંતિમ લક્ષ્ય વિદ્યાર્થીની કેળવણી છે. તેમ આરોગ્ય શિક્ષણનું અંતિમ લક્ષ્ય આરોગ્યપ્રદ આદતો કેળવાય છે. આરોગ્ય શિક્ષણ તમામ વયજૂથના લોકો માટે છે.

- શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને શાળા બહારનો તે જ વયજૂથના કિશોરો માટે પણ આરોગ્ય શિક્ષણ મહત્ત્વનું છે.

- અશિક્ષિત પ્રૌઢ માટે કે ગૃહિણીઓ માટે પણ તે જરૂરી છે. વિદ્યાર્થીઓ આરોગ્ય શિક્ષણના વાહકો છે. તેઓ આરોગ્ય શિક્ષણની પ્રક્રિયામાંથી પસાર થયા બાદ અન્ય લોકોને પણ તે આરોગ્ય શિક્ષણ આપવા કે પ્રાપ્ત કરવા માટે અસરકારક ભૂમિકા નિભાવી શકે તેમ છે.

## 1.5 આરોગ્ય શિક્ષણનું વિષયવસ્તુ :

(1) **જીવવિજ્ઞાન :** માનવ શરીર રચના અને કાર્યો વિશેની માહિતી, શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત રહેવામાં મદદરૂપ છે.

(2) **પોષણ :** ખોરાક અને શરીરમાં તેના કાર્યો, બૃહદ અને સૂક્ષ્મ પોષક ઘટકો, આહાર, આહારની ટેવો, આહારની જાળવણી વગેરેની જાણકારી પ્રાપ્ત કરીને ઉપલબ્ધ ખાદ્ય–સામગ્રીનો, શરીરના પોષણ માટે વધુ સારો ઉપયોગ કરવાનું શિક્ષણ.

(3) **સ્વચ્છતા :** વધુ સારી સ્વચ્છતા દ્વારા શારીરિક સુખાકારી માટેની જાણકારી વ્યક્તિગત અને પર્યાવરણની સ્વચ્છતા જાળવવા વિશેના જ્ઞાન અને કૌશલ્યનો સમાવેશ.

(4) **કુટુંબ, આરોગ્ય સંભાળ :** કુટુંબના સભ્યોનું જીવનધોરણ સુધારવા ગર્ભથી ઘડપણ સુધી પાયાની આરોગ્યસંભાળ અને ઉપલબ્ધ સેવાઓ માટેની માહિતી.

(5) **ચેપી અને બિનચેપી રોગો**ના અટકાવ અને નિયંત્રણ માટે વ્યક્તિગત અને લોકસહયોગને પ્રોત્સાહિત કરવા માટેની માહિતી.

(6) **માનસિક સ્વાસ્થ્ય :** માનસિક બીમારીથી રક્ષણ, માનસિક સ્વાસ્થ્યની જાળવણી અને જીવનકૌશલ્યોના વિશેની માહિતી.

(7) **અકસ્માત કે દુર્ઘટના**ને અટકાવવા માટે ઘર, કામના સ્થળે કે જાહેર સ્થળે વગેરે પ્રસંગોમાં સાવચેતી.

(8) **આરોગ્ય અને તબીબી સારવાર :** વિવિધ સેવાઓનો ઉપયોગ કરીને રોગો અને બીમારીથી રક્ષણ મેળવવું અને સ્વાસ્થ્યને જાળવવા માટેના કાર્યક્રમોની વિગતો.

## 1.6 આરોગ્ય શિક્ષણ માટેની વિવિધ પદ્ધતિઓ :

આરોગ્ય શિક્ષણની પ્રક્રિયામાં ત્રણ વૈજ્ઞાનિક અભિગમો સંકલિત છે. (1) આરોગ્ય સંબંધિત વિષયવસ્તુની જાણકારી (2) શિક્ષણની પદ્ધતિઓ વિશેનું જ્ઞાન અને (3) વિચાર પ્રસારણ અને વિનિમયનું કૌશલ્ય આરોગ્ય શિક્ષણમાં વ્યક્તિગત સંપર્ક તેમજ જૂથ અને લોકસંપર્ક દ્વારા વિવિધ તમામ વયજૂથની વ્યક્તિઓનો લક્ષિત જૂથ તરીકે સમાવેશ થાય છે. શિક્ષણ પ્રક્રિયામાં વધુ જ્ઞાનેન્દ્રિયોનો સમાવેશ કરવાની શિક્ષણ વધુ અસરકારક રીતે આપી શકાય છે તે સિદ્ધાંત મુજબ આરોગ્ય શિક્ષણમાં વિવિધ દ્રશ્યશ્રાવ્ય સાધનો અને પ્રાયોગિક કાર્ય, નિર્ધન અને પુનઃનિર્ધન જેવી પદ્ધતિઓ પણ મહત્ત્વની છે. સંચાર કે વિનિમય પ્રક્રિયામાં પ્રેરણા આપવા માટે વ્યક્તિની માધ્યમ તરીકેની ભૂમિકા આરોગ્ય શિક્ષણમાં ખૂબ જ અસરકારક બની રહે છે. ઉપરોક્ત તમામ બાબતોને આવરી લેતી આરોગ્ય શિક્ષણની વિવિધ પદ્ધતિઓ, પ્રવૃત્તિઓ કે માધ્યમની વિગતો નીચે મુજબ છે.

- વ્યક્તિગત મુલાકાત, વાર્તાલાપ અને સંપરામર્શ
- જૂથચર્ચા, જૂથમિટિંગ, જૂથકાર્ય.
- સેમિનાર, પેનલચર્ચા, પ્રવચનમાળા, પરિસંવાદ, કાર્યશિબિર.
- જાહેરસભા, ફિલ્મ શો, સાંસ્કૃતિક કાર્યક્રમો
- સ્વાસ્થ્ય મેળા, પ્રદર્શન, રેલી, સરઘસ, યાત્રા
- સ્લાઈડ શો, વીડિયો શો.
- ભીંતચિત્રો, પોસ્ટર્સ, બેનર્સ, બુલેટિન બોર્ડસ, હોર્ડિંગ્સ ચાર્ટસ.
- પત્રિકા, ચોપાનીયા, પુસ્તિકા, ચોપડીઓ, પાઠ્યપુસ્તક, સચિત્ર શૈક્ષણિક સાહિત્ય.
- સામાયિકો, દૈનિક સમાચારપત્રો, મેગેઝીન્સ, સ્મૃતિગ્રંથ
- રેડિયો, ટેલિવિઝન, સેટેલાઈટ કમ્યુનિકેશન નેટવર્ક
- બાળકો, મહિલાઓ, સમુદાયના પ્રભુત્વ ધરાવતા પ્રભાવશાળી લોક આગેવાનો (આરોગ્ય શિક્ષણના વાહકો)
- વિવિધ પ્રકારની સ્વાસ્થ્ય સંબંધિત સ્પર્ધાઓ, રમતો, લોકગીત, લોકનૃત્ય, નાટયના કાર્યક્રમો

## 1.7 ઉપસંહાર :

ઉપર દર્શાવેલી દરેક શૈક્ષણિક પદ્ધતિઓ, માધ્યમો અને પ્રવૃત્તિઓનો સ્વાસ્થ્ય શિક્ષણ માટે ઉપયોગ કરવામાં આવે છે. આરોગ્ય શિક્ષણના સંદેશા અને ઉદ્દેશ્ય ધ્યાનમાં રાખી એક એક કરતાં વધુ પદ્ધતિઓની પસંદની કરવામાં આવે છે. સ્વાસ્થ્ય સંબંધી બાબતોમાં જાગૃતિથી આચરણના વિવિધ દરેક તબક્કામાં લોકો સાથે સતત સંપર્ક અને સંવાદ દ્વારા આરોગ્ય શિક્ષણની પ્રવૃત્તિઓ પ્રયોજવી જરૂરી છે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો :

1. આરોગ્ય શિક્ષણના વિષયવસ્તુમાં નીચેના પૈકી કઈ–કઈ બાબતોનો સમાવેશ થાય છે ?
   (A) પોષણ (B) સ્વચ્છતા (C) માનસિક સ્વાસ્થ્ય (D) ઉપરોક્ત બધા
2. આરોગ્ય શિક્ષણની પ્રક્રિયામાં કેટલા અભિગમો સંકલિત છે ?
   (A) એક (B) બે (C) ત્રણ (D) ચાર
3. નીચેનામાંથી આરોગ્ય શિક્ષણની પદ્ધતિઓ કઈ છે તે જણાવો.
   (A) જૂથચર્ચા (B) વ્યક્તિગત મુલાકાત
   (C) જૂથકાર્ય (D) ઉપરોક્ત બધા
4. "આરોગ્યપોથી" પુસ્તકના લેખક કોણ છે ?
   (A) ડૉ. પી. સી. શાહ (B) ડૉ. એ. જી. શાહ
   (C) ડૉ. જે. કે. દવે (D) ડૉ. જાકિર
5. શાળામાં બાળકોનું આરોગ્ય ચકાસણી માટે કયો કાર્યક્રમ ચાલે છે ?
   (A) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ (B) મમતા દિવસ
   (C) બાળદિન (D) ઉપરોક્તમાંથી એકપણ નહિ

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (D) **2.** (C) **3.** (D) **4.** (A) **5.** (A)

## 1.10 ચાવીરૂપ શબ્દો :

1. **આરોગ્ય શિક્ષણ :** આરોગ્ય અંગે વિવિધ પાસાંઓનું શિક્ષણ એટલે આરોગ્ય શિક્ષણ.
2. **મમતા દિવસ :** ગ્રામ આરોગ્ય, પોષણ અને સ્વચ્છતા દિવસ તરીકે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આ દિવસ ઉજવવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ આરોગ્યના મુદ્દે લોકજાગૃતિ લાવવાનો છે.
3. **પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર :** રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ગ્રામ્યકક્ષાએ આ કેન્દ્ર ચાલે છે. જેને અંગ્રેજીમાં Primary Health Centre તરીકે અને ટૂંકમાં PHC તરીકે ઓળખવામાં આવે છે.

## 1.11 સ્વાધ્યાય લેખન :

1. આરોગ્ય શિક્ષણની વિભાવના સમજાવો.
2. આરોગ્ય શિક્ષણનું શું ધ્યેય છે તે જણાવો.
3. આરોગ્ય શિક્ષણનું વિષયવસ્તુ શું છે તે જણાવો.
4. આરોગ્ય શિક્ષણ માટેની વિવિધ પદ્ધતિઓ જણાવો.
5. આરોગ્ય શિક્ષણ માટેની જુદી–જુદી પદ્ધતિઓ પૈકી ગ્રામિણ વિસ્તારમાં આરોગ્યલક્ષી જાગૃતિ માટે કઈ પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય તે અંગે ચર્ચા કરો.

## 1.12 પ્રવૃત્તિ :

1. તમારાં વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ તેની કામગીરી વિશેની નોંધ તૈયાર કરો.
2. મમતા દિવસ વિશે જાણી મમતા દિવસે કરવામાં આવતી પ્રવૃત્તિઓ વિશેની નોંધ તૈયાર કરો.
3. મમતા કાર્ડનો અભ્યાસ કરી તે અંગે નોંધ તૈયાર કરો.

## 1.13 કેસ સ્ટડી :

1. ગંભીર બિમારીનો ભોગ બનેલ કોઈપણ એક બાળક વિશે અભ્યાસ કરી તે અંગે કેસ સ્ટડી તૈયાર કરો.
2. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમની અસરકારકતા તપાસવા કોઈ એક શાળાની મુલાકાત લઈ તે અંગે કેસ સ્ટડી તૈયાર કરો.

## 1.14 સંદર્ભગ્રંથ :

1. હેલ્થ માર્ગદર્શિકા, આરોગ્ય શિક્ષણ અને જીવન – કૌશલ્ય માર્ગદર્શિકા : શ્રી કૌશિકભાઈ દેસાઈ, શ્રી કિરીટભાઈ શૈલ્ય
2. આરોગ્ય પોથી : ડૉ. પી. સી. શાહ

# એકમ–2 બાળકલ્યાણનાં પરંપરાગત ખ્યાલો

: એકમનું માળખું :


2.0 એકમનો પરિચય

2.1 એકમના હેતુઓ

2.2 પ્રસ્તાવના

2.3 બાળકલ્યાણના કાર્યો

2.4 ઉપસંહાર

2.5 તમારી પ્રગતિ ચકાસો

2.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

2.7 ચાવીરૂપ શબ્દો

2.8 સ્વાધ્યાય લેખન

2.9 પ્રવૃત્તિ

2.10 કેસ સ્ટડી

2.11 સંદર્ભગ્રંથ


## 2.0 એકમનો પરિચય :

બાળકલ્યાણ એ ખૂબ જ અગત્યની વિષય છે. ભારત જેવા દેશમાં બાળકલ્યાણ પર વધારે ધ્યાન અપાય એ વિકાસ માટે જરૂરી છે. બાળકલ્યાણનાં વિવિધ પાસાંઓ હોય છે. જેને સમજવા જરૂરી છે. બાળકલ્યાણ થકી જ બાળવિકાસ શક્ય છે અને એના દ્વારા જ મનુષ્ય વિકાસ આગળ વધે છે. બાળકલ્યાણનાં પરંપરાગત ખ્યાલને પણ સમજવો જરૂરી છે. જેના કારણે વિકાસનાં વિવિધ પાસાંઓથી અવગત થાય છે. આ એકમમાં બાળકલ્યાણનાં પરંપરાગત ખ્યાલથી વાકેફ થઈશું.

## 2.1 એકમના હેતુ :

આ એકમમાં બાળકલ્યાણનો પરંપરાગત ખ્યાલ વિશે માહિતગાર થઈશું.

## 2.2 પ્રસ્તાવના :

❖ **બાળકલ્યાણ પરંપરાગત ખ્યાલ :**

ભારત એક સ્વતંત્ર અને વધુ વસ્તી ધરાવતો વિકાસશીલ દેશ છે. અહીંયા 16 વર્ષની ઉંમરનાં બાળકોની સંખ્યા કુલ વસ્તીના લગભગ 40% છે. આર્થિક અધોગતિ તથા બાળકોની ભરમારના કારણ અહીંયા બાળકલ્યાણનું કાર્ય અપેક્ષાની તુલનામાં ખૂબ જ ઓછું છે. અહીંયા

એટલે કે દેશભરમાં અનેક સ્વૈચ્છિક સંગઠનો, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સંગઠનો અને સરકારીતંત્ર દ્વારા આ ક્ષેત્રમાં અનેક કાર્યો કરવામાં આવી રહ્યાં છે અને તેમની દેખભાળ થઈ રહી છે તેમ છતાં અનાથ બાળકો માટે ઉચિત બાળકલ્યાણકારી વ્યવસ્થાની કસર છે તે સંબંધિત કાર્યક્રમોના સંચાલન અન્ય દેશોની માફક જ કરવા જઈ રહ્યાં છે. બાળકલ્યાણના કાર્યોમાં વિસ્તાર, શિક્ષણ, આરોગ્ય, ભોજન, ઘર(આવાસ) તથા મનોરંજન વગેરે ક્ષેત્રોમાં છે. ભારતમાં પણ સામાન્ય તથા નિમ્ન પરિસ્થિતિના બાળકોને કારણે પ્રચલિત અને વિકાસશીલ કે એનું કારણ સંગઠનો અને રેડક્રોસ સોસાયટી તથા સંગઠનો તથા સંયુક્ત રાષ્ટ્રસંઘના યુનિસેફ જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનો, અનેક નાની સ્વૈચ્છિક સંગઠનો તથા કેન્દ્રીય મંત્રાલયના દ્વારા સ્વાસ્થ્ય, શ્રમ, સમાજકલ્યાણ શિક્ષણ, સામુદાયિક વિકાસ વગેરે વિભાગો દ્વારા સ્થાનિક નગરપાલિકા, મહાનગરપાલિકા દ્વારા સ્વતંત્રરૂપથી તથા ક્યારેક સહયોગથી કરવામાં આવે છે. સરકાર દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓને ગ્રાન્ટ આપીને યોજનાઓને સક્રિય કરી છે. બાળકલ્યાણ કાર્યોનો વિસ્તાર, ગ્રામ્ય તથા શહેરોમાં થાય છે. આવા કાર્યક્રમો સંસ્થાગત અને સરકાર દ્વારા કરવામાં આવે છે.

## 2.3 બાળકલ્યાણના કાર્યો :

(1) બાળવિદ્યાલય

(2) બાળપુસ્તકાલય

(3) માતા—બાળક રક્ષણકેન્દ્ર

(4) બાળક પાલન ઘર

(5) મનોરંજન કેન્દ્ર

(6) બાળક રોજગાર નિયમ

(7) અનાથ આશ્રમ

(4) બહેરા મૂંગા વિદ્યાલય

(9) અપંગૃહ

(10) કલાત્મક અભિરૂચિ કેન્દ્ર

(11) બાળરોગી માટે સ્પેશ્યલ પીવાના પાણીની

(12) બાળરોગો માટેની વ્યવસ્થા

(13) બાળકોને અભ્યાસના ઊપકરણો

(14) વિદ્યાલયમાં પીવાના પાણીની વ્યવસ્થા તથા પૌષ્ટિક આહાર

(15) રમતગમતના ઉપકરણો

(16) બાળચર્ચા કેન્દ્ર

(17) હાથશાળ વગેરે વર્ગ

(18) બાળ અપરાધીઓને સમસ્યાઓ અથવા વ્યક્તિગત ક્ષમતાઓ માટે બાળ ન્યાયાલય અધિકારી, મનોવૈજ્ઞાનિક અને સામાજિક કાર્યકર્તા

(19) માનસિક રોગો અથવા આગામી તથા તેના ઉકેલ સેવા

(20) શિક્ષણ, સ્વાસ્થ્યમ, અનૈતિક વ્યાપાર, ભિક્ષાવૃતિ, બાળશ્રમિક રોજગાર વગેરેની વ્યવસ્થાઓ અને સુવિધાઓ આપેલ છે.

ભારતમાં હાલ બાળકોના કલ્યાણની સેવાઓ ગુણવત્તા અને ગુણાત્મકતા બંને દષ્ટિએ અસંતોષપ્રદ છે એટલે કે પૂરતી નથી. એની વ્યવસ્થાનું સ્વરૂપ તથા સાધન અપૂરતા છે જેનાથી પ્રાપ્ત ફળ મળી શકતું નથી. જેમાં આર્થિક, વહીવટી, કર્મચારીઓ અને આવડત વગેરે દષ્ટિથી ઘણું આગળ વધારવાની જરૂરિયાત છે. એટલે કે યોજનાઓ બહુ જ છે; પરંતુ, બાળકલ્યાણ માત્ર યોજના લાગે છે. અને તેનાથી ભારતનું ભવિષ્યનું નિર્માતા બાળકોને સર્વાંગી શારીરિક, માનસિક, આવેગાત્મક તથા બૌદ્ધિક સુગઠન અને સુવિકાસની આશા દેખાઈ રહી નથી. વિશેષ રૂપથી અવિકસિત બાળકો વ્યવહાર અથવા વ્યવહારગત સમસ્યાઓ બાળકોના લાલન–પાલન સુધારાઓ, સંરક્ષણ અને વિકાસ માટે એનાથી પણ ઓછી સુવિધાઓ છે અને જે છે તે પણ એટલી સુયોગ્ય નથી. બાળકલ્યાણ સંસ્થાઓમાં પરસ્પર સહયોગ અથવા પ્રયત્ન થઈ રહ્યાં છે; પરંતુ, તેનો વધુમાં વધુ ઊપયોગી બનાવવાની જરૂરત છે.

## 2.4 ઉપસંહાર :

આમ, ઉપર દર્શાવ્યા મુજબ બાળકલ્યાણ માટે ઘણા બધા પગલાં હાથ ધરવામાં આવે છે. અનાથ ભારતનું આશ્રમ, પાલકગૃહ, બાળસંરક્ષણ ગૃહ જેવી સંસ્થામાં બાળકના કલ્યાણકારી કાર્ય કરે છે. ભવિષ્ય બાળક પર આધારિત હોય છે, માટે બાળક પર વધુ ધ્યાન આપવું અને તેને માર્ગદર્શન તેમજ તેના કલ્યાણની પ્રવૃત્તિ મહત્ત્વની બાબત છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો :

1. ભારતમાં 16 વર્ષની ઉંમરના બાળકોની સંખ્યા કુલ વસ્તીના લગભગ કેટલા ટકા છે?

   (A) 10 ટકા (B) 20 ટકા (C) 30 ટકા (D) 40 ટકા

2. બાળકોના કલ્યાણ માટે કઈ–કઈ સંસ્થાઓ કાર્યરત છે ?

   (A) અનાથ આશ્રમ (B) પાલક ગૃહ

   (C) બાળસંરક્ષણ ગૃહ (D) ઉપરોક્ત બધા

3. બાળકલ્યાણના મુખ્ય કાર્યો કયા છે તે જણાવો.

   (A) બાળચર્ચા કેન્દ્ર (B) હાથશાળ વર્ગ (C) મનોરંજન કેન્દ્ર (D) ઉપરોક્ત બધા

4. હેલ્થ માર્ગદર્શિકાના લેખકનું નામ જણાવો.

   (A) શ્રી કૌશિક દેસાઈ અને કિરીટભાઈ શૈલ્ય (B) પ્રો. એ. જી. શાહ

   (C) પ્રો. જે. કે. દવે (D) પ્રો. રામાનુજ

5. વિશ્વ આરોગ્ય દિવસ ક્યારે આવે છે ?

   (A) 05 એપ્રિલ (B) 07 એપ્રિલ (C) 09 એપ્રિલ (D) 11 એપ્રિલ

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (D) **2.** (D) **3.** (D) **4.** (A) **5.** (B)

## 2.7 ચાવીરૂપ શબ્દો :

**1.** **માનસિક આરોગ્યની હૉસ્પિટલ :** નામ પ્રમાણે માનસિક આરોગ્યના સંદર્ભે કામ કરે છે. જાગૃતિ અને શિક્ષણને લગતું પાયાનું કામ કરે છે.

**2.** **અનાથ આશ્રમ :** માતા–પિતા વગરના રસ્તે રઝળતા બાળકોને અહીં રાખવામાં આવે છે અને આ આશ્રમ સરકારની સહાયથી ચાલે છે.

**3.** **જિલ્લા બાળ સુરક્ષા ગૃહ :** આ સંસ્થા જિલ્લા કક્ષાએ આવેલી છે. જે રાજ્ય સરકારના મહિલા અને બાળવિકાસ વિભાગની કચેરી દ્વારા ચાલે છે. આ સંસ્થાની મુખ્ય કામગીરી બાળકોની સુરક્ષા માટેની છે.

## 2.8 સ્વાધ્યાય લેખન :

1. "બાળકલ્યાણ થકી જ બાળવિકાસ શક્ય છે" – પ્રસ્તુત વિધાન સમજાવો.
2. બાળકલ્યાણના કાર્યો – ટૂંકાણમાં સમજાવો.
3. બાળકલ્યાણના કાર્યો – શા માટે ? બાળકલ્યાણના કાર્યોની ઉપયોગિતા જણાવો.

## 2.9 પ્રવૃત્તિ :

1. તમારાં જિલ્લામાં આવેલ જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) ની મુલાકાત લઈ તેનો પરિચય કરો.
2. બાળકોમાં જોવા મળતી વિવિધ પ્રકારની માનસિક બિમારીઓનો અભ્યાસ કરો.

## 2.10 કેસ સ્ટડી :

1. રેલ્વે સ્ટેશનની મુલાકાત લઈ સ્ટેશન ઉપર રહેતા બાળકોના જીવન વિશે એક બાળકની મુલાકાત લઈ કેસ સ્ટડી તૈયાર કરો.
2. રસ્તે રઝળતા બાળકોનું સમાજમાં પુનઃ સ્થાપન થયું હોય તેવા એક બાળકની કેસ સ્ટડી તૈયાર કરો.

## 2.11 સંદર્ભગ્રંથ :

1. હેલ્થ માર્ગદર્શિકા, આરોગ્ય શિક્ષણ અને જીવન – કૌશલ્ય માર્ગદર્શિકા : શ્રી કૌશિકભાઈ દેસાઈ, શ્રી કિરીટભાઈ શૈલ્ય
2. આરોગ્ય પોથી : ડૉ. પી. સી. શાહ

# એકમ-3 આંતરરાષ્ટ્રીય અભિગમ

**: એકમનું માળખું :**


3.0 એકમનો પરિચય

3.1 એકમના હેતુઓ

3.2 પ્રસ્તાવના

3.3 આંતરરાષ્ટ્રીય અભિગમ

3.4 ઉપસંહાર

3.5 તમારી પ્રગતિ ચકાસો

3.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

3.7 ચાવીરૂપ શબ્દો

3.8 સ્વાધ્યાય લેખન

3.9 પ્રવૃત્તિ

3.10 કેસ સ્ટડી

3.11 સંદર્ભગ્રંથ


## 3.0 એકમનો પરિચય :

બાળકોનાં કલ્યાણની દૃષ્ટિએ અને વિકાસનાં પરિપ્રેક્ષ્યમાં આપણે શું કરી રહ્યાં છીએ. દેશમાં વિદેશમાં શું ચાલી રહ્યું છે તે જાણવું સમજવું ખૂબ જ જરૂરી છે. માનવ વિકાસ આંક માટે માત્ર એક જ દેશ પ્રયત્નશીલ હોય તેમ નહીં ચાલે, તેથી આપણાં દેશની પ્રક્રિયા અને બીજા દેશમાં જે ચાલે છે. તેમનો મુદ્દા આધારિત અભિગમ શું છે એ વિશે ખ્યાલ વિકસાવવો જરૂરી બને છે. જે વિશે આ એકમમાં માહિતી આપવામાં આવેલી છે. જે સમાજકાર્યકર તરીકે ઉપયોગી નીવડશે.

## 3.1 એકમનાં હેતુઓ :

આ એકમનો ઉદ્દેશ્ય એ છે બાળકલ્યાણ અભિગમમાં આંતરરાષ્ટ્રીય સ્તરે શું અભિગમ છે, તે જાણી શકાય.

## 3.2 પ્રસ્તાવના :

❖ **સામાજિક કાર્ય તરીકે આંતરરાષ્ટ્રીય અભિગમ :**

બાળકોના કલ્યાણની વ્યાપક સુરક્ષાની દૃષ્ટિથી સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા 1949માં કરવામાં આવેલા બાળકોના અધિકાર સંબંધિત ઘોષણાનો આંતરરાષ્ટ્રીય પ્રભાવ છે. બાળકોના કલ્યાણની

દિશામાં આ એક મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય પ્રયત્ન છે. આ જાહેરાતના હેઠળ એવા સિદ્ધાંતની સ્થાપના કરવામાં આવી છે. જો કે બાળકોના હિત અને અધિકારો પર પ્રકાશ પાડે છે અને તેને સુરક્ષિત કરે છે જે સિદ્ધાંતો નીચે મુજબ છે.

## 3.3 આંતરરાષ્ટ્રીય અભિગમ :

(1) આ ઘોષણા અંતર્ગત તમામ અધિકારોનો ઉપયોગ દરેક બાળક કરી શકે છે. કોઈપણ અપવાદ, જાતિ, રંગ, ભાષા, ધર્મ, રાજનૈતિક અથવા અન્ય ધારણા દેશ અથવા સમાજ, સંપત્તિ, જન્મ અથવા સ્થિતિનો પોતે અથવા પરિવારના સભ્યો ઉપર આ અધિકારોના ઉપયોગ કરવા માટે લાયક ગણાશે.

(2) કાયદાકીય તથા અન્ય ઉપયોગી બાળકોને વિશેષ સંરક્ષણ અવસર, સુવિધાઓ આ હેતુથી આપવામાં આવે છે કે તેઓ શારીરિક, માનસિક, નૈતિક, આધ્યાત્મિક અને સામાજિક દૃષ્ટિથી સ્વાસ્થ્ય તથા સામાન્ય રીતે અને સ્વતંત્રતા તથા સન્માનપૂર્ણ પરિસ્થિતિમાં વિકસિત થવામાં સક્ષમ બની શકે. આ ઉદ્દેશ્યને નિયમોને લાગુ કરવામાં તમામનું ધ્યાન બાળકોના વધુમાં વધુ હિત ઉપર કેન્દ્રિત કરવામાં આવશે.

(3) બાળક તેના જન્મથી એકનામ તથા રાષ્ટ્રીયતાનું હકદાર ગણાશે.

(4) બાળક સામાજિક સુરક્ષાના લાભોનો ઉપયોગ કરશે. તે સારા સ્વાસ્થ્યમાં વિકસિત અને બુદ્ધિમાન હોવા માટે હકદાર ગણાશે, આ હેતુ માટે વિશેષ સાર–સંભાળ, સંરક્ષણ, બાળક તથા તેની માતા હાલના રૂપથી બાળક, જન્મના પહેલા, જન્મ સમયે તથા જન્મ બાદ પણ દેખભાળના રૂપમાં ગણવા. બાળકોને જરૂરી પોષણ, આવાસ, મનોરંજન તથા આરોગ્યલક્ષી સેવાઓ પ્રાપ્ત કરવાનો હક્ક હોય છે.

(5) આવા બાળકોને કે શારીરિક, માનસિક અથવા સામાજિક રૂપથી મુક્ત છે. વિશેષ ઉપચાર અથવા દેખભાળની સુવિધા જે કે વિશેષ મળે તે જરૂરી છે.

(6) બાળક પોતાના પૂર્ણ વિકાસને માટે પ્રેમ અને સમજણની જરૂરિયાત રાખે છે. એને જ્યાં પણ શક્યતા હોય પોતાના માતા–પિતાથી લાલન–પાલન તથા જવાબદારીઓ હેઠળ અથવા કોઈ જરૂરિયાત હોવાથી પ્રેમ તથા નૈતિક અથવા ભૌતિક સુરક્ષાની હેઠળ વિકસિત થવું જોઈએ અથવા બાળક વિશેષ પરિસ્થિતિઓને છોડીને પોતાની માતાથી અલગ નહીં કરવું જોઈએ. મોટા કુટુંબોના બાળકોને રખેવાળના માટે રાજ્ય તથા સહાયકો માટે ઇચ્છનીય છે.

(7) બાળકોને શિક્ષણ પ્રાપ્ત કરવાનો હક રહેશે, તેને મફત અને ફરજિયાત શિક્ષણ, ઓછામાં ઓછું પ્રાથમિક તો હોવું જ જોઈએ. તેને એવું શિક્ષણ આપવામાં આવે કે સામાન્ય સંસ્કૃતિને ઉન્નત કરે કે તેને સમાન તકના આધાર પર ક્ષમતાઓનો વિકાસ, વ્યક્તિગત નિર્ણય અને સામાજિક જવાબદારીઓની પકડ સક્ષમ બનાવવી અને સમાજપોથી બનાવે.

(8) તમામ પરિસ્થિતિમાં બાળકો તેના સર્વપ્રથમ હોવા જોઈએ, જેમ કે સંરક્ષણ તથા મદદ પ્રાપ્ત કરવામાં.

(9) બાળક તમામ પ્રકારની ઉપેક્ષા, ક્રુરતા તથા શોષણની સામે રક્ષિત થશે. તે કોઈપણ પ્રકારે કોઈના વ્યાપારનું સાધન ન બની શકે.

(10) ઉપરોક્ત વયના બાળકોને કોઈપણ રોજગારમાં તેને દાખલ કરવામાં આવશે નહીં. કોઈપણ પ્રકારનો વ્યવસાય અથવા રોજગાર અથવા તેની સહમતી પ્રેરણા આપવી નથી. જેનાથી તેના શિક્ષણને દખલગીરી થઈ શકે.

(11) બાળકોને એવા કાર્યોથી સંરક્ષિત કરવામાં આવશે કે જાતીય, ધાર્મિક અથવા કોઈપણ પ્રકારે શોષણ થતું હોય. તેવું પાલનપોષણ, સહનશીલતાની સમજ, વ્યક્તિઓની સહજમૈત્રી, શાંતિ, ભાઈચારાની ભાવના તથા પૂર્ણ જાગૃતિ સાથે અર્પણ થવું જરૂરી છે.

વર્ષ 1946માં સંયુક્ત રાષ્ટ્રસંઘ સંયુક્ત રાષ્ટ્ર તાત્કાલીક સહાયતા વિભાગની શરૂઆત કરી જેમાં લિંગ, ગુણ વગેરે ભેદના આધાર પર કોઈપણ જાતિગત, ધર્મગત, દેશગત, લાખો બાળકો તથા સ્ત્રીઓ તથા માતાઓને ઉચિત આહાર તથા કલ્યાણકારી સેવાઓની જાહેરાત કરી છે.

સહાયતા વિભાગની વ્યવસ્થા પર આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર બાળકલ્યાણના ક્ષેત્રમાં ઘણા મહાન કાર્યો કર્યા છે. આજે એ જ શરૂ કરેલી પ્રક્રિયા કારગત નીવડી છે. કુદરતી મુસીબતોના સમયમાં અન્ય લોકોની સરખામણીમાં બાળકોને વસ્ત્ર, ભોજન તથા દવા વગેરે આપવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

આંતરરાષ્ટ્રીય શરણાર્થી સંગઠન દ્વારા બાળશ્રમ તથા બાળ સંબંધિત નિયમ બનાવી ને તેની વકીલાત કરીને અને એમના પાલનની વ્યવસ્થા કરી છે. આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંગઠન, રેડક્રોસ સોસાયટી સ્વાસ્થ્ય સંબંધી તેના ઉકેલ સંબંધી તથા રોગોને અટકાવવા સંબંધી સેવાઓનો ઉપલબ્ધ કરાવીને તથા ડોક્ટર, અધ્યાપક, સમાજસેવી વગેરેની સંમેલન અને શિક્ષણ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તર પર બાળકલ્યાણનું મહત્ત્વપૂર્ણ કાર્ય કરી રહ્યાં છે. તેના સિવાય સાધનો અને કૃષિસંગઠન તથા સંયુક્ત રાષ્ટ્રસંઘના યુનેસ્કોના કેટલાક કાર્યોમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રૂપમાં બાળકલ્યાણ માટે કરવામાં આવેલા પ્રયત્નોમાં સહયોગ આપી રહ્યાં છે.

## 3.4 ઉપસંહાર :

ઉપર દર્શાવ્યા મુજબ સામાજિક કાર્યકર્તા તરીકે આંતરરાષ્ટ્રીય સ્થળે બાળકોના કલ્યાણ માટે ઘણા પગલાં હાથ ધરવામાં આવે છે. સંયુક્ત સંઘ બનાવવામાં આવે છે. આ સંઘ દ્વારા બાળકોના અધિકાર અને કલ્યાણકારી પગલાં લેવામાં આવે છે.

## 3.5 તમારી પ્રગતિ ચકાસો :

1. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા કયા વર્ષમાં બાળકોના અધિકાર સબંધિત ઘોષણા કરવામાં આવી હતી ?

   (A) 1941 (B) 1943 (C) 1945 (D) 1949

2. ‘‘બાળક તેના જન્મથી એકનામ તથા રાષ્ટ્રીયતાનું હકદાર ગણાશો’’ તેવું કયા અભિગમમાં નક્કી કરવામાં આવેલ છે ?

   (A) આંતરરાષ્ટ્રીય (B) રાષ્ટ્રીય (C) રાજ્ય (D) સ્થાનિક

3. કયા વર્ષમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા તાત્કાલીક સહાય વિભાગની શરૂઆત કરવામાં આવી હતી ?

(A) 1940 (B) 1942 (C) 1946 (D) 1948

4. બાળ આશ્રમ તથા બાળ સબંધિત નિયમ કયા સંગઠન દ્વારા બનાવવામાં આવે છે ?

(A) યુનેસ્કો (B) આંતરરાષ્ટ્રીય શરણાર્થી સંગઠન

(C) WHO (D) યુનિસેફ

## 3.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (D) **2.** (A) **3.** (C) **4.** (B)

## 3.7 ચાવીરૂપ શબ્દો :

**1. આંતરરાષ્ટ્રીય અભિગમ :** આંતરરાષ્ટ્રીય સ્તરે કેટલીક નીતિ વિષયક બાબતો નક્કી કરીને સંગઠનની સાથે સંકળાયેલા દેશોને તે પ્રમાણે કાર્ય કરવા દિશા નિર્દેશન પૂરું પાડવામાં આવે છે. અલગ–અલગ વિષયો ઉપર કામ કરવા માટે અને બધા દેશોને એક ચોક્કસ વિચારધારા સાથે જોડવા આ અભિગમમાં કામ કરવામાં આવે છે.

**2. સિદ્ધાંતો :** અનેક અનુભવો પરથી તારવેલ શાશ્વત સત્ય. જેમાં નિચોડરૂપ માહિતીનો સમાવેશ થાય છે. સિદ્ધાંતો કોઈપણ વિષયમાં દિશા–નિર્દેશનનું કામ કરે છે. કોઈ વ્યક્તિ, સંસ્થા, સંગઠન દરેકને પોતાના સિદ્ધાંતો હોય છે.

## 3.8 સ્વાધ્યાય લેખન :

1. સામાજિક કાર્યકર તરીકે આંતરરાષ્ટ્રીય અભિગમ વિશેની સમજ સ્પષ્ટ કરો.
2. આંતરરાષ્ટ્રીય અભિગમમાં કરેલ જોગવાઈઓ વિશે વિગતવાર ચર્ચા કરો.
3. બાળકોના કલ્યાણ અને તેની સુરક્ષા માટે આંતરરાષ્ટ્રીય અભિગમની ઉપયોગિતા શું છે તે સમજાવો.

## 3.9 પ્રવૃત્તિ :

1. બાળકોના અધિકાર અંગેના ઘોષણાપત્રનો અભ્યાસ કરો.
2. યુનેસ્કો – સંસ્થા વિશે વેબસાઈટ ઉપરથી માહિતી એકત્ર કરી તે સંસ્થાની કામગીરી વિશેની નોંધ તૈયાર કરો.

## 3.10 કેસ સ્ટડી :

1. જુદાં જુદાં પ્રકારનાં શોષણનો ભોગ બનેલ કોઈ એક બાળકનો અભ્યાસ કરી કેસ સ્ટડી તૈયાર કરો.
2. તમારા જિલ્લાનાં જિલ્લા બાળ સુરક્ષા એકમની મુલાકાત લઈ બાળ અત્યાચારનો ભોગ બનેલ કોઈ એક બાળક વિશે કેસ સ્ટડી તૈયાર કરો.

## 3.11 સંદર્ભગ્રંથ :

1. Human Development Report

2. પારિભાષિક કોષ : સમાજશાસ્ત્ર, ડૉ. વિદ્યુતભાઈ જોશી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

# એકમ-4 બાળઆરોગ્ય અને પરિસ્થિતિનું વિશ્લેષણ

**: એકમનું માળખું :**

4.0 એકમનો પરિચય

4.1 એકમના હેતુઓ

4.2 પ્રસ્તાવના

4.3 પરિસ્થિતિનું વિશ્લેષણ

4.4 ઉપસંહાર

4.5 તમારી પ્રગતિ ચકાસો

4.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

4.7 ચાવીરૂપ શબ્દો

4.8 સ્વાધ્યાય લેખન

4.9 પ્રવૃત્તિ

4.10 કેસ સ્ટડી

4.11 સંદર્ભગ્રંથ

## 4.0 એકમનો પરિચય :

બાળઆરોગ્યનાં વિવિધ પાસાંઓ જોવા મળે છે જેમાં બાળકોનાં સ્વાસ્થ્ય સંબંધી માહિતી મળે છે. બાળકોનાં વિકાસ માટે બાળઆરોગ્યની વિવિધ પાસાંઓ સમજવા જરૂરી છે. બાળઆરોગ્ય સંદર્ભે શું પરિસ્થિતિ છે ? એ પરિસ્થિતિનું શું વિશ્લેષણ છે ? તે જ્યાં સુધી ન જાણીએ ત્યાં સુધી બાળકલ્યાણનો ખ્યાલ સ્પષ્ટ નહીં થાય. આમ, બાળકલ્યાણને સમજવા એની પરિસ્થિતિનું વિશ્લેષણ પણ સમજવું જરૂરી છે.

## 4.1 એકમના હેતુઓ :

આ એકમમાં બાળકલ્યાણ પરિસ્થિતિનું વિશ્લેષણ વિગતવાર સમજવામાં આવ્યું છે.

## 4.2 પ્રસ્તાવના :

❖ **બાળઆરોગ્ય પરિસ્થિતિનું વિશ્લેષણ :**

બાળક જન્મે તે ક્ષણની તેની સંભાળ લેવાનું શરૂ કરવું પડે. સૌપ્રથમ તો તેને રડાવવું જ પડે. જન્મતા જ બાળકનું રડવું જરૂરી છે; કારણ કે, એ તેના જીવતા હોવાની સાબિતી છે. બાળકનું રડવું એટલે તેના આસનતંત્રનું સંપૂર્ણપણે ચાલું થવું. જો પાંચ મિનિટમાં અનેકવિધ પ્રયત્નો કરવા છતાં બાળકન જ રડે તો બાળકની જિંદગીથી હાથ ધોવા પડે.

## 4.3 પરિસ્થિતિનું વિશ્લેષણ :

નવજાત શિશુની સંભાળ માટે આટલું યાદ રાખોઃ

– 1 મિનિટમાં રડાવો.

– 1 કલાકમાં ધવરાવો.

– 2 દિવસ બાદ નવરાવો.

– બાળકને સ્વચ્છ કપડામાં વીંટાળી હૂંફાળું રાખો અને જંતુમુક્ત વાતાવરણ રાખો.

– ઓછું વજન, ખેંચ, જન્મજાત ખોડખાંપણ હોય તો ડોક્ટરનો સંપર્ક કરો.

**(ક) નવજાતશિશુનું વજન :**

સગર્ભાવસ્થા દરમ્યાન માતાની પૂરતી કાળજી રાખવામાં આવી હોય, તેને યોગ્ય સંરક્ષણ મળ્યું હોય તો સગર્ભાવસ્થાને અંતે સ્વસ્થ શિશુ અવતરે છે. નવજાત શિશુનું વજન ઓછામાં ઓછું 2.5 કિ.ગ્રા. હોવું જોઈએ. કોઈપણ શિશુનું જન્મ સમયનું વજન 2.5 કિ.ગ્રા.થી ઓછું હોય તો તેને ઓછા વજનવાળો બાળજન્મ કહેવાય. તેનામાં રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે અને તેને બાળસહજ રોગોના ચેપ લાગી જવાની શક્યતાઓ વધુ રહે છે અને મૃત્યુનું જોખમ પણ રહે છે.

**(ખ) નવજાત શિશુનું ઓછું વજન કારણો :**

– માતાને સર્ગભાવસ્થા દરમ્યાન અપૂરતું પોષણ લીધું હોય કે ગુણવત્તાસભર પૌષ્ટિક આહાર ન લીધો હોય.

– માતાનું શરીર પહેલેથી જ કુપોષિત હોય, દુબળું હોય.

– માતાએ ઓછા ગાળામાં બે–ત્રણ વાર ગર્ભધારણ કર્યો હોય.

– માતાને આ અવસ્થા દરમ્યાન ઝાડા, શ્વસનતંત્રના રોગ, ક્ષય, મેલેરિયા, લોહીનું ઊંચુ દબાણ જેવી બીમારી થઈ હોય.

– સર્ગભાવસ્થા દરમ્યાન માતા દારૂ કે ધુમ્રપાનનું સેવન કરતી હોય અથવા તેની નજીક બીજી કોઈ વ્યક્તિને આ પ્રકારનું સેવન કર્યુ હોય.

– સગર્ભાવસ્થા દરમ્યાન માતાને માનસિક તણાવ હોય.

**(ગ) વિષમચક્ર :**

કન્યા બાળકને માતાના કુપોષણને કારણે થતી વિપરીત અસર નીચેની આકૃતિથી સ્પષ્ટ થશે.



આપણી પિતૃપ્રધાન સમાજવ્યવસ્થા સ્ત્રીઓને ઉતરતી ગણવાની મનોવૃત્તિ અને વૃદ્ધાવસ્થામાં દીકરો જ હાથલાકડી બનશે તેવી ભૂલભરેલી સમજને પરિણામે ઉપરની આકૃતિમાં દર્શાવેલું વિષમચક્ર સર્જાય છે.

**(ઘ) શિશુ વૃદ્ધિ અને વિકાસ :**

વૃદ્ધિ એટલે શિશુના કદમાં થતો વધારો અને વિકાસ એટલે શિશુની ક્ષમતામાં થતો વધારો. શરીરનાં વૃદ્ધિ અને વિકાસ માટે ખોરાક અત્યંત જરૂરી છે. માતાનું દૂધ બાળક માટે અમૃત સમાન છે. શિશુના વૃદ્ધિ અને વિકાસ માટે તેના બધા જ પોષકદ્રવ્યો યોગ્ય માપમાં હોય છે. તેથી, શિશુને માતાએ પોતાનું દૂધ જ આપવું જોઈએ.

માતાનું દૂધ બાળક માટે શ્રેષ્ઠ આહાર છે કારણ કે,

– એ ચોખ્ખું, સલામત અને જંતુરહિત છે.
– તેમાં બાળકના શારીરિક અને બૌદ્ધિક વિકાસ માટે જરૂરી તમામ પૌષ્ટિક તત્ત્વો પૂરતા પ્રમાણમાં છે.
– તેની કોઈ જ આડઅસર નથી.
– જ્યારે જોઈએ ત્યારે અને જોઈએ તેટલું મળી રહે છે.
– જરૂરિયાત પ્રમાણે હુંફાળું હોય છે.
– પચવામાં હલકું હોય છે.
– બાળકને સામાન્ય ચેપી રોગો સામે રક્ષણ આપે છે.
– સ્તનપાન કરનાર બાળકનું વજન નિયમિત રીતે વધે છે. બાળક શરીરથી સુદૃઢ અને બુદ્ધિશાળી બને છે.
– બાળક સાથે માતાનો વાત્સલ્યભાવ ઉત્તરોત્તર ગાઢ બને છે અને બાળક ભાવનાત્મક સુરક્ષિતતા અનુભવે છે.
– એક સંશોધન મુજબ, માતાના દૂધ પર ઉછરેલ બાળકનો બુદ્ધિ આંક, અન્ય દૂધ પર ઉછરેલ બાળકની સરખામણીએ જ આંક વધુ હોય છે.

**(ક) પ્રથમ દૂધ :**

પ્રસૂતિ પછી તરત જ સ્તનમાં આવતું ચીકણું પ્રવાહી જેને કેટલીક માતાઓ ખીરૂ કહે છે. કોલોસ્ટ્રોમ બાળકને ખાસ આપવું જોઈએ. આ કોલોસ્ટ્રોમ જરૂરી ઉપયોગી પ્રોટીન, વિટામિન, ખનીજ તત્ત્વો અને રોગપ્રતિકારક રોગોથી ભરપૂર હોય છે. શરૂઆતના છ માસ ફક્ત માતાનું ધાવણ જ આપવું જોઈએ. છ માસ પછી માતાના દૂધમાંથી બાળકના વૃદ્ધિ અને વિકાસ માટે જરૂરી તત્ત્વો મળતાં નથી. તેની સ્તનપાનની સાથે સાથે ઉપરી ખોરાક શરૂ કરી દેવો જોઈએ. આ ઉપરી ખોરાક ઢીલો તથા પૌષ્ટિક હોવો જોઈએ.

**3. બાળકના વિકાસ અને વૃદ્ધિ :**

આપણા જીવનકાળમાં જુદાં–જુદા સમયગાળામાં વિકાસ અને વૃદ્ધિનો દર અલગ–અલગ હોય છે. તેમાં ગર્ભાવસ્થા અને બાળપણ એ બે સમયગાળો એવા છે કે જેમાં વિકાસ અને

વૃદ્ધિ મહત્તમ માત્રામાં અને સૌથી વધુ ઝડપે થાય છે. સામાન્ય રીતે વિકાસ અને વૃદ્ધિ વીસ વર્ષ સુધી ચાલે છે.

– શારીરિક અને બૌદ્ધિક તથા વૃદ્ધિ મહત્તમ માત્રામાં તથા ઝડપથી 5 થી 6 વર્ષની ઉંમર સુધીમાં એટલે કે બાળપણમાં થાય છે.

– પ્રજનન અંગોનો વિકાસ તથા વૃદ્ધિ બારથી ચૌદ વર્ષના ગાળામાં એટલે કે કિશોરાવસ્થામાં મહત્તમ પ્રમાણમાં અને ઝડપથી થાય છે. આ બાબત દર્શાવે છે કે કોઈપણ વ્યક્તિનાં શારીરિક વિકાસ તથા વૃદ્ધિ ઉત્તમ થાય તે માટે જન્મથી છ વર્ષની ઉંમર સુધી તેની શ્રેષ્ઠ સંભાળ રાખવી જરૂરી છે. તેથી દરેક બાળકને આટલું તો મળવું જ જોઈએ.

– પૂરતું પોષણ

– પ્રેમ અને હૂંફ

– બીમારીમાં સારવાર

– બાળરોગ સામે સમયબદ્ધ રસીકરણ

**2(ખ) બાળસહજ રોગો :**

બાળપણમાં નીચે દર્શાવેલા બાળસહજ રોગોથી બાળકને રક્ષણ આપવું જરૂરી છે.

**(ગ) રસીથી અટકાવી શકાય તેવા ઘાતક રોગો :**

બાળક્ષય, ડિપ્થેરિયા, ઊંટાટિયું, ધનુર, બાળલકવા અને ઓછી આ છ ઘાતક રોગો સામે રોગપ્રતિકારક રસી ઉપલબ્ધ છે.

**(1) બાળક્ષય :**

મોટેરામાં થતાં ટી.બી.(ક્ષય) કરતાં બાળકોને થતાં ક્ષયનું સ્વરૂપ જરાક અલગ હોય છે.

❖ **લક્ષણો :**

સામાન્ય રીતે ક્ષય રોગમાં ત્રણ અઠવાડિયાથી લાંબા સમય માટે ઉધરસ આવતી તે એક મહત્ત્વનું લક્ષણ માનવામાં આવે છે; પરંતુ, ટી.બી.ના બાળ દર્દીમાં દરેકને ખાસી આવતી નથી. તો પણ વારે વારે શરદીના હુમલા આવે છે.

– વજન ન વધવું કે ઘટવું.

– ભૂખ મરી જવી.

– ઝીણો તાવ આવવો.

આ ક્ષયરોગની અટકાયત માટે બીસીજી રસી ઉપલબ્ધ છે. આ રસી જન્મ પછી તરત જ અથવા વર્ષ સુધીમાં ગમે ત્યારે આપી શકાય છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા આ રસી બાળકના જન્મ પછી દોઢ માસમાં મફત આપવામાં આવે છે. રસી નોંધ માટે મમતા કાર્ડ આપવામાં આવે છે.

**(2) ડિપ્થેરિયા :**

મૂળભૂત રીતે આ રોગ શ્વસનતંત્રનો રોગ છે. આ રોગ ઉચ્છવાસ દ્વારા ફેલાય છે અને શ્વાસ દ્વારા શરીરમાં પ્રવેશે છે.

❖ **લક્ષણો :**

ગળું દબાવતા મોતના દૂત સમાન આ રોગમાં શરૂઆતમાં શરદી, તાવ અને ઉધરસ જેવાં લક્ષણો જોવા મળે છે.

– કાકડા પર પીળાશ પડતું સફેદ રંગનું પડ બંધાય છે.

– નિદાનમાં મોડું થાય તો રોગ શ્વસનતંત્ર, ચેતાતંત્ર અને રુધિરભિસરણતંત્ર પર ફેલાય છે. આ રોગ ખૂબ ઝડપથી શરીરમાં ફેલાય છે અને બાળકનું બચવું મુશ્કેલ બને છે. આ રોગ સામે રક્ષણ આપતી ત્રિગુણી રસી ઉપલબ્ધ છે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/ પેટા કેન્દ્રમાં દોઢ, અઢી અને સાડા ત્રણ મહિનાની ઉંમરે ત્રણ ડોઝમાં આ રસીનું ઇન્જેક્શન મફત મૂકી આપવામાં આવે છે.

**(3) ધનૂર :**

મૃત્યુ કેટલું દૂર પૂછવું પડે એવો બાળસહજ રોગ તે ધનૂર. આ રોગ થવા માટે મુખ્યત્વે નીચેના કારણો જવાબદાર છે.

❖ **કારણો :**

– જન્મ વખતે નાળ કાપવાનું સાધન વૈજ્ઞાનિક ઢબે જીવાણું રહિત કરાયા વિના વાપરવામાં આવ્યું હોય.

– નાળના કપાયેલા છેડા પર જંતુનાશક દવાઓ લગાવવાને બદલે અજ્ઞાનતાવશ છાણ, મેશ કે ધૂળ લગાડવામાં આવી હોય કે અકસ્માતે કોઈ જોખમ થયો હોય અને તેમાં ધૂળ કે માટી ભળી ગયા હોય તો તે ઈજા પણ ધનુર થવાનું કારણ બની શકે,

❖ **લક્ષણો :**

– બાળક ધાવવાનું બંધ કરે.

– મોઢું ખોલવામાં મુશ્કેલી પડે.

– ડોકના સ્નાયુઓ ખેંચાઈ બાળક હસતું હોય તેનો ચહેરો દેખાય.

– શરીર જકડાઈ જાય.

– આંચકી આવે.

– ખેંચ આવે ત્યારે બાળક કમાનની જેમ વળી જાય.

આ રોગ સામે રક્ષણ આપતી 'ત્રિગુણી' રસી ઉપલબ્ધ છે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/ પેટા કેન્દ્રમાં દોઢ, અઢી અને સાડા ત્રણ મહિનાની ઉંમરે ત્રણ ડોઝમાં આ રસીનું ઇન્જેક્શન મફત મૂકી આપવામાં આવે છે અને માતાને આપેલા 'મમતા કાર્ડ'માં તેની નોંધ કરી આપવામાં આવે છે.

**(4) ઊંટાટિયું :**

ત્રિગુણી રસીના ત્રણ ડોઝથી અટકાવી શકાય તેવા ત્રણ રોગો પૈકીના એક એટલે ઊંટાટિયું આ રોગ હવા દ્વારા ફેલાય છે.

❖ **લક્ષણો :**

– ચેપ લાગ્યા પછી બાળકને શરૂઆતમાં એકાદ બે અઠવાડિયા સુધી સામાન્ય શરદી ઉધરસ રહે છે.

– ત્યારબાદ ઊંટાટિયાની ઉધરસ શરૂ થાય છે.

– ઊંટાટિયાની ઊધરસ બાળકને એક જ ઉચ્છવાસમાં ઉપરાઉપરી, અનેક વખત ભારે દબાણ સાથે આવે છે.

– ઉધરસનો હુમલો પૂરો થતાં દર્દી અંદર શ્વાસ લે છે ત્યારે ઊં... ઊં... ઊં... જેવો અવાજ આવે છે.

– ઊંટાટિયાની ઉધરસ માટે કોઈપણ ઉપાય કે દવા સફળ થતાં નથી. ઊંટાટિયું થતું અટકાવવા માટે 'ત્રિગુણી' રસી ઉપલબ્ધ છે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/પેટા કેન્દ્રમાં દોઢ, અઢી અને સાડાત્રણ મહિનાની ઊંમરે ત્રણ ડોઝમાં આ રસીનું ઇન્જેક્શન મફત સુધી આપવામાં આવે છે અને તેની મમતા કાર્ડમાં નોંધ કરી આપવામાં આવે છે.

**(5) બાળલકવો :**

બાળકોમાં થંગુતાનો પ્રથમ સેનાની એટલે બાળલકવો ઉર્ફે પોલિયો. પોલિયો એ વાયરસની થતો ચેપી રોગ છે. દર્દીના આંતરડામાંથી ઝાડા સાથે બહાર ઠલવાતા વાયરસ ખોરાક કે પાણી દ્વારા બીજા તંદુરસ્ત બાળકના આંતરડામાં પહોંચી ત્યાં વિકસે છે અને ત્યારબાદ લોહીમાં ભળી મગજ અને ચેતાતંત્ર સુધી પહોંચે છે.

❖ **લક્ષણો :**

શરૂઆતના બે–ત્રણ દિવસ બાળકને તાવ, શરદી, ઝાડા, કળતર, માથાનો દુખાવો વગેરે લક્ષણો જોવા મળે છે.

❖ **સારવાર :**

પોલિયો થયા બાદ તેને મટાડવાની કોઈ દવા શોધાઈ નથી. પોલિયો થતો અટકાવવા માટે બાળલકવા વિરોધી રસીના બે ટીપાં હોય દોઢ, અઢી અને સાડા ત્રણ મહિનાની ઉંમરે ત્રણ ડોઝમાં પીવડાવવામાં આવે છે. ભારતમાં ચાલતા પલ્સ પોલિયો કાર્યક્રમ હેઠળ છ વર્ષની ઉંમર સુધીના તમા બાળકોને દર ત્રણ મહિને બાળ લકવા વિશેની રસીના ટીપા પીવડાવવામાં આવે છે. આ કાર્યક્રમની સફળતા ભારતને પોલિયો મુક્ત બનાવશે તેમ માનવામાં આવે છે.

**(6) ઓરી :**

ઓરીનો રોગ હવા દ્વારા વાયરસથી ફેલાય છે અને શ્વાસ મારફતે શરીરમાં પ્રવેશે છે.

❖ **લક્ષણો :**

– શરૂઆતમાં ત્રણેક દિવસ શરદી, ઉધરસ જેવી સામાન્ય બીમારી દેખાય છે. સાથે તાવ અને કળતર પણ હોય છે.

– આંખો સૂજી જાય છે.

– ત્રીજા ચોથા દિવસે તાવ વધે છે, કપાળ તથા ચહેરા પર દાણા દેખાવા લાગે છે.

– ધીરે ધીરે આ દાણા ડોક, છાતી, પેટ, પગ તરફ આગળ વધે છે અને બે દિવસમાં આખા શરીર પર ઊભરાઈ આવે છે.

– દસ દિવસે ઓરી નમી જાય છે અને શરીર પરના દાણા અદ્રશ્ય થઈ જાય છે. આ ક્રમ પણ ચહેરાથી શરૂ થઈ પગ તરફનો જ હોય છે.

– દાણાની જગ્યાએ કાળા બદામી રંગના ડાઘ રહી જાય છે. સમય જતાં ઝાંખા પડી ચામડીનો મૂળ રંગ પ્રાપ્ત કરી લે છે.

– આ રોગથી બાળકને બચાવવા ઓરી વિરોધી રસી ઉપલબ્ધ છે. જે બાળકને નવ માસની ઉંમરે ઇન્જેક્શન દ્વારા આપવામાં આવે છે.

❖ **બુસ્ટર ડોઝ :**

રસીકરણની પ્રક્રિયાને સુદૃઢ બનાવવા અઢાર માસની ઉંમરે ત્રિગુણી રસીનો એક ડોઝ અને પોલિયાની રસીનો એક ડોઝ બાળકને આપવામાં આવે છે.

## 4.4 ઉપસંહાર :

ઉપર દર્શાવ્યા પ્રમાણે બાળ આરોગ્યમાં નવજાત બાળકની સાવચેતી, બાળકની સાર સંભાળ વગેરે બાબતનો સમાવેશ કરવામાં આવે છે. બાળકનું આદર્શ વજન રહેવું જોઈએ. એટલે કે બાળકનું વજન વધુ પણ ન હોય અને ખૂબ ઓછું પણ ન હોય. બાળકને સમયસર રસી આપવાથી કેટલાક રોગથી બચાવી શકાય છે.

## 4.5 તમારી પ્રગતિ ચકાસો :

1. નવજાત શિશુની સંભાળ માટે બાળકને કેટલી મિનિટ રડાવવું જોઈએ ?

   (A) 01 મિનિટ (B) 02 મિનિટ (C) 03 મિનિટ (D) 04 મિનિટ

2. નવજાત શિશુનું વજન જન્મ સમયે ઓછામાં ઓછું કેટલું હોવું જોઈએ ?

   (A) 500 ગ્રામ (B) 01 કિગ્રા (C) 1.5 કિગ્રા (D) 2.5 કિગ્રા

3. રસીથી અટકાવી શકાય તેવા ઘાતક રોગોની સંખ્યા જણાવો.

   (A) 02 (B) 04 (C) 06 (D) 08

4. ડિપ્થેરિયા શેનો રોગ છે ?

   (A) ચામડી (B) હૃદય

   (C) શ્વસનતંત્ર (D) મગજની બિમારી

5. ત્રિગુણી રસી ક્યારે આપવામાં આવે છે ?

   (A) 06 માસ (B) 08 માસ (C) 12 માસ (D) 18 માસ

## 4.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (A) **2.** (D) **3.** (C) **4.** (C) **5.** (D)

## 4.7 ચાવીરૂપ શબ્દો :

1. **સ્વૈચ્છિક સંગઠન :** સંગઠન એ એક ચોક્કસ વિચાર સરણીથી આકર્ષાઈને મિશનરી ઢબે કામ કરવા પર ભાર મૂકતું એક જૂથ છે. સમાન ધ્યેયવાળા માણસો તેમના વિચારોને અમલમાં મૂકવા માટે સંગઠનોને સ્થાપના હોય છે. સત્તા અને જવાબદારીનું વિભાજન થતાં નિર્ણયો અને કાર્યક્રમોનો અમલ કરવા માટે ઘટકો ઊભા થાય છે. નવા કાર્યકરો દાખલ થવાથી કાર્યવાહી આગળ થાય છે. અંગ્રેજીમાં તેને Voluntary Organization તરીકે ઓળખવામાં આવે છે.

## 4.8 સ્વાધ્યાય લેખન :

1. નવજાત શિશુની શું કાળજી લેવી જોઈએ તે જણાવો.
2. વિષમચક્ર સમજાવો.
3. બાળકના વિકાસ અને વૃદ્ધિ વિશેની સમજ સ્પષ્ટ કરો.
4. બાળસહજ રોગોનો ટૂંકાણમાં પરિચય કરાવો.

## 4.9 પ્રવૃત્તિ :

1. ગ્રામ્ય વિસ્તારમાં બાળકોને કઈ–કઈ દેશી દવાઓ/ઔષધિ આપવામાં આવે છે તે અંગે બિમારીનું નામ અને કઈ ઔષધિનો ઉપયોગ થાય છે તે અંગેનો એક ચાર્ટ તૈયાર કરો.

## 4.10 કેસ સ્ટડી :

1. કુપોષિત બાળકો અંગેની વિગત તમારાં ગામનાં આંગણવાડી કાર્યકર પાસે મેળવીને કોઈપણ એક બાળકના કુટુંબની મુલાકાત લઈ બાળકનો કેસ સ્ટડી તૈયાર કરો.

## 4.11 સંદર્ભગ્રંથ :


1. હેલ્થ માર્ગદર્શિકા, આરોગ્ય શિક્ષણ અને જીવન – કૌશલ્ય માર્ગદર્શિકા : શ્રી કૌશિકભાઈ દેસાઈ, શ્રી કિરીટભાઈ શૈલ્ય
2. આરોગ્ય પોથી : ડૉ. પી. સી. શાહ
3. પારિભાષિક કોષ : સમાજશાસ્ત્ર, ડૉ. વિદ્યુતભાઈ જોશી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

# એકમ-5 બાળમૃત્યુ

: એકમનું માળખું :

5.0 એકમનો પરિચય
5.1 એકમના હેતુઓ
5.2 પ્રસ્તાવના
5.3 બાળમૃત્યુ નિવારણ કાર્યક્રમો
5.4 બાળમરણનાં કારણો
5.5 ઉપસંહાર
5.6 તમારી પ્રગતિ ચકાસો
5.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
5.8 ચાવીરૂપ શબ્દો
5.9 સ્વાધ્યાય લેખન
5.10 પ્રવૃત્તિ
5.11 કેસ સ્ટડી
5.12 સંદર્ભગ્રંથ

## 5.0 એકમનો પરિચય :

બાળકોનો સ્વસ્થ વિકાસ જરૂરી પાસું છે. આપણા દેશમાં બાળકોનું મૃત્યુ વધુ પ્રમાણમાં જોવા મળે છે. બાળકોને વિવિધ પ્રકારની મુશ્કેલીઓને કારણે આરોગ્યની દૃષ્ટિએ ઉપાય ન થતાં બાળમૃત્યુ થાય છે. એમાંય સૌથી નાના બાળકો એટલે કે નવજાત, શિશુનું મૃત્યુ વધારે થાય છે. બાળ મૃત્યુને ઘટાડવા સરકાર ઘણાં પ્રયત્નો કરી રહી છે. આ એકમમાં બાળમૃત્યુનાં કારણો વિશે જાણકારી મળશે. જે સમાજકાર્યમાં વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

## 5.1 એકમના હેતુઓ :

આ એકમમાં બાળમૃત્યુ વિશે વિગતવાર માહિતી આપવામાં આવશે.

## 5.2 પ્રસ્તાવના :

આપણા દેશમાં બાળમૃત્યુનું પ્રમાણ વધુ પ્રમાણમાં જોવા મળે છે તે અટકાવવા માટે ઘણા પાસાં જવાબદાર ગણવામાં આવી રહ્યાં છે.

બાળમૃત્યુ દર ઘટાડવા માટે સૌ પ્રથમ તેના પાછળનું કારણ માંગવું જરૂરી છે. તે જણાયા પછી તેને દૂર કરવાના પગલાં લેવામાં આવે છે. નવજાત શિશુનું મૃત્યુદર વધુ જોવા મળે છે.

મૃત્યુ દર ઘટાડવા માટે સરકાર દ્વારા ઘણા કાર્યક્રમો શરૂ કરવામાં આવે છે. જેમ કે, એનીમિયા કંટ્રોલ કાર્યક્રમ, આયોડિનની ઉણપ અટકાવવાનો કાર્યક્રમ, પ્રજનન સ્વાસ્થ્ય અને બાળસુરક્ષા કાર્યક્રમ વગેરે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવે છે.

આવા પ્રકારના કાર્યક્રમ દ્વારા જાગૃતતા લાવવાથી બાળમૃત્યુદર ઘટાળી શકાય છે.

## 5.3 બાળમૃત્યુ નિવારણ કાર્યક્રમો :

આપણા દેશમાં બાળમૃત્યુનું પ્રમાણ ખૂબ વધારે છે, તેને ઓછું કરવા માટે સરકારશ્રી દ્વારા કેટલાક ઘનિષ્ઠ કાર્યક્રમો શરૂ કરેલ છે, જે નીચે જણાવ્યા મુજબ છે :

1. સંકલિત બાળવિકાસ યોજના–જેનો મુખ્ય ધ્યેય બાળમૃત્યુનું બાળમાંદગી તેમજ કુપોષણનું પ્રમાણ ઘટાડવાનો છે.
2. સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અને પોલિયો નાબુદી કાર્યક્રમ જેનો મુખ્ય હેતુ બાળકોનાં પ્રવર્તમાન ચેપી રોગોનું પ્રમાણ ઘટાડવાનો છે.
3. ઝાડા ઉલટીથી થતાં મરણ અટકાવવા જળશુષ્કતા અટકાવવી, બાળમરણ અટકાવવા (ઓ.આર.એસ. દ્વારા)
4. ન્યુમોનિયાથી થતા મરણ અટકાવવા માટે એ.આર.આઈ. કંટ્રોલ પ્રોગ્રામ(તીવ્ર શ્વસનતંત્રના રોગ નિયંત્રણ કાર્યક્રમ)
5. પાંડુરોગ અટકાવવા(એનિમિયા કંટ્રોલ)નો કાર્યક્રમ.
6. વિટામિન એ ની ઊણપ અટકાવવાનો કાર્યક્રમ.
7. આયોડિનની ઊણપ અટકાવવાનો કાર્યક્રમ(આયોડિનયુક્ત મીઠા દ્વારા)
8. હીપેટાઈટીસ–બી(ઝેરી કમળો વિરોધી રસી)ની રસીનો કાર્યક્રમ.
9. એચ.આઈ.વી.–એઈડ્સનો ફેલાવો અટકાવવાનો કાર્યક્રમ.
10. નવજાત અવસ્થા તથા બાળપણની માંદગીની સર્વાંગી સારવાર કાર્યક્રમ જે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા પ્રેરિત છે.
11. પ્રજનન સ્વાસ્થ્ય અને બાળસુરક્ષ કાર્યક્રમ(આર.સી.એચ. કાર્યક્રમ)
12. વંદેમાતર, યોજના, ચિરંજીવી યોજના, જનની સુરક્ષા યોજના તેમજ બાળસખી યોજનાઓ પણ બાળસ્વાસ્થ્ય સુધારણા માટે તેમજ બાળમૃત્યુ, બાળમાંદગીનું પ્રમાણ ઘટાડવા માટે અમલમાં છે. ઉપરોક્ત કાર્યક્રમોના પ્રભાવથી બાળમૃત્યુ તેમજ બાળમાંદગીનું પ્રમાણ ઘટેલ છે. ભારત દેશમાં આ પ્રમાણ 60 થી નીચે છે. જ્યારે ગુજરાતમાં આ પ્રમાણ 50નું છે; પરંતુ, આથી નીચે મૃત્યુદર લાવવો હોય તો હવે નવજાત શિશુમાં મૃત્યુદર ઘટાડવો ખૂબ જ જરૂરી છે. આપણા દેશનું તેમજ રાજયનું નવજાત શિશુનું મૃત્યુ પ્રમાણ ઘણું ઊંચુ છે.

શું તમે જાણો છો ? આપણાં ભારત દેશમાં,

– સૌથી વધુ બાળકો જન્મે છે. (વિશ્વભરમાં કુલ જન્મના 20 ટકા)

– સૌથી વધારે નવજાત શિશુ મરણ પામે છે. (વિશ્વભરના કુલ નવજાત શિશુ મરણના 30 ટકા)
– સૌથી વધારે કૃતજન્મ થાય છે.(વિશ્વભરના કુલ મૃતજન્મના 40 ટકા)
– સૌથી વધુ જન્મથી નબળા. (2.5 કિગ્રાથી ઓછા વજનવાળા) બાળકો જન્મે છે. (વિશ્વભરના કુલ જન્મથી નબળા બાળકોનાં 40 ટકા)
– સૌથી વધુ માતૃમરણ જોવા મળે છે. (વિશ્વભરના કુલ માતૃમરણના 20 ટકા)
– આપણા દેશમાં દર મિનિટે 2(બે) નવજાત શિશુ મરણ પામે છે.
– આપણા ભારત દેશનો સરેરાશ બાળ મૃત્યુદર 60 છે અને સરેરાશ નવજાત શિશુ મૃત્યુદર 40 છે.
– ગુજરાત રાજ્યનો બાળમૃત્યુ દર 40 છે અને નવજાત શિશુ મૃત્યુદર 32નો છે.
– ગુજરાતમાં દર વર્ષે 12 લાખ બાળકો જન્મે છે. 60,000 બાળકો 1 વર્ષની ઉંમર પહેલા મરણ પામે છે, અંદાજે 38,000 બાળકો નવજાત શિશુ અવસ્થામાં મરણ પામે છે.
– રાજ્યમાં 4000 સગર્ભા ધાત્રી પ્રસુતા માતાઓ મરણ પામે છે.

## 5.4 બાળમરણનાં કારણો :

– વિવિધ જાતના ગંભીર ચેપ (40% થી 60%)
– જન્મ સમયે શ્વાસની ગુંગળામણ (15% થી 20%)
– ખૂબ ઓછા વજનવાળા નબળા બાળકો (15% થી 20%)
– અધૂરા મહિને જન્મેલ બાળકો. (પ્રિમેચ્યોર બાળકો)
– જીવલેણ, જન્મજાત ખોડખાંપણ વાળાબાળકો.(7%)
– ગરીબ વર્ગમાં નવજાત શિશુનું મરણ પ્રમાણ વધારે છે. ગ્રામ્ય વિસ્તારમાં શહેરી વિસ્તાર કરતા વધારે છે. શહેરની ઝૂંપડપટ્ટીઓમાં નવજાત શિશુનું મરણ પ્રમાણ વધારે છે.
– તીવ્ર શ્વસનતંત્રના ચેપીરોગો– બ્રોન્કાઈટીસ, ન્યુમોનિયા.
– ઝાડાઊલટી, જળશુષ્કતા.
– ચેપી રોગો–ડિપ્થેરિયા, ઊંટાટિંય, ધનુર્વા, ઓરી, ટી.બી., મેનીન્મઈટીસ, કમળો, ટાઈફોઈડ, ઝેરી મેલેરિયા વગેરે.
– પોષણની ઊણપથી થતા રોગો–મારાસ્મસ, પાંડુરોગ, સુકતાન, હાઈપોથાય રોઈડીઝમ વગેરે.
– બાળ અકસ્માત ડૂબી જવું, પડી જવું, ઝેરી વસ્તુ પી જવી કે ગળી જવી.
– સામાજિક કારણો– અંધશ્રદ્ધા, નિરક્ષરતા, ગરીબાઈ, અપૂરતી, આરોગ્ય સુવિધાઓ, ઉપલબ્ધ સેવાઓનો લાભ ન લેવો. આરોગ્ય સુવિધાઓ દૂર હોવી. વધુ પડતાં બાળકો, ઉપરાછાપરી બાળકો, દીકરા–દીકરીના ઊછેરમાં ભેદભાવ, જેથી બાલિકા મૃત્યુદર વધારે.

## 5.5 ઉપસંહાર :

શરીરની અંદરનાં લોકો તેને તો શરીર જળવાઈ રહે; પરંતુ, આપણે જેટલી સમાજની ચિંતા વિચારીએ છીએ. બાળમૃત્યુને વધારે જાણવાની કોશિશ કરી શકાય.

## 5.6 તમારી પ્રગતિ ચકાસો :

1. બાળ મૃત્યુદર ઘટાડવા માટે સરકાર દ્વારા કયાં–કયાં કાર્યક્રમો કરવામાં આવે છે ?

   (A) એનિમિયા કંટ્રોલ (B) પ્રજનન સ્વાસ્થ્ય

   (C) આયોડિનની ઉણપ (D) ઉપરોક્ત બધા

2. આપણા ભાત દેશમાં સરેરાશ બાળ મૃત્યુદર કેટલો છે ?

   (A) 20 (B) 30 (C) 40 (D) 60

3. આપણા દેશમાં દર મિનિટ કેટલા નવજાત શિશુ મૃત્યુ પામે છે ?

   (A) બે (B) ચાર (C) છ (D) આઠ

4. ગુજરાત રાજ્યનો બાળ મૃત્યુદર કેટલો છે ?

   (A) 10 (B) 20 (C) 30 (D) 40

5. જન્મ સમયે શ્વાસની ગુંગળામણથી કેટલા ટકા બાળકો મૃત્યુ પામે છે ?

   (A) 10 થી 12 ટકા (B) 15 થી 20 ટકા

   (C) 20 થી 25 ટકા (D) 30 થી 35 ટકા

## 5.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (D) **2.** (D) **3.** (A) **4.** (D) **5.** (B)

## 5.8 ચાવીરૂપ શબ્દો :

1. **જાતિય શિક્ષણ :** વંશ વૃદ્ધિની પ્રક્રિયા અને સમસ્યાઓનું શિક્ષણ. જાતિય આવેગો અને વર્તનની સમજ તથા તેના સંતોષ અને નિયમન માટેનું શિક્ષણ. જાતિય શિક્ષણ એ દરેક બાળકને આપવું જરૂરી છે. કિશોરાવસ્થાના સમયગાળા દરમિયાન જાતિય શિક્ષણ જરૂરી છે.

## 5.9 સ્વાધ્યાય લેખન :

1. બાળમૃત્યુ નિવારણ કાર્યક્રમોનો ટૂંકાણમાં પરિચય આપો.
2. ભાત દેશમાં બાળમરણની સ્થિતિનું આંકડાકીય ચિત્ર સ્પષ્ટ કરી તેની અટકાવવા માટે શું કરી શકાય તે જણાવો.
3. બાળમરણના કારણો જણાવો.

## 5.10 પ્રવૃત્તિ :

1. તમારાં ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર / પેટા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈને બાળકોના મરણ અંગેના કારણો જણાવો.

## 5.11 કેસ સ્ટડી :

1. બાળકનું મૃત્યુ થયેલ કોઈ એક પરિવારની મુલાકાત લઈ મૃત્યુ થવાના કારણો સબંધી જાણકારી મેળવી કેસ સ્ટડી તૈયાર કરો.

## 5.12 સંદર્ભગ્રંથ :

1. માનવ વિકાસનાં પરિબળો : ડૉ. પી. સી. શાહ
2. પારિભાષિક કોષ : સમાજશાસ્ત્ર, ડૉ. વિદ્યુતભાઈ જોશી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

# એકમ-6 પ્રજનન અને બાળ સ્વાસ્થ્ય

: એકમનું માળખું :

6.0 એકમનો પરિચય

6.1 એકમના હેતુઓ

6.2 પ્રસ્તાવના

6.3 સ્ત્રી પ્રજનનતંત્ર

6.4 પ્રજનન સ્વાસ્થ્ય

6.5 ઉપસંહાર

6.6 તમારી પ્રગતિ ચકાસો

6.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

6.8 ચાવીરૂપ શબ્દો

6.9 સ્વાધ્યાય લેખન

6.10 પ્રવૃત્તિ

6.11 કેસ સ્ટડી

6.12 સંદર્ભગ્રંથ

## 6.0 એકમનો પરિચય :

મનુષ્યનાં શરીરમાં પ્રજનનતંત્ર ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. પ્રજનનતંત્ર દ્વારા નવો જીવ પેદા થાય છે. પ્રજનન અને બાળ સ્વાસ્થ્યને પરસ્પર સંબંધ છે. પ્રજનન અને બાળ સ્વાસ્થ્ય વિશે માહિતી મેળવવી જરૂરી છે. આ એકમમાં પ્રજનન અને બાળસ્વાસ્થ્ય વિશે વિગતવાર માહિતી આપેલ છે, જે સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે ઉપયોગી નીવડશે.

## 6.1 એકમના હેતુઓ :

આ એકમમાં પ્રજનનતંત્રના અવયવો બાહ્ય જાતીય અવયવો તથા આંતરિક જાતિય અવયવો તેને લગતી સમસ્યાઓ વિશે માહિતગાર થશો.

## 6.2 પ્રસ્તાવના :

પ્રજનનતંત્ર અને બાળઆરોગ્ય વિશે વિગતે જાણકારી મેળવીએ બાળક જ્યારે વિકસિત થતો જાય છે. ત્યારે તેના શારીરિક અંગે ઉપાંગોમાં પરિવર્તન આવે છે. કિશોરાવસ્થામાં જ્યારે બાળક હોય છે. ત્યારે ખૂબ ઝડપથી તેમના શારીરિક અવસ્થામાં પરિવર્તન આવે છે. કેટલીકવાર

આવા પ્રકારના ફેરફાર જ્યારે થાય છે, ત્યારે તેના વિશે તેમને જાણકારી હોતી નથી. તેથી તેમને જાણકારી પ્રાપ્ત થાય તે માટે આવા પ્રકારનું શિક્ષણ આપવું જરૂરી બને છે.

કુપોષણના કારણે કિશોરાવસ્થામાં કેવા પ્રકારના રોગ થાય છે, તે વિશેની જાણકારી પણ તેમને હોવી જરૂરી છે અને તેનાથી બચવા શું કરવું તેની જાણ પણ વિવિધ રીતે આપવી જોઈએ.

## 6.3 સ્ત્રી પ્રજનનતંત્ર :

પુરુષ પ્રજનનતંત્રમાં આવેલા વિવિધ અવયવોનું સ્થાન કાર્ય જોયાં, હવે સ્ત્રી પ્રજનનતંત્રમાં વિવિધ અવયવોના સ્થાન અને કાર્ય વિશે જાણીએ. સ્ત્રી પ્રજનનતંત્ર બે ભાગમાં વહેંચાયેલું છે.

(અ) બાહ્ય

(બ) આંતરિક

**(અ) બાહ્ય જાતીય અવયવો :**

સ્ત્રી પ્રજનનતંત્રના બાહ્ય જાતીય અવયવોમાં (1) યોનિ લિંગ (2) યોનિદ્વાર અને (3) કૌમાર્યપટલનો સમાવેશ થાય છે.

**(1) યોનિ લિંગ :**

બંને હોઠ જોડાય છે ત્યાં યોનિલિંગ આવેલું છે. આ અવયવ ખૂબ જાતીય સંવેદના ધરાવે છે. તે ભંગાકુર અથવા મદનાંકુર તરીકે પણ ઓળખાય છે.

**(2) યોનિદ્વાર :**

ગુદામાર્ગ અને મૂત્રમાર્ગની વચ્ચે આવેલું છિદ્ર છે. આ યોનિદ્વારા મહત્ત્વની કામગીરી બજાવે છે.

– સ્ત્રીઓમાં દર મહિને માસિકસ્ત્રાવનો નિકાલ યોનિદ્વારના આ છિદ્ર દ્વારા થાય છે.

– યોનિદ્વારના આ છિદ્ર દ્વારા પુરુષની ઇન્દ્રિય યોનિમાર્ગમાં દાખલ થાય છે.

**(3) કૌમાર્યપટલ :**

કૌમાર્યપટલ અથવા યોનિપટલ તરીકે ઓળખાતો આ અવયવ યોનિદ્વાર પાસે આવેલી ચામડીનો પાતળો પડદો છે. મોટાભાગે માસિકસ્ત્રાવની સફાઈ દરમ્યાન દોડ, ઊંચો કૂદકો, લાંબો કૂદકો જેવી રમતો દરમ્યાન, તરવાની ક્રિયા દરમ્યાન, સાયકલ કે સ્કૂટર ચલાવતા આ પડદો ઘસાઈ જાય છે અને તૂટી જાય છે. કેટલીક છોકરીઓમાં પડદો હોતો પણ નથી, તેથી પ્રથમ શારીરિક સમાગમ દરમ્યાન રક્તસ્ત્રાવ ન પણ થાય તો જ છોકરીનું કૌમાર્ય અકબંધ છે, તેમ માનવું ભૂલભરેલું છે.

**(બ) આંતરિક જાતીય અવયવો :**

સ્ત્રી પ્રજનનતંત્રના આંતરિક જાતીય અવયવોમાં (1) યોનિમાર્ગ (2) ગર્ભાશયનું મુખ (3) ગર્ભાશય (4) બીજવાહીની નલિકા (5) પંજા આકારના પ્રવર્ધા(ફિમ્બ્રિયા) અને (6) બીજાશયનો **સમાવેશ થાય છે.**

**(1) યોનિમાર્ગ :**

– આ નળી જેવો ભાગ મૂત્રનળી અને ગુદામાર્ગની વચ્ચે આવેલો છે.

– યોનિમાર્ગની બંને બાજુએ યોનિદ્વાર 2થી 1 ઈંચ અંદરના ભાગે એક એક બાર્થોલીન ગ્રંથિ આવેલી છે.

– આ ગ્રંથિઓમાંથી ઝરતો ચીકણો સ્ત્રાવ યોનિમાર્ગને સતત ભીનો રાખે છે. જે શારીરિક સમાગમ સમયે ઉંજણનું કામ કરે છે. યોનિમાર્ગ મારફતે જ માસિક સ્ત્રાવનો નિકાલ થાય છે અને નવો જીવ શિશુ આ જગતમાં પ્રવેશ કરે છે.

**(2) ગર્ભાશયનું મુખ :**

– ગર્ભાશયનું મુખ એ ગર્ભાશય અને યોનિમાર્ગને જોડતી નળી છે.

– શારીરિક સમાગમ દરમ્યાન યોનિમાર્ગમાં ઠલવાયેલા શુક્રાણુ આ ગર્ભાશયના મુખ વાટે ગર્ભાશયમાં પ્રવેશ કરે છે.

– બાળકના જન્મ સમયે ગર્ભાશયનું મુખ બાળકનું માથું બહાર આવી શકે તેટલું પહોળુ થાય છે.

**(3) ગર્ભાશય :**

– શરીરની બહાર મધ્યમાં, પેઢાના ભાગમાં આવેલી ઊંધા શંકુર આકારની સ્થિતિ સ્થાપકના સ્નાયુની બનેલી કોથળી છે.

– ગર્ભાશયમાં ગર્ભ વિકસે છે. ગર્ભની પૂર્ણ વૃદ્ધિ થતાં પ્રસૂતિ સમયે ગર્ભાશય તેને યોનિમાર્ગમાં ધકેલે છે અને બાળકનો જન્મ થાય છે.

– ગર્ભ હોય ત્યારે દરેક મહિને ગર્ભાશયની દિવાલ નીચે બનેલી ગાદી ખરી પડતાં કિશોરી /સ્ત્રીને માસિક આવે છે.

**(4) બીજવાહીની નલિકા :**

– આ બીજાશયની ગર્ભાશય સુધી જોડાયેલી ગર્ભાશયના ઉપરના ભાગમાં 8 થી 12 સેમીની લાંબી ડાબી અને જમણી બાજુએ એક એમ બે પોલી નળીઓ છે.

– બીજાશયમાંથી છૂટા પડતા સ્ત્રીબીજને ગર્ભાશય સુધી પહોંચાડવાનું અને સ્ત્રીબીજને પોષણ આપવાનું કામ બીજવાહિની નલિકાનું છે.

**(5) આંગળા આકારના પ્રવર્થો (ફીમ્બ્રિયા) :**

– આ બીજવાહિનીના આગળા જેવા આકાર ધરાવતા પ્રવર્ષ છૂટા પંજાની જેમ પહોળા થઈ બીજાશયની ઉપર ખૂબ છે.

– તે તંતુઓથી છવાયેલા હોય છે.

– તંતુઓના હલનચલનથી સ્ત્રીબીજ બીજાશયનમાંથી બીજવાહિનીમાં દાખલ થાય છે.

**(6) બીજાશય :**

– બીજાશય ગર્ભાશયની બંને બાજુએ પાતળી દોરી જેવા બંધનથી લટકેલી સ્થિતિમાં રહેલા દેખાવમાં સફેદ લાગતા, બદામ આકારના અંગો છે.

– આ બીજાશયમાં સ્ત્રીબીજ ઉત્પન્ન થાય છે.

## 6.4 પ્રજનન સ્વાસ્થ્ય :

બાળપણમાંથી કિશોરાવસ્થામાં આવનાર છોકરીઓના જાતીય અવયવોનો વિકાસ થાય એટલે એમને માસિક આવવાનું શરૂ થાય છે. માસિક આવવાની શરૂઆત એ યુવાનીનો આરંભ છે. સામાન્ય રીતે 12 થી 13 વર્ષની ઉંમરે તે શરૂ થાય છે અને સ્ત્રી લગભગ 45 વર્ષની થતાં સુધી તે ચાલે છે. માસિક આવે ત્યારે દર મહિને અમુક દિવસો સુધી યોનિમાંથી લોહી જાય છે, જેને માસિક સ્ત્રાવ કે ઋતુસ્ત્રાવ કહેવામાં આવે છે. માસિક આવે ત્યારે ડરવાની કે શરમાવવાની કોઈ જરૂર નથી એમાં આભડછેટનું પણ કોઈ કારણ નથી.

**(1) માસિકસ્ત્રાવ :**

– બીજાશય સ્ત્રીબીજ પેદા કરે છે, જે દરેક મહિને પાકી જાય છે અને બીજાશયમાંથી બહાર આવે છે. બીજવાહીની નલિકા મારફતે સ્ત્રીબીજ ગર્ભાશયમાં પહોંચે છે. તે બે થી ત્રણ દિવસ સુધી જીવે છે. આ દિવસોમાં જો તેને શુક્રાણું ભેટી જાય તો સ્ત્રી બીજનો ગર્ભ બંધાય છે; પરંતુ, જો તે ફલિત ન થાય તો ગર્ભાશય તેને બહાર કાઢે છે.

– ગર્ભ ધારણ કરવા ગર્ભાશયની દિવાલ પર જે ગાદી બની હોય છે તે ગર્ભ ધારણ થતાં /કરવા માંડે છે અને તેથી રક્તસ્ત્રાવ શરૂ થાય છે જે સામાન્ય રીતે 3 થી 5 દિવસ ચાલે છે. ગર્ભાશયની ગાદીમાં લોહીની નળીઓ હોય છે. જે તૂટે છે તેથી માસિક આવે છે. માસિક વખતે લોહી આપણા શરીરનું જ હોય છે. એ લોહીમાંથી જ આપણે આવનાર બાળકનું પોષણ કરીએ છીએ. તેથી માસિક સ્ત્રાવ એ શરીરનો બગાડ નથી કે ગંદુ પણ નથી.

– ગર્ભાશયની દિવાલ જાડી હોય તો વધારે માસિક આવે અને જો દિવાલ પાતળી હોય તો ઓછું માસિક આવે છે.

– માસિક ઋતુચક્ર 26 થી 35 દિવસનું હોય છે.

– માસિક શરૂ થયા પછી બે વર્ષ સુધી અનિયમિત હોઈ શકે જો તે પછી પણ માસિક નિયમિત ન થાય તો ડોક્ટરનો સંપર્ક કરવો જરૂરી છે.

**(2) રજો નિવૃત્તિ :**

રજો નિવૃત્તિ એટલે માસિક સ્ત્રાવનું બંધ થવું, સ્ત્રીની 40 થી 50 વર્ષની ઉંમર વચ્ચે બીજાશયમાંથી બીજ નીકળતું બંધ થઈ જાય છે. આથી, માસિક આવતું બંધ થઈ જાય છે. આ તબક્કાને રજો નિવૃત્તિ (મોનોપોઝ) કહેવાય છે.

**(3) માસિક સ્ત્રાવ સંબંધી સમસ્યાઓ :**

**(ક) માસિક પહેલાના લક્ષણો :**

- છાતી (સ્તન) ભારે લાગે છે.
- પેટની નીચેના ભાગે ભાર લાગે છે તેવી લાગણી થાય.
- કબજિયાત રહે છે.
- વધુ પડતા થાકનો અનુભવ થાય છે.
- સ્નાયુઓમાં દુ:ખાવો અને સોજો થવો ખાસ કરીને પેટ અને કમરના નીચેના ભાગે પણ દુખાવો થાય.
- યોનિના અંદરના ભાગમાંની ભીનાશમાં ફેરફાર થાય.
- ચહેરાની ત્વચા તૈલી થવી અથવા ખીલ થવા.
- રોકી શકાય નહીં તેવી અલગ પ્રકારની લાગણીઓ થવી.
- અમુક પ્રકારનો ખોરાક ખાવાની ઈચ્છા થવી કે ભૂખ તથા તરસમાં વધારો થવો.
- માસિક શરૂ થતા પહેલાંના કેટલાક દિવસ બેચેનીમાં જાય.

**(ખ) માસિકની અનિયમિતતા :**

જે છોકરીઓ માસિક સ્ત્રાવની હજુ શરૂઆત જ થઈ હોય અથવા જે સ્ત્રીએ બાળકનો સ્તનપાન આપવાનું જ બંધ કર્યુ હોય, તેને બે ત્રણ મહિને માસિક આવે છે અથવા ઓછામાં ઓછા પ્રમાણમાં રક્તસ્ત્રાવ થાય છે અથવા ફક્ત લાલ દાઘ પડે છે તે છોકરી કે સ્ત્રીમાં માસિક સ્ત્રાવ પછીથી નિયમિત થાય છે.

**(ગ) માસિક સાથે દુ:ખાવો :**

ગર્ભાશયનું અંદરનું પડ માસિક દરમ્યાન છૂટું પડે છે. ગર્ભાશયના સંકોચન અને પ્રસરણને કારણે પેટના નીચેના ભાગે(પેડુમાં), કમરના ભાગે કે પગની પિંડીમાં દુખાવો થાય છે. આ દુખાવો માસિક આવવાના પહેલા કે માસિક દરમ્યાન પણ થાય છે.

**(ઘ) માસિક સમયની સમસ્યાઓનો ઉપાય :**

- ભારે કસરત કરવી નહીં. હળવી કસરત કરી શકાય.
- લાંબુ ચાલવુ કે દોડવું નહીં.
- પેટની નીચેના ભાગે મસાજ કરો જે કઠણ સ્નાયુઓને આરામ આપો.
- શેક કરવાની રબરની કોથળી કે પ્લાસ્ટિકની બોટલમાં ગરમપાણી ભરીને પેટના નીચેના ભાગમાં તથા કમરની નીચેના ભાગે શેક કરવો. ગરમ પાણીમાં કપડું બોળીને પણ શેક કરી શકાય.
- આદું નાખીને તૈયાર કરેલી આ પીઓ.
- ડોક્ટરની સલાહ મુજબ દુ:ખાવાની હળવી દવા લો.

**(ચ) ડોક્ટરની મુલાકાત આવશ્યક :**

– માસિક સ્ત્રાવની સમસ્યાઓ માટે નીચેના સંજોગોમાં ડોક્ટરની સંપર્ક આવશ્યક છે.

– છ દિવસથી વધુ સમય માટે માસિકસ્ત્રાવ ચાલુ રહે.

– જ્યારે માસિક સ્ત્રાવ વધુ પ્રમાણમાં હોય અથવા ગાંઠ સ્વરૂપે હોય.

– માસિક સ્ત્રાવના બે ચક્ર વચ્ચે પણ રક્તસ્ત્રાવ થાય.

– માસિક સ્ત્રાવના બે ત્રણ દિવસ પહેલા કે તે દરમ્યાન દુઃખાવો થતો હોય છે.

– અસામાન્ય રીતે રક્તસ્ત્રાવ થતો હોય.

– સમાગમ દરમ્યાન રક્તસ્ત્રાવ થતો હોય.

**(4) ગર્ભાધાન :**

એક કોષિય ફલિતાંડમાંથી અબજો કોષ બને છે. શરીરના વિવિધ અંગો તથા અવયવો આકાર પામે છે. દરેક સ્ત્રીબીજ ઉત્પન્ન કરે છે. દરેક પુરુષ પુરુષબીજ ઉત્પન્ન કરે છે. જ્યારે સ્ત્રીબીજ અને પુરુષબીજ જોડાય છે. ત્યારે ગર્ભ તૈયાર થાય છે. સૂક્ષ્મ કદમાંથી વધી આશરે 45 સે.મી, લંબાઈ અને ત્રણ ગણા વજનવાળું શિશુ બને છે.

❖ **બાળકની જાતિ :**

– ગર્ભમાના બાળકની જાતિ રંગસૂત્ર દ્વારા નક્કી થાય છે.

– સ્ત્રીઓમાં XX રંગસૂત્ર હોય છે.

– પુરુષોમાં XY રંગસૂત્ર હોય છે.

– ગર્ભધાન સમયે જો પુરુષમાંથી X રંગસૂત્ર સ્ત્રીના X રંગસૂત્રને મળે તો XX નું સંયોજન થાય છે અને દીકરીનો જન્મ થાય છે.

– ગર્ભધાન સમયે જો પુરુષમાંથી Y રંગસૂત્ર સ્ત્રીના X રંગસૂત્રને મળે તો XY નું સંયોજન થાય છે અને દીકરાનો જન્મ થાય છે. આ ઉપરથી એમ કહી શકાય કે દીકરો કે દીકરીનો જન્મ પુરુષમાંના વીર્યમાં રહેલા રંગસૂત્રો પર જ આધાર રાખે છે.

**(5) પ્રજનન સ્વાસ્થ્ય :**

સ્ત્રી પુરુષના પ્રજનન માર્ગ તંદુરસ્ત રહે, ચેપ રહિત રહે તે અત્યંત આવશ્યક છે. સ્વાસ્થ્ય દામ્પત્ય જીવન અને સ્વસ્થ બાળજન્મ માટે પ્રજનન માર્ગની તંદુરસ્તી જરૂરી છે. વળી, સ્ત્રીઓમાં યોનિમાર્ગને ચોખ્ખો રાખવા ગર્ભાશયનું મુખ પ્રવાહી અને શ્લેષ્મ વધારે ને વધારે ઉત્પન્ન કરે છે.

❖ **યોનિ સ્ત્રાવ :**

મોટાભાગની કિશોરીઓને યોનિ માર્ગમાંથી સ્ત્રાવ આવતો હોય છે. આ યોનિ સ્ત્રાવ બે પ્રકારના હોય છે.

(અ) બિનહાનિકારક યોનિસ્ત્રાવ (બ) હાનિકારક યોનિસ્ત્રાવ

**(અ) બિનહાનિકારક યોનિસ્ત્રાવ :**

કેટલીક કિશોરીઓને પ્રથમ માસિક સ્ત્રાવ પછી 3 થી 12 માસના ગાળામાં સ્વચ્છ પાણી જેવો અથવા દૂધ જેવો યોનિસ્ત્રાવ થાય છે અને તે સૂકાઈ જતા અંદરના વસ્ત્રો પર પીળા ડાઘ પડે છે. ગર્ભાશયના મુખમાંથી આ સ્ત્રાવ આવે છે જે હાનિકારક નથી. આ યોનિસ્ત્રાવ, સફેદ અથવા સાધારણ પીળાશ પડતો પાણી જેવો પાતળો અથવા અર્ધઘટ્ટ, ચીકાશયુક્ત હોય છે.

આ પ્રકારનો યોનિસ્ત્રાવ પ્રત્યેક માસિકના 3 થી 4 દિવસ અગાઉ પણ થતો હોય છે. જે હાનિકારક નથી અને તે માટે તબીબી સારવાર કે માર્ગદર્શનની આવશ્યકતા પણ નથી. માસિક 14 દિવસની આસપાસ બીજાયશમાંથી બીજ છૂટું પડવાની પ્રક્રિયાને કારણ પણ હતા જ પ્રકારનો યોનિસ્ત્રાવ થાય છે. જો તેને બે આંગળી વચ્ચે લઈને જોવામાં આવે તો તે બે ચાસણીની જેમ તાર થાય છે. આ યોનિસ્ત્રાવ કુદરતી અને સહજ છે તેમાં પણ તબીબી સારવાર કે માર્ગદર્શન જરૂરી નથી.

**(બ) હાનિકારક યોનિસ્ત્રાવ :**

યોનિસ્ત્રાવને બહેનો શરીર ધોવાય છે એમ પણ કહે છે. પ્રજનન કોઈપણ પ્રકારનો ચેપ યોનિસ્ત્રાવ શરૂ થાય છે, જેના પ્રકારો નીચે મુજબ છે.

**(1) જંતુજન્ય યોનિસ્ત્રાવ :**

સામાન્ય રીતે યોનિમાર્ગમાં કુદરતી રીતે જ જીવાણું એ હોય છે. તેનું પ્રમાણ વધી જવાથી પ્રજનન અવયવો છે, તેને જીવાણું જન્ય ચેપ લાગી શકે છે. આ જીવાણુજન્ય ચેપ માટે નીચે પ્રમાણેના બિનજાતીય કારણો જવાબદાર હોઈ શકે,

❖ **કારણો :**

– અપૂરતા પોષણને કારણે શરીરની નબળાઈ
– લોહીમાં ફિક્કાશ
– મરડો–લોહી, પરુના ઝાડા
– વારંવારની માંદગીને કારણે આવેલી શારીરિક નબળાઈ.
– કબજિયાત
– માસિક દરમ્યાન અસ્વચ્છતા.
– માસિક દરમ્યાન અસ્વચ્છ કપડાનો ઉપયોગ.
– ગુપ્તાંગના વાળની અસ્વચ્છતા.

❖ **લક્ષણો :**

– પીળાશ પડતું, પરું જેવું, તીવ્ર દુર્ગંધવાળું પાણી પડે,
– યોનિમાર્ગમાં લાલાશ આવી જાય,
– પેશાબની જગ્યાએ બળતરા થાય.

**(2) ફૂગજન્ય યોનિસ્ત્રાવ :**

યોનિસ્ત્રાવનો બીજો પ્રકાર એટલે ફુગજન્ય ચેપ.

❖ **કારણો :**

– પ્રજનન અવયવોમાં રોજિંદી અસ્વચ્છતા અથવા માસિક સ્ત્રાવની અસ્વચ્છતાને લીધે ફૂગજન્ય યોનિસ્ત્રાવ થઈ શકે છે.

– પરસેવાથી ભીંજાયેલા અંદરના વસ્ત્રો પણ ફૂગજન્ય ચેપનું કારણ બની શકે છે.

– આ ચેપ કેન્ડીડીયાસીસ અને મોનોલિયાસીસ નામના સૂક્ષ્મજંતુથી થાય છે.

– સફેદ, ચીકાશ પડતું, દહીંના ફોદા જેવું જાડું પાણી પડે.

– ખૂબ દુર્ગંધ આવે.

– પેશાબ કરવાની જગ્યાએ પુષ્કળ ખંજવાળ આવે.

– પેશાબ કરતી વખતે બળતરા થાય.

– યોનિમાર્ગમાં સોજો આવે.

– યોનિમાર્ગની આસપાસના ભાગમાં લાલાશ આવી જાય.

❖ **રોજિંદી કાળજી :**

– હંમેશા અંદરના વસ્ત્રો મુલાયમ સુતરાઉ કાપડના જ પહેરવાં

– અંદરના વસ્ત્રો સતત પહેરી રાખતા રાત્રે સૂતી વખતે કાઢીને સૂઈ જવું.

– બાહ્ય પ્રજનન અંગો સાબુ અને પાણીથી સાફ રાખવા

– ભીંજાયેલા અંદરના વસ્ત્રો તરત બદલી નાંખવા.

**નોંધ :** આ જીવાણુંજન્ય ચેપ અસુરક્ષિત જાતીય સમાગમથી પણ લાગી શકે છે.

❖ **પ્રજીવજન્ય (પ્રોટોઝુઅલ) ચેપ :**

– આ ચેપ ટ્રાયકોમોનાસ સમાગમથી પણ લાગી શકે છે.

❖ **કારણો :**

– ઘણીવાર ભીના આંતરવસ્ત્રો પહેરી રાખવાથી થાય છે.

– એકબીજાના ટુવાલ કે કપડા વાપરવાથી પણ આ ચેપ લાગે છે.

❖ **લક્ષણો :**

– ફીણવાળો, લીલો કે લાલાશ પડતો અથવા પીળો સ્ત્રાવ થાય.

– ખંજવાળ આવે.

– પેશાબ કરતી વખતે બળતરા થાય.

❖ **રોજિંદી કાળજી :**

– બાહ્ય જનનાંગોની સ્વચ્છતા જાળવી.

❖ **સગર્ભાવસ્થામાં જોખમ :**

સગર્ભાવસ્થામાં રહેલા હોય તો જો અગાઉથી સમજાવવામાં આવે તો પ્રસૂતિ સમયે કાળજી રાખવામાં, જોખમ, દૂર રાખવાના પગલા લેવામાં સરળતા રહે અને સ્વચ્છ, સલામત પ્રસૂતિ દ્વારા તંદુરસ્ત બાળક પ્રાપ્ત કરી શકાય.

❖ **જોખમ ક્યારે :**

– માતાની ઉંમર 18 વર્ષ કરતા નાની અને 35 વર્ષ કરતા મોટી હોય.

– માતાની ઊંચાઈ 140 સેમી(4 ફૂટ 8 ઇંચ) કરતા ઓછી હોય.

– માતાનું વજન 40 કિ.ગ્રા.થી ઓછું અને 70 કિ.ગ્રા.થી વધુ હોય.

– અગાઉ વારંવાર કસૂવાવડ અથવા ગર્ભપાત થયેલ હોય.

❖ **ડોક્ટરનો સંપર્ક :**

ઉપર દર્શાવેલા સંજોગમાં સુવાવડમાં જોખમ રહેલુ છે જ; પરંતુ, નીચેના સંજોગોમાં પણ સગર્ભા માતાએ ડોક્ટર પાસે જવું જોઈએ.

– લોહીનું દબાળ ઊંચુ હોય તો ખેંચ આવે.

– મોં, પગ, દુંટી પર સોજા રહેતા હોય અથવા પેશાબની તપાસ દરમ્યાન પેશાબમાં સાલ્યુમિન જાય છે તેવી ખબર પડે.

– ગર્ભાશયમાં બાળકનું હલનચલન ન થતું હોય.

– યોનિમાર્ગમાંથી લોહી, પાણી પડે, વજનમાં વધારો ન થાય.

– પેટનું કદ સામાન્ય કરતાં ઓછું હોય.

❖ **કિશોરાવસ્થા આરોગ્ય :**

– કિશોરાવસ્થા દરમ્યાન કિશોરીઓનો વિકાસ અને વૃદ્ધિ ખૂબ ઝડપથી થાય છે. આ અવસ્થા દરમ્યાન ઊંચાઈ ખૂબ ઝડપથી વધે છે.

– કિશોરીઓ તેમની પુખ્ત ઊંચાઈના 98% તેમના પ્રથમ માસિક સ્ત્રાવ પહેલા જ મેળવી લે છે.

– કિશોરાવસ્થા દરમ્યાન કિશોરીઓનું વજન પણ ખૂબ ઝડપથી વધે છે.

– સ્તનપ્રદેશનો વિકાસ થાય છે.

– બાહ્ય અને આંતરિક પ્રજનનતંત્રનો ધીમી ગતિએ વિકાસ થતો રહે છે.

– તેમની ઘર તેમજ ઘર બહારની પ્રવૃત્તિમાં ખૂબ વધારો થાય છે.

– તેમની માનસિક પ્રવૃત્તિમાં પણ ખૂબ નોંધપાત્ર વધારો થાય છે.

– માસિક સ્ત્રાવનો પ્રારંભ થાય છે, તેથી માસિકસ્ત્રાવ દરમ્યાન વહી જતા રક્તની પૂર્તિ માટે પણ પોષક આહાર આવશ્યક થઈ શકે છે. તેમ ન થાય તો કિશોરી પાંડુરોગનો ભોગ થાય છે.

– ગર્ભસ્થ શિશુનું માતાના લોહી દ્વારા જ પોષણ થાય છે.
– પ્રસવ દરમ્યાન પણ લોહી વહી જવાની શક્યતા રહે છે.

❖ **કારણો :**

– કિશોરીઓની ઉપેક્ષા
– કુપોષણ
– વધારે પડતો કામનો બોજો
– લિંગભેદના કારણે અપાતો ઓછો ખોરાક
– અપૂરતી સ્વાસ્થ્ય સૂવિધાઓ
– નાની વયે લગ્ન(40 ટકા લગ્ન 15–19 વય જૂથમાં)

❖ **લોહતત્ત્વની ઉણપથી કિશોરીઓ પર થતી અસરો :**

– સગર્ભાવસ્થા દરમ્યાન એનીમિયા.
– જન્મ સમયે બાળકનું ઓછું વજન.
– માતા લોહીના ઉણપથી થતા દર્દોથી પીડાય.

❖ **ઉપાય :**

– આખા ધાન્ય, કઠોળ, ઘઉંના ફાડા, ફણગાવેલા ચણા, મગ વગેરે.
– લીલા પાંદડાવાળા શાકભાજી
– પૌંઆ, મમરા, પારબોઈલ્ડ ચોખા
– ગોળ, ખજૂર, કાળા તલ, સૂકો મેવો, અળસી.
– અનાજ અને કઠોળના લોટના મિશ્રણની સાથે આથો લાવેલ વાનગીઓ.
– ઈંડા, માંસ, માછલી

## 6.5 ઉપસંહાર :

ઉપર દર્શાવ્યા પ્રમાણે પોષણના અભાવના કારણે ઘણા પ્રકારના રોગો થાય છે. પોષણના ઉણપના કારણે સગર્ભાસ્ત્રીના સ્વાસ્થ્યમાં જોખમ પણ જોવા મળે છે. કિશોરીઓમાં પણ પોષણતત્ત્વની ખામીના કારણે ઘણી વધી સમસ્યા જોવા મળે છે, તેનું નિદાન શોધી તેની સારવાર કરવાથી રોગમુક્ત થઈ શકાય છે.

પોષણક્ષમ આહાર પર વધુ ભાર રાખવાથી તેને લગતી ઘણી બીમારીથી બચી શકાય છે.

## 6.6 તમારી પ્રગતિ ચકાસો :

1. સ્ત્રી પ્રજનનતંત્રના બાહ્ય જાતિય અવયવોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

   (A) યોનિ લિંગ (B) યોનિદ્વાર (C) કોમાર્યપટલ (D) ઉપરોક્ત બધા

2. સ્ત્રી પ્રજનનતંત્ર કેટલા ભાગોમાં વહેંચાયેલું છે ?

   (A) બે (B) ત્રણ (C) ચાર (D) છ

3. માસિક ઋતુચક્ર કેટલા દિવસનું હોય છે ?

(A) 15 થી 20 (B) 21 થી 35 (C) 26 થી 35 (D) 36 થી વધારે

4. રજો નિવૃત્તિનો સમયગાળો જણાવો.

(A) 40 થી 50 (B) 20 થી 30 (C) 30 થી 35 (D) 51 વર્ષથી વધારે

5. યોનિસ્ત્રાવ કેટલા પ્રકારના હોય છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

## 6.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (D) **2.** (A) **3.** (C) **4.** (A) **5.** (A)

## 6.8 ચાવીરૂપ શબ્દો :

**1. કિશોરાવસ્થા :** કિશોરાવસ્થાનો સમયગાળો 05 કે 06 વર્ષથી 12 વર્ષ સુધીનો ગણવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન ચેષ્ટાત્મક વિકાસ ઝડપથી થાય છે. જ્યારે શારીરિક વિકાસ થવાની ગતિ ધીમી જોવા મળે છે. બાળકની જિજ્ઞાસાવૃત્તિ અને તર્કશક્તિનો વિકાસ વધારે પ્રમાણમાં જોવા મળે છે.

## 6.9 સ્વાધ્યાય લેખન :

1. સ્ત્રી પ્રજનન તંત્રનો પરિચય કરાવો.
2. પ્રજનન સ્વાસ્થ્ય વિશેની સમજ સ્પષ્ટ કરો.
3. માસિક સ્ત્રાવ સબંધી સમસ્યાઓ જણાવો.
4. માસિક સમયની સમસ્યાઓનાં ઉપાય જણાવો.

## 6.10 પ્રવૃત્તિ :

1. કિશોરાવસ્થા દરમિયાન કિશોરીઓમાં થતા શારીરિક–માનસિક ફેરફારોનો અભ્યાસ કરો.
2. કિશોરાવસ્થામાં કિશોરની મુંઝવણો કઈ–કઈ હોય છે તેની યાદી તૈયાર કરો.

## 6.11 કેસ સ્ટડી :

1. કિશોરાવસ્થામાંથી પસાર થઈ રહેલ કોઈ એક કિશોર/કિશોરીની મુલાકાત લઈ શારીરિક–માનસિક સ્થિતિનો અભ્યાસ કરી તેની કેસ સ્ટડી તૈયાર કરો.
2. મેનોપોઝ (રજોનિવૃત્તિ)ના સમયગાળા દરમિયાન કોઈ પણ એક સ્ત્રીની મુલાકાત લઈ શારીરિક – માનસિક અસરોની તેના વ્યક્તિત્વ પર થતી અસરો અંગે કેસ સ્ટડી તૈયાર કરો.

## 6.12 સંદર્ભગ્રંથ :


1. આરોગ્ય પોથી : ડૉ. પી. સી. શાહ
2. પ્રજનતંત્રનું સ્વાસ્થ્ય : યુનિસેફ

# એકમ–7 બાલ્યાવસ્થામાં સામાન્ય રોગો

: એકમનું માળખું :

**7.0** એકમનો પરિચય

**7.1** એકમના હેતુઓ

**7.2** પ્રસ્તાવના

**7.3** નવજાત શિશુમાં જોવા મળતી ખોડખાંપણ

**7.4** નવજાત બાળકોને થતાં સામાન્ય રોગો

**7.5** ઉપસંહાર

**7.6** તમારી પ્રગતિ ચકાસો

**7.7** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**7.8** ચાવીરૂપ શબ્દો

**7.9** સ્વાધ્યાય લેખન

**7.10** પ્રવૃત્તિ

**7.11** કેસ સ્ટડી

**7.12** સંદર્ભગ્રંથ

## 7.0 એકમનો પરિચય :

મનુષ્યનાં જીવનચક્રમાં બાળપણ એ મહત્ત્વનો ભાગ ભજવે છે. વિકાસ દરમ્યાન બાળપણમાં સૌથી ઝડપી વિકાસ થતો જોવા મળે છે. બાળક નાનું હોય ત્યારે સ્વાસ્થ્ય સંબંધી મુશ્કેલીઓ વધારે જોવા મળે છે. બાળકને પોતાની સારવાર જાતે કરતાં ન આવડે માટે વધારે મુશ્કેલી પડે છે. બાલ્યાવસ્થા દરમ્યાન બાળક ગમે તે મોમાં નાંખે, માતાનું દૂધ છ મહિના દરમ્યાન લેવામાં ન આવે એવા ઘણાં કારણોસર બાળકોમાં રોગનું થવું જોવા મળે છે, જેને સમજવામાં આવે અને એના ઉપચારો કરવામાં આવે તો બાળકોનું આરોગ્ય સુધારી શકાય છે. આ એકમમાં બાળકોના સામાન્ય રોગો વિશેની માહિતી આપવામાં આવી છે, જે સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે ઉપયોગી નીવડશે.

## 7.1 એકમના હેતુઓ :

આ એકમમાં નવજાત શિશુના સામાન્ય રોગો વિશે વિગતવાર માહિતી મેળવીશું.

## 7.2 પ્રસ્તાવના :

નવજાત બાળક જયારે જન્મે છે, ત્યારે બહારના વાતાવરણના સંપર્કમાં આવે છે અને તેને વાતાવરણ સાથે અનુકૂળ આવતા થોડીવાર લાગે છે, તેથી તેને સામાન્ય પ્રકારના રોગો થાય છે. જેવા કે ઝાડા, ઉલટી, તાવ, કબજિયાત વગેરે આવા પ્રકારના રોગ માટે દવા લેવાની જરૂર પડતી નથી; પરંતુ, જો આ રોગ લાંબા સમય સુધી ચાલે તો ડોક્ટરની દવા લેવી જરૂર પડે છે. નવજાત બાળકનું ધ્યાન થોડું વધુ રાખવું પડે છે.

## 7.3 નવજાત શિશુમાં જોવા મળતી ખોડખાંપણ :

બાળક જન્મે કે તુરત જ તેની તપાસ માથાથી કે પગ સુધી કરી લેવી જોઈએ. તપાસ દરમ્યાન ઘણી વખત કેટલાક બાળકોમાં જન્મજાત રોગો કે ખોડખાંપણ માલૂમ પડે છે જેની નોંધ લઈ યોગ્ય સલાહ લેવી અને સારવાર કરવી જરૂરી છે.

❖ **નવજાત શિશુનું તાળવું :**

જન્મતાં જ બાળકનું તાળવું અને માથું બંને ને અતિશય મોટા હોય તો તેને હાઈડ્રોકીફેલસ (માથામાં પાણી ભરાવું) નામનો રોગ કહે છે. અત્રે એ જાણવું જરૂરી છે કે તાળવું એ માથા પર આવેલ પચાસ પૈસાના સિક્કા જેવડો પોચો ભાગ છે, જેને ફોન્ટોનેલ પણ કહે છે.

તાળવું જો અતિશય નાનું હોય અને સાથોસાથ માથાનો ઘેરાવો પણ ખૂબ જ નાનો હોય તો તેને માઈક્રોકીફેલસ કહે છે.(મગજ નાનું હોય છે.)

❖ **મોલ્ડિંગ :**

પ્રસૂતિ વખતે બાળકના માથાના હાડકાંનો એકબીજા પર દોઢાઈને માથાનો ઘેરાવો નાનો બનાવે છે, જેથી પ્રસુતિ સરળ બને છે. આ પરિસ્થિતિને કારણે માથાના હાડકાઓમાં ખામી દેખાય છે; પરંતુ, તે ખામી નથી પણ કુદરતની ખુબી છે. માથાના આવા આકારને મોલ્ડિંગ કહે છે. જન્મબાદ આ હાડકાંઓ ધીરે–ધીરે ફરી એની મૂળ સ્થિતિમાં આવી જાય છે અને માથું કુદરતી આકાર ધારણ કરે છે.

કોઈ વખત બાળકના માથાના પાછળ જમણી કે ડાબી બાજુ સોજો દેખાય છે. જે બિલકુલ પોચો રસી ભરેલા ગુમડા જેવો લાગે છે, તેને કેપટ કહે છે. આથી કોઈ સારવાર કરાવવાની જરૂર રહેતી નથી. થોડા કલાકમાં આપોઆપ ઓગળી અદ્રશ્ય થઈ જાય છે.

❖ **કીફેલ હીમેટોમા(માથા ઉપર લોહીની ગાંઠ) :**

પ્રસૂતિ દરમ્યાન માથામાં ઈજા થવાથી જો રક્તસ્ત્રાવ થાય તો તેને કારણે હાડકાનાં ઉપરના પડ નીચે લોહી એકઠું થાય છે અને બહાર સોજો દેખાય છે. તેની સારવાર કરવાની જરૂર રહેતી નથી. સોજો આપમેળે ધીમે–ધીમે ઓછો થઈ જાય છે. જવલ્લે કોઈ કિસ્સામાં તેની અંદરનું લોહી ઈન્જેક્શનની સોય મારફત ખેંચવાની જરૂર પડે છે.

❖ **જન્મજાત મોતિયો :**

કોઈક બાળકોને આંખની વચ્ચેની કાળી કીકીમાં સફેદ ડાઘ દેખાતો હોય છે, જે જન્મજાત મોતિયો હોઈ શકે.

❖ **અવિકસિત ડોળા :**

કોઈક કિસ્સામાં આંખના બંને ડોળાઓ નાના અને ઊંડા દેખાય છે. આ સ્થિતિને જન્મજાત અવિકસિત ડોળા કહેવાય છે, આનાથી બાળકને ભવિષ્યમાં અંધાપો પણ આવે.

❖ **પાંપણનો લકવા :**

માત્ર એક આંખ ખૂલે અને બીજી બંધ રહે એવું લાગે તો તે ન ખૂલતી પાંપણ લકવાગ્રસત હોય છે. કેટલીક વખત આંખના ડોળાના સફેદ ભાગમાં લોહીના લાલ ડાઘ જોવા મળે છે, જે આંખમાં ઈજા થવાથી થયેલ રક્તસ્ત્રાવને કારણે હોય છે. આને સબકંજક્ટાઈલ હેમરેજ કહે છે. ચિંતા કરવાની જરૂર નથી, આપ મેળે શોષાઈ જાય છે અને આંખ ચોખ્ખી થઈ જાય છે. આંખની કોઈપણ તકલીફ માટે આંખના ડોક્ટરને બતાવવું.

કેટલાક બાળકોમાં હાથની કે પગની પાંચથી વધારે આંગળીઓ હોય છે તો કેટલાક બાળકો પાંચથી ઓછી આંગળીઓ સાથે જન્મે છે. થોડાંક કિસ્સાઓમાં કેટલીક આંગળીઓ એકબીજા સાથે જોડાયેલી હોય છે.

જન્મસમયનો દાંત કેટલાંક બાળકો મોઢામાં એકાદ બે દંત લઈને જન્મે છે. દર બે થી ત્રણ હજાર બાળકો જન્મે તેમાંથી કોઈ એક બાળક એકાદ બે દાંત સાથે જન્મે છે. આ દાંત અગવડરૂપ હોતા નથી.

❖ **ચિરાયેલ હોઠ અને ચિરાયેલ તાળવું (હેરલીપ અને ક્લેફટ પેલેટ) :**

દર એક હજાર પ્રસુતિએ એક બાળક આવી ખોડ સાથે જન્મતું જોવા મળે છે. આવા બાળકને સ્તનપાન કરાવવામાં મુશ્કેલી પડે છે. આ અંગે પ્લાસ્ટિક સર્જનની સલાહ લેવી જરૂરી છે. બાળક 6 કિલો વજનનું થાય ત્યારબાદ આ અંગેનું ઓપરેશન કરાવવું સલાહભર્યું છે.

❖ **તાળવામાં ગાંઢ (એપ્સ્ટીન પર્લ) :**

બાળકના તાળવાના મધ્યભાગમાં સફેદ રંગનો નાના મોતી જેવો એક ભાગ દેખાય છે. આ કોઈ ગાંઢ કે સોજો નથી; પરંતુ, તાળવાના બંધારણ વખતે રહી ગયેલો એ વધારાનો ભાગ છે. જે આપો આપ થોડાં અઠવાડિયામાં ઘસાઈ જઈ નાબૂદ થઈ જાય છે.

❖ **જોડાયેલી જીભ (ટંગ ટાઈ) :**

બાળકની ઉંમર વધતા જીભ ધીરે–ધીરે ટેરવાં તરફ આગળ વધતી જાય છે અને તેનું બંધન ઢીલું થતુ જાય છે. જો બોલવામાં તકલીફ જણાતી હોય તો પ્લાસ્ટિક સર્જનને બતાવવું. નાનકડા ઓપરેશનથી ખામી દૂર થઈ શકે છે.

❖ **ચહેરાનો લકવા :**

એક આંખ ઓછી કે બિલકુલ બંધ ન થતી હોય, નાક અને ગાલ વચ્ચે માત્ર મોઢું તથા હોઠ એક તરફ ખેંચાઈ જતા હોય તો આવા બાળકને અડધા ચહેરાનો લકવા થયેલ હોય છે. પ્રસૂતિ દરમ્યાન થયેલ ઈજાને કારણે આવું થાય છે.

❖ **હાથનો લકવા :**

પ્રસુતિ દરમ્યાન બાળકને બહાર ખેંચવામાં ઉતાવળ અને બેકાળજી દાખવવામાં આવે તો હાથમાં લકવો થાય છે. અગર તો હાડકાનું ફ્રેક્ચર થઈ શકે છે. તાત્કાલિક ડોક્ટરને બતાવવું.

કેટલાક કિસ્સાઓમાં બાળકની ઝાડો કરવાની જગ્યા બંધ હોય છે. જેને ઈમ્પરફોરેટ એનસ કહે છે. તો કેટલાક કિસ્સામાં બાળક જો છોકરો હોય તો તેની વૃષણની કોથળીમાં બંને ગોળીઓ હોતી નથી અથવા તો એક જ ગોળી હોય છે અથવા તો કોઈ એક ગોળી સૂજી ગયેલી હોય છે. કેટલાક કિસ્સામાં છોકરાની પેશાબ કરવાની ઇન્દ્રિય વચ્ચેનું કાણું બરાબર મધ્યમાં હોતું નથી, પરંતુ ઉપર કે નીચેના ભાગમાં હોય છે. કેટલાંક કિસ્સામાં પેશાબ કરવાની ઇન્દ્રિય ઉપરની ચામડી આગળથી એટલી બધી જોડાયેલી હોય છે કે પેશાબ કરવામાં તકલીફ પડે છે, જેને ફાયમોસીસ કહે છે. આ તમામ તકલીફો માટે વાઢકાપ નિષ્ણાંત ડોક્ટરની સલાહ લેવી.

❖ **ઉપસંહાર :**

ઉપર દર્શાવ્યા પ્રમાણે આપણા દેશમાં બાળમૃત્યુ દરનું પ્રમાણ ઘણું વધારે છે તેના પાછળ પણ ઘણાં બધા કારણો જોડાયેલા છે. બાળમૃત્યુના કારણમાં પોષણની ઉણપ, બાળઅકસ્માત વગેરે જોવા પણ મળે છે. બાળમૃત્યુ દરને ઘટાડવા માટે જાગૃતા લાવવાની જરૂરિયાત છે.

## 7.4 નવજાત બાળકને થતા સામાન્ય રોગો :

નવજાત શિશુને સામાન્ય તકલીફો જેવી કે ઉલટી, ઝાડા, કબજિયાત હેડકી વગેરે થતી હોય છે. જેમાં કોઈ વિશેષ સારવારની જરૂર નથી હોતી; પરંતુ, આ સામાન્ય તકલીફ સાથે જો કોઈ ગંભીર બીમારીનાં લક્ષણો હોય તો તાત્કાલિક દવાખાને દાખલ કરવું.

**ઉલટી :** જન્મસમયે ગર્ભજળ નવજાત શિશુના પેટના જવાથી શરૂઆતમાં બે–ત્રણ દિવસ ઉલટી થઈ શકે છે. આ માટે કોઈ દવાની જરૂર નથી, આપમેળે બંધ થઈ જાય છે.

**ઓકવું :** ધાવણ આપ્યા બાદ દૂધનું થોડું ઘણું ઓકવું એ સામાન્ય બાબત છે. ધવડાવીને પીઠ થાબડીને ઓડકાર કરાવવાથી આ તકલીફ ઓછી થાય છે અથવા માથું ઊંચુ રહે તેમ સુવડાવવાથી પણ રાહત મળે છે.

**પેશાબ :** સામાન્ય રીતે જન્મ પછી શિશુ 48 કલાકમાં પેશાબ કરે છે. જો પેશાબ શરૂ થવામાં વિલંબ થાય તો તાત્કાલિક ડોક્ટરને બતાવવું.

**ઝાડો :** સામાન્ય રીતે જન્મ પછી ચોવીસ કલાકની અંદર બાળક ઝાડો કરે છે. જો ઝાડો થવામાં મોડું થાય તો ડોક્ટરને બતાવવું.

**કબજીયાત :** ઘણા નવજાત શિશુ પાંચ–છ દિવસે એકવાર સામાન્ય ઝાડો કરતા હોય છે અને બીજી બધી રીતે તંદુરસ્ત જણાતા હોય છે. આ અંગે કોઈ સારવાર જરૂરી નથી. તેમજ તેની ચિંતા કરવી નહી; પરંતુ, જો કબજિયાત સાથે બાળક રડયા કરતું હોય, પેટમાં આફરી ચઢી હોય, ઉલટી થતી હોય તો ડોક્ટરને તાત્કાલિક બતાવવું.

**તાવ :** જન્મ પછી બીજા કે ત્રીજા દિવસે શરીરમાંથી પાણી ઓછું થાય ત્યારે બાળકનું શરીર ગરમ જણાય છે. આના ઉપાય તરીકે બાળકને વારંવાર ધવડાવવું જરૂરી છે. ગરમ ઋતુમાં બાળકનું શરીર ઘણીવાર ગરમ જણાય છે. આ સંજોગોમાં ઓરડાની બારીમાં પડદા લટકાવવા વધુ કપડા પહેર્યા હોય તો ઓછાં કરવાં. માફકસર પવન આવે એ રીતે પંખો ચલાવવો.

**વધુ પડતું રડવું :** બાળક ભૂખને લીધે રડે, તરસને લીધે રડે, બાળોતિયું ભીનું થાય તો રડે, કીડી, મંકોળા કે મચ્છર કરડ્યા હોય તો રડે. ચુસ્ત કપડાં, કંદોરા, મોમ વગેરે કરડતા

હોય તો પણ રડે. કપડામાં બટન કે હૂંક હોય અને તે વાગતા હોય તો પણ તે રડે. આવા સંજોગોમાં યોગ્ય ઉપાય લેવા જોઈએ.

**યોનિમાંથી રક્તસ્ત્રાવ :** બાળકીને જન્મ પછી પહેલાં અઠવાડિયામાં યોનિમાંથી રક્તસ્ત્રાવ કે થોડું પ્રવાહી નીકળતું માલૂમ પડે છે, આ અંગે કોઈ સારવાર જરૂરી નથી આપમેળે મટી જાય છે.

**ચામડીની તકલીફો :** માથા પર, ગળા પર, બગલમાં પરૂ વિનાની ઝીણી ફોલ્લીઓ નીકળે છે. જેની કોઈ સારવારની જરૂર નથી, આપમેળે મટી જાય છે. પરંતુ પરૂવાળી ફોલ્લીઓ હોય તો જીવાણુનાશક મલમ (એન્ટીબાયોટિક મલમ) કે જેન્સન વાયોલેટ (વાદળી દવા) લગાડવાથી મટી જાય છે. પરંતુ મોટું ગુમડું કે પરુની વધારે ફોલ્લીઓ હોય તો મોઢા વાટે એન્ટબાયોટિક દવા લેવાની જરૂર પડે છે.

માથાની ચામડી ઘણીવાર ઉખડતી હોય છે. મોં પર લાલાશ પડતા ચકામાં જોવા મળે છે. શરીર પર ભુરાશ પડતા ડાઘ જોવા મળે છે. આ અંગે કોઈ સારવારની જરૂર નથી.

**ઉપસેલો સ્તનનો ભાગ :** નવજાત છોકરાઓમાં ઉપસેલા સ્તન જોવા મળે છે. આ અંગે કોઈ સારવાર જરૂરી નથી, ચિંતા કરવી નહી. આપમેળે બેસી જાય છે. ઉપસેલા સ્તનમાંથી દબાવીને કે દૂધ કે પ્રવાહી કાઢવાનો પ્રયત્ન કરવો નહીં.

**આંખોની સામાન્ય તકલીફો :** જન્મ પછી આંખમાં ડોળા પર લોહીનું ટપકું ક્યારેક જોવા મળે છે. થોડા દિવસમાં આપોઆપ જતું રહે છે. ક્યારેક જન્મ પછી બાળકની આંખ ચોંટી છે. આ સંજોગોમાં સ્વચ્છ રૂ વાપરી નવશેકા પાણીથી આંખ બરાબર સાફ કરવી અને ડોક્ટરની સલાહ મુજબ એન્ટીબાયોટીક દવાનાં ટીપાં નાંખવા કે આંખનો મલમ આંજવો. ક્યારેક શરૂઆતનાં થોડાક અઠવાડિયામાં બાળકની આંખમાંથી પાણી નીકળતાં હોય છે તે માટે કોઈ ઉપાય નથી. જેમ બાળક મોટું થાય તેમ આપોઆપ બંધ થઈ જાય છે.

**હેડકી આવવી :** નાના બાળકોમાં હેડકી, સામાન્ય બાબત છે. સારવારની જરૂર નથી, બાળકને ખભે તેડી પીઠ પર થાબડીને ઓડકાર કરાવવાથી હેડકી ઓછી થાય છે.

**માથાનો ભાગ ઉપસી આવવો :** પ્રસૂતિ દરમ્યાન થતા દબાણને લઈને લોહી ગંઠાવાના કારણે ઘણીવાર માથાનો ભાગ ઉપસી આવે છે. કોઈ સારવારની જરૂર નથી. આપમેળે બેસી જાય છે.

**ધ્રુમરી :** નવજાત શિશુમાં સાધારણ ધ્રુજારી સામાન્ય બાબત છે. કોઈ સારવારની જરૂર નથી, પરંતુ જો ધ્રુજારી વારંવાર આવતી હોય, લાંબા સમય સુધી ટકતી હોય, તાળવું ઊપસી આવેલું હોય કે શરીર વધારે ઠંડુ કે ગરમ હોય તો ડોક્ટરને બતાવવું.

**કમળો :** કમળો એટલે આંખમાં અને ચામડી પર પીળાશ દેખાવી, કેટલાંક બાળકોમાં જન્મ પછી ત્રીજા દિવસે કમળો જોવા મળે છે અને છઠ્ઠા કે સાતમાં દિવસે ઓછો થઈ જાય છે. આ અંગે કોઈ સારવારની જરૂર નથી. બાળકને ધાવણ ચાલુ રાખવું. પરંતુ જો કમળો પહેલાં અને બીજા દિવસે જોવા મળે અને હથેળી અને પગની પાની સુધી દેખાય અને બાળક ઢીલું દેખાય તો તાત્કાલિક ડોક્ટરને બતાવવું.

**ઘૂંટીમાં ચેપ :** ઘૂંટીમાંથી પરુ નીકળે અને આસપાસ લાલાશ દેખાય તો એન્ટીબાયોટીક દવા અને મલમની સારવાર આપવી જરૂરી છે.

**જીભ પર કે મોઢામાં છારી :** માતાનું ધાવણ લેતી વખતે જો માતાની અંગત સ્વચ્છતા બરાબર ન હોય તો બાળકનાં મોઢામાં, જીભ પર કે તાળવા પર સફેદ છારી બાઝી જતી હોય છે અને તેથી બાળકને ધાવણ લેવામાં મુશ્કેલી પડે છે. જેન્સન વાયોલોટ ભૂરી દવા દિવસમાં બે કે ત્રણ વાર લગાડવાથી ફાયદો થાય છે.

## 7.5 ઉપસંહાર :

ઉપર દર્શાવ્યા મુજબ નવજાત બાળકોને આ પ્રકારના સામાન્ય રોગો થાય છે. આ રોગોને દૂર કરવા માટે નવજાત બાળકને વધુ કાળજી રાખવાની જરૂર છે, જે માહિતી સમાજ કાર્યકર તરીકે ઉપયોગી થશે, ક્ષેત્રકાર્યમાં બાળકલ્યાણ તથા માતાઓ સાથે ચર્ચા કરવામાં માહિતગાર રહેશે.

## 7.6 તમારી પ્રગતિ ચકાસો :

1. દર હજાર બાળકોએ કેટલા બાળકોનું તાળવું/હોઠ ચિરાયેલ હોય છે ?

   (A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

2. ચિરાયેલ તાળવા/હોઠનું ઓપરેશન કેટલા કિલો વજનનું થાય ત્યારે સલાહભર્યું છે ?

   (A) 04 કિલો (B) 06 કિલો (C) 08 કિલો (D) 10 કિલો

3. સામાન્ય રીતે જન્મ પછી શિશુ કેટલા કલાકમાં પેશાબ કરે છે ?

   (A) 40 (B) 42 (C) 48 (D) 50

4. સામાન્ય રીતે જન્મ પછી બાળક કેટલા કલાકની અંદર ઝાડો કરે છે ?

   (A) 24 (B) 30 (C) 34 (D) 40

5. નાના બાળકોમાં હેડકી આવવી કેવી બાબત છે ?

   (A) સામાન્ય (B) ગંભીર (C) અતિ ગંભીર (D) સારી

## 7.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (A) **2.** (B) **3.** (C) **4.** (A) **5.** (A)

## 7.8 ચાવીરૂપ શબ્દો :

1. **નવજાત શિશુ :** નવજાત શિશુ એટલે એકદમ તાજું જન્મેલું બાળક. બાળક ખૂબ નાજુક હોય છે. આ સમયગાળા દરમિયાન બાળકને ખાસ સાચવવું જરૂરી છે.
2. **ચિરાયેલ હોઠ :** કેટલાક બાળકોમાં જન્મ સમયે હોઠ ચિરાયેલો હોય છે. આવા બાળકને સ્તનપાન કરવામાં મુશ્કેલી પડે છે. ડૉક્ટરની સલાહ લઈ સર્જરી કરાવી શકાય.

## 7.9 સ્વાધ્યાય લેખન :

1. નવજાત શિશુમાં જોવા મળતી ખોડખાંપણ સમજાવો.
2. નવજાત બાળકને થતાં સામાન્ય રોગોનો પરિચય આપો.
3. ''બાલ્યાવસ્થામાં થતા સામાન્ય રોગો'' – વિષેની જાણકારી સામાજિક કાર્યકરમાં શા માટે હોવી જોઈએ તે જણાવો.
4. ''બાલ્યાવસ્થામાં થતા સામાન્ય રોગો'' – એકમની અભ્યાસ ઉપયોગિતા જણાવો.

## 7.10 પ્રવૃત્તિ :

1. હેડકી વિશે લોકોમાં જોવા મળતી વિવિધ માન્યતાઓ વિશે જાણકારી મેળવો.
2. ચિરાયેલ હોઠ અને ચિરાયેલ તાળવા માટે બાળકને કઈ જગ્યાએ સારવાર માટે લઈ જવાય ? તે અંગેની માહિતી એકત્ર કરો.

## 7.11 કેસ સ્ટડી :

1. ચિરાયેલ હોઠ ધરાવતા બાળકોના પરિવારની મુલાકાત લઈ તે બાળકના કુટુંબની મનોસ્થિતિ, ચિરાયેલ હોઠ વિશેની માન્યતાઓ વગેરે વિશે જાણકારી પ્રાપ્ત કરી એક કેસ સ્ટડી તૈયાર કરો.

## 7.12 સંદર્ભગ્રંથ :

1. આરોગ્ય પોથી : ડૉ. પી. સી. શાહ
2. પ્રજનતંત્રનું સ્વાસ્થ્ય : યુનિસેફ

# એકમ–8 પોષણની ઉણપથી થતાં રોગો

: એકમનું માળખું :

8.0 એકમનો પરિચય

8.1 એકમના હેતુઓ

8.2 પ્રસ્તાવના

8.3 પોષણની ઉણપથી થતાં રોગો

8.4 ઉપસંહાર

8.5 તમારી પ્રગતિ ચકાસો

8.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

8.7 ચાવીરૂપ શબ્દો

8.8 સ્વાધ્યાય લેખન

8.9 પ્રવૃત્તિ

8.10 કેસ સ્ટડી

8.11 સંદર્ભગ્રંથ

## 8.0 એકમનો પરિચય :

મનુષ્યના જીવનમાં આરોગ્ય એ મહત્ત્વનો ભાગ ભજવે છે. મનુષ્યના શરીરને પોષણ જરૂરી છે. પોષણની ઉણપ હોય તો જાતજાતના રોગો થાય છે. મનુષ્ય એ પોતાના શરીરને ટકાવવા પોષણક્ષમ આહાર લેવો જરૂરી છે. પોષણ અને વૃદ્ધિનું કામ કરે છે. જેનું આરોગ્ય સારું ન રહે તેને શારીરિક માનસિક બંને મુશ્કેલીઓ પડી શકે છે. પોષણક્ષમ આહાર ન લેવાથી તેની ઉણપ સર્જાય છે. જેના કારણે રોગો થાય છે આ એકમમાં એના વિશે માહિતી આપી છે જે સમાજકાર્યનાં વિદ્યાર્થી તરીકે ઉપયોગી નીવડશે.

## 8.1 એકમના હેતુઓ :

આ એકમમાં પોષણની ઉણપનાં કારણે થતાં રોગો વિશે માહિતી મેળવીશું.

## 8.2 પ્રસ્તાવના :

દરેક વ્યક્તિને વિકાસ અને વૃદ્ધિ માટે, તેમજ સ્વાસ્થ્યની જાળવણી માટે, પૂરતા પ્રમાણમાં પોષણ તત્ત્વો મળવા જરૂરી છે. તેમાં ખામી કે ઉણપ રહે તો ઘણાં રોગો થાય છે. આવા રોગો ત્રુટિજન્ય રોગો કે પોષણની ઉણપથી થતા રોગ કહેવાય છે.

## 8.3 પોષણની ઉણપથી થતાં રોગો :

**(1) ક્વોશિયોકોર :** પ્રોટીનની ઉણપથી થતો રોગ છે.

– શરૂઆતમાં બાળકને પગ પર સોજા આવે અને પાછળથી મોઢા ઉપર તેમજ આખા શરીરે પણ સોજા આવે છે.

– વાળનો રંગ આછો અને કાળા રંગ પરથી ધીમે ધીમે ભૂખરા રંગના વાળ થઈ જાય છે. ખેંચવાથી વાળ તૂટી જાય છે.

– બાળક ચિડિયું થઈ જાય છે. તે નિષ્ક્રિય બની જાય છે. આજુબાજુના વાતાવરણમાં રસ લેતું નથી.

– ચામડી ખરબચડી અને લાભ થઈ જાય છે અને ચામડી પર નાના ચાઠા દેખાય છે.

– બાળકને ભૂખ લાગતી નથી, માંદુ દેખાય છે અને બહુ ધીમેથી રડે છે.

❖ **સારવાર અને અટકાયત :**

પ્રોટીનવાળો ખોરાક વધારે આપવો, દૂધ, મગફળી, ચણા, વટાણા, છાસ, દહીં, ઈંડા, માંસ, માછલીનો પણ ખોરાકમાં સમાવેશ થઈ શકે.

**(2) મેરેસ્મસ :** ગરમી અને શક્તિની ખામીને લીધે થાય છે. આ રોગના વધુ અસરગ્રસ્ત જૂથમાં, બાળકોનો સમાવેશ થાય છે.

– બાળકોનું વજન ઉંમરના પ્રમાણમાં ઓછું હોય છે.

– વૃદ્ધિ અને વિકાસમાં થવો જોઈએ તેનાથી ઓછો વધારો થાય.

– શરીરમાં રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થતાં વારંવાર ચેપનો ભોગ બને.

– ચામડી સૂકી અને કરચલીવાળી દેખાય છે.

– વાળનો રંગ હોય તેવો જ અથવા ઝાંખો પડી જાય છે.

– બાળક ચીડિયુ થઈ જાય છે.

– બાળકને ઝાડા પણ થાય છે.

– હાથપગ દૂબળા, નિસ્તેજ ચહેરો, પેટ ફૂલેલું અને ક્યારેક હાથે પગે સોજા આવે છે.

– બાળકના સ્નાયુઓ પાતળા પડી ગયેલા હોય છે.

– હાથ પગ દોરડી અને પેટ ગાગરડી તરીકે બાળકને સમાજમાં ઓળખવામાં આવે છે.

❖ **સારવાર અને અટકાયત :**

ગર્ભાવસ્થામાં માતાને વધારનો પૌષ્ટિક આહાર આપવો જોઈએ. જેથી બાળક જન્મ–સમયથી કુપોષણથી ન પીડાય.

– જન્મબાદ બાળકને તરત જ ધાવણ શરૂ કરી દેવું જોઈએ.

– માતાએ 4 થી 6 મહિના સુધી ધાવણ આપવું જોઈએ.

– ધાવણ આપતી માતાએ વધારાનો પૌષ્ટિક આહાર લેવો જોઈએ.

- ધાવણ સાથે, બાળકને 4 થી 6 માસ બાદ ઉપરી આહાર આપવાની શરૂઆત કરવી જોઈએ.
- ઝાડા, શરદી, ઉધરસ કે વરાત થાય તો તેનો તરત જ ઇલાજ કરાવવો જોઈએ. આથી બીમારી વખતે બાળકને ખોરાક આપવાનું ચાલુ રાખવું જોઈએ અને બીમારી બાદ ખોરાકનું પ્રમાણ થોડું વધારી દેવું જોઈએ.
- બાળકનું વજન દર મહિને મપાવી ગ્રોથ માર્ટ પર નિયમિત નોંધ કરાવવી જોઈએ. જેથી કુપોષણને તેની શરૂઆતમાં જ પકડી શકાય. આ માટે બાળકને નિયમિત રીતે આંગણવાડી કેન્દ્ર પર લઈ જવું.
- ગોળ, ખાંડ, શેરડી, બટાકા, શક્કરિયાં, સૂરણ, ઘઉં, મકાઈ, બાજરી, ઘી, તેલ, દૂધ, ખીચડી, કઠોળ, લીલા પાંદડાવાળા શાકભાજી, ઈંડા વગેરે ખોરાકો વધારે આપવા.

**(3) સુક્તાન (રિકેટ્સ અને ઓસ્ટિયોમલેશિયા) :** વિટામિન ડી અને કેલ્શિયમની ઉપણથી આ રોગ થાય છે. શરીરમાં હાડકા અને દાંતના વિકાસ માટે તથા હાડકાની મજબૂતાઈ માટે તેમજ વાગ્યા પછી લોહી ગંઠાવવાની ક્રિયા અને સ્નાયુઓના સંકોચન તેમજ જરૂરી કેલ્શિયમ છે.

- સૂર્ય પ્રકાશની મદદથી, ચામડી, શરીર માટે વિટામિન–ડી બનાવે છે.
- તેની ઉણપથી મુખ્યત્વે બાળકોમાં સૂક્તાનનો અને પુખ્ત વયનામાં ઓસ્ટિયોમલેશિયા રોગ જોવા મળે છે. તેના કારણોમાં ખોરાકમાં કમી તેમજ સૂર્યપ્રકાશમાં ઓછું બહાર નીકળવું મુખ્ય છે.
- હાડકાંની વૃદ્ધિમાં ઘટાડો તેથી ઓછી ઊંચાઈ.
- હાડકાં પોચા બને જેથી વાંકા વળી જાય છે.
- સ્નાયુઓ સરખામણીમાં ઢીલા હોય છે.
- બાળકના હાથપગના હાડકાં વળી જાય છે અને ધનુષના આકારના થઈ જાય છે.
- મોટી ઉંમરની સ્ત્રીઓમાં સગર્ભા વખતે અને ધાત્રી અવસ્થા દરમ્યાન ન ઉણપ હોય તો, નિતંબ(પેલ્વીસ) સાંકડું થઈ જાય છે અને પ્રસૂતિ વખતે મુશ્કેલી ઊભી થાય છે.
- હાથપગના સાંધા પર સોજા આવે છે.
- બાળકોને પાંસળીઓમાં ગાંઠ થઈ જાય છે.
- છાતીની વચ્ચેનો ભાગ ઉપસેલો હોય છે.

❖ **સારવાર અને અટકાયત :**

- શરીરમાંથી ચામડી સૂર્યપ્રકાશની મદદથી વિટામિન–ડી બનાવે છે. સવારમાં સૂર્યના કિરણો લેવાં જોઈએ અને નાના બાળકોને સૂર્યપ્રકાશમાં પૂરતો રમવાં દેવા જોઈએ.
- તેલવાળા પદાર્થોમાંથી પણ વિટામિન–ડી મળી રહે છે. કેળા, દૂધ, છાશ, વધારે ખાવા જેમાંથી કેલ્શિયમ મળી રહે છે.
- જરૂર જણાય તો ડોક્ટરની સૂચના મુજબ વિટામિન–ડીની ગોળીઓ લેવી.

(4) **રતાંધણાપણું :** વિટામિન–એ ની ઉપણથી થતો રોગ છે. આંખથી રાત્રે બરાબર દેખાય તે માટે વિટામિન–એ ખૂબ જ જરૂરી છે. તે ચામડી અને વાળને તંદુરસ્ત રાખે છે.

– વિટામિન–એની ઉણપથી રતાંધણાપણું થાય છે.

– નાના બાળકોમાં ઉપરા ઉપરી શ્વસનતંત્રના રોગો થાય છે.

– આંખના સફેદ ભાગ ઉપર ભૂખરા રંગનો ત્રિકોણ આકારનો ડાઘો પડે છે, કરચલીઓ વળે છે.

– આંખની કીકી ઉપર અસર પહોંચવાથી અંધાપો આવી શકે.

– રોગપ્રતિકારક શક્તિ ઘટે અને તેથી શ્વસનતંત્રને અને ઉત્સર્જનતંત્રના ચેપ વધુ લાગે છે.

– આંખમાં છારી બાઝે, કન્જન્ક્ટીવાઈટીસ અને કોર્મિયાના ચાંદી કે અલ્સર થાય છે.

❖ **સારવાર અને અટકાયત :**

– આંગણવાડી કેન્દ્રો પર 1 થી 5 વર્ષના બાળકો માટે દર 6 મહિને વિટામિન–એ પીવડાવવામાં આવે છે. બાળકને નિયમિત કેન્દ્ર પર લઈ જવું.

– ધાવતાં બાળકોને નિયમિત અને બરાબર પૂરતું ધાવણ આપવું.

– ધાત્રી માતાએ વિટામિન–એ થી ભરપૂર આહારનો ખોરાકમાં સમાવેશ કરવો.

– બાળકોને માટે પણ વિટામિન–એથી ભરપૂર આહાર લીલાં પાંદડાવાળી શાકભાજી, ગાજર, પાકું પપૈયું વગેરેનો તેઓને ખોરાકમાં સમાવેશ કરવો જોઈએ. પીળા અને કેસરી ફળોનો ઉપયોગ વધુ કરવો.

– ઝાડા અને ઓરીની સારવાર તરત જ કરવી જોઈએ.

– ઓરી વિરોધી રસી, જન્મના નવ મહિને, સમયસર દરેક બાળકને મુકાવી દેવી જોઈએ.

❖ **આંખની તંદુરસ્તી માટે ધ્યાનમાં લેવાની બાબતો :**

– આંખની તપાસ હંમેશા સૂર્યપ્રકાશની હાજરીમાં કરો.

– નીચેનું પોપચું નીચે તરફ ખેંચો, ને તેની અંદરનો ભાગ સફેદ પડતો હોય તો લોહીની ફિકાશ બતાવે છે.

– ઉપરનું પોપચું આંગળીથી રાખો, નીચે જોવા કહી, કીકીનો ઉપરનો ડોળો જુઓ. પીળાશ દેખાય તો તે કમળાની નિશાની છે.

– ઉપરના સંજોગોમાં ડોક્ટરની મુલાકાત લો.

– સવારે ઉઠીને, સાંજે કામ પરથી આવ્યા બાદ અને રાત્રે સૂતા પહેલા, આંખને ચોખ્ખા પાણીની છાલક મારીને સાફ કરવી જોઈએ. માખીને આંખ પર બેસવા ન દેવી.

– આંખમાં મેશ આંજવી નહીં, તેમ છતાં આજો તો આંખમાં મેશ આંજતા પહેલા આંગળી ધોવી જોઈએ.

– ફેરિયા પાસે આંખમાં સૂરમો અંજાવો નહીં.

– કામ કરતા આંખોને અવારનવાર આરામ આપો.

**(5) ગલગંડ (ગોઈટર) :** આયોડિનની ઉપણ થી થાય છે.

– આહાર અથવા પાણીમાં આયોડિન તત્ત્વની ઉણપથી ગલગંડનો રોગ થાય છે.

– બાળકો અને તરૂણોમાં આ રોગ થાય છે.

❖ **અસરો :**

– બુદ્ધિ આંકમાં ઘટાડો થાય છે.

– માનસિક વિકાસ ધીમો થાય છે.

– વધુ ઉણપ હોય, તો બાળકો, માનસિક રીતે અલ્પ વિકસિત રહી જાય છે.

– ગળામાં ગાંઠ થાય, સ્નાયુઓમાં નબળાઈ આવે.

– બોલવામાં ને સાંભળવામાં તકલીફ પેદા થાય.

❖ **સારવાર અને અટકાયત :**

– આયોડિનયુક્ત મીઠાનો ઉપયોગ કરવો જોઈએ.

– આ મીઠું રાંધતા સમયે ખોરાકમાં ન નાંખતા રાંધેલા ખોરાક ઉપર નાંખવું.

– ઉપલબ્ધ ખાદ્ય સામગ્રીમાંથી વિવિધતાથી ભરપૂર સંતુલિત આહાર લેવો.

**(6) બેરીબેરી :** વિટામિન–બીની ઉપણથી બેરી–બેરી રોગ થાય છે. આ રોગમાં,

– મોમાં ચાંદા પડે છે.

– લોહી ફિક્કું પડે છે.

– હોઠના, કાનના અને નાકનાં ખૂણે ચીરા પડે છે.

– પગમાં બળતરા, ઝણઝણાટી અને કળતર થાય છે.

– શરીરના જે ભાગ પર સૂર્યપ્રકાશ પડે તે ભાગમાં ચીરા પડે છે.

**(7) સ્કર્વી :** વિટામિન–સીની ઉણપથી થાય છે.

– વિટામિન–સીની આપણા શરીરમાં આકસ્મિક સંજોગોમાં પડેલા ઘા ને રૂઝવા માટે કાર્ય કરે છે.

– ખોરાકમાં રહેલા લોહતત્ત્વના શોષણ માટે વિટામિન–સીની જરૂર પડે છે.

– લોહીની કેશવાહિનીઓની તંદુરસ્તી માટે પણ તે જરૂરી છે.

– સ્કર્વી રોગ થવાથી આવાળા ફૂલી જાય છે.

– પેઢામાંથી લોહી નીકળે છે.

– સાંધામાં દુખાવો થાય છે.

– ખૂબ નાની 30 થી 40 વર્ષની ઉંમરમાં દાંત પડી જાય છે.

❖ **સારવાર અને અટકાયત :**

– ખાટાં અને તૂરાં ફળોમાં વિટામિન–સી પુષ્કળ પ્રમાણમાં મળે છે. લીંબું, આમળો, નારંગી, મોસંબી, જામફળ, ફણગાવેલા કઠોળ, આથો લાવેલી વાનગી જેવી કે ઢોકળાં, ખમણ,

ઇંડલી વગેરેમાં વિટામિન–સીનું પ્રમાણ હોય છે. તેને રોજિંદા ખોરાકમાં સમાવેશ કરવાથી વિટામિન–સીની ઉપણ નિવારી શકાય છે.

**(8) પાંડુરોગ–એનીમિયા :** લોહતત્ત્વની ઉણપથી થાય છે.

– લોહતત્ત્વની શરીરમાં હિમોગ્લોબીન બનાવવા જરૂર પડે છે.

– હિમોગ્લોબીન લોહીના લાલ રક્તકણોમાં હોય છે જેનું કામ ફેફસામાં ઓક્સિજન લઈને શરીરમાં જુદા જુદા ભાગને પહોંચવાનું છે. રોગના અસરગ્રસ્ત જૂથમાં મહિલાઓ, તરૂણો અને બાળકોનો સમાવેશ થાય છે.

– લોહતત્ત્વની ખામીથી પાંડુરોગ થાય છે. ઉપરાંત પાંડુરોગ સામાન્યતઃ કોઈપણ ઉંમર અને જાતિની વ્યક્તિની થાય છે. લોહતત્ત્વની ઉણપથી થતા પાંડુરોગનું પ્રમાણ 85% જેટલું જોવા મળે છે.

– વિટામિન–સી, વિટામિન–બી, ફોલિક એસિડની ઉણપને લીધે પાંડુરોગ થાય છે.

– લોહતત્ત્વ ખોરાકમાં ઓછું મળે તો લોહીમાં ફિક્કાશ આવે છે. નખ, આંખ, જીભ ફિક્કાં દેખાય છે.

– ચક્કર આવે છે. થોડું પણ કામ કરતા જલ્દી અને ખૂબ થાક લાગે છે.

– હાથપગ પાણી પાણી થઈ ગયેલા લાગે છે.

– એકાગ્રતા ઘટે છે.

– લાંબાગાળાના રોગથી બુદ્ધિ આંક ઘટે છે.

❖ **સ્ત્રીઓમાં :**

– ઓછા વજનવાળો બાળકનો જન્મ થવાની શક્યતા રહે છે.

– સમય પહેલા વહેલી અધૂરા માસે પ્રસૂતિની સંભાવના રહે છે.

– સગર્ભાવસ્થા દરમ્યાન લોહી પડી શકે છે.

– સુવાવડ પછી લોહી પડવાની શક્યતા રહે છે.

– સુવાવડ વખતે સ્ત્રીનું મૃત્યુ થઈ શકે છે.

– બાળકના ચેપ પછી માતાને ચેપ લાગવાની સંભાવના વધુ રહે રે.

– મૃત બાળકનો જન્મ થઈ શકે અથવા જન્મના પહેલા જ મહિનામાં બાળકનું મૃત્યુ થઈ શકે છે.

❖ **બાળકોમાં :**

– રોગપ્રતિકારક શક્તિ ઘટે છે, બાળક વારંવાર બીમાર પડે છે.

– એકાગ્રતાના અભાવે બીજાં બાળકો કરતાં રમવા અને ભણવાની પદ્ધતિ રહી જઈ શકે.

❖ **સારવાર અને અટકાયત :**

– આહારમાં લીલા પાંદડાવાળા શાકભાજીનો વધુ ઉપયોગ.

– ગોળ, સૂકો મેવો, ખજૂર વધુ ખાવાં જોઈએ.

– ચા આહારમાંના લોહતત્ત્વનું શોષણ ઘટાડે છે. તેથી જમણ સાથે કે ત્યારબાદ તુરત ચા પીવી નહીં.

– કૃમિ, મેલેરિયાની તરત અને સંપૂર્ણ સારવાર લેવી.

– પાંડુરોગની અટકાયત અને નિયંત્રણ માટે સરકાર/આરોગ્ય વિભાગ દ્વારા બાળકો, ધાત્રી માતા, સગર્ભા સ્ત્રીઓ તેમજ તરૂણીઓ માટે લોહતત્ત્વની ગોળીઓ આપવામાં આવે છે. તે લેવી જોઈએ.

❖ **લોહતત્ત્વની ગોળીઓ વિશે જાણો :**

– આ ગોળીઓની કોઈ ગંભીર આડઅસર નથી.

– કેટલીક સાધારણ તકલીફો થઈ શકે છે.

– ઝાડો કાળા રંગનો થાય છે.

– સાધારણ ઉબકા, છાતી, પેટમાં બળતરા, ઝાડા, કબજિયાત મામૂલી છે, ખાસ કોઈ નુકસાન થતું નથી.

– દવા ચાલુ રાખવાથી થોડા દિવસોમાં તકલીફો દૂર થાય છે.

– લોહતત્ત્વની ગોળીઓ જમ્યા પછી લેવાની, જેથી તકલીફો ઘટે છે.

## 8.4 ઉપસંહાર :

ઉપર દર્શાવ્યા પ્રમાણે પોષણની ઉણપના કારણે ઘણા બધા રોગોનો સામનો કરવો પડે છે. પોષણની ઉપણના લીધે રોગો થાય છે. તેનાથી બચવા માટે કુપોષણ દૂર કરવાં માટે સરકાર દ્વારા પણ ઘણાં પગલાં લેવામાં આવે છે.

પોષણયુક્ત ખોરાક લેવાથી આવા પ્રકારના રોગોથી બચી શકાય છે.

## 8.5 તમારી પ્રગતિ ચકાસો :

1. સુક્તાન રોગ શેની ઉણપથી થાય છે ?

   (A) વિટામિન ડી અને કેલ્શિયમ (B) વિટામિન એ

   (C) વિટામિન બી (D) વિટામિન સી

2. રતાંધણાપણું કયા વિટામિનની ઉણપથી થાય છે ?

   (A) વિટામિન સી (B) વિટામિન એ (C) વિટામિન ડી (D) વિટામિન બી

3. ઓરી વિરોધી રસી જન્મના કેટલા મહિને આપવામાં આવે છે ?

   (A) ત્રણ મહિને (B) છ મહિને (C) નવ મહિને (D) બાર મહિને

4. ગોઈટર (ગલગંડ) રોગ કોની ઉણપથી થાય છે ?

   (A) વિટામિન (B) કેલ્શિયમ (C) મેગ્નેશિયમ (D) આયોડીન

5. બેરીબેરીનો રોગ શેની ઉણપથી થાય છે ?

   (A) વિટામિન એ (B) વિટામિન બી (C) વિટામિન સી (D) વિટામિન ડી

## 8.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (A) **2.** (B) **3.** (C) **4.** (D) **5.** (B)

## 8.7 ચાવીરૂપ શબ્દો :

**1.** **પાંડુરોગ :** આ રોગને એનિમિયા તરીકે ઓળખવામાં આવે છે. આ રોગ લોહતત્વની ઉણપથી થાય છે. રોગના અસરગ્રસ્ત જૂથમાં મહિલાઓ, તરૂણો અને બાળકોનો સમાવેશ થાય છે.

**2.** **સ્કર્વી :** આ રોગ વિટામિન સી ની ઉણપથી થાય છે. વિટામિન સી આપણા શરીરમાં આકસ્મિક સંજોગોમાં પડેલા ઘાને રૂઝવવા કાર્ય કરે છે. ખૂબ નાની ઉંમરમાં દાંત પડી જાય છે.

## 8.8 સ્વાધ્યાય લેખન :

1. પોષણની ઉણપથી થતાં રોગોનો ટૂંકાણમાં પરિચય કરાવો.
2. પાંડુરોગ (એનિમિયા) વિશે સમજ આપો.
3. રતાંધણાપણું શું છે ? સારવાર અને અટકાયત વિશે સમજાવો.

## 8.9 પ્રવૃત્તિ :

1. તમારાં વિસ્તારમાં આવેલ આંખની હોસ્પિટલની મુલાકાત લઈ આંખની વિવિધ બિમારીઓ વિસે માહિતી મેળવો.

## 8.10 કેસ સ્ટડી :

1. પાંડુરોગ (એનિમિયા) થયો હોય તેવા વ્યક્તિની મુલાકાત લઈ લોહતત્વની ઉણપને કારણે થતી વિવિધ અસરોનો અભ્યાસ કરી તે અંગે વૈયક્તિક અભ્યાસ (કેસ સ્ટડી) કરો.

## 8.11 સંદર્ભગ્રંથ :

1. આરોગ્ય પોથી : ડૉ. પી. સી. શાહ
2. પોષણ અને આહાર : યુનિસેફ

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**BSWR-502**

# બાળકો અને યુવાનો સાથે સમાજકાર્ય

વિભાગ

# 4

## યુવાન

**એકમ–1** યુવા બાયોગ્રાફિક પરિણામો અને યુવા પરિપ્રેક્ષ્ય

**એકમ–2** યુવા અભિગમ

**એકમ–3** યુવા સશક્તિકરણ

ISBN : 978-93-91071-54-7


## લેખક

| | |
|---|---|
| નીલા એન. પટેલ | અધ્યાપક (ફેકલ્ટી), સામાજિક વિજ્ઞાન, રાજ્યગ્રામ વિકાસ સંસ્થા, સ્પીપા, અમદાવાદ. |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| ડૉ. તેજલ અધ્વર્યુ | સંશોધન મદદનીશ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

## પરામર્શન (ભાષા)

| | |
|---|---|
| ડૉ. હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |


**Edition : 2023**

**Copyright©2023 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ–સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાંથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ–સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ–અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રસ્તુત થાય છે.

અભ્યાસ–સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ (Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ–અવરોહ, ભાવ–ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ–અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે .

સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ–અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આજ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન–મૂલ્યાંકન પણ કરે છે.

## પ્રસ્તાવના

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ–સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થી ભોગ્ય બનાવે છે.

આશા છે કે, સ્વ–અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ-સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## BSWR-502 બાળકો અને યુવાનો સાથે સમાજકાર્ય

**વિભાગ–1 : બાળકનું સામાજિકીકરણ**

એકમ–1 સામાજિકીકરણનો ખ્યાલ, ધ્યેયો, સિદ્ધાંતો અને બાળઉછેરની પ્રથા

એકમ–2 બાળકનું સામાજિકીકરણ કરનારાં પરિબળો

**વિભાગ–2 : ભારતમાં બાળકો**

એકમ–1 વસ્તી આધારિત લાક્ષણિકતાઓ

એકમ–2 ભારતમાં બાળકોની સમસ્યાઓ

એકમ–3 શેરીના નિરાધાર/તરછોડાયેલા બાળકો, બાળમજૂરો

એકમ–4 બાળકો માટે કાનૂની રક્ષણાત્મક પગલાં

**વિભાગ–3 : બાળસ્વાસ્થ્ય અને સમાજકાર્ય**

એકમ–1 આરોગ્ય અને શિક્ષણનાં પાસાંઓ

એકમ–2 બાળકલ્યાણના પરંપરાગત ખ્યાલો

એકમ–3 આંતરરાષ્ટ્રીય અભિગમ

એકમ–4 બાળઆરોગ્ય અને પરિસ્થિતિનું વિશ્લેષણ

એકમ–5 બાળમૃત્યુ

એકમ–6 પ્રજનન સ્વાસ્થ્ય

એકમ–7 બાલ્યાવસ્થાના સામાન્ય રોગો

એકમ–8 પોષણની ઉણપથી થતાં રોગો

**વિભાગ–4 : યુવાન**

એકમ–1 યુવા બાયોગ્રાફિક પરિણામો અને યુવા પરિપ્રેક્ષ્ય

એકમ–2 યુવા અભિગમ

એકમ–3 યુવા સશક્તિકરણ

## ઘટક પરિચય :

આપણો દેશ 126 કરોડથી પણ વધારે વસ્તી સાથે દુનિયાનો બીજો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ અને દુનિયાનો સૌથી યુવા દેશ છે. આજે આખું વિશ્વ ભારતને એક યુવા દેશ તરીકે જાણે છે. આપણા પ્રધાનમંત્રી આખી દુનિયામાં ભારત એક યુવા દેશ તરીકે ઓળખાવે છે અને એ સત્ય પણ છે. ભારત પાસે આજે વિશ્વમાં સૌથી વધુ યુવા શક્તિ છે. યુવાનો જોશથી ભરેલા હોય છે. યુવા વસ્તીનો અર્થ કાર્યશીલ વસ્તી એવો પણ થાય. એટલે કે આજે ભારતમાં નાના બાળકો અને અકાર્યશીલ એવા વૃદ્ધો કરતાં યુવાનોની સંખ્યા પ્રમાણમાં વધારે છે. આંખોમાં આશાઓ અને નવાં નવાં સપના સાથે ઉડાન ભરતા આજના યુવાનોના મનમાં કાંઈક કરી છૂટવાની ભાવના હોય છે. યુવાઓમાં એમના સપના પૂરા કરવાની તાકાત અને આખી દુનિયાને પોતાની મુઠ્ઠિમાં કરવાનું સાહસ હોય છે. આ જ સાહસ અને પ્રબળ ઇચ્છશક્તિને કારણે જ એમને યુવાન કહેવાય છે. યુવાન શબ્દ જ મનમાં એક નવી ઊંચાઈ તરફ જવાનો અને ઉમંગ પેદા કરવાવાળો શબ્દ છે. આપણા જીવનમાં યુવાનીનો સમયગાળો ખૂબ જ મહત્વનો છે. આ જ સમયગાળા દરમિયાન આપણે આપણું તથા સાથે સાથે વ્યાપક અર્થમાં રાષ્ટ્રનું ભવિષ્ય નક્કી કરતા હોઈએ છીએ. એટલે જ કહેવાય છે કે, આજના નવયુવાનો એ દેશનું ભવિષ્ય છે. દુનિયાના મોટા ભાગના દેશો આજે યુવાનોની સંખ્યા ઓછી હોવાની સમસ્યાથી પીડાય છે જ્યારે આપણે સદનસીબે સૌથી વધુ કાર્યશીલ વસ્તીવાળો દેશ છીએ. જો આંકડાઓને વાત કરીએ તો ભારતમાં 50% થી પણ વધારે વસ્તી યુવા વસ્તી છે.

યુવા શક્તિ વરદાન છે કે પડકાર એ મહત્વપૂર્ણ છે કારણ કે યુવા શક્તિનો જો સાચા માર્ગે ઉપયોગ ન કરવામાં આવે તો એ સમાજ અને રાષ્ટ્રના ભાવિ માટે અંધકાર બની શકે છે. સાથે સાથે જો આજના આ યુવા વર્ગને કોઈ સાચી રાહ ચીંધવામાં આવે તો એ આપણા સમાજ અને રાષ્ટ્ર માટે વિકાસની એક કડી સાબિત થઈ શકે છે.

હકીકતમાં દુનિયાના કોઈપણ દેશની પ્રગતિનો આધાર તે દેશની યુવા શક્તિ છે. આજના વિશ્વમાં ભારત એ સૌથી ઝડપથી વિકાસ પામતું અર્થતંત્ર છે પરંતુ, હજું પણ આપણા દેશની શક્ય તમામ શક્તિ અને સંસાધનો પૂર્ણ રૂપે ઉપયોગમાં લેવાયા નથી. કરોડો યુવાનો બેકાર છે. તેમને ઉત્પાદક પ્રવૃત્તિઓમાં જોડવાથી આપણો વિકાસ વધુ વેગવંત બનશે. વિકાસના લાભો સમગ્ર જનતા સુધી પહોંચાડાય તો ભારત માટે વિશ્વમાં ક્યાંય બજાર શોધવા જવું પડે તેમ નથી. યોગ્ય નીતિ બનાવાય અને તેને વ્યવહારમાં અમલી બનાવાય તો ભારત માટે કોઈ લક્ષ્ય દૂર નથી.

પ્રસ્તુત ઘટકમાં આપણે યુવાનો અને તેમની સમસ્યાઓ તથા યુવા સશક્તિકરણ વિશે વિસ્તૃત જાણકારી મેળવીશું.

**ઘટક હેતુઓ :**

(1) ભારતમાં યુવાનોની સ્થિતિ અને સમસ્યાઓ વિશે જાણકારી મેળવવી.

(2) યુવાનોના સામાજિક પરિપ્રેક્ષ્ય વિશે જાણકારી મેળવવી.

(3) યુવાનો વિશેના વિવિધ અભિગમો સમજવા.

(4) યુવા સશક્તિકરણનો ખ્યાલ અને તેના મહત્ત્વ વિશે વિસ્તૃત મેળવીશું.

# એકમ-1 યુવા બાયોગ્રાફિક પરિણામો અને યુવા પરિપ્રેક્ષ

## : એકમનું માળખું :

1.0 એકમનો પરિચય

1.1 એકમના હેતુઓ

1.2 પ્રસ્તાવના

1.3 યુવાનની વિભાવના

1.4 યુવા બાયોગ્રાફિક પરિણામો

1.5 યુવાનોની સામાજિક સંરચના

1.6 યુવા પરિપ્રેક્ષ્ય

1.7 ઉપસંહાર

1.8 તમારી પ્રગતિ ચકાસો

1.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1.10 ચાવીરૂપ શબ્દો

1.11 સ્વાધ્યાય લેખન

1.12 પ્રવૃત્તિ

1.13 કેસ સ્ટડી

1.14 સંદર્ભગ્રંથ

## 1.0 એકમનો પરિચય :

યુવા બાયોગ્રાફિક પરિણામો અને યુવા પરિપ્રેક્ષ્ય વિશે આ પ્રકરણમાં યુવાન એ વિકાસની પ્રક્રિયામાં સૌથી મહત્ત્વના ધરાવે છે, યુવાનો જો યોગ્ય ઉછેર ન થાય તો મુશ્કેલી આવે છે, યુવાનો ખૂબ જ ઉત્સાહી આત્મવિશ્વાસથી ભરપૂર થઈ શકે તેવા હોવા જોઈએ તથા વિકાસને સમજવા યુવાનને સમજવો જરૂરી છે, આ પ્રકારના યુવાનોના પરિણામો વિશે સમજીએ.

આ એકમમાં તેના વિશે વિગતવાર માહિતી આપેલ છે. જે MSWમાં વિદ્યાર્થી તરીકે ઉપયોગી બનશે.

## 1.1 એકમનો હેતુ :

આ પ્રકરણમાં યુવાનો બાયોગ્રાફિક પરિણામો અને યુવા પરિપ્રેક્ષ વિગતે જાણવા મળશે.

## 1.2 પ્રસ્તાવના :

ભારતીય સંસ્કૃતિમાં સંઘર્ષોના પગથિયાં ચડીને સફળતા મેળવનારને યુવાન કહેવામાં આવે છે. સંઘર્ષોને સૌભાગ્ય માનીને તેનો સ્વીકાર કરે તે યુવાન છે. માત્ર ઉંમરથી નહીં પણ દૃષ્ટિકોણથી પણ યુવાનો જોવામાં આવે છે. જેની અંદર શીખવાની, નવું વિચારવાની પ્રબળ શક્તિ છે. જેનામાં આત્મવિશ્વાસ હોય તે યુવાન છે. પૂરા વિશ્વ કરતા આપણા દેશમાં 17 કરોડ યુવાશક્તિ છે. જેમની અવસ્થા પણ યુવાન છે અને વિચાર પણ યુવાન છે. એ વ્યક્તિ યુવાન છે. જે દેશ સમાજ અન્ય વ્યક્તિઓ માટે કંઈક કરવા માંગે છે.

## 1.3 યુવાનની વિભાવના :

યુનેસ્કો દ્વારા યુવાનોને અલગ અલગ રીતે પારિભાષિક કરવામાં આવ્યાં છે. યુનેસ્કો દ્વારા 15 થી 35 વર્ષની વચ્ચે આવતા દરેક વ્યક્તિને યુવાન કહેવાય છે.

સંયુક્ત રાષ્ટ્ર ક્ષેત્રોમાં સંખ્યાકીય સ્થિરતા માટે યુવાનોને પારિભાષિક કર્યા છે. જેમાં 15 થી 24 વર્ષની વચ્ચેની ઉંમરવાળા લોકોના રૂપમાં સદસ્યો રાજ્યો દ્વારા અન્ય પરિભાષાઓ પર પ્રતિકૂળ પ્રભાવ નાંખ્યા વગર.

ઉંમરને ધ્યાનમાં રાખીને કહીએ તો, "બાળપણ અને વૃદ્ધાવસ્થા વચ્ચેનો સમય જેમાં 15 થી 30 વર્ષ વચ્ચે આવતો દરેક વ્યક્તિ એટલે યુવાન."

યુવાન એટલે બોલેલું, ધારેલું કરવાની શક્તિ, જેનામાં છે તે યુવા, યુવાન તો એવો હોવો જોઈએ જે કંઈ પણ કરે, પણ જે તેની પ્રતિષ્ઠા વધારે એવું હોવું જોઈએ. દરેક યુવાનો માટે ગાંધીજી, ભગતસિંહ, વીર સાવરકર, સ્વામી વિવેકાનંદ જેવાં પાત્રો આપણા આદર્શ હોવા જોઈએ; કે જેમણે પોતાનું જીવન બીજા માટે ખચી નાંખ્યુ. જેના જીવન વિશે આપણે બધી માહિતી મેળવી શકીએ. આજના યુવા વર્ગને માર્ગદર્શનની જરૂર છે પણ જો યુવાન બીજી બધી ગણી વાતો માર્ગદર્શન વગર જો કરતો હોય તો શું આવા યુવાનો પોતાના જીવન ઘડતર જાતે ન કરી શકે છે. યુવાની એવી જેમાં યુવાને પોતાના જીવનનું ઘડતર કરવાનું હોય છે. આજના સમયને યુવાન વ્યક્તિની ખૂબ જ જરૂર છે અને અમારો આ નાનો સરખો પ્રયત્ન છે કે આજની યુવાશક્તિ જાગી આગળ આવે અને સમાજની, દેશની કોઈનાની સરખી જવાબદારી ઉપાડે. જેને યુવાન હોવાનો મતલબ ખબર હોય. જેના જીવનનો કોઈ લક્ષ્ય હોવો જોઈએ, એને આપણે યુવાન કહી શકાય.

જો કે ઉંમર એ આ સમૂહને પરિભાષિત કરવાનો સૌથી આસાન ઉપાય છે. ખાસ કરીને શિક્ષા અને રોજગારીના સંબંધમાં યુવાનોને ઘણીવાર આ ઉંમરની વચ્ચે એક વ્યક્તિના રૂપમાં દર્શાવવામાં આવે છે. જયાં તેઓ શિક્ષા છોડી શકે છે અને પ્રથમ રોજગાર મેળવી શકે છે. ત્યાર પછીની આયુ સીમા વધી રહી છે કારણ કે બેરોજગારીના ઉચ્ચ સ્તર અને એક સ્વતંત્ર પરિવારની સ્થાપનાના ખર્ચના કારણે ઘણાં યુવાન લોકોને લાંબા સમય પરાધિનતામાં સામેલ કરવામાં આવ્યા છે.

ઉંમરને ધ્યાનમાં રાખીને કહીએ તો, બાળપણ અને વૃદ્ધાવસ્થા વચ્ચેનો સમય, જેમાં 15 થી 30 વર્ષ વચ્ચે આવતો દરેક વ્યક્તિ એટલે યુવાન.

યુવાન એને કહેવાય જેનામાં આકાશમાં ઉડવા માટે આત્મવિશ્વાસની પાંખો હોય અને એવું કાર્ય કરવાનું વિચારે કે જેણે ક્યારે કોઈએ કર્યું ન હોય, અને કાર્ય પણ કરે એવું કે જેનો જગમાં જોટો ન હોય. યુવાન તો એ છે કે એને સવારના ઉઠે ત્યારે ખબર હોય છે કે એને સંપૂર્ણ દિવસમાં શું કરવાનું છે અને એ કાર્ય પાછળ એ આખો દિવસ એ કાર્ય પાછળ ખચી નાંખે છે. આજના ભારતના ભાવનાશાળી ચેતનવંતા અને જાગૃત યુવાનો પોતાનો વિકાસ, સમાજનો વિકાસ, ગામનો વિકાસ. સાથે સાથે રાષ્ટ્રનો વિકાસ અને શાંતિ ઇચ્છે છે.

o

## 1.4 યુવા બાયોગ્રાફિક પરિણામો :

યુવા પેઢી પાસે લક્ષ્ય હોવું જરૂરી છે. જે યુવાનના જીવનમાં કોઈ લક્ષ્ય ન હોય તે યુવાનની જિંદગી બેકાર છે. લક્ષ્યહીન યુવાન કશું મેળવી શકતો નથી.

❖ **પ્રામાણિકતા :**

યુવાનમાં પ્રામાણિકતા હોવી જરૂરી છે. જે પોતાની જાતને પૂછી શકે કે પોતે કેવો છે અને પ્રામાણિકતાથી તેનો સ્વીકાર કરી શકે. પોતાના સારા નરસા પાંસાને જાણી શકે. પોતાની જોડે શું છે ? શુભ ચિંતકો તેમજ અન્ય જોડેથી તે શું લઈ શકે છે ? અને પોતાની એવી ખરાબ બાબતો દૂર કરવા જેવી છે. જેથી તેનો ઉપયોગ તે ભવિષ્યમાં કરી શકે અને એક સારું ભવિષ્ય બનાવી શકે. જગતનો વ્યવહાર સુચારુ ઢબે આ સદ્ગુણ વડે જ નભે છે. વાણી, વર્તન અને આચરણમાં પ્રામાણિકતા હોય તો વિશ્વાસ જન્મે છે. કામગીરીમાં પ્રામાણિકતા જરૂરી છે, તેમાં કામ પ્રત્યે નિષ્ઠા, સચ્ચાઈ, વ્યાપારમાં ગ્રાહકો તરફ, ઉદ્યોગોમાં કામદારો તરફ, નોકરીમાં માલિક કે સંસ્થા તરફ, શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓ તરફ, તબીબી ક્ષેત્રે દર્દીઓ તરફ, વકીલોએ અસીલો તરફ, ન્યાયધિશોએ ન્યાય તરફ, વિદ્યાર્થીઓએ અભ્યાસ તરફ, પરણિત યુગલો એ એકબીજા તરફ પ્રામાણિક રહેવું જોઈએ. પ્રામાણિકતા એક ઉત્તમ ગુણ છે, પણ પ્રામાણિકતાનાના નામે એક મિત્રની ખાનગી વાત બીજાને કરવી એ પ્રામાણિકતા નહીં પણ, ચુગલખોરી કહેવાય, અને દગાખોરી પણ કહેવાય. પતિ પત્નીએ લગ્ન પહેલાંના સાહસોની વાત એકબીજાને કહેવા જેટલી પ્રામાણિકતા ન રાખે તો ચાલે.

❖ **અવસર :**

યુવાનોમાં અવસર ઓળખવાની આવડત હોવી જોઈએ. અવસરનો સમયસર લાભ લેવો જોઈએ. અવસર તમારી પાસેથી નીકળે છે. અવસર કોઈ પણ સમયે કોઈપણ રીતે આવી શકે છે. ગુણ મેળવવાવાળો ગુણ લાવવાવાળો અવસરને ઓળખી શકે છે. બસ યુવાનોમાં તે તક ઓળખવાની અને ઝડપવાની આવડત જરૂરી છે. જેટલા અવસર મેળવી શકશો એટલો વિકાસ થાય છે.

❖ **આદર્શ :**

યુવાનોના જીવનમાં તેમનું આદર્શ વ્યક્તિ હોવા જરૂરી છે. જે વ્યક્તિના આદર્શો જેવો હોય છે. યુવાન તેવા બનવાની કોશિશ કરતો હોય છે, માનો કોઈ ક્રિકેટર કે કોઈ ફિલ્મ સ્ટાર છે, પણ શું દરેક વ્યક્તિ એ જગ્યા એ પહોંચી શકે છે. યુવાનોનો આદર્શ લીડર(વ્યક્તિ) એવો હોવો જોઈએ જેનાથી પોતાની સાથે સાથે સમાજ અને દેશનો પણ વિકાસ થાય.

આપણે એવો આગ્રહ રાખવો જોઈએ કે યુવા પોતાના પર છે. કોઈ રોલ મોડલ નથી. જીવનમાં કોઈ નિયમો નથી, અને તેમની પોતાની જાતને બનાવીને જીવનની રચના કરવી જોઈએ. આ પર કોઈ શૉર્ટકટ્સ નથી, ત્યાં કોઈ મૂર્તિઓ નથી. તે તેના સામાન્ય ખ્યાતિ તમામ માત્ર જીવન છે.

❖ **સત્યવાદિતા :**

આ એક અઘરો આદર્શ છે, સત્યવાદીઓની ઘણી કથાઓ, પ્રચલિત છે, હરિશ્ચંદ્રથી માંડીને સત્યના પ્રયોગો સુધી આ દિશામાં ખેડાણ થયું છે. સત્ય બોલવું એ એક ઉત્તમ વ્યવહાર છે. એવું આપણને શીખવવામાં આવે છે અને એમાં કાંઈ ખોટું પણ નથી. છતાં યુવાનો એ એટલું કહેવાનું કે આ ગુણને જડતાથી વળગી ન રહેવાય, એક હદથી વધુ સત્ય બોલવું જરૂરી નથી. જગના વ્યવહારોમાં ઘણા નાના, નિર્દોષો ને કોઈને નુકસાન ન થતું હોય, એવા અસત્યો ચલાવી લેવાય..! અલબત્ત, કેટલાક નુકસાનકારક અસત્યો ત્યજવા જોઈએ. લાંચ આપવી, ભેળસેળ કરવી, વિશ્વાસનો ભંગ કરવો, કરચોરી કરવી, છેતરપિંડી કરવી, લાયક વ્યક્તિના ભોગે આગળ વધી જવું વગેરે એવા અસત્યો છે જેને ચલાવી ન લેવાય, બાકી દરેક વાતમાં નિર્ભેળ સત્ય જરૂરી નથી હોતું.

❖ **અહિંસા :**

અહિંસા પરમો ધર્મ એ સૂત્ર આપણે ગોખી રાખેલ છે. પણ, રણભૂમિ પર લડતી વખતે આ સૂત્ર ભૂલી જવું પડે. ત્યાં અહિંસા યોગ્ય નથી. અજમલ આમિર કસાબ જેવા ખૂનીને અહિંસાના નામ ઉપર ફાંસી ન આપવી એ કોઈ પ્રશંસનીય નિર્ણય ન કહેવાય. આપણે કારણ વગર કોઈ પશુ–પક્ષીને મારીએ નહી, ભાર ખેંચતા પશુને ચાબુકથી કે દંડાથી મારીએ નહીં. માંસાહાર ત્યાગીએ, એ બધુ સારૂ છે, પણ રોગો ફેલાવતા જીવ જંતુઓ, માખી, મચ્છર, વંદા, માંકડ, હડકાયા શ્વાન વગેરેને મારવામાં આવે તો તે હિંસા નથી.

❖ **શરીર સૌષ્ઠવ :**

જીવનના મૂલ્યોમાં આ બહુ જ જરૂરી આદર્શ છે. યુવાનોનું શરીર સુદ્રઢ હોવું જોઈએ, ચરબીના થર કે હાડકાનું માળખું એ બંને અંતિમો વર્જ્ય છે. આજે જેમ જીમમાં જવાનો ક્રેઝ છે, એમ પહેલાં યુવાનો અખાડામાં જતા, કુસ્તી શીખતા, લાઠી કે મગદળ ફેરવતા, માઈલો સુધી ચાલતા કે દોડતા, એ તો ખરું જ કે શરીરમાં બળ(શક્તિ)નો સંચાર હશે તો પ્રમાદ નહી આવે, પડકારો ઉઠાવવાની હિંમત આવશે, આજે ભલે શારીરિક યુદ્ધોનો જમાનો નથી રહ્યો, તેમ છતાં શરીર સૌષ્ઠવ હશે તો ગમે ત્યાં જાઓ, તમારો પ્રભાવ પડશે, કોઈ તમને સતાવતા વિચાર કરશે, રોગો અને નબળાઈ દૂર થશે, અને યુવાનો દેશની ઊર્જા અને સંશાધનો બચાવીને દેશની આડકતરી સેવા કરી શકશે. સ્વસ્થ યુવાન દેશની મિલકત ગણાય.

❖ **વિનયશિલતા :**

આ પણ યુવાનો એ અપનાવવા જેવો આદર્શ છે, વિનયશિલતા એટલે હાજી હા કરનાર નહીં, પણ દેઢ પણ પોતાનું મંતવ્ય પૂરા વિનય સાથે રજૂ કરનાર. વડીલો હંમેશા સાચા જ હોય છે એવું નથી હોતું, કે માતા–પિતા દેવતુલ્ય હોય છે. એવું પણ નથી, પડોશી હંમેશા પહેલો સગો નથી હોતો. આ બધા સાથે ઘણી વખત સંઘર્ષ થતો હોય છે, તેમ છતાં યુવાનોએ વૃદ્ધજનો સાથે આદરથી, સહિષ્ણુતાથી અને તેમનું સન્માન જળવાય તે રીતે આપણી વાત

સમજાવવી જોઈએ. એમ કરવાથી યુવાની શોભે છે, ઉદ્ધત, ઉતાવળો એંગ્રીયંગમેન ભલે થોડો સમય આકર્ષક લાગે, અંતે તો એ બધાનો આદર ગુમાવતો જ હોય છે. વૃદ્ધો વડીલો ભલે યુવાનોની ટીકા કરતા હોય, તેમ છતાં તેમને તમારી હૂંફ અને નિકટતા ગમતી જ હોય છે. તેમની ટીકા પાછળ છૂપો મીઠો ઈર્ષાભાવ પણ હોય છે કે હું આવો કેમ નથી ? માટે તેમના પરત્વેનો વિનય કદી ન ચૂકો.

❖ **અન્યને સહાય :**

યુવાન એ શક્તિનું પ્રતીક છે. આપણી આજુબાજુ એવા અસંખ્ય લોકો છે, જેમનું ધ્યાન રાખનાર કોઈ હોતું નથી, વૃદ્ધો, અપંગો, શારીરિક ખોડખાંપણવાળા લોકો, નિરાધાર વિધવાઓ, ગરીબ બાળકો, અશક્ત મજૂરો, ઇત્યાદિને સર્વદા મદદની જરૂર હોય છે. મેં એવા ઘણા યુવાનોને જોયા છે જે કોઈ અંધ, અપંગને રસ્તો ક્રોસ કરાવતા હોય છે. એકલી જતી બાળાની છેડતી થતી અટકાવતા હોય છે, કોઈ ગરીબ વિદ્યાર્થીને ભણાવતા હોય છે, અશક્ત વૃદ્ધના બેંક, વીમા, પેંશન કે કરવેરાના ભરણાના કામો કરી આપતા હોય છે. કેટલાક યુવાનો ભણતા ભણતા પાર્ટ ટાઈમ કામ કરીને કે ફાજલ સમયમાં વધારાનું કામ કરીને પરિવારને મદદરૂપ થતા હોય છે. તો બીજી બાજુ, પાન મસાલા સીગારેટના ગલ્લે ઊભા ઊભા ઠા મશ્કરી કરતા, બાપના પૈસે બાઈકો પર રખડતા, ઘરમાં ચોરી કરતા અને વ્યસનોમાં બરબાદ થતા યુવાનો પણ જોયા છે. આ બંને પૈકી કયું યૌવન પસંદગી પામે ?

❖ **સમાજ સુધારણા :**

યુવાનો સમાજનો સ્તંભ છે, તે જેટલો મજબૂત અને પ્રગતિવાદી હશે, એટલો જ સમાજ ઉત્કૃષ્ઠ બનશે. જો સમાજને વૃદ્ધોના અનુભવની જરૂર છે, તો યુવાનોના જોશ, સાહસ અને કાર્યશીલતાની પણ એટલી જ જરૂર છે. સમાજમાં પ્રવર્તમાન સ્ત્રીભૃણ હત્યા, સ્ત્રીઓનું શોષણ, ખોટા રીતિ–રિવાજો, છોકરા–છોકરી પ્રત્યે ભેદભાવ, દહેજપ્રથા, જ્ઞાતિભેદ, વહુઓ કે વૃદ્ધો પર અત્યાચાર, જેવા દુષણોને યુવાનો જ પડકારી શકે.

❖ **દેશભક્તિ–રાષ્ટ્રપ્રેમ :**

આ આદર્શનો કોઈ વિકલ્પ નથી. દેશ પર ન્યોછાવર થવાની ભાવના પ્રત્યેક યુવાનમાં હોવી જ જોઈએ; રાષ્ટ્રપ્રેમ અને ભૂમિ તરફ લગાવ હોવો બહુ જરૂરી છે, આપણા દેશની અનેક ખામીઓ છે, અનેક નબળાઈઓ છે, તે સામે ફરિયાદો ભલે કરીએ, પણ છેવટે આ મારો પોતાના દેશ છે, અહીં જ મારો દેહ ઘડાયો છે. અહીં જ મારો આત્મા ઉન્નત થયો છે, બીજા દેશો ભલે આપણાથી ખૂબ આગળ હોય, ખૂબ ધનવાન હોય, સ્વચ્છ હોય, પણ એ દેશ આપણો નથી એ કદી ભૂલવું ન જોઈએ. આપણા માટે તો આપણો દેશ જેવો છે તેવો જ સારો છે, એ ભાવના યુવાનોમાં જાગી જરૂરી છે. દેશ માટે સરહદ પર લડવા જવું એ જ દેશભક્તિ નથી, પણ દેશની અંદર ચાલી રહેલ ભ્રષ્ટાચાર, ભેળસેળ, સંગ્રહખોરી, કરચોરી, રિશ્વતખોરી, લોહીનો વેપાર, બાળમજૂરી, દાણચોરી, આંતકવાદ, અંદર રહેલા છુપા દેશદ્રોહીઓ, ગુંડાગર્દી, બુટલેગરી, જેવા દુષણો ધ્યાનમાં આવે તો તેમને ખુલ્લા પાડવામાં ભાગ ભજવીને પણ દેશની સેવા થઈ શકે છે. આ માટે અલબત્ત, થોડું જોખમ ખેડવું પડે, પણ જોખમ લેવા આગળ રહે તેને જ યુવાન કહેવાય ને !

## 1.5 યુવાનોની સામાજિક સંરચના :

❖ **સામાજિક જવાબદારીઓ પ્રતિ જાગૃત :**

યુવાનો એ પોતાના ભવિષ્યની સાથે સાથે સમજવું પડશે કે એમને સમાજને કંઈક પાછું આપવાનું છે. જો યુવાન પોતાનું કાર્ય સજાગતા અને ઈમાનદારીથી કરે તો સમાજના નિર્માણમાં મદદ કરે છે. વર્તમાન સમયમાં એવી ઘણી સમસ્યાઓ છે જેનાથી સમાજ ઝઝૂમી રહ્યો છે. એમાં ઘણા નાના નાના કાર્ય એવા છે જે યુવાન ઈચ્છે તો સુધારી શકે છે. પોતાની વ્યસ્ત દિનચર્યામાં નિસંદેહ યુવાન સમય કાઢી ન શકે પણ પોતાની સામાજિક જવાબદારીઓ પ્રત્યે જાગૃત રહીને પણ મદદ કરી શકે છે.

❖ **બદલાવ માટે તૈયાર :**

સ્વતંત્ર ભારતમાં આપણે ક્યાં સુધી પરતંત્ર બનીને જીવીશું ? શું ઈમાનદારીથી ભ્રષ્ટાચાર સામે લડવાની આપણામાં તાકાત છે ખરી ભ્રષ્ટાચાર આપણી આત્મામાં વસી ગયો છે. ભ્રષ્ટાચારને આર્થિક રીતે જોવો ખોટો પડશે. ભ્રષ્ટાચાર દૂર કરવા માટે યુવાનો એ પ્રયત્નો કરવા પડશે. આપણે બદલાવ લાવીશું તો સમાજ બદલાશે અને સમાજ બદલાશે તો દેશ બદલાશે.

❖ **સંસ્કૃતિને ઓળખવી :**

યુવા પેઢીએ પોતાની સંસ્કૃતિ અને સભ્યતાને ઓળખવી જોઈએ અને એને આધારે સમાજને સંગઠિત કરવાનું કાર્ય હાથ પર લેવું જોઈએ. તેમજ ભારતને ન કેવળ વિકસિત પરંતુ વિશ્વગુરુ બનાવવા માટે પ્રયત્નો કરવો જોઈએ. આપણી સામે બે વિકસિત રાષ્ટ્ર જાપાન અને ચીન છે. જેઓ ખરાબ પરિસ્થિતિમાં પણ પોતાની સભ્યતા ભૂલ્યા નથી અને આજે એ વિકસિત રાષ્ટ્રના રૂપમાં પોતાની બનાવી ચૂક્યા છે.

❖ **સમસ્યાને ઓળખવી અને નિરાકરણ લાવવું :**

મુશ્કેલીઓ દરેક વ્યક્તિની જિંદગીમાં આવતી હોય છે. વ્યક્તિગત પરિવાર તેમજ સમુદાયમાં આવતી હોય છે તેને સમયસર ઓળખીને તેનું યોગ્ય નિરાકરણ લાવવાની સારી એવી આવડત યુવાનો એ વિકસાવવી જોઈએ, જેથી સચોટ પરિણામ મેળવી શકાય.

❖ **ધગશથી કાર્ય કરવું :**

યુવાનો સમાજના કાર્ય માટે કોઈને કોઈ રીતે તત્પર રહ્યાં છે. સમાજના વિકાસ માટે કંઈક કરવું હોય તો સંપૂર્ણ લગન અને નિષ્ઠાથી કરવું જોઈએ. જેથી સમાજના નિર્માણમાં ક્યાંક સહાયરૂપ થઈ શકે. આ ઉપરાંત સમાજને બહેતર બનાવવા માટે થોડા બદલાવ પણ લાવવા જરૂરી છે. સમાજ કે દેશનું નિર્માણ સારા યુવાનોથી જ થાય છે.

❖ **જરૂરિયાતમંદોને ઓળખવા :**

આજના યુગમાં યુવાનોનું બાળપણથી માંડી યુવાની સુધીનો સમય કેરિયર બનાવવામાં જાય છે અને પછી પરિવારની જવાબદારીઓ આવી જાય છે; પરંતુ, યુવાનો એ સમજવું જરૂરી છે કે તેમની સફળતામાં સમાજનો મોટો ફાળો છે. યુવાનો એ સમાજના એવા વર્ગોને મદદ કરવી જોઈએ, જે કોઈને કોઈ કારણોસર આગળ આવી શક્યા નથી. તેમજ એવા વ્યક્તિઓ જેમની આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે અપરાધ દિશામાં આગળ વધ્યા છે. તેમને શોધી દિશાસૂચન કરવું, જેથી સામાજિક વિકાસમાં યોગદાન રહે.

❖ **યુવા સાંસ્કૃતિક પાસાં :**

ભારતની સંસ્કૃતિમાં મોજૂદ બધા ધર્મો અને સમુદાયો હજારો અલગ અલગ અને અનોખી સંસ્કૃતિઓનો સમૂહ દર્શાવે છે. આજના સમયમાં યુવા હોવો ન જવાબમાં યુવા સંસ્કૃતિઓ ધીમી રચનાની જડો છે. એનો મતલબ એમ થયો કે યુવા સંસ્કૃતિ નિષ્પક્ષ રીતે યુવાન લોકોની સાથે નહીં પણ એક વિશિષ્ટ સામાજિક પ્રણાલી અને તેના સંદર્ભમાં યુવાન હોવાની સ્થિતિના સાથે છે.

❖ **સકારાત્મકતા :**

વર્તમાન સમયનો યુવાન ભવિષ્યની દુનિયામાં પગ રાખવા જઈ રહ્યો છે. તો તેના રસ્તામાં આવતી અડચણો માટે સકારાત્મક ગુણધર્મ ધરાવતો હોવો જોઈએ. તે માટે તેમની પ્રશંસા કરીને તેમને પ્રોત્સાહિત કરી શકાય છે. આજના સમયમાં યુવાનોના લોહીમાં એ ગ2મી છે, જે દરેક સંભવ કાર્યને સફળ બનાવવાના પ્રયાસ કરે છે. તે તમામ યુવાનોની માંગ, ધ્યાન અને પ્રોત્સાહન છે.

❖ **દૃઢ સંકલ્પ અને સમર્પણ :**

યુવાનોનો સંકલ્પ દૃઢ હોય છે, પોતાના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે તેમનામાં જબરદસ્ત સહનશક્તિ અને હિંમત મળી રહે છે. જો આપણે નજીકથી વિચારીએ તો કાર્ય પ્રત્યે તેનું સમર્પણ વધતું જાય છે. આપણા યુવાનોની દૃઢ નિશ્ચયવાળા છે જે તેમને અત્યંત સંપૂર્ણતા સાથે સમય પર તેમના લક્ષ્ય પૂર્ણ કરવા માટે સહનશક્તિ અને પુષ્કળ હિંમત આપે છે. જો આપણે નજીકથી વિઝયુઅલાઈઝ કરીએ તો, કાર્ય પ્રત્યેના તેમના સમર્પણ અને ઈમાનદારી દિવસને દિવસ વધે છે.

❖ **તણાવ પૂર્ણ પરિસ્થિતિ :**

આજની પેઢીમાં યુવાનોને તણાવ પૂર્ણ પરિસ્થિતિઓનો સામનો કરવાની સારી ક્ષમતા હોય છે. તેઓ દરેક રસ્તાઓ પર પરિસ્થિતિઓનો સામનો કરવા તત્પર રહે છે. આજની બદલાતી યુવા સંસ્કૃતિમાં ક્ષમતા માટે કોઈ સીમા હોતી નથી.

આજે તણાવપૂર્ણ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે અમારી યુવા પેઢીની ઘણી સારી ક્ષમતા છે. તેઓ લાભદાયી રીતે કોઈપણ અને દરેક સંજોગોનું સંચાલન કરી શકે છે. જાતે સહન કરવાની ક્ષમતા માટે કોઈ બાર નથી, રોજગારી અને પ્રભાવની દુનિયામાં દરેકને સમાન રીતે પરીક્ષણ અને સારવાર આપવામાં આવે છે અને પરિણામો અમારા મોહક યુવાનો દ્વારા ખૂબ જ સ્પર્ધાત્મક રીતે મળે છે.

❖ **જીવનનું પૂર્વલોકન :**

આજના યુવાનોનો દૃષ્ટિકોણ વ્યવહારિક છે અને તેઓ તેવી જ રીતે જીવવાની આશા રાખે છે. તેમજ તેની પાસે જીવનની વાસ્તવિકતા અને તેમને સ્વીકારવાની ક્ષમતા છે. આજનો યુવાન જીવનની ખરાબ પરિસ્થિતિઓનો સામનો કરવા તૈયાર રહે છે.

યુવાનો આજે વ્યવહારિક અભિગમ ધરાવે છે અને તેઓ એ જ રીતે જીવનની કલ્પના કરે છે. તેઓ જીવનની હકીકત અને વાસ્તવિકતા સ્વીકારવાની પ્રતિભા ધરાવે છે. આજના યુવાઓ ખરાબ રીતે સામનો કરવા માટે તૈયાર છે અને પરિસ્થિતિને અસરકારક રીતે સામનો કરવા માટે તેઓ પોતાની જાતને પહેલાથી સજ્જ કરે છે.

❖ **ઉપસંહાર :**

યુવાન એટલે પોતાનો વિચાર, દઢ સંકલ્પ, અને યોગ્ય નિર્ણય લેતો વ્યક્તિ, વિચારો બે પ્રકારના છે, (1) હકારાત્મક વિચાર, (2) નકારાત્મક વિચાર, પસંદગી આપણા હાથમાં છે કે આપણે આપણું જીવન કેવું બનાવવા ઈચ્છીએ છીએ. આપણી સમક્ષ આવેલી કોઈ પણ સ્થિતિ કે પરિસ્થિતિ, વ્યક્તિ કે વાતાવરણમાં આપણે કેવા વિચારો કરીએ છીએ તેના પર જ સુખ–દુ:ખ કે આનંદ નિરાશાનો આધાર રહેલો છે.

હકારાત્મક વિચારો જીવનમાં આવેલા પ્રતિકૂળ સંજોગો સામે ઝઝૂમવાની શક્તિ પૂરી પાડે છે. ઘરમાં રહેલી આત્મીયતા, સૌની વચ્ચે જળવાયેલો નીતરતો પ્રેમભાવ, વડીલોનો જળવાતો માનમોભો, આનંદભર્યું વાતાવરણ એ હકારાત્મક વિચારોનું જ પરિણામ છે. નકારાત્મક વિચારો આપણને જીવનથી હતાશ કરી નાખે છે. પરિણામે નાની આવેલી આપત્તિ હિમાલય જેવી મહાકાય લાગવા માંડે છે.

"જેવા વિચારો તમે કરવાના, તેવા જ જરૂર તમે થવાના; વિચારો તમારું જીવન બની જવાના..."

યુવાન અવસ્થા એટલે ઉત્સાહ, ઉમંગનો ધસમસતો પ્રવાહ. જેમ નદીને સમુદ્રને મળવાનો વેગ જાગે તો વચ્ચે ગમે તેવાં પહાડ, વૃક્ષરૂપી સંકટો આવે તો પણ તે કોઈની રોકી રોકાતી નથી. નદી આપમેળે સંકટોની વચ્ચેથી રસ્તો કાઢીને સમુદ્રને મળીને જ રહે છે. તેમજ એ જ યુવાન ખરો કે જે પોતાના નક્કી કરેલા ધ્યેયને સિદ્ધ કરવામાં કદી પીછેહઠ ન કરે; હંમેશાં આગેકૂચ જ કરતો હોય, વચ્ચે આવતાં વિઘ્નોમાંથી આપમેળે રસ્તો કાઢીને લક્ષ્ય સુધી પહોંચીને જ રહે પોતાનો ધ્યેય હાંસલ કરવાનો વેગ જાગે છે તો પોતાના અસ્તિત્વને મિટાવી દે છે પણ ધ્યેયને હાંસલ કરીને જ શમે છે. આ વાતને પુષ્ટ કરતાં શ્રીજી મહારાજ કારિયાણીના 10માં વચનામૃતમાં કહે છે કે, "જેને જે વાતનો શક હોય ને તે વચમાં હજારો અંતરાય આવે તો પણ તે અંતરાયનો રોક્યો રોકાય નહીં."

આમ, યુવાની એટલે પ્રચંડ શક્તિનો વિરાટ સાગર. યુવાનમાં શૂન્યમાંથી સર્જન કરવાની અદમ્ય ઈચ્છા હોય છે. આ યુવાની અવસ્થામાં જ ઉચ્ચ વિચાર હાથમાં આવી જાય તો નાના લાગતા હાથને આકાશને આંબતા વાર ન લાગે ! તેનું અસાધારણ વ્યક્તિત્વ ઉપસી આવશે. ઉચ્ચ વિચાર જ પોતે નક્કી કરેલા ઉચ્ચ ધ્યેય સુધી લઈ જશે.

## 1.6 યુવાનોના પરિપેક્ષ્યો :

યુવાનોને પરિપ્રેક્ષ્ય એ યુવાનીતિની નવી ચેઈન છે. વર્તમાન સમયમાં હતાશ થયેલા સમાજમાં સકારાત્મક ઊર્જા લાવવા માટે યુવા પરિપ્રેક્ષ્યનો ઉપયોગ કરવો જોઈએ. યુવા પરિપ્રેક્ષ્ય સમાજ અને લોકોમાં આત્મવિશ્વાસ પેદા કરે છે. યુવાઓ પરિપ્રેક્ષ્યમાં કેવલ નાના અર્થમાં પણ વ્યાપક પ્રમાણમાં સંઘર્ષ અને તપસ્યાનો સામનો કરવો પડે છે. સંક્રમણ વધારે ચુનૌતીપૂર્ણ હોવાથી તેને યુવા હોવાનું અનુભવાય છે.

❖ **સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય :**

– સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યને એવી રીતે સંદર્ભિત કરવામાં આવે છે કે, યુવાનના સાંસ્કૃતિક અને સામાજિક પરિબળોને સમાવેશ થઈ જાય છે. આવા પરિબળોમાં વ્યક્તિની રાષ્ટ્રીયતા

જાતિ અને લિંગભેદ સામેલ હોય છે. સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય માનવજીવનના દરેક પરિબળમાં હોય છે, જે ભૌતિકથી વિદેશ સુધી ફેલાયેલો છે.

– યુવાનો એકબીજાના સંપર્કમાં આવતા કેવી રીતે નવા સંબંધો બનાવે છે, એ તેમની વાતચીત કરવાની ક્ષમતા દર્શાવે છે. જે નાટકીય રીતે અલગ અલગ સંસ્કૃતિ ધરાવતા વ્યક્તિઓ જાણી શકે છે. કારણ કે તેઓ મુશ્કેલ સમયમાંથી પસાર થયેલ હોય છે. તેથી તેઓ સમજે છે કે થોડી સીમા સુધી અન્યની ચોક્કસ કેવી રીતે વર્તી શકાય. સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય એ સંબંધો પર પ્રભાવ નાખે છે, જે લોકોને પોતાની સાથે પણ થાય છે જેમ કે આધ્યાત્મિક, માનસિક, ભાવનાત્મક કલ્યાણ અથવા એની અછત.

– મનોવિજ્ઞાનના સંબંધમાં સાંસ્કૃતિક દષ્ટિકોણ એ છે, આપણી સાંસ્કૃતિક જેવી રીતે આપણે શીખીએ છીએ, વિચારીએ છીએ તેવો પ્રભાવ પડે છે. સાંસ્કૃતિક દષ્ટિકોણ પ્રમાણે ભાષા, કલા, સામાજિક માપદંડ અને રાજકીય સંરચના જેવા સાંસ્કૃતિક પરિબળો વ્યક્તિની ધારણા વ્યવહાર અને વ્યક્તિના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

❖ **સ્પર્ધાત્મક પરિપ્રેક્ષ્ય :**

– સ્પર્ધાત્મક પરિપ્રેક્ષ્ય એ વિષય પર આધારિત છે કે કોઈ પણ સમાજ અથવા સામાજિક વ્યવસ્થાને અન્ય સમાજ અથવા પ્રણાલીઓ સાથે તુલના કર્યા વગર પૂરી રીતે સમજી શકાય. આ પરિપ્રેક્ષ્યની સીમા એ છે કે સમાજ ઘણી રીતે અલગ છે અને એટલે હંમેશાથી સાર્થક ઢંગથી તુલના કરવામાં આવે છે.

– ઉદારતાવાદી આર્થિક અને સામાજિક પરિવર્તનાં ઘણા ભાગોમાં યુવાનોના અનુભવો મોટા પ્રમાણમાં પરિવર્તન કરી રહ્યાં છે. પાછલા સમયમાં યુવાનોને અનિશ્ચિતતાઓનો મોટા પ્રમાણમાં સામનો કરવો પડયો છે. મધ્યકાલીન યુગમાં યુવાનોના વિચારોની નોંધ લેવામાં આવી હતી. આજના યુગમાં યુવાનોના વિચારોની નોંધ લેવામાં આવી હતી. આજના યુગમાં યુવાનોના વિચારોને સમાજ, સમૂહ પરિવાર વગેરેમાં ધ્યાનમાં રાખવામાં આવે છે.

– આજનો સમય સ્કંધાત્મક છે તો યુવાનો એ ધ્યાનમાં રાખી દરેક રીતે સુસજ્જ તૈયાર રહેવું જોઈએ અને યુવાનો રહે છે.

❖ **બાયોગ્રાફિક પરિપ્રેક્ષ્ય :**

– યુવાનોના જીવનને લગતો દષ્ટિકોણ પોતાની આસપાસ વસતા લોકો, સમાજ અને રાષ્ટ્રને આગળ લાવવાનો હોવો જોઈએ. આ દષ્ટિકોણ માત્ર પોતાના પૂરતો મર્યાદિત ન હોવો જોઈએ. આજના યુવાનોના જીવનનો દષ્ટિકોણ બદલાઈ રહ્યો છે. તે પોતાને બધાથી સર્વોપરી બતાવવાનો પ્રયત્ન કરે છે. યુવાનોનો આ દષ્ટિકોણ રાષ્ટ્રના વિકાસ માટે નુકસાનકારક સાબિત થઈ શકે તેમ છે.

– સામાન્ય રીતે યુવાનોના પરિપ્રેક્ષ્યો સમાજ, સ્વયં અને રાષ્ટ્રને આગળ લાવવા માટે નીચે મુજબ હોવો જોઈએ.

  – સમાજમાં થતી હિંસા અટકાવવાની.

  – અંધશ્રદ્ધા દૂર કરવાની.

  – પડકારોનો સામનો કરવાની.

- દઢ સંકલ્પ લેવાનો.
- સમાજ અને દેશના વિકાસ માટે સહાયરૂપ થવાનો.
- સમાજના દુષણો દૂર કરવાનો.
- ભ્રષ્ટાચાર હટાવવાનો.
- યુવાવર્ગ તેમજ લોકોને સાચા માર્ગ દોરવાનો.
- સમાજને સશક્ત બનાવવાનો.
- નવનિર્માણ અને બદલાવ માટે તૈયાર રહેવાનો.
- ઈમાનદારી પૂર્વક કાર્ય કરવાનો.
- અધિકારોનું હનન થતું અટકાવવાનો.
- જાગૃતિ લાવવાની.
- વિકાસ તથા બદલાવ માટે તૈયાર રહેવાનો.

આ ઉપરાંત ભૂતકાળમાં થયેલ ભૂલો પરથી શીખીને ભવિષ્યમાં તેનો ઉપયોગ કરીને બહેતર બનાવવું જોઈએ. આજના સતત હરીફાઈવાળા સમયમાં યુવાનો એ પોતાની દિશા જાતે નક્કી કરવાની છે. પરિવાર કે સમાજ તેની દિશા બતાવી શકે; પણ, નક્કી તો તેને જ કરવાનું રહ્યું.

## 1.7 ઉપસંહાર :

વર્તમાનમાં ખૂબ જ નિરાશ સમાજમાં સકારાત્મક ઊર્જાના ચેનલના રૂપમાં માટે યુવાનોનો અભિગમોનો ઉપયોગ કરવો જોઈએ. જો આપણે ટકાઉ ભવિષ્ય માટે એક સાર્વભૌમિક યુવાનોને હાંસલ કરવા માંગીએ છીએ તો આપણે બધા જ પ્રયાસોનું ગઠબંધન કરવું જોઈએ અને SDGમાં યુવાનો અભિગમોનો પણ સમાવેશ કરવો જોઈએ.

યુવાનોનો અભિગમ યુવાનીતિ, શોધ અને અભ્યાસ પર એક નવી શ્રૃંખલા છે. જે યુવાનોની સાજેદારી દ્વારા નિર્મિત છે. શ્રૃંખલામાં શોધ લેખ, સારી રીતે સ્થાયી નિબંધ અને વિચારોના ટુકડાઓ સામેલ છે. એનો ઉદ્દેશ યુવાનીતિ, યુવા અનુસંધાન અને યુવાકાર્યના ક્ષેત્રમાં દેશના વિકાસ પર જાણકારી, ચર્ચા, પ્રતિબિંબ અને વાતચીતના મંચના રૂપમાં કાર્ય કરવાનું છે. આ તમામ બાબતો સમાજકાર્યનાં વિદ્યાર્થીઓ તરીકે ક્ષેત્રકાર્યમાં ઉપયોગી થશે.

